समर्पित

॥ श्रीवीतरागाय नमः ॥

श्री पर्वतधर्मार्थि प्रणीत—

समाधितंत्र.

છપાવી પ્રગટ કરનાર-

ડૉ. ભુખણદાસ પરભુદાસ

નવાપુરા—સુરત.

આવૃત્તિ ૧ લી. વીર સં. ૨૪૪૨. પ્રતિ ૧૦૦૦.

વિના મુલ્યે

ભેટ.

છાપનાર—મૂળચંદ કસનદાસ કાપડિયા.

છાપવાનું ઠેકાણું—"જૈન વિજય" પ્રીન્ટીંગ પ્રેસ

ખપાટિઆચકલા, તાસવાલાની પોળમાં લક્ષ્મીનારાયણની વાડીમાં- સુરત.

પ્રગટ કરનાર—ભુખણદાસ પરભુદાસ.

પ્રકટ કરવાનું ઠેકાણું--નવાપુરા—સુરત.

પ્રસ્તાવના.

આ ગ્રંથ કે જેની સંસ્કૃતમાં શ્લોક સંખ્યા સવાચાર હજારની છે અને તેની ગુજરાતી ભાષા કે જે લગભગ ચાદના સૈકાની હાવી જોઇએ તેજ પ્રમાણેના ગ્રંથનો ઉતારો સુરતમાં કાષ્ટાસંઘના ભટ્ટારક શ્રી ૧૦૮ સુરેંદ્રકીર્તિજીના વખતમાં સં. ૧૭૪૯ માં પરી. મેઘજીએ કરેલો જે પ્રાચીન ગ્રંથ મારા જોવામાં આવતાં મને તે ઘણો ઉપયોગી જણાયો અને એની જુની ગુજરાતી ભાષા હાલની શૈલી મુજબ સુધારીને પ્રકટ કરવાનો મારો ઘણા દિવસથી વિચાર હતો પણ ગુજરાતમાં વાંચનનો શોખ વિશેષ ન હોવાથી મૂલ્યથી બહાર પાડવાનો મારો વિચાર નહોતો, એટલામાં અત્રેના એક દિગંબર જૈન ગૃહસ્થ સાથે એ બાબત સહેજ વાત થતાં એઓએ આ ગ્રંથ પોતાના પિતાના સ્મરણાર્થે ભેંટ તરીકે પ્રકટ કરવાનો વિચાર દર્શાવ્યો જેથી પછી મેં આ ગ્રંથને કેટલીક સહાયતા લઇને પ્રચલિત ગુજરાતી ભાષામાં લખીને તૈયાર કર્યો છે.

આ ગ્રંથની મૂળ ગુજરાતી ભાષાની વાનગીનો લાભ વાંચકોને મળે તે માટે તેમાંની થોડીક લીટીઓ અત્રે ઉતારી છે—

"દેખ્યો દેખ્યો વિરકતભાવ ધીરકો જે ઇસા વિલાસ લીલા છોડી નઇ સાધુ મુદ્રાયે દિન ગમાવઇ. વીતરાગ હિમાલય પર્વત તેહના ઉંચા શિખર જિસા હોઇ તિસા ઉંચા પ્રાસાદ પંચ ખલકા સાત ખલકા અતિ મનોહર તિહાંના ગંભીર ઉવરા તિહાં અતિ વિસ્તારસ્યું પલ્યંક વિછાયા છઇ. જિહાં અતિ કોમલ દેખતા સુહાવણી સીર ખડિદ્ધણઇ. વિછાવણઇ તુલાઇ કે સરીકઇ રંગાઇ."

આ ગ્રંથની ભાષા જુની ગુજરાતી હોવાથી આ ગ્રંથ અત્રે ગત વર્ષે ભરાયલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથપ્રદર્શનમાં પણ 'દિગંબર **જૈન**'ના સંપાદક શ્રીયુત **મૂળચંદ કસનદાસ કાપડિયા** મારફતે મુકવામાં આવ્યો હતો.

વળી જે સૈકામાં આ ગ્રંથ લખાયો છે તે સમયમાં એટલે સં. ૧૭૪૩ના અરસામાં અત્રે કાષ્ટાસંઘની ગાદીપર થઈ ગએલા **ભટ્ટારક ૧૦૮ શ્રી સુરેંદ્રકીર્તિજીનો** હસ્તલિખિત ફોટો કે જે અંકલેશ્વરમાં ચિતરાયલો માલમ પડે છે તે સાથેનું એક પૂજાનું પુસ્તક મને પ્રાપ્ત થયેલું તે ફોટાનો લાભ સર્વેને મળે તે માટે ખાસ ખર્ચ કરીને આ **ભટ્ટારકશ્રીનો ફોટો** પણ આ ગ્રંથમાં પ્રકટ કર્યો છે જે જણાવતાં મને વિશેષ આનંદ થાય છે.

છેવટમાં **શ્રીયુત** ધર્મપ્રેમીએ આ ગ્રંથનો ઉદ્ધાર કરવા માટે જે કિંમતી મદદ કરી એનો વિના મૂલ્યે ફેલાવો કર્યો છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માની વિરમું છું.

નવાપરા,
સુરત
તા. ૭–૬–૧૬

લી. સેવક–
ભુખણદાસ પરભુદાસ, ડાકટર.



स्वर्गीय भट्टारक १०८ श्री सुरेंद्रकीर्तिजी

सुरतमां काष्टासंघनी गादीए आशरे २५० वर्ष उपर थई गएला भट्टारकनो हस्तलिखित प्राचीन फोटो.

'જૈન વિજય' પ્રેસ, સુરત.

ॐ

समाधितंत्र.

ॐ नमोऽनेकांताय शांतये ।
जिनान्प्रणम्याखिल कर्ममुक्तान्
गुरून् सदाचारपरान्तथैव ।
समाधितंत्रस्य करोमि बाला
वबोधनंभव्यविबोधनाय ॥
श्री कुंदकुंदाख्य गुरुं नमामि
नरामरैर्वंदित पादपद्मं ।
यस्योपदेशामृत पानपुष्टा
भव्याभवाब्धिं विषमं तरन्ति ॥
धर्मार्थीनां धर्मविकासहेतुं
धर्मार्थिना पर्वतनाम धारिणा ।
यो बालबोधोऽव्य वदग्धगम्यः
प्रारभ्यते वार्तिक रुपभाषया ॥

સકલ કર્મોથી મુકત એવા જીન ભગવાન તથા સદાચાર યુકત ગુરૂઓને નમસ્કાર કરીને ભવ્ય જીવોને આત્મોપદેશ નિમિત્તે હું સમાધિ તંત્રનું સરલ ભાષાંતર કરૂં છું.

મનુષ્યો અને દેવોએ જેમનાં ચરણકમળને વંદના કરી છે અને જેના ઉપદેશ અમૃતથી પુષ્ટ થઇને ભવ્ય જીવો વિષમ એવા સંસાર સમુદ્રને તરી જાય છે તે શ્રી કુંદકુંદાચાર્ય ગુરૂ મહારાજને હું નમસ્કાર કરૂં છઉં.

ધર્માથી જનોના ધર્મ વિકાસ અર્થે શ્રી પર્વત ધર્માર્થીએ આ પુસ્તકનું બાલાવબોધ બાલ જીવો પણ સમજી શકે એવું કરેલ છે. અને તેનો વાર્તિક રૂપે આરંભ કરવામાં આવે છે.

येनात्माबुध्यतात्मैव परत्वेनैव चापरं ।
अक्षयानंतबोधाय तस्मै सिद्धात्मने नमः ॥

અનાદિ કાળની મોહનિદ્રામાંથી જાગૃત થઇને જેણે આત્માને આત્મા રૂપેજ ઓળખ્યો અને બીજી સર્વ વસ્તુઓને પોતાનાથી પર જોઈ તે અક્ષય અને અનંત જ્ઞાનયુકત સિદ્ધાત્માને હું નમસ્કાર કરૂં છું.

શિષ્ય—હે ગુરૂજી, આપણો આત્મા તે કોણ? તે કંઇ આપણાથી જોઇ–જાણી શકાતો નથી. મને તો જીવ પદાર્થ વિષેજ સંશય રહે છે. માટે કૃપા કરીને જીવ શું છે તે મને બરાબર સમજાવો.

ગુરૂ—જીવ છે કે નહી એ પ્રશ્ન–સંશયનું કારણજ આત્મા છે. આત્મા વિના એવો વિચાર કદિ સંભવી શકે નહી.

સિદ્ધાંતમાં કહ્યુ છે કેઃ—

પરિણામ, જીવ, મૂર્ત, સર્વ પ્રદેશ, એક, ક્ષેત્ર, ક્રિયા, નિત્ય, કારણ, કર્તા, સર્વ ગત, અને પરસ્પર પ્રવેશ રહિત

એમ ૧૨ અધિકારનો વિચાર કરવાથી જીવને ઓળખી શકાય છે. જીવ પુદ્ગલ દ્રવ્યનો ઉપયોગ કરે છે તેને પરિણામ કહે છે. પુદ્ગલ દ્રવ્ય હંમેશા જૂદાં જૂદાં પરિણામ ધારણ કરેછે. ધર્મ અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો પરિણામ કરતાં નથી તેથી તેઓ અપરિણામી કહેવાય છે.

जीव.

જીવ એને કહે છે જે જીવે છે અને જેનામાં ચેતના અર્થાત્ પ્રાણ હોય. પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ (મનબલ, વચન બળ, કાય બળ) આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ એ દશ દ્રવ્યપ્રાણ તથા જ્ઞાન દર્શન એ ભાવ પ્રાણ કહેવાય છે. જેનામાં આ હોય છે તે જીવ કહેવાય છે જેમકે, મનુષ્ય, દેવ, પશુ, પક્ષિ વિગેરે.

नित्यानित्य अधिकार.

ધર્મ, અધર્મ, કાળ અને આકાશ એ ચારે દ્રવ્યો નિત્ય છે. જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો દ્રવ્યાર્થી ન્યાયે કરીને શાશ્વત્ છે પણ પર્યાય ન્યાયે નાશવંત છે. જેમ અગ્નિમાં ઉષ્ણુતાનો મૂલગુણ છે તેમ જીવમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્જ્ઞાન એ ત્રણ મૂલગુણો છે. જેમ સોનું એક છતાં તેમાંથી નાના પ્રકારના ઘાટ ઘડાય છે તેમ જીવને સંસારભ્રમણ કરતાં ચારગતિના શરીરપર્યાય થાય છે. તેજ પ્રમાણે જડ વસ્તુને આઠ સ્પર્શ, પાંચ રસ, ગંધ બે અને રૂપ પાંચ તથા શબ્દ સાત એમ પર્યાયો છે.

कारणाधिकार.

પુદ્ગલ દ્રવ્ય જીવને દેહરૂપે, વિષયાવકારો વડે, વાણીએ કરી કે શ્વાસોચ્છ્વાસ વિગેરેથી ઉપકાર કરે છે. ધર્મ દ્રવ્ય

ગતિગુણથી જીવને ઉપકાર કરે છે. અધર્મ દ્રવ્ય સ્થિતિ ગુણવડે જીવને ઉપકારવંત નિવડે છે. અને આકાશ તથા કાળ દ્રવ્યો અવકાશ અને વર્તના ગુણે કરીને જીવને લાભદાયક થાય છે. આ પ્રમાણે ઉપરોક્ત પાંચે દ્રવ્યો જીવને સુખકર્તા નીવડે છે પણ જીવ દ્રવ્ય કોઇ પણ દ્રવ્યને લેશ પણ લાભદાયક કદાપિ થતું નથી.

कर्त्ता निरूपणाधिकार.

જીવ એ વસ્તુતઃ અનંત ચતુષ્ટયનોજ કર્તા છે. નિશ્ચય ન્યાયપૂર્વક વિચાર કરતાં તે પાપ, પુણ્ય, શરીરાદિકનો કર્તા હોઇ શકેજ નહિ. વ્યવહારિક દ્રષ્ટિએ જોતાં તે શુભોપયોગે કરી પાપનો કર્ત્તા છે. પરભાવમાં રમણ કરવાથી આત્માના મૂળ ગુણો ઢંકાય જાય છે પણ જીવને જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે શુદ્ધોપયોગનાં પરિણામોથી કર્મબંધનોનો ક્ષય થઈ ઉત્તમ એવાં મોક્ષ સુખનો તે ભોક્તા થાય છે. પુદ્ગલ દ્રવ્ય પોતાના ગુણપર્યાયનો કર્તા છે. ધર્મ અને અધર્મ એ બન્ને દ્રવ્યો અનુક્રમે ગતિ તથા સ્થિતિગુણના કર્તા છે. આકાશ અને કાળ દ્રવ્ય એ બન્નેમાં અવકાશ અને વર્ત્તના લક્ષણ એ બન્નેનું કર્તાપણું રહેલું છે. આ રીતે પોતપોતાના સ્વભાવ અનુસાર સર્વ દ્રવ્યો કર્તા દેખાય છે.

सर्वगताधिकार.

આકાશ દ્રવ્યમાં બધી ચીજો રહેલી છે અને તે અનંત પ્રદેશાત્મક કહેવાય છે. તેના લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભાગ છે. ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને જીવદ્રવ્ય એ અસંખ્યાત પ્રદેશી કહેવાય છે. પુદ્ગલદ્રવ્ય અનંત વિકાર

યુક્ત હોવાથી કેટલીક વખત એક પ્રદેશી અસંખ્યાત અને કેટલીક વખત અસંખ્યાત અનંત પ્રદેશી કહેવાય છે. નાનાં મોટાં વાસણમાં મૂકવાથી જેમ દિવો વધારે ઓછો પ્રકાશ આપે છે તેજ પ્રમાણે સ્થિતિ અનુસાર જીવ સંકોચાય છે કે વિસ્તાર પામે છે. દાખલા તરીકે નાનાં શરીરમાં જીવ થોડોજ વિસ્તાર કરે છે. કાળદ્રવ્યના વસ્તુતઃ વિભાગ પડી શકતા નથી તેથી અમુક કાળ આગલા પાછલા કાળ સાથે મળી શકતો નથી. વ્યવહારમાં પળ, ઘડી, પહોર, દિવસ, અઠવાડીઉં એવાં કાળનાં નામ આપવામાં આવ્યાં છે.

परस्परे प्रदेशरहित निरूपणाधिकार.

ઉપરોક્ત છ દ્રવ્યો એક ક્ષેત્રે અનાદિ કાળ થયાં રહે છે અને એક બીજાને પરસ્પર પ્રદેશે વારંવાર મળે છે તથાપિ નિશ્ચય દ્રષ્ટિથી જોતાં તેઓ પોતાનો સ્વભાવ ગુણ કદિ પણ છોડતાં નથી. દાખલા તરીકે જીવ પોતાનો ચેતના ગુણ, ધર્મ ગતિ ગુણ, અધર્મ સ્થિતિ લક્ષણ ગુણ, આકાશ અવકાશ દાનશક્તિ ગુણ કે પુદ્ગલ પોતાનો રૂપ ગુણ એક બીજાને આપી શકતાં નથી.

जीव तत्व.

જીવ એને કહે છે કે જેમાં જીવ હોય, જે જીવતો હોય અને જેમાં જાણવા તથા જોવાની શક્તિ હોય—જેમકે પુરૂષ, સ્ત્રી, બળદ, કીડી, મંકોડા વગેરે. સર્વ જીવો ચેતનાવંત છે. તેઓ મૂળે કરીને અનંત્ ચતુષ્ટયયુક્ત સ્વભાવવાળાં છતાં પુદ્ગલ પ્રપંચરૂપ પરભાવમાં રમણ કરવાથી અનાદિ કાળ થયાં સંસાર સમુદ્રમાં ગોથાં ખાય છે.

अजीव तत्त्व.

અજીવ એને કહે છે કે જેમાં જીવ હોતો નથી, જેમકે સુકી માટી, પથ્થર, લાકડું, કાગળ વગેરે. જડ પદાર્થ ને સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ ગુણ હોય છે.

पुण्य.

જેના ઉદયથી જીવને ઈષ્ટ વસ્તુ સુખસામગ્રી વગેરે મળે છે તેને પુણ્ય કહે છે. દાન, દેવગુરૂમાં શ્રદ્ધા, સામાયિક પ્રતિક્રમણ આદિથી પુણ્ય થાય છે. પુણ્યથી જીવને શુભ પ્રકૃતિ, શુભલક્ષણ, મનોહર શરીર વિગેરે પ્રાપ્ત થાય છે.

पाप तत्व.

જેના ઉદયથી જીવને દુઃખ દેનારી ચીજો મળે તેને પાપ કહે છે. મિથ્યાત્વ, અવ્રત્ત, ક્રોધ, માન, લોભ, મત્સર, આર્તધ્યાન વિગેરેથી પાપ થાય છે. તેનાથી જીવને અનેક દુઃખો ભોગવવાં પડે છે. દરિદ્રાવસ્થા, અનેક વ્યાધિઓ, સગાંવહાલાંનાં દુઃખો વિગેરે પાપ કર્મના ઉદયરૂપ સમજવાં.

आश्रव तत्त्व.

કર્મ બંધના કારણને આશ્રવ કહે છે. તેના ભાવાશ્રવ અને દ્રવ્યાશ્રવ એમ બે ભેદ છે. જેમ કોઇ વહાણમાં બાંકું પડતાં પાણી અંદર આવવા માંડે છે તે રીતે આત્માનાં જે પરિણામોથી કર્મ આવે છે તેને ભાવાશ્રવ અને શુભ અશુભ પુદ્ગલ પરમાણુઓને દ્રવ્યાશ્રવ કહે છે.

संवर तत्त्व.

આશ્રવને રોકવા એટલે કે નઇ કર્મોને ન આવવાં દેવાં તે સંવર કહેવાય છે. જેમ બાંકું પડતાં વહાણમાં

પાણી આવવા લાગ્યું હોય પણ બાંકું પુરી દેતાં પાણી અંદર આવતું બંધ થાય છે તેજ પ્રમાણે જે પરિણામોથી કર્મ આવે છે તે પરિણામોને બંધ કરી તેને બદલે એથી ઉલટાં પરિણામ કરવાથી કર્મોનું આવવું બંધ પડે છે. સંવરના દ્રવ્ય સંવર અને ભાવસંવર એમ બે ભેદ છે. જે પરિણામોથી કર્મનો આશ્રવ થઈ શકતો નથી તે ભાવ સંવર અને તેનાથી જે પુદ્‌ગલ પરમાણુઓ કર્મરૂપ બની આત્મા સાથે મળી શકતા નથી તેને દ્રવ્ય સંવર કહેવાય છે.

निर्जरा.

થોડે થોડે કરી કર્મનો ક્ષય કરતાં જવું તેને નિર્જરા કહે છે. જેમ વહાણમાં આવેલું પાણી થોડું થોડું કરી બધું બહાર ફેંકી દેવામાં આવે છે તે પ્રમાણે આત્માને લાગેલાં કર્મ પરમાણુઓ થોડે થોડે દૂર કરવાં તેને નિર્જરા કહે છે. તેના ભાવ નિર્જરા અને દ્રવ્ય નિર્જરા એમ બે ભેદ છે. આત્માના જે ભાવોથી કર્મ પોતાનું ફળ દેઈને નષ્ટ થાય છે તેને ભાવ નિર્જરા કહે છે. તપ ધ્યાન વિગેરેથી કર્મોનો નાશ કરવો તેને દ્રવ્ય નિર્જરા કહે છે.

बंध.

બંધના ભાવબંધ અને દ્રવ્યબંધ એમ બે ભેદ છે. આત્માના જે બૂરા ભાવોથી કર્મબંધ થાય છે તેને ભાવબંધ અને એ ભાવોનાં કારણરૂપ કર્મનાં પરમાણુઓને દ્રવ્યબંધ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ વિગેરે કારણોથી કર્મ આવે છે. બંધ અને આસ્રવ એકી વખતે એક બીજાની સાથે રહે છે પણ તેમનામાં કાર્ય કારણનો સંબંધ છે.

मोक्ष.

સર્વ કર્મોનો ક્ષય થઈ જવો તેનું નામ મોક્ષ. જ્યારે સંવર પૂર્વક કર્મ નિર્જરા થતાં થતાં સર્વ કર્મોનો ક્ષય થઇ જાય છે. અને કેવલ આત્માનું શુદ્ધ સ્વરૂપ રહી જાય છે ત્યારે તે આત્મા ઉર્દ્ધ્વગમન સ્વભાવથી ત્રણે લોક ઉપર આવીને બીરાજમાન થાય છે. આજ મોક્ષ. મોક્ષ પછી આત્માને જન્મ મરણ કરવાં પડતાં નથી.

શિષ્ય—હે ગુરૂજી, જીવને જડ, શૂન્ય, સર્વગત વિગેરે વિશેષણો લગાડવામાં આવે છે. તો એ બધાનો ગુહ્યાર્થ મને બરોબર સમજાવો.

ગુરૂ—જે જીવ પોતાનાં સ્વરૂપમાં મગ્ન હોઈ બહારના કોઇપણ વિકારને જાણતો નથી અને ઇંદ્રિય વિષયોથી અજ્ઞાત રહે છે તે જડ કહેવાય છે. જ્યારે નિર્મળ જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જીવ જગત્રયના સર્વ ભાવોને યથાર્થ રીતે જાણે છે ત્યારે તે સર્વગત કહેવાય છે.

યથાખ્યાત ચરિત્રનું પાલન કરી જે શરીરની સહાય વડે અનંત ચતુષ્ટયયુકત લબ્ધિ પ્રાપ્ત થાય છે અને શાશ્વત એવું મોક્ષસુખ પણ મળે છે તેને પરમ શરીર કહે છે. અનંતગુણના ભંડાર, કેવલ નિર્વિકાર શુદ્ધ સ્વરૂપ યુકત, પુદ્ગલ પ્રપંચોથી અને સકલ કર્મોથી રહિત એવા જીવને શૂન્ય (કેટલીકવાર) કહેવામાં આવે છે.

जयंति यस्यावदनोऽपि भारती
विभूतयस्तीर्थकृतोप्य निरस्त ।

शिवाय धात्रे सुगताय विष्णवे
जिनाय तस्मै सकलात्मने नमः ॥

જ્ઞાનાવરણીય, મોહનીય, અંતરાય આદિ કર્મોનો ક્ષય કરી, જે વીતરાગ પ્રભુએ ઇંદ્રિય અને મનના વિકારોનો સમૂળગો નાશ કરી અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી અઢાર દોષ રહિત થઇને નિર્વિકાર પદ પ્રાપ્ત કર્યું તેને મારો નમસ્કાર હજો.

શિષ્ય—હે ગુરૂજી, અઢાર દોષ કોને કહે છે?

ગુરૂ—જન્મ, જરા (વૃદ્ધાવસ્થા), તૃષા, ભૂખ, વિસ્મય, અરતિ, ખેદ, રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિન્તા, સ્વેદ (પસીનો,) રાગ, દ્વેષ અને મરણ એ અઢાર દોષો છે. એ અઢાર દોષો કેવળી પ્રભુને હોતા નથી.

उक्तंच.

क्षुधा तृषा भयं द्वेषो रागो मोहश्च चिंतनं ।
जरा रुजाच्च मृत्युश्च स्वेद खेदोमदो रतिः ॥
विस्मयो जननं निंदा विषादोऽष्टादश ध्रुवाः ।
त्रिजगत् सर्वभूतानां दोषाःसाधारणा इमे ॥
उक्तै र्दोषै र्निर्मुक्तो सोयमाप्तो निरंजनं ।
विद्यन्ते येषुने नित्यं ते तु संसारिणः स्मृताः ॥

આ પ્રમાણે અઢાર દોષથી રહિત જીવો કેવલી કહેવાય છે. તેઓનાં સર્વ કર્મબંધનો તૂટી ગયેલાં હોય છે અને ભાષા અનુભય હોય છે. તેમના હોઠ તથા જીભ ચાલતાં નથી અને વાણી નિરક્ષરી હોય છે. તે વાણીથી જીવને બોધિબીજ કે અવધિજ્ઞાન ઉપજે છે અને સર્વ જીવોને

હિતકારીણી તથા વૈરભાવ છોડાવનારી હોય છે. ભગવાનને ૩૪ અતિશય ૮ પ્રાતિહાર્ય અને ૪ અનંત ચતુષ્ઠય એમ સર્વ મળી ૪૬ ગુણુ હોય છે. તેઓ અનંત ચતુષ્ઠયના સ્વામિ હોવાથી શીવ અને ત્રણે લોકનું કલ્યાણુકર્તા હોવાથી ધાતા કહેવાય છે. ત્રણે જગત્નાં સ્વરૂપને યથાર્થ જાણુવાથી વિષ્ણુ, જગત્રયમાં વ્યાપક હોવાથી સકલાત્મા, સકલ કર્મોના ક્ષય કર્તા હોવાથી જીન, અને સહજ ગતિના જાણુનાર હોવાથી સુગત કહેવાય છે.

श्रुतेन लिंगेन यथात्मशक्ति
समाहितांतः करणेन सम्यक् ।
समीक्ष्य कैवल्य सुख स्पृहाणां
विविक्तमात्मानमथाभिधास्ये ॥

શિષ્ય—હે ગુરૂજી, શ્રુતકેવળી શ્રી ગણુધરદેવની વાણી સિદ્ધ નહી પણુ શ્રુત કહેવાય છે. તો તેનાં બળે અરૂપી સુખપીંડ લિંગને કેમ જાણીએ ?

ગુરૂ—ઉપશમ દ્રષ્ટિ, ક્ષાયિક દ્રષ્ટિ અને ક્ષયોપશમ દ્રષ્ટિ એ ત્રણુથી જીવ પોતાનાં આત્મસ્વરૂપનો અનુભવ કરી શકે છે. મિથ્યાત્વ, સમયમિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, અને લોભ એ સાતે દર્શન મોહનીય કર્મની પ્રકૃતિઓ જીવને તત્વદ્રષ્ટિમાં આવરણુ રૂપ છે.

શિષ્ય—સમય મિથ્યાત્વ એટલે શું ?

ગુરૂ—અમુક પંથ, અમુક આચાર, અમુક દેવ, અમુક માર્ગ, અમુક ગુરૂ વિગેરેનેજ સાચાં માની તેજ મુક્તિ

માર્ગનાં ખરાં કારણરૂપ ગણવાં, કોઈ જગતનો કર્તા છે એવી માન્યતા રાખવી, અને સર્વ જીવોને મુક્તિ આપનાર કોઈ પરમદેવ છે એમ માનવું તે સમય મિથ્યાત્વ છે. સમય મિથ્યાત્વીજનો અજ્ઞાનપણે ક્લેશ સહન કરે છે અને તેઓ સાચા ગુરૂ, દેવ કે ધર્મનું આરાધન કરતા નથી.

શિષ્ય—સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ એટલે શું ?

ગુરૂ—જેના ઉદયથી યથાર્થ તત્ત્વોની શ્રદ્ધા ચલાયમાન અને મલીન થઇ જાય તેને સમ્યકપ્રકૃતિ મિથ્યાત્વ કહે છે. સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વીજનો સંયમ, મહાવ્રત, સમિતિ આદિનું પાલન કરે છે પણ સમય આવ્યે પાછા શ્રદ્ધાથી ચલિત થઈ જાય છે.

શિષ્ય—અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એટલે શું ?

ગુરૂ—જેનાથી આત્માના સમ્યગ્દર્શન ગુણનો આત્યંતિક વિઘાત થાય તેને અનંતાનુબંધી ક્રોધ, માન માયા અને લોભ કહે છે. જ્યાં સુધી આ ચારે કષાયો હોય છે ત્યાં સુધી આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થઇ શકતું નથી. અનંતાનુબંધી ક્રોધવાળા જીવો અત્યંત ક્રોધી, હિંસાશીળ, નાસ્તિક, અસંયમી અને અન્યજીવો ઉપર સમાન ભાવ ન રાખે તેવા હોય છે. અનંતાનુબંધી માનયુક્ત જીવો મિથ્યાત્વી, અભિમાની, ગુરૂજનો અને પૂજ્ય પુરૂષો તરફ અવિવેકી, અધર્મ માર્ગ ગમન કરવામાં હિંમતવાન, નાસ્તિક ક્રૂર અને બીજા જીવો તરફ હંમેશાં તિરસ્કાર યુક્ત દ્રષ્ટિથી જોવાવાળા હોય છે. અનંતાનુબંધી માયાવાળા જીવો અત્યંત કપટી, ક્રૂર અને મલીનપરિણામવાળાં હોય છે. અનંતાનુબંધી લોભી

જીવોને ઇંદ્રિય વિષયોનું ગમે તેટલું સુખ ભોગવતાં સંતોષ થતો નથી. તેઓને પારકાનું ધન હરણ, વ્યભિચાર વિગેરે પાપમાર્ગથી જરા પણ ડર આવતો નથી.

જ્યારે આ સાતે પ્રકૃતિનો સંપૂર્ણ નાશ થાય છે ત્યારે આત્માનો સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે અને જીવ પોતાનાં સત્ય સ્વરૂપને યથાર્થ રીતે ઓળખે છે. એ સાતે પ્રકૃતિઓ જીવને અનંત એવા સંસાર સમુદ્રમાં ભ્રમણ કરાવે છે.

बहिरंतः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु ।
उपेयात्तत्र परमं मध्यो पया द्बहि रत्यजेत् ॥

જે જીવો પુદ્ગલપ્રપંચોમાં પ્રેમ કરે છે તેઓ બહિરાત્મા કહેવાય છે. અંતરાત્મા જીવો પોતાનાં સત્ય સ્વભાવમાં લીન રહે છે. તેમને શરીરાદિ બાહ્ય સામગ્રીઓ ઉપર મોહથતો થતો નથી. તેથી તેમની વૃત્તિ આત્માથી પર થતાં તેમને ઘણો ખેદ થાય છે. જીવ ચોથાં ગુણસ્થાનકથી બારમાં ગુણ સ્થાનક સુધી અંતરાત્મા કહેવાય છે. બાલજીવો કે અનાર્ય દેશોમાં રહેનારાઓ જડ બુદ્ધિ અને બાહ્ય વિષયો ઉપર પ્રેમ રાખનારા હોય છે, તેમને સમ્યગ્દર્શન પ્રકટ થઈ શકતું નથી. કેટલીક વખત દેવો, સંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ અને નારકી જીવોને પણ સમ્યકત્વ ઉપજે છે. મનુષ્ય દેહની દુર્લભતા જાણીને ભવ્ય જીવોએ સઘળાં દુઃખોની આત્યંતિક નિવૃત્તિ થાય, સઘળાં કર્મોનું બંધન તુટે, અને અનંત ચતુષ્ટયની લબ્ધિ પ્રકટ થાય તે માટે બાહ્ય વિષય સામગ્રીઓ ઉપરનો સર્વ પ્રેમ-મોહ

છોડીને પોતાનાં આત્મસુખમાં લીન રહેવું જોઇએ અને કોઇ પણ દિવસ ઉપશમભાવ—સમતા ભાવનો ત્યાગ કરવો નહીં.

बहिरात्मा शरीरादौ जातात्मभ्रांति रंतरे ।
चित्त दोषात्मा च भ्रांतिः परमात्मातिनिर्मलः ॥

શરીર, પુત્ર, કલત્ર, કુટુંબ આદિ મિથ્યા સામગ્રીઓને પોતાની જાણીને તેમાં ઘણું સુખ છે એમ માનીને જે જીવો મિથ્યાત્વમાર્ગે ગમન કરે છે, તેઓ બહિરાત્મા કહેવાય છે. સમ્યગ્દ્રષ્ટિ જીવોનો અંતરાત્મા જાગેલો હોય છે તેથી તેઓ સંસારની સર્વ વસ્તુઓને ભવભ્રમણ અને અનંત દુઃખનાં હેતુરૂપ સમજી પોતાનાં નિર્વિકાર શુદ્ધ સ્વરૂપ સિવાય બીજી કોઇ પણ વસ્તુ ઉપર પ્રેમ રાખતા નથી.

निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभु रव्ययः ।
परमेष्टी परमात्मेति परमात्मेश्वरो जिनः ॥

હે જીવ, જ્યારે તું સર્વ સંપદા અને રાગદ્વેષથી વેગળો રહે ત્યારે નિર્મળ કહેવાય છે. તુંજ માત્ર એકલો બીજી સર્વ ચીજથી વેગળો શુદ્ધ અને વિકાર રહિત છે. તું અસાધારણ ગુણયુકત અને સૂર્ય ચંદ્રમા વિગેરેથી હજારો ગણો પ્રકાશવાળો છે. સર્વ સમર્થ અને સર્વ ગુણસંપન્ન હોવાથી તું પ્રભુ કહેવાય છે. અવિનાશી શાશ્વત પદનો અધિકારી એટલે અવ્યય, અને જગત્રયના ભાવ પ્રપંચ સમાવી જન્મ જરા મરણ રહિત થઇ અનંત ગુણ મહિમા યુક્ત નિર્વિકાર શાસ્વત પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે ત્યારે ઇશ્વર કહેવાય છે. આત્મા કર્મરૂપી મહાન્ શત્રુઓને જીતવાવાળો હોવાથી જીન પણ કહેવાય છે. આવો જે પૂજ્ય આત્મા તેને પરમાત્મા કહીએ.

बहिरात्मेन्द्रियद्वारै रात्मज्ञान पराङ्मुखः ।
स्फुर्गहतः स्वात्मनो देह मात्मत्वे नाध्यवस्यति ।

અસાવધાન જીવો બહિરાત્મા કહેવાય છે અને તેઓ પોતાનાં સત્ય હિતને બિલકુલ જાણતા નથી. નિર્વિકાર શુદ્ધ સ્વરૂપને ભૂલી જઈ તેઓ ઇંદ્રિય વિષયોનાં સુખ ભોગવવા તે સદા ઉત્સુક રહે છે અને અનાદિકાળના મિથ્યા મોહથી વિષયરસને સુખાવહ માનીને આત્મ જ્ઞાનથી પરાઙ્મુખ થઇને જડ એવાં શરીરને આત્મા ગણી જીવન નિર્વહે છે.

नरदेहस्थमात्मन मविद्या न्मन्यते नरं ।
तिर्यंच तिर्यगंगस्थँ सुरागस्थ सुरं तथा ॥
नारकं नरकागस्थं नस्वयंतत्त्वतस्तथा ।
अनंतान तथा शक्तिः स्वसंवेद्यो चलस्थितिः ॥

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારક એમ ચારે નામ કર્મ ઉદયથી જીવ (અનુક્રમે) મનષ્ય, તિર્યંચ દેવ કે નારક ગતિમાં જાય છે. અને તે મનુષ્ય, પશુ, દેવ કે નારકી જીવ કહેવાય છે. ઘણાં પુણ્યના ઉદયથી જીવ દેવત્વ પ્રાપ્ત કરે છે. અહિંસા, અસંયમ અને ઇંદ્રિય સુખોમાં અતિષય મગ્ન રહેવાથી જીવ નર્ક ગમન કરે છે.

તત્ત્વ દ્રષ્ટિએ જોતાં જીવનું સ્વરૂપ અનંત મહિમાયુક્ત અને સ્વસંવેદન જ્ઞાન (પોતે પોતાને ઓળખે તેવું જ્ઞાન) વાળું છે. સર્વ જીવો પોતાનો સ્વભાવ પોતેજ જાણે છે; તેઓ પોતાનો ગુણ બીજાને બતાવી શકતા નથી. સર્વ જીવો પોતે પોતાનીજ મેળે સંસાર સમુદ્ર તરી શકવાની

શક્તિી વાળા છે. બીજાં કોઇની મદદથી અનંત એવો સંસાર સમુદ્ર તરી શકાય તેમ નથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ અનંત જ્ઞાન અને અનંત સુખ યુક્ત છે.

सदेह सदृशं द्रष्ट्वा परदेहमचिंतनं ।

रामाधिष्टितं मूढः परत्वेनाध्यवस्यति ॥

મિથ્યાદ્રષ્ટિ જીવો સાત ધાતુઓથી બનેલાં એવાં જડ અને વિનશ્વર શરીરને પોતાનું કરી જાણે છે. તથા તેની રક્ષા અને પોષણ અર્થે અનેક યત્નો કરે છે. તેઓ અન્ય-જીવો જે પોતાના આત્મા માફક અનંત ચતુષ્ટય યુક્ત છે તેમનો અવિનય કરી વખત આવ્યે તેમની હિંસા કરવા કે દુઃખ દેવા ચૂકતા નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવો તો સર્વ જીવો સરખા છે એમ જાણી કોઇની સાથે વિરોધ કરતા નથી. દયાયુક્ત અને જ્ઞાની પુરૂષો સર્વને પોતાના આત્મા સમાન ગણે છે.

स्वपराध्यवसायेन देहेष्व विदितात्मनां ।

वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादि गोचरः ॥

આપણો આત્માજ ચેતનાગુણ સહિત છે અને એથી પર એવી શરિરાદિ સર્વ પુદ્‌ગલ વસ્તુઓ જડ અને ક્ષણભં-ગુર છે એવો વિવેક જેઓ મનમાં આણતા નથી તેઓ બહિરાત્મા કહેવાય છે. તેઓ પુત્ર કલત્ર મિત્ર વિગેરે પ્રિય પદાર્થો જે ક્ષણધ્વંસી છે, તેમાં મોહાંધ બનીને વિશ્વાસ કે પ્રેમ કરે છે. વસ્તુત : આત્મા સિવાય સર્વ વસ્તુઓ દુઃખનાં કારણ રૂપ છે માટે હે જીવ તું સર્વ વસ્તુઓને પોતાથી પર ગણી તેમની ઉપરનો સર્વ મોહ છોડી દ.

अविद्या सांज्ञित स्तस्माकारो जायते दृढः ।
येन लोकांगमे वस्यं पुनरप्य भिमन्यते ॥

હે જીવ, અનાદિકાળના સંસ્કારોથી અવિદ્યા (મિથ્યા મતિ)થી અસાવધાન થઈને તેં પોતે પોતાને સંભાર્યો નહિ પરસ્વભાવમાં પ્રેમ રાખીને તું અનાદિકાળથી દુઃખ ભોગવતો આવ્યો છે અને જેમ અન્ય જીવો મોહ નિદ્રાવશ થઇ શરીરમાં આત્મ બુદ્ધિ કરી દુઃખી થાય છે તેમ તું પણ શરીર પર મમતા રાખવાથી દુઃખી થઇશ. માટે હે જીવ, મોહ નિદ્રાનો ત્યાગ કરી તું તારી સત્ય શક્તિ અને સત્ય મહિમાને સંભાળ.

देहेस्वबुद्धि रात्मानं पुनक्तये तेन निश्चयात् ।
स्वात्मन्येवात्मधी स्तस्मा द्विजो जयाति देहीनाम् ॥

જે જીવને શરીરમાં પ્રેમ અને વિશ્વાસ ઉપજે છે તે મિથ્યાત્વી અને અવિદ્યાનું પડલ દૂર થતાં જ્યારે જીવ પોતાનું સત્ય સ્વરૂપ જુવે છે ત્યારે તેને બાહ્ય વસ્તુઓ ઉપરની આસક્તિ ઉઠી જાય છે. જેમ દારૂ પીધેલ માણસ નીસામાં અનેક દુર્ગંધયુક્ત સ્થાનમાં પડી જાય છે પણ નીસો ઉતરતાં પોતાના અવિવેકને માટે પશ્ચાતાપ થાય છે તેમ મોહમદિરાવશ જીવોને જ્યારે મોહ—નીસો ઉતરી જાય છે ત્યારે શરિરાદિ બાહ્ય વસ્તુઓ ઉપર પ્રેમ રાખવા માટે દુઃખ થાય છે અને તેઓ વિવેકવંત બનીને પોતાના આત્માનીજ સંભાળ લેતાં શીખે છે. તેઓ અનેક દુર્ગંધિનાં નિવાસ સ્થાન એવાં જડ શરીરને ધિક્કારે છે અને શરીર ઉપરનો સર્વ મોહ છોડી માત્ર આત્મસુખ પ્રાપ્ત કરવાની અહોનિશ વાંછા કરે છે.

देहेष्वात्मधिया जाता पुत्रभार्यादि कल्पना ।
संपत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥

વિવિધ અને મનોહર વિષય વિકારો કેવલ ભવભ્રમણ અર્થે છે એમ તું વિવેકપૂર્વક વિચાર. બાળકોનાં મીઠાં બોલ, રૂપ લાવણ્યયુકત જીવનસખીના કટાક્ષો, મિત્રનો પ્રેમ, બંધુજનોનો વિશ્વાસ એ વિગેરેમાં મિથ્યામતિથી સુખ માની અહંકારથી ફૂલી જઇને જીવ આત્મજ્ઞાન અને આત્મસુખથી સદા વેગળોજ રહે છે. વિવેકી જનોએ તો શરીરાદિ વસ્તુઓ નાશવંત છે અને તેમનાથી જીવને સર્વ રીતે દુઃખ થાય છે તથા દરેક ક્ષણે આપણું આયુષ્ય ઘટતું જાય છે એવું વિચારી આત્મધ્યાનમાં તલ્લીન રહેવું જોઇએ. ભોગો સઘળા રોગ જેવા છે અને તે ઊંઘતાનાં સ્વપ્ન જેવાં મિથ્યા છે. આમ છે છતાં તને સંસાર ઉપર વિરકત ભાવ કેમ ઉપજતો નથી અને અનેક દુઃખમાં નાંખનાર એવાં વિષયસુખોનો તું કેમ ત્યાગ કરતો નથી? માટે તારૂં જ્ઞાન, ધ્યાન, શ્રુતિ અને અભ્યાસ એવાં રાખ કે જેથી તને આત્મસુખની પ્રાપ્તિ થાય–તારી વૃત્તિઓ આત્માભિમુખ થાય અને આ સર્વ મિથ્યા પ્રપંચોમાં કદિ પણ વિશ્વાસ ઉપજે નહિ. આથી આધિ, વ્યાધિ અને ઉપાધિઓ વિનષ્ટ થશે અને રત્નત્રયની પ્રાપ્તિ થશે.

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदंतर्बहिर्व्यापृतेंद्रियः ॥

હે જીવ! સમસ્ત વિશ્વની અંદર જેટલાં દુઃખો આપણે જોઇએ કે સાંભળીએ છીએ તે બધાંનું મૂળ કારણ આપણું

શરીરજ છે એમ જાણ. એ શરીર મહા મલીન, મહા નિંદ્ય અને અનેક અશુચિઓનું નિવાસસ્થાન છે. માતા પિતાના લોહી અને શુક્રથી ઉત્પન્ન થયેલ, લોહી માંસ અને નસોથી બનેલ હાડપિંજરવાળું, ક્ષણ ભંગુર, ફુટેલા ઘડા જેવું અને જેમાંથી અનેક અશુચિઓ નિરતંર બહાર વહ્યાંજ કરે છે તેવાં શરીરમાં જ્ઞાની પુરૂષોએ પ્રેમ રાખવો એ સર્વથા અયુક્ત છે. શરીર એ એવું અપવિત્ર છે કે તેના સંસર્ગથી મિષ્ટાન્ન પણ અપવિત્ર બને છે અને સમુદ્રનાં પાણીએ તે ધોવાં છતાં પવિત્ર બને તેમ નથી. ઉલટું તેથી સમુદ્રનું પાણી અપવિત્ર બને. સંસારનાં સર્વ દુઃખોનું તે મૂળ કારણ છે અને તેનાંજ સંસર્ગથી જીવને સંસારભ્રમણ કરવું પડે છે. માટે હે જીવ! વિવેકી બનીને શરીર ઉપરનો સર્વ મોહ છોડી માત્ર આત્મસુખમાંજ લીન થા.

मत्तश्च्युत्वेंद्रियद्वारैः पतितो विषयेष्वहं ।
नानूप्रपद्याहमिति मां पुरावेदन तत्त्वतः ॥

હે સજ્જનો ! મોહનીકર્મની વિટંબનાઓ મને જે વીતી છે તે તમે બધા વિવેકપૂર્વક વિચારો અને મિથ્યા મતિ થયેલ એવા મારાથી કરવામાં આવેલ ભૂલો બરાબર જુઓ. શાસ્વત્ એવાં શાંતપદને ભૂલી જઇને ભ્રષ્ટ થયો થકો હું ઇંદ્રિયોરૂપી ગામમાં વિષયરૂપી ચોરના ઘરમાં જઇ વસ્યો. અહિં અજાણપણાથી પુદ્‌ગલના અતિ મધુરા પ્રપંચમય વિકારોમાં લુબ્ધ થયો અને તેમાંજ સુખબુદ્ધિ જાણી અનાદિ કાળથી ઇંદ્રિય રૂપી ચોરોથી લૂટાતો આવ્યો છું.

શિષ્ય—હે ગુરૂજી ! આ ઘરમાંથી કેવી રીતે છૂટીએ

અને પોતાને ખરે ઘેર કેવી રીતે જઇએ તેનો કૃપા કરી યથાર્થ ઉપદેશ આપો.

ગુરૂ—જ્યાં સુધી ઇંદ્રિયો વશ નહી થાય ત્યાં સુધી કષાયો ઉપર તારાથી વિજય મેળવી શકાશે નહિ. તેથી હે હંસ ! તું ઇંદ્રિઓને વશ કર. જ્યારે તને વિષય સુખની આશા થાય છે ત્યારે ઇંદ્રિયોના વિકારથી ઉદ્ધત થઇને તું ઇંદ્રિઓનો ગુલામ બની જાય છે. અને જ્યારે તું ઇંદ્રિઓના પંજામાં ફસાય છે ત્યારે ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયરૂપ અગ્નિ તારા સુખભંડારને બાળીને ખાખ કરે છે. હે સંયમવંત જીવ, જો તારે તારા સંયમ અને તપની યથાર્થ રક્ષા કરવી હોય અને ઇંદ્રિઓના વિકાર ઉપર બરાબર કાબૂ મેળવવો હોય તો કષાયોથી હરહંમેશ દૂર રહેજે. ઇંદ્રિઓના વિષયોથી જે સુખ ઉપજે છે તે સુખ નહિ પણ વસ્તુતઃ દુઃખજ છે એમ મનમાં નક્કી જાણ. વિષયરસનાં પોષણથી ઇંદ્રિઓ ઉન્મત્ત હાથીની માફક ઉદ્ધત બને છે અને તેનાથી જીવને અનેક યોનિમાં કલેશ, દુઃખ તથા અનેક વિટંબણાઓ ભોગવવી પડે છે. એથીજ સંયમી જીવને પણ સંસારવનમાં ભ્રમણ કરવું પડે છે, તો હે જીવ ! દ્રષ્ટિવિષ સર્પ માફક વિષયજ્વાળાથી પૂર્ણ અને મોહમૂર્છા ઉપજાવનાર ઇંદ્રિયરૂપી સર્પના વિષયવિકારરૂપ દર્પની શાંતિ અર્થે સાધુ પુરૂષોના ઉપદેશામૃતનું પાન કરી સંયમ અને સમતાના માર્ગમાં સ્થિતિ કર.

एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदंतरशेषतः ।
एषयोगसमासेन प्रदीपः परमात्मनः ॥

જો તને આત્મલાભ મેળવવા ખરેખરી ઇચ્છા થતી હોય તો તારા આત્મામાંજ ભાવના રાખી તારાથી પર એવા રાગ અને દ્વેષનો સમૂળગોજ ત્યાગ કર. રાગ અને દ્વેષ એ સંસારનાં દુઃખોનાં બીજરૂપ છે અને તેને લીધે શરીરાદિ જડ પદાર્થોમાં મારાપણાંની ભ્રાંતિ થાય છે એટલે કે શરીર અને આત્મા એ બન્ને વસ્તુતઃ જૂદાં છે એમ સાક્ષાત્કાર થઇ શકતો નથી. વસ્તુતઃ સર્વ અચેતન–જડ વસ્તુઓરૂપી પ્રપંચ અને નિર્વિકાર આત્મા એ એક છેજ નહિ–હોઇ શકે પણ નહિ. અનાદિ કાળ થયાં જીવ અને શરીર એક ક્ષેત્રમાં રહ્યા છતાં પોતાના ગુણોએ કરી એકમેકથી તદ્દન જૂદાજ છે. જેમ સોનું બીજી હલકી ધાતુઓ સાથે મળે છે તોપણ તેના ગુણ સ્વભાવ બદલાતા નથી તેમ અનાદિકાળ થયાં જડ વસ્તુઓ સાથે જોડાયલા આપણા આત્માનો મૂળ સ્વભાવ તો તેનો તેજ છે. માટે હે જીવ! તું મિથ્યામતિ બનીને અમૂર્ત છતાં મૂર્ત પદાર્થોમાં કેમ વિશ્વાસ કે પ્રેમ કરે છે? દર્શન, જ્ઞાન અને ગુણના પ્રકાશથી તું ત્રણે જગતમાં ફરી શકે એવી તારામાં શકિત છે જ્યારે પુદ્ગલ તો અચળ અંધ અને તારાજ બળથી ચાલી શકે તેવું છે. છતાં જેનાથી વસ્તુતઃ તારૂં કોઈ કાર્ય સરતું નથી તેમાં કંઈ પ્રયોજન વિના આટલો બધો મોહ કેમ રાખે છે? જે જે પુત્ર મિત્રાદિ સંબંધો તેં આ સંસારમાં ભ્રમણ કરતાં કર્યા છે તે તારા ગુણથી તદ્દન પર છે અને બાહ્ય પદાર્થો તરફ ભાવ રાખી તું તેમને પોતાના ગણે છે એ તદ્દન અયુકત છે માટે એ સર્વ વસ્તુઓ ઉપરનો પ્રેમ તું

સર્વથા છોડી દે. આજ ખરેખરો યોગ માર્ગ છે અને તેજ તારાં ખરાં ઘરના દીપક (દિવા) રૂપ છે.

यन्मयाद्दश्यतेरुपं तन्न जानाति सर्वथा ।
जानन्न द्दश्यते रुपं ततः केन ब्रवीम्यहं ॥

જે હું રૂપ દેખું છું તે સર્વ પ્રકારે જાણી શકાતું નથી અને દર્શન જ્ઞાન ગુણે કરીને જે હું ત્રણે જગતને જોઉં છું, તે બીજા કોઇથી જોઇ શકાતું નથી તો પોતાનો ગુણ મહિમા કોને કહેવો ? હે જીવ ! તારાં જેવું જ્ઞાન અને વિવેક બીજા કશામાં નથી.

यत्पारे प्रतिपाद्योहं यत्परान्प्रति पादयेत् ।
उन्मत्तचेष्टि तन्मोद रहं निर्विकल्पकः ॥

હે ચિદાનંદરામ ! તું એવી શંકા નહિં કર કે તારો કોઈ કર્તા કે સુખ આપનાર હોય અથવા તો તું કોઇપર ઉપકાર કરતો હોય. પરભાવમાં લુબ્ધ થયેલ જીવો પુત્ર કલત્રાદિ સગાંઓ પોતાનાં કરી જાણે છે અને પોતાનાં નિર્વિકાર પદને જાણતાં નથી. સર્વ ગતિ, સર્વ રૂપ, સર્વ દેશ, સર્વ કુળ, સર્વ જાતિ, સર્વ દુઃખ, સર્વ સુખ, સર્વ શરીર વિગેરે જીવે જાણ્યાં છે—જોયાં છે, તેથી વિવેકી જનો કોઇ દુઃખ સુખ આપનાર કે શત્રુ મિત્ર હોય એમ ગણુતાજ નથી. સર્વ જીવો પોતપોતાના સ્વભાવમાંજ વર્તે છે માટે કદાપિ કોઇ કોઇનું થનારજ નથી. હે જીવ ! તારૂં રૂપ, અનંત મહિમા અને સુખ યુક્ત અને શાસ્વત છે.

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति ।
जानाति सर्वथा सर्वतत्स्वसंवेद्यमस्म्यहं ॥

જે અયોગ્ય અને અગ્રાહ્ય (નહિ ગ્રહણ કરવા લાયક) છે તે મારો સ્વભાવ કોઇ પણ વખતે ગ્રહણ કરતો નથી અથવા તો તેનો આદર કરતો નથી. જે મને પસંદ છે તેને ગ્રહણ કરીને મેં કોઇ દિવસ છોડેલ નથી. સર્વ સંસારનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણવું-સ્વસંવેદન જ્ઞાને પોતે પોતાને ઓળખવો તેજ મારૂં રૂપ છે. જે શરીરને આત્માથી પર જુએ તેઓજ પોતાનું તત્વ વિવેકપૂર્વક યથાર્થ રીતે મેળવે છે.

उत्पन्न पुरुषभ्रांते स्थाणौ यद्वद्विचेष्टितं ।
तद्वन्मे चेष्टितं पूर्वं देहादिष्वात्मविभ्रमात् ॥
यथा सौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।
तथा चेष्टोस्मि देहादौ निवृत्ताम विभ्रमः ॥

મોહનીય કર્મ જે અનંત દુઃખોનાં કારણરૂપછે તેના ઉદયે કરીને આ અસત્ય શરીરને મિથ્યા દ્રષ્ટિથી આત્મા કરીને જાણ્યું. જેમ અનેક ગામમાં ફરવાવાળો માણસ સંધ્યા સમયે એક ગામમાં વાસો કરી અંધારામાં કોઈ ખુંટાને ભ્રાંતીથી માની લઈ રાત્રે સુખપૂર્વક નિદ્રા પણ લેતો નથી તેમ અનાદિ કાળનો મુસાફર આપણો આત્મા ચોર્યાસી લાખ જીવાયોની રૂપી ગામોમાં ફરવાવાળો મિથ્યામતિરૂપ રાત્રિના અંધકારમાં વિવેકદ્રષ્ટિ રહિત થઇને પુદ્ગલ પ્રપંચરૂપ શરીરાદિ જડપદાર્થોને આત્મા કરીને જાણે છે તેથી તેને ખરાં સુખની પ્રાપ્તિ થતી નથી. જ્યારે આત્મજ્ઞાનરૂપ સૂર્યનો હૃદયપ્રદેશ ઉપર ઉદય થાય છે ત્યારેજ

મિથ્યામતિરૂપ અંધકાર દૂર થાય છે અને વિવેકચક્ષુથી પોતે પોતાને ઓળખે છે.

અહા! કર્મશત્રુનું બળ કેટલું છે કે તે અનંત મહિમાના ધણી એવા આત્માને પણ ભવરૂપી મહા વનમાં અનંત વર્ષ સુધી ભ્રમણ કરાવે છે અને અજાણપણે બાહ્ય વસ્તુઓમાં પ્રેમ રખાવી બંધનમાં નાંખી અનંત વિટંબણાઓમાં ફસાવે છે. હે ગુરૂ! આજ આપના ઉપદેશ અમૃતથી મારો રાગરૂપી જ્વર નાશ થયો છે અને મોહ નિદ્રાનો નાશ થતાં મારાં સત્ય સ્વરૂપને યથાર્થ જોયેલ છે. પ્રબળ ધ્યાનનાં પ્રતાપથી સર્વ દુરીત પાપ-વૃક્ષો જમીનદોસ્ત થયાં છે. હવે મારે સંસાર-કારાગ્રહનાં દુઃખો વેઠવાં નહિ પડે. અહા! હું કેવો મૂર્ખ હતો કે અજ્ઞાનવશાત્ મોહ મૂર્છા ઉત્પન્ન થતાં મુક્તિમાર્ગને મેં ન જોયો! હે રામ! તુંજ ત્રૈલોકયનાં લોચન રૂપ છે. તું મિથ્યાત્વનો લેશ પણ સંગ ન કર. તું રાગ દ્વેષરૂપી દાઢથી પકડાઈને આશારૂપ નદીની અંદર અનાદિ કાળથી બૂડેલો છે, પણ હવે ધીરજ ધરીને વિષયસુખની સર્વ લાલસાઓને તિલાંજલી આપીને પરમાત્મપદમાં સ્થિત થવા યત્ન કર. હે હંસ! મોહ મુદ્ગરનાં ભયંકર બંધનોને તોડીને, ઈંદ્રિયોનાં વિકારો ઉપરનો સર્વ પ્રેમ સર્વથા છોડીને આત્માભિમુખ થા, જેથી ઉત્તમ એવાં સમભાવ સુખની તને પ્રાપ્તિ થાય.

येनात्मानुभूयेहमात्मनैवात्मनात्मनि

सोहंनतन्नसानासौनैकोनद्वौनवाबहु।

જે જ્ઞાનદ્રષ્ટિવડે પોતાનાં સત્ય સ્વરૂપ તથા સુખની

જાણુ થાય છે તે સર્વ શકિતરૂપ મહિમા બીજાં કોઇનાં જ્ઞાનવડે જોઇ કે દેખી શકાતો નથી, તેમ પોતાનાં સહજ સુખ રૂપી રસનું આસ્વાદન પણ થઇ શકતું નથી. દર્શન, જ્ઞાન, ચરિત્ર એ ત્રણ રત્નો આપણા પોતા પાસેજ છે તે અનાદિ સ્વભાવ બ્રહ્મને મિથ્યામતિથી ભૂલી પૂર્વે જન્મોમાં અનેક તીર્થસ્થળોની યાત્રા કરતાં અને અનેક પ્રકારે દેવ-પૂજા અને મંત્ર આરાધન કરતાં તથા અનેક શાસ્ત્રો વાંચતાં જીવ એ શું છે તે કદાપિ પણ યથાર્થરીતે જાણ્યું નહિ. હે ગુરૂજી! આપના ઉપદેશથી અજ્ઞાન પડલ દૂર થતાં આપણો આત્મા તેજ તીર્થરૂપ, દેવરૂપ, નિર્વિકાર મંત્રરૂપ, અને સુખપીંડ છે તથા તેજ અનક્ષરીક દેવ, સ્મૃતિ સિદ્ધાંત પણ તેજ અને અનાદિ બ્રહ્મ પણ તેજ છે એવો યથાર્થ અનુભવ મેં કર્યો. આત્મા ત્રણે વેદથી પર છે અને તે એક કે અનેક પણ નથી આત્મા પોતાનાં કર્મનો કર્તા અને પોતાનાં કર્મનો પોતે ભોક્તા છે.

यदभावेसुषुप्तोहं यदूभावेव्युच्छितः पुनः ।
अतींद्रियमनिर्देश्य ततस्वसंवेदनमस्म्यहं ॥

હે હંસ! જેના વિયોગથી અનાદિ કાળની મોહનિદ્રામાં હું સૂતેલો હતો તેનો જ્યારે સંયોગ થયો ત્યારે જે આ-આત્મજયોતિ મેં જોઇ તે એવી હતી કે તેનું વાણીથી વર્ણન થઈ શકે નહિ. અંતર્મુખ વૃત્તિ કર્યાથી આત્માના મહાન્ ગુણ રૂપ મહિમાને મેં યથાર્થ જોયો.

હવે આપણે જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ એ નવ તત્વ પૈકી સંસાર-ભ્રમણનાં મુખ્ય કારણરૂપ આશ્રવ તત્વનો વિચાર કરીએ.

आश्रव.

બંધના કારણને આશ્રવ કહે છે. તેના ભાવાશ્રવ અને દ્રવ્યાસ્રવ એમ બે ભેદ છે. જેમ કોઇ વહાણમાં બાંકું પડવાથી તેની અંદર પાણી આવવા માંડે છે તે પ્રમાણે આત્માના જે ભાવોથી કર્મ આવે છે તેને ભાવાસ્રવ કહે છે. શુભ અશુભ પુદ્દગલના પરમાણુઓને દ્રવ્યાશ્રવ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારે કારણોથી કર્મોનો આશ્રવ થાય છે.

बंध.

બંધના પણ ભાવબંધ અને દ્રવ્યબંધ એમ બે ભેદ છે. આત્માના જે બૂરા ભાવોથી કર્મબંધ થાય છે તેને ભાવબંધ કહેછે અને એ વિકાર યુક્ત ભાવોના કારણરૂપ પુદ્ગલ પરમાણુઓ (આત્માની સાથે મળેલા) છે તેને દ્રવ્યબંધ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ આદિ પરિણામોથી કર્મ આવે છે અને એ આત્માના પ્રદેશો સાથે (ભીનાં કપડામાં ધૂળની માફક) મળી જાય છે. બંધ અને આસ્રવ એકજ વખતે એક બીજાની સાથે રહે છે પણ તેમનામાં કાર્યકારણભાવ છે. આથી આસ્રવને બંધના કારણરૂપ સમજવા જોઇએ. બંધના વળી પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, અને પ્રદેશબંધ એમ ચાર પ્રકાર છે. કર્મનો સ્વભાવ તેને પ્રકૃતિબંધ કહેછે. કર્મનું અમુક કાળ સુધી ટકવાપણું તેને સ્થિતિબંધ કહે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અસાતાવેદનીય એ ચાર કર્મોની સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની છે. અને ગોત્ર કર્મોની સ્થિતિ વીસ કોડાકોડી સાગરોમમની છે, આયુકર્મની સ્થિતિ તેત્રીશ સાગ-

રોપમની છે. સાતાવેદનીય, સ્ત્રીવેદ, મનુષ્ય ગતિ અને મનુષ્ય ગત્યાનુપુર્વી એ ચારે કર્મોની સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની છે, દર્શનમોહનીયકર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે. ચારિત્રમોહનીયકર્મની સ્થિતિ ચાલીસ કોડાકોડી સાગરોપમની છે. વામન સંસ્થાન અને કીલક સંહનન એ બંન્નેની સ્થિતિ ૧૮ કોડાકોડી સાગરોપમની છે. કુબ્જક સંસ્થાન અને અર્ધનારાચ સંહનનની સ્થિતિ ૧૬ કોડાકોડી સાગરોપમની છે. સ્વાતિક સંસ્થાન અને નારાચ સંહનનની ૧૪ કોડાકોડી સાગરોપમ, ન્યગ્રોધ સંસ્થાન અને વૃષભનારાચ સંહનનની ૧૨ કોડાકોડી સાગરોપમ, અને બે ઇંદ્રિય, તેં ઇંદ્રિય, ચઉ ઇન્દ્રિય, સૂક્ષ્મ, અપર્યાપ્ત, અને સાધારણની સ્થિતિ ૧૮ કોડાકોડી સાગરોપમની છે. અરતિ, શોક, સ્ત્રી વેદ, નપુંસક વેદ, તિર્યંચ ગતિ, તિર્યંચ ગત્યાનુપૂર્વી, જુગુપ્સા, નરક ગતિ, નરક ગત્યાનુપૂર્વી, તેજસ, કાર્માણ, ઉદારીક અંગોપાંગ, વૈક્રિય, વૈક્રિય અંગોપાંગ, આતાપ, ઉદ્યોત, નીચ ગોત્ર, ત્રસ, બાદર, પ્રત્યેક, પર્યાપ્ત, અગુરૂ લઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ, એકેન્દ્રિય જાતિ, પચેન્દ્રિય જાતિ, સ્થાવર જાતિ, નિર્માણ, અપ્રશસ્ત ગતિ. અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ એટલાં કર્મોની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમની છે. હાસ્ય, રતિ, ઉચ્ચ ગોત્ર, પુરૂષવેદ, સ્થિર, શુભ, પ્રકૃતિ, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, સુભાગ્ય, સુસ્વર, આદેય, યશ, અને પ્રશસ્ત ગતિ એ દરેકની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરની છે. શુભ અશુભ કર્મોના ઉદયથી શુભ અશુભ જેવાં જેવાં પ-

રિણામ થાય તેનાંથી જેવી જાતનાં કર્મ બંધાય તેને અનુભાગ બંધ કહે છે. શુભ કર્મોનો ઉદયકાળ શુભ અને અશુભ કર્મોનો ઉદયકાળ અશુભ હોય છે. દયા, વ્રત, સંયમની ભાવના, મનવચન કાયાનો નિરોધ, ઉત્તમ ક્ષમા, ગુરૂભક્તિ વિગેરેથી શુભ કર્મ બંધાય છે. અને જીવહિંસા, શોક, રાગદ્વેષ, વીતરાગ શ્રી અરિહંત કે સાધુમહારાજોની નિંદા, અસંયમ વિગેરેથી અશુભ કર્મો બંધાય છે અને જીવ નર્કનું આયુષ્ય બાંધે છે. રૌદ્ર ધ્યાની, કુમાર્ગના ઉપદેશક, શિથિલાચારી અને માયાવી જીવો તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે છે. અલ્પ કષાયવાલા દાન આપવામાં રૂચિવંત, અને ભોળા તથા મધ્યમ ગુણી જીવો મનુષ્યનું આયુષ્ય બાંધે છે. અણુવ્રતો, તપ, સંયમ, અને સમ્યગ્દર્શનને યથાર્થ પાળનાર જીવો દેવનું આયુષ્ય બાંધે છે.

અણુના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગો જેના ભાગ થઇ શકેજ નહિ તેને પરમાણુ કહે છે. આવાં અનંત પુદ્ગલકર્મપરમાણુઓ અનંત પ્રદેશી આત્માને લાગેલા છે. એ કર્મપરમાણુઓને લીધે જીવને રાગદ્વેષ વારંવાર ઉપજે છે અને તેથી ભવભ્રમણ કર્યાજ કરવું પડે છે. પ્રદેશબંધ મન, વચન અને કાયાના યોગો કરીને થાય છે.

संवर तत्त्व.

આશ્રવ ન થવા દેવો અને આશ્રવને રોકવો અથવા તા નષ્ટ કર્મોને પાછાં ન આવવાં દેવાં તેને સંવર કહે છે. જેમ એક વહાણમાં બાંકું પડવાથી પાણી અંદર આવવા લાગ્યું હતું પણ બાંકું પૂરી દેવાથી પાણી અંદર આવતું બંધ થયું તેજ પ્રમાણે જે પરિણામોથી કર્મ આવે છે તેનોજ

નાશ થઈને તેને બદલે એથી ઉલટાંજ પરિણામ આવે તો કર્મોનું આવવું બંધ થાય છે. આને સંવર કહે છે. તેના ભાવસંવર અને દ્રવ્યસંવર એવા બે ભેદ છે. જે પરિણામોથી આશ્રવ થઇ શકતો નથી તેને ભાવસંવર કહે છે અને તેનાંથી (પરિણામથી) જે પુદ્ગલ પરમાણુઓ કર્મરૂપ થઇને આત્માની સાથે મળી શકતા નથી તેને દ્રવ્યસંવર કહે છે. ત્રણ ગુપ્તિ, ૫ સમિતિ, ૧૦ ધર્મ, ૧૨ ભાવના, ૨૨ પરિષહજય અને ૫ ચારિત્રથી સંવર થાય છે. મન વચન અને કાયાનાં હલન ચલનને રોકવું તેને ગુપ્તિ કહે છે.

निर्जरा तत्त्व.

કર્મોનો થોડો થોડો ભાગ ક્ષય થતો જવો તેને નિર્જરા કહે છે. જેમ વહાણમાં ભરાયલું પાણી થોડું થોડું કરી બહાર કાઢવામાં આવે છે તેજ પ્રમાણે આત્માને લાગેલાં કર્મપરમાણુઓ થોડે થોડે દૂર કરવા–ક્ષીણ કરવા તેને નિર્જરા કહે છે. એના ભાવ નિર્જરા અને દ્રવ્ય નિર્જરા એમ બે ભેદ છે. જે ભાવોથી કર્મ પોતાનાં ફળ આપીને નષ્ટ થાય છે, તેને ભાવ નિર્જરા કહે છે. તપથી કર્મનો નાશ થવો તેને દ્રવ્ય નિર્જરા કહે છે.

पुण्य अने पाप तत्त्वो.

જે શુભ એવાં કર્મનાં પુદ્ગલ તે પુન્ય અને અશુભ એવા કર્મનાં પુદ્ગલ તે પાપ એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. પુણ્યથી ઇષ્ટ વસ્તુ સુખ સામગ્રી વગેરે મળે છે અને પાપના ઉદયથી દુઃખ દેવાવાળી ચીજો જીવને મળે છે. સંવરયુક્ત જીવને તપ ઉપધાન થકી નિર્જરા થાય છે,

કર્મની સંતતિ તે બંધ, અને બંધનો વિયોગ (સર્વથા અભાવ) તે મોક્ષ. જ્યારે સર્વ કર્મોનો ક્ષય થાય છે અને કેવળ આત્માનું શુદ્ધ સ્વરૂપ રહી જાય છે ત્યારે એ આત્મા ઉદ્‌ર્ધ્વગમન સ્વભાવથી ત્રણે લોક ઉપર આવીને વિરાજમાન થાય છે.

સમયસાર નાટકમાં કહ્યું છે કે:—

चिरमिति नव तत्त्व छन्न मुन्नीयमानं
कनकमिवानिमग्नं वर्णमाला कलापे ।
अथ सतत विवक्तं दृश्यते मेकरुपं
प्रेति पदमिदमात्म ज्योति रुद्योतमानं ॥

આવી રીતે નવ તત્ત્વોમાં રહેતાં થકાં તેં તારા સ્વભાવને જાણ્યો નહિ. જેમ કસોટીના પત્થર ઉપર સોનાના ઓછા વત્તા કસ પડવાથી ઘણી જાતનાં રૂપ દેખાય છે તેમ વર્ણ અને અનેક તત્ત્વોના વિકારથી તેં તારા એક સરખાં નિર્વિકાર પદને ઓળખ્યું નહિ. પણ જ્યારે ગુરૂના ઉપદેશથી જ્ઞાનામૃતનું પાન થતાં તું જાગ્યો ત્યારે તેં તારા નિર્વિકાર શાંતપદને બરાબર જોયું-જાણ્યું.

क्षयं तत्रैव रागाद्या स्तत्वतोमां प्रपश्यतः ।
बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्नचाप्रियः ॥

તત્ત્વજ્ઞાને કરી વિચારતાં રાગદ્વેષે કરી મિત્ર થોડીવારમાં શત્રુ જેવો થઈ જાય છે અને પરિણામોમાં ફેરફાર થવાથી શત્રુ પણ મિત્ર સરખો લાગે છે. માટે હે જીવ! આ સંસારમાં વસ્તુતઃ કોઈ તારો શત્રુ કે મિત્ર નથી એમ

માની સમસ્ત મોહભ્રાંતિઓનો ત્યાગ કરી બોધિ બીજ રૂપ સુખ–સત્ય જ્ઞાનરૂપ રસ તેનુંજ તું આસ્વાદન કર. અનાત્મ વસ્તુઓ કોઈ દિવસ તારી થયેલ નથી અને થનાર પણ નથી.

मा पश्यन्न यं लोको न मे शत्रु र्न च प्रियः ।
मामपश्यन्नयं लोको न मे शत्रु र्न च प्रियः ॥

મિથ્યા દ્રષ્ટિ જીવો જેઓ બાહ્ય વસ્તુઓમાં રાચે છે, અને જેઓ જીવના વસ્તુ સ્વભાવથી અજાણ છે તેઓના અવિવેક તરફ દ્રષ્ટિ રાખો નહિ. તમારે તો કોઈ મારો શત્રુ કે મિત્ર નથી એવોજ હમેશાં વિચાર કરવો. કારણ કે બાળક જેવો સ્વભાવ રાખી જેઓ પોતાનાં શુદ્ધ સ્વરૂપને ભૂલેલા છે તેઓ ઉપર વિવેકી પુરૂષોએ વૈરભાવ રાખવો જોઈએ નહિ. કાળ લબ્ધિ પામીને જ્યારે સત્ય સ્વરૂપ દેખાય છે ત્યારે સર્વ પ્રપંચોથી દૂર થઈને સમ્યગ્દ્રષ્ટિ જીવ સંસારની સર્વ બાબતો તરફ ઉદાસીન વૃત્તિ રાખે છે. જે માણસો બાહ્ય વસ્તુઓ ઉપર કોઈ જાતનો પ્રેમ ન રાખતાં સંસારમાં કોઈ મારો શત્રુ કે મિત્ર નથી એમ ગણે છે અને સર્વ દુઃખનાં કારણ રૂપ પોતે પોતાનેજ ગણીને કોઈના ઉપર રાગ દ્વેષ કે વૈરભાવ રાખતા નથી તેઓજ આત્મ સ્વભાવમાં રમણ કરી શકે છે અને તેઓજ ખરા વિવેકી અને ચતુર છે.

त्यक्त्वैवं बहिरात्मान मंतरात्म व्यवस्थितः ।
भावयेत्परमात्मानं सर्वसंकल्प विवर्जितं ॥

આ પ્રમાણે આત્મજ્ઞાનની ભાવના કરીને દુઃખનાં કારણ

રૂપ બાહ્ય ભાવોને તું સર્વથા છોડી દે. અનાદિ કાળ થયાં ભ્રમણ કરતાં જે વિકારોનો ભોગવટો કરી અનેક વાર તેમને તિલાંજલી આપેલ છે તેના ઉપર પ્રેમ કે રાગ રાખતાં હે જીવ ! તને લજ્જા કેમ આવતી નથી ? આ સર્વ વિષય વિકારો અંત્યતઃ અસત્ય–પ્રપંચમય છે તેથી તેમનો તું સર્વથા ત્યાગ કર. પૂર્વ જન્મમાં બંધુ તે આ જન્મમાં શત્રુ થાય છે અને આ જન્મમાં શત્રુ તે આવતા જન્મમાં મિત્ર થાય છે એવો આ અસાર સંસારનો સંબંધ-પ્રપંચ છે એમ જાણી અંતરંગમાં સ્થિતિ કરી હે અવિનાશી ચતુર પુરૂષ, તું સર્વ સંકલ્પ વિકલ્પ રહિત થઇને તારાં પરમપદનીજ ભાવના કર.

सोहि मिथ्यात्व संस्कार स्तस्मिन्भावनया पुनः।
तत्रैव दृढसंस्कारा लभते ह्यात्मनः स्थितिः ॥

શુભાશુભ વિકારોથી વેગળાં અને અનંત જ્ઞાન, અનંત સુખ અને અનત વીર્ય સંપન્ન એવાં તારાં સત્ય સ્વરૂપની વારંવાર ભાવના કર. સર્વ પ્રપંચોથી દૂર થઇને, શરીર ઉપરનો સર્વ મોહ છોડીને દૃઢતાપૂર્વક જ્યારે તું વૃત્તિને આત્માભિમુખ કરીશ ત્યારે તારા સત્ય મહિમા તું પ્રાપ્ત કરીશ અને નિર્વિકાર અને શાશ્વત એવું મોક્ષસુખ પણ તને મળશે.

मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदं ।
यतोभिस्ततोनान्यद भवस्थानमात्मना ॥

મૂર્ખ અને અવિવેકી બનીને મોહનિદ્રામાં તું લાંબા કાળ થયાં સૂતેલો છે અને અસાવધાન થઇને બાહ્ય વસ્તુઓ

તરફ પ્રેમ રાખી તેમાં વિશ્વાસ લાવે છે અને સુખ પણ માની લે છે. સર્વ પુદ્ગલ વસ્તુઓ ભય અને દુઃખનાં કારણ રૂપ અને મિથ્યા છે. તેથી પુત્ર કલત્રાદિક સગાંવહાલાંઓ ઉપર પ્રેમ કે વિશ્વાસ રાખવો એ તદ્દન અયુક્ત છે. એ સામગ્રીઓ નાશવંત છે અને તેથી તેનો નાશ થતાં જીવને દુઃખ થાય છે માટે આ બહારનો પ્રેમ તું હમેશને માટે છોડી દે. એવા પ્રેમથી તું કોઈ રીતે કદાપિ સુખી થશે નહિં. અનાદિકાળ થયાં ભ્રમણ કરતાં તેં હજારો સગપણ-સંબંધ કર્યાં પણ એ સંબંધમાં કોઈ સંબંધ સ્થિર થયો નહિ. તારૂં સહજરૂપ એજ માત્ર સ્થિર છે. સંસારના વિવિધ વૈભવો, અઢળક દોલત, સગાંવહાલાંઓ, અને મનોહર વિષય-જન્ય પદાર્થો એ બધાં કમળપત્ર ઉપરનાં જળબિંદુ માફક નાશવંત છે. બાહ્ય વસ્તુઓ ઉપર મૂર્ખ માણસોજ પ્રેમ રાખે છે. જ્યારે ગુરૂજનોના ઉપદેશથી અજ્ઞાનાંધકાર દૂર થાય છે ત્યારે સર્વ ભય અને કલેશ દૂર થાય છે અને સર્વ વૃત્તિઓ અંતર્મુખ થતાં ઉત્તમ એવું નિર્ભયપદ પ્રાપ્ત થાય છે.

सर्वेंद्रियाणि संयम्य स्तिमितेनांतरात्मनां ।

यतक्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥

હે જીવ, તું લંપટ બનીને વિષયોની બાહ્ય સામગ્રી-ઓમાં મોહિત થઇ જાય છે. અખિલ વિશ્વની અંદર જેટલા પુદ્ગલ વિકાર છે તે સર્વનું શરીર એ મૂળ સ્થાન છે. જેટલા સ્પર્શના વિકાર છે તે બધાનું મૂળ સ્પર્શઇન્દ્રિય છે અને તે પોતાની જાતના વિષયને અત્યંત પ્રેમથી ગ્રહણ કરે છે. જીભ એ રસના વિકારોથી ભરપૂર છે અને તે

પોતાની જાતના વિકારોને પ્રેમથી ગ્રહણ કરે છે. ઘ્રાણેન્દ્રિયને ગંધયુક્ત દ્રવ્યોને પોતા તરફ ખેંચવાનો ઘણો શોખ છે. આંખ એ અનેક પ્રકારનાં રૂપ, આકાર વગેરે જુવે છે. પાંચમી ઇંદ્રિય કાન એ શબ્દ—નાદ ગ્રહણ કરવાનું કામ કરે છે અને તે શબ્દની જેટલી જેટલી જાત છે તે સર્વને પોતા તરફ ખેંચે છે. રૂપનાં પાંચ, રસના પાંચ, ગંધના બે, શબ્દના સાત અને સ્પર્શના આઠ પ્રકાર છે. આ બધી ઇંદ્રિઓ એકજ શરીરમાં રહેવાં છતાં એક બીજાથી તદ્દન નિરાળાં કાર્ય કરે છે. સર્વનું કાર્યક્ષેત્ર જૂદું જૂદું છે. હે રામ! તારાં એક શરીરમાંજ આમ સર્વ બાબતો એક એકથી જૂદી છે, છતાં તું તેમને મિથ્યામતિથી પોતાનાં માની બેસે છે એજ તારી મોટી મૂર્ખાઈ અવિવેક છે. હે જીવ! તું મનના સર્વ વિકારોને સંકોચીને અને સર્વ દ્રષ્ટિને અંતર્મુખ કરીને સમતારસનું સેવન કર. પાંચે ઇંદ્રયો એજ વિષય વિકારોનું ક્ષેત્ર છે, એ ઇંદ્રિઓનો નિરોધ કરીને જીવ જ્યારે જાગૃત થાય છે અને ઇંદ્રિય વિકારોનો સંવર કરે છે ત્યારે તે પરમપદના ચર્ણમાં સ્થિત થાય છે. આવો વિવેક આણી, ધીરજ ધરી, અરૂપી નિર્વિકાર સ્વભાવનું ચિંતવન કરી સંયમવ્રતનું યથાર્થ પાલન કર.

यः परात्मा स एवाहं यो हंस परम स्वत : ।
अहमेव मयोपास्यो नान्य : काश्चिदितिस्थिति : ॥

આત્મા એજ પરમાત્મા છે. મૂળે કરીને જીવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનત વીર્ય અને અનંત સુખનો સ્વામિ છે. પણ કર્મરૂપ મળાવરણથી એ બધી શક્તિઓ

થોડી વત્તી યા સંપૂર્ણ ઢંકાઈ જાય છે. સંસારમાં ભ્રમણ કરતાં જીવ અનેક પ્રકારની લીલા અને વિલાસોનો પુણ્ય-કર્મના ઉદયથી ભોક્તા થાય છે, તેમ અસંયમનાં કારણથી નરક તથા તિર્યંચ ગતિનાં અસાધ્ય દુઃખો પણ ભોગવે છે. અને વ્યવહારમાં પરસ્વભાવમાં રમણ કરવાથી અનેક પ્રકારની વિટંબણાઓ સહન કરે છે. આ બધે વખતે પરમાત્માનો જીવને આધાર હોતો નથી તેમ બીજા કોઈ સુખ આપનારની તેને મદદ મળતી નથી. વિવિધ જાતિના આધિવ્યાધિ અને ઉપાધિના સંસર્ગથી અનાદિ કાળથી સંસાર સમુદ્રમાં હું ડુબેલો તે વખતે પણ હું એકલો, અનાથ અને સહાય વગરનો હતો; તે વખતે સુખ દુઃખ દેવાવાળો કે લેવાવાળો મેં કોઈ જોયો નથી. મિથ્યાત્વથી અવ્રતમાં બુડી જઇને સર્વ જીવો એકલાજ દુઃખસાગરમાં ગોથાં ખાય છે અને એજ જીવો જ્યારે કાળલબ્ધિથી પોતાના સહજ ગુણો પોતાનાજ બળથી પ્રગટાવી શકે છે ત્યારે તે વખતે પણ તેમનો વસ્તુતઃ કોઈ મિત્ર થતો નથી. હે રામ! કેવળી સરખા પણ બીજાને તારી શકતા નથી તો વધારે શું કહેવું? આ સંસારમાં જીવને બીજો કોઇ તારી શકતોજ નથી તો તું તારૂં પોતાનુંજ આરાધન કર. બીજા કોઇની ભકિત કરવાથી મોક્ષ કદાપિ મળતો નથી કારણકે અશુભ પરિણામોથી જીવ જે કર્મ બાંધે છે તેનું બંધન બીજો કોઇ કેવી રીતે છોડી શકે?

प्रच्याव्य विषये मोहं मामयैव मयि स्थितं ।
बोधात्मानं प्रपन्नोस्मि परमानंद निर्वृतं ॥

વિષયો રૂપ ચોરોના હાથમાં હું અનાદિ કાળથી ફસાયલો હતો ત્યાંથી નાસી છુટીને મેં મારા આત્માને યથાર્થ રીતે જોયો. આથી જન્મ મરણનાં દુઃખોથી સંતપ્ત થયેલા એવા મેં (મોહનિદ્રાનો નાશ થતાં) સમતારસથી ભરપુર, અત્યંત શીતળ, અનંત ગુણના ભંડાર રૂપ, અને નિર્વિકાર જ્ઞાન સમુદ્રમાં ડુબકી મારી અને તેથી મારો ત્રિવિધ તાપ દૂર થતાં મને પરમાનંદની પ્રાપ્તિ થઈ. અહિં હું જે મારાંજ કર્મરૂપ બંધનોથી બંધાયલો હતો તે છુટો થયો અને રાગદ્વેષના મળ મારામાંથી દૂર થયા. હે રામ! તું શરીરમાં વાસો કરે છે પણ વસ્તુતઃ શરીર કંઈ તારૂં નથી. કારણકે શરીર તો ક્ષણભંગુર છે અને તું તો અવિનાશી છે. વળી તને નામ દઇને બોલાવે છે પણ નિર્વિકાર શાંત-પદના ભોગી એવા તને નામ કેવી રીતે હોઈ શકે? તું શરીરાદિ પુદ્ગલ પ્રપંચોથી પર છે અને તારૂં સત્ય સ્વરૂપ અનંતજ્ઞાન અને અનંતસુખના ભંડાર રૂપ છે. આ બધાં માત્ર ઉપાધિનાંજ લક્ષણો છે.

यो न वेत्ति परं देहा देवमात्मानमव्ययं ।
लभ्यते न स निर्वाणं तप्त्वाऽऽपियरमं तपः ॥

હે હંસ! જે માણસ પોતાના આત્માને શરીરથી પર ન જાણે, તે તપ કરતાં કે કાય કલેશ-પરિષહ આદિ સહન કરતાં પણ શાશ્વત એવું નિર્વાણપદ પામી શકતો નથી. અજ્ઞાની જીવોને મુક્તિ કદાપિ મળતી નથી કારણકે બાહ્ય વિષય-સામગ્રીઓ જીવને અંતર્મુખ થવામાં આવરણ રૂપ છે. સમ્યગ્દ્રષ્ટિ એટલે જે જોવા યોગ્ય છે તે યથાર્થ રીતે જોવું,

જાણવાયોગ્ય વસ્તુઓને યથાર્થ જાણવી, તેનું નામ સમ્યગ્જ્ઞાન, અને પોતાના દર્શનજ્ઞાન ગુણમાં સ્થિતિ કરવી તેનું નામ સમ્યક્ચારિત્ર. આ પ્રમાણે રત્ન–ત્રયાત્મક સ્વભાવ બહિરાત્મા જીવોને હોતો નથી. નિશ્ચય નયથી આપણો આત્મા અનંત સુખના ભંડારરૂપ છે અને તેને જન્મ કે જરા કંઈ પણ નથી. હે જીવ! તું તારા સ્વભાવથી અજર, અમર, પ્રકૃષ્ટ, સર્વનો પ્રકાશક, અરૂપી–જ્યોતિરૂપ અને શાંતપદનો અધિષ્ઠાતા છે. માટે જ્યાંસુધી જે પદમાં રાગદ્વેષ રહી શકતા નથી, અને જેમાં કોઈપણ પ્રકારની ઉપાધિ રહેતી નથી એવાં તારાં સત્ય સ્વરૂપને જાણીશ નહિં ત્યાં સુધી અનેક પ્રકારે તપ કરતાં છતાં પણ તને મુક્તિ મળશે નહિ.

आत्मदेहांतरज्ञान जनिताह्लादनिर्वृतः ।
तपसा दुःकृत घोरं भुंजानोऽपि न खिद्यते ॥

જે જીવ સદ્‌ગુરૂના ઉપદેશથી આત્મા અને શરીરને જૂદાં જાણે છે તેને સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે. જેનો આત્મા જાગૃત થયો છે તેને આત્મજ્ઞાનથી અપૂર્વ આનંદ ઉત્પન્ન થતાં એક જાતની સમતા–ધીરજ આવે છે અને પોતાનાં શાશ્વત સ્વરૂપની જાણ થતાં તેને કોઇ જાતનો ભય રહેતો નથી. જાગૃત થયેલા જીવને માત્ર સંસારની વિટંબણાનોજ ભય રહે છે. જન્મ, જરા, મરણ, ઇષ્ટ વિયોગ, અનિષ્ટસંયોગ એ વિગેરેનો ભય જે અન્ય જીવોને ઉપજે છે તે દૂર કરવા માટે બ્રહ્મનિષ્ઠ વિવેકવંત પુરૂષો સર્વ સંગનો પરિત્યાગ કરી, સંયમ મુદ્રાવંત બની, અતિ દુર્ધર દિગંબરરૂપ

ધારણ કરી, ઉષ્ણકાળ, વર્ષાકાળ અને શીતકાળ એ ત્રણે ઋતુઓમાં યથાયોગ્ય અનેક પરિષહો સહન કરે છે તથાપિ તેમને લેશ પણ ખેદ થતો નથી.

કહ્યું છે કે:—

दिनकर किरण निकर संतप्तसिला निचयेषु निस्पृहाः
मलपटला विलप्त तनवः शिथिलीकृतकर्मबंधना: ।
व्यपगत मदन दर्प रहित दोषकषाय विरक्तमच्छरा:
गिरि शिखरेषु चंद्र किरणाभिमुख स्थितयो दिगंबरा: ॥

ગ્રહસ્થ દશામાં જેઠ તથા આષાઢ માસમાં ઉષ્ણ ઋતુના પ્રતિકાર રૂપ જળની ધારા, પુષ્પના મંડપ, ચંદનનું વિલેપન, શીતલ જળનું સ્નાન, મનોહર આહાર, મોતીની માળા, વિગેરે શીતલ પદાર્થોના અનેક ઉપચારોએ કરીને ઉષ્ણકાળના વિલાસો જે પુરૂષોએ ભોગવ્યા છે તેઓ જ્યારે પોતાના નિર્વિકાર, કેવલ જ્ઞાનમય અને સુખપીંડ આત્માને જાણવાની ઇચ્છાવાળા થાય છે ત્યારે સમસ્ત ભોગોને રોગ સરખા ગણી સંયમવ્રત ધારણ કરે છે અને દુ:સહ તપશ્ચરણ આદરે છે. જેઓ વિષયસુખોને અસત્ય માની આત્મજ્ઞાનનો આનંદ યથાર્થ રીતે જાણે છે તેઓ ઉષ્ણકાળના સમયે સૂર્યના તડકામાં શરીર ઉપરનો સર્વ મોહ છોડી પર્વતના પત્થરો ઉપર કાયોત્સર્ગ ધ્યાનમાં લીન થઇ જાય છે અને કંદર્પ વિકાર તથા કર્મ બંધનોને શિથીલ કરવા, સંસાર ઉપરથી ઉદાસીન થઇ, ઇંદ્રિયજન્ય વિકારોને દૂર કરી, પોતાનું શરીર ગમે તેવું મેલું-ગંદું હોય તોપણ તેની લેશ પણ દરકાર કરતા નથી અને નિરાભિમાનવૃત્તિથી

એવા તપોધન પુરૂષો અસહ્ય તપ કરતાં મનમાં લેશ પણ ખેદ પામતા નથી. હે રામ! આજ આત્મજ્ઞાનનું બળ છે અને ઊનાળાની ઋતુમાં અનેક પરિષહો આવા આત્માર્થીજનોજ શાંતિપૂર્વક સહન કરે છે.

શિષ્ય—હે ગુરૂજી, વર્ષાકાળની ઋતુ આવે ત્યારે તે દિગંબર કેવી રીતે તપ કરે છે.?

ગુરૂ—

योगमक्तोशिषि गलकज्जलालि मलिनै विबुधाधिपचापचित्रतैः
भींमरवै विसृष्टचंद्रा शिनि शीतल वायु वृष्टिभिर्गगनतलं विलोक्या॥
जलदे स्थिगितं सहसा तपोधना : पुनरपित तरु तलेपु
त्विषमेषु निशासु निःशंकमासते ॥

વર્ષાઋતુ આવતાં વાદળાં પ્રગટ થાય છે અને આકાશ મોરની ડોક જેવું કાળું બની ગંભીર ગર્જના કરે છે. અને ભમરાના જથ્થાની માફક કાજળ જાણે લીપ્યું હોય તેવું દેખાય છે, તે ઋતુમાં ધર્મચક્રવર્તી શ્રી તીર્થંકરપ્રભુના સમવસરણ સ્થાન મંડપમાંનાં તોરણો અનેક રત્નોએ કરી શોભાયમાન દેખાય છે અને કોઈ કોઈ વખતે આકાશમાં મેઘધનુષ્ય પણ દેખાય છે, મેઘ ગર્જના કરે છે અને ક્ષણભંગુર ભય ઉપજાવતા શીતલ વાયુના સંસર્ગથી પ્રદક્ષિણા દેતી મેઘની ધારા ઘણીવાર શોભીતી જણાય છે, તેવે સમયે વીતરાગી સાધુઓ અને દિગંબર તપોધન પુરૂષો આત્માને બરોબર ઓળખી, જીવદયા વૃત્તિથી સર્વ સંગનો પરિત્યાગ કરી, ચાતુર્માસ વ્રત અંગીકાર કરે છે. ચઉમાસી અન્નપાણીનું અનશન વ્રત આદરીને નિઃશંક પણે વનમાં

વાસો કરીને યોગોદ્વહનની ઇચ્છાથી કોઇ વૃક્ષની તળે ઉભા રહી, આહાર તથા શરીરનું પચ્ચખાણ લઇ અનેક ઉપસર્ગો સહન કરે છે અને પોતાનાં આત્મજ્ઞાનનાં બળથી ડાંસ, મચ્છર પ્રમુખના ઉપદ્રવ પણ શાંતિપૂર્વક સહન કરે છે. જે સ્થળોએ કોઇ મનુષ્યનો વાસ ન હોય કે જ્યાં મનુષ્યનો અવાજ પણ ન સંભળાતો હોય, અને વાઘ સિંહ રીંછ વિગેરે દુષ્ટ જીવોનો સંચાર હોય ત્યાં આવા ધીર પુરૂષો કંઇ શંકા રાખ્યા વિના આત્મ-ધ્યાનમાં સ્થિત થાય છે. આત્મજ્ઞાનનાં બળે કરીને વર્ષાકાળના અનેક ઉપદ્રવો સહન કરતાં કરતાં પણ આવા સંયમી જીવો અતિ વિકટ તપશ્ચરણ કરે છે.

શિષ્ય—હે ગુરૂજી, શીતકાળના વખતમાં તપોધન પુરૂષો કેવી રીતે રહે છે?

ગુરૂ—જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કેઃ—

सुप्तं हिम शैल श्रृंग सुभगे प्रासाद गर्भांतरि ।
पल्यांक परमोपधान रचिते दिव्यांगनाभि: सह ॥
तै रे वाद्य निरस्त विश्व विषयै हंतः स्फुरज्योतिषी ।
क्षेणी रंध्र शिलाद्रिकोटरमतैर्द्धन्यौ निशानीयते ॥

જુઓ, ધીર પુરૂષોનો કેવો વિરક્ત ભાવ છે? તેઓ મહાન્ વિલાસોને છોડી દઇને સાધુપણે જીવન ગુજારે છે. અત્યંત મનોહર મહેલ, અઢળક સંપત્તિ, અનેક સુખવૈભવો, સુમનોહર શય્યા, રૂપ ગુણયુક્ત અને સંગીતકળા આદિની જાણ સુશીલ સ્રી એ બધાંનો ત્યાગ કરી તપ આચરે છે અને દિગંબરરૂપે શીઆળાની રાત્રીની કડકડતી ઠંડીમાં

નિરાવરણ—નિરાવલંબ કાઉસગ્ગ આદરી ઠંડીના અનેક પરિષહો સમતાપૂર્વક સહન કરે છે. વાવ, નદી, કુવા, સરોવર જેને કાંઠે અત્યંત ટાઢ પડે છે, ત્યાં આવા યોગી પુરૂષો આત્મધ્યાનમાં લીન થઇ રાત્રી વ્યતીત કરે છે. તેઓ આત્માને શરીરથી પર જાણી વિવેકબુદ્ધિપૂર્વક કાયક્લેશની લેશ પણ દરકાર કર્યા વિના સમાધિમાં મગ્ન થઇ પરમાનંદ પ્રાપ્ત કરે છે.

राग द्वेषादि कल्लोलै रलोलं यन्मनोजलं ।
स पश्यत्यात्मन स्तत्त्वं तत्त्वं ने त राजन ॥

રાગ દ્વેષના કલ્લોલે કરીને જેનું મનોજળ કંપાયમાન થતું નથી તેજ આત્મતત્ત્વનો સ્વાદ ચાખે છે. જેમનાં પરિણામ રાગદ્વેષથી મલીન થયાં હોય તેઓ આત્મતત્ત્વને ઓળખી શકતા નથી. જીવને પોતાનાં સહજ સુખરૂપ ભંડારની સંભાળ કરતાં, રાગદ્વેષરૂપ ચોરો વિઘ્ન કરે છે. હે જીવ! જો તું આત્મસુખમાં રૂચિવંત હોય તો અભ્યંતરથી રાગદ્વેષના ભાવનો ત્યાગ કરજે. બાહ્ય વિષયો હમેશાં જીવને દુઃખમાંજ નાંખે છે. જીવને રાગદ્વેષ એ બન્ને જ્ઞાન રાજ્યના કટ્ટા શત્રુઓ થઇને ત્રણ જગતની વિટંબણામાં નાંખે છે. માટે રાગદ્વેષ i પરિણામ છોડી, ઇંદ્રિય વિકારોનો સંવર કરી સંયમી પુરૂષો આત્મપુરુષાર્થે તપનો આરંભ કરે છે. રાગદ્વેષથી ચિત્ત ભ્રમીત, શંકાશીલ કે ક્લેશયુક્ત થઇ જાય છે માટે આત્માર્થી જનોએ તેનો ત્યાગ કરી માત્ર આત્મતત્વનુંજ આરાધન કરવુ જોઇએ. હે જીવ! જ્યારે તું રાગદ્વેષથી રહિત થઇ, મોહમિથ્યાત્વને તિલાંજલી આપી, મલીન પરિણામોનો સંવર કરીશ ત્યારેજ

તને મુક્તિ પ્રાપ્ત થશે. સુખ-સરોવર કાયારૂપી પાળે કરીને બાંધેલું અને મનરૂપી પાણી વડે ભરેલ છે. ઇષ્ટાનિષ્ટ બાહ્ય વિષયવિકારો રૂપ વાયુથી મનોજળ કંપાયમાન થાય છે એટલે શાંત થયેલા રાગદ્વેષ ઉત્તેજીત થઇને મનોજળને મેલું કરે છે. આથી સમ્યગ્દર્શન વિગેરે ત્રણ રત્નો દેખી શકાતાં નથી, પણ જ્યારે માણસનું મન નિર્વિકારી હોય છે ત્યારે રત્નત્રયની પ્રાપ્તિ સુલભ થઈ પડે છે, માટે આત્માર્થીજનોએ કલેશ, ભ્રાંતિ, આકુળતા વિગેરેને તિલાંજલી આપી રાગદ્વેષનો ત્યાગ કરી ઉપશમભાવે રહેવું જોઇએ.

अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रांतिरात्मनः ।

धारयत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ॥

મનનાં પરિણામ સ્થિર રહેવાં તેજ ખરૂં તત્ત્વ છે. મનને બાહ્ય વિષયોમાં ભમવું રાખવું એ મિથ્યાત્વ છે. એકલાં મનનોજ નિરોધ કરવાથી સર્વ વિકારોનો જય કરી શકાય છે. મનોજય એજ આત્મતત્વની સિદ્ધિ છે, માટે આત્માર્થી જનોએ સર્વ પ્રકારના મનોવિકાર ઉપશમવવા જોઇએ. મનને મારવાવાળો યોગી સર્વ કલ્યાણનાં બીજરૂપ પોતાનાં આત્મતત્ત્વને નિર્વિઘ્નપણે પામે છે. મનની શુદ્ધિ—મનની સ્થિરતા અને મનનાં સંયમ વિના કાયકલેશ તપાદિક સર્વ જૂઠાં સમજવાં, મનને સ્થિર કર્યાથી કર્મનિર્જરા થાય છે, અને કર્મનિર્જરા થતાં વિવેક લક્ષ્મી પ્રગટ થાય છે. માટે ચંચળ એવાં મનને વૈરાગ્યભાવથી કાબૂમાં રાખવું જેથી સંસારના સર્વ કલેશ દૂર થાય અને ઉત્તમ એવું મોક્ષ સુખ મળે.

अविद्या भाव संस्कारै रवसंक्षिप्यते मनः ।
तदेव ज्ञान संस्कारैः स्वततत्त्वेव तिष्ठति ॥

અવિદ્યાથી જીવને મિથ્યામતિ ઉપજે છે અને મિથ્યાત્વથી અસાવધાની અને પ્રમાદ ઉત્પન્ન થતાં કુમાર્ગાભિગમન રૂચિ જાગૃત થાય છે. અનાદિકાળથી જીવને મિથ્યાત્વ રૂપી મહારોગ લાગુ પડેલ છે અને તેથીજ મન આપણા કબજામાં રહેતું અને આપણે બાહ્ય વિષયોમાં પ્રેમ ધરાવીએ છીએ. અંતરદ્રષ્ટિ કરીને જીવ જ્યારે આત્મરસનું પાન કરે છે ત્યારેજ તે પોતાનાં આત્માનાં નિર્વિકાર સુખમાં તલ્લીન બની જાય છે. મિથ્યામતિમાં અંધ થયેલા દુરાત્માઓ ઘણો ઉપશમ કરે છતે ઈચ્છિત મહિમા પ્રાપ્ત કરી શકતા નથી. તપ, જપ, સંયમ ચારિત્ર જે આત્માર્થી જનોને અત્યંત લાભદાયક છે તે મિથ્યામતિવાળાઓને ઉલટા ઘાણુંખરૂં નુકશાનકારક નિવડે છે. ઇંદ્રિઓના વિષયરૂપ અપથ્યનું સેવન કરવાથી જીવને મોહજ્વર ઉપજે છે અને તેનાં દાહથી જીવ દિનપ્રતિદિન ક્ષીણ થતો જાય છે, માટે પુણ્યાત્મા પુરૂષોએ ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન, અને બ્રહ્મચર્ય એ દશનું યથાર્થ સેવન કરી મોહજ્વરનો સંપૂર્ણનાશ કરવો જોઇએ. મોહજ્વરનો નાશ થતાં મન સ્થિરતાને પામે છે અને સર્વ વૃત્તિઓ આત્માભિમુખ બને છે.

अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।
नापमानादयस्तस्य निक्षेपो यस्य चेतसः ॥

જે જીવોને આત્મસ્વભાવની ઓળખ નથી, જે બહિરાત્માઓ આત્માના ગુણુ મહિમાને જાણુતા નથી તેઓને માન અને અપમાનના વિકલ્પ હોય છે. આવા મૂર્ખ જીવો કોઈ માન આપે તો અત્યંત ખુશી થાય છે અને કોઈ સ્થળે અપમાન થતાં ખેદિત બને છે. મિથ્યામતિ જીવોને કુળ જાતિ વિગેરેનું અભિમાન હોય છે; આત્માર્થી જનોને એવું કશું હોતું નથી. જેઓએ પોતાનાં સત્ય સ્વરૂપને પારખેલ નથી તેઓનેજ રૂપ, યૌવન, જ્ઞાનકળા, તપ, શરીરબળ આદિનું અભિમાન હોય છે. આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરનાર પૂણ્યાત્માઓને આ બાહ્ય વસ્તુઓ ઉપર કશો પણ ભાવ હોતો નથી.

માનથી જીવ નીચ ગોત્ર બાંધે છે, માનથી વિવેકચિંતામણી ખોવાઈ જાય છે, માનથી સ્વમાન જળવાતું નથી અને માનથી ગુરૂજનો તરફ સહેજમાં અવિનયી થઈ જવાય છે, માટે આત્માર્થી જનોએ માનનો ત્યાગ કરી સમભાવવાળા થવું જોઈએ.

यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।
तदैव भाव पश्यस्व मात्मानं स्याम्यतः क्षणात् ॥

મોહકર્મના ઉદયથી રાગ અને દ્વેષ એ બન્ને જીવને તપશ્ચરણુ કરવામાં કે વિષય વિકારો દાબી દેવામાં વિઘ્નરૂપ થઈ પડે છે. માટે આત્માર્થી જનોએ હમેશાં રાગ દ્વેષનો સંવર કરી સંયમસંપદાનું રક્ષણુ કરવું જોઇએ કોઈ શત્રુ કોઈ રીતે ઉપદ્રવ કરે તો તેથી પોતાનાં કર્મ બંધન ઓછાં થાય છે એમ માની સંતોષ માનવો; કોઈ ગાળ દેવા આવે તો તે મારતો તો નથી એમ માની સંતુષ્ટ

થવું; અને કોઈ પણ હરણ કરવા આવે ત્યારે પણ શરીરના વ્યુત્સર્ગથી શુદ્ધ સ્વરૂપ આત્માને કંઈ નુકસાન થતું નથી એમ જાણી આનંદ માનવો. આમ ગમે તેવા સંયોગોમાં વિવેકી જીવો રાગદ્વેષનો ત્યાગ કરી સમતાભાવે રહે છે. જ્ઞાની પુરૂષો રાગદ્વેષ રહિત થઈને ગમે તેવા ઉપસર્ગો ઉપશમભાવે સહન કરે છે. તેઓ ઉદયે આવેલાં કર્મોનાં દુઃખ સહન કરવામાં અમોઘ શાંતિ સાચવે છે. આથી તેઓ અનંત કર્મ–પરમાણુઓનો ક્ષય કરે છે અને જ્ઞાનાગ્નિનો તેમના ઘટમાં પ્રકાશ થાય છે.

यत्रकाये पुनः प्रेम ततः प्रच्याव्य देहिनं ।
बुध्या तदुत्तमे काये योजयत्प्रेम नश्यति ॥

અવિવેકી જનો સંસારમાં ભ્રમણ કરતાં આત્માને ભૂલી જઈ પોતાના શરીર ઉપર અત્યંત રાગ રાખે છે. તેઓને એમ ખબર પડતી નથી કે શરીરથી આત્માને કોઈ જાતનો ખાસ લાભ નથી, તેમ તેથી વિનશ્વર અને દુર્ગતિનાં કારણ રૂપ અનેક વિકારો વારંવાર ઉત્પન્ન થાય છે. માટે આત્માર્થી જનોએ શરીર ઉપરનો પ્રેમ અને ઇંદ્રિયોની ગુલામગીરી એ બન્નેનો ત્યાગ કરવો જોઇએ. એકજ વખત વૃત્તિ આત્માભિમુખ બને છે તો બાહ્ય પ્રેમ અવશ્ય ઓછો થાય છે. સંયમી પુરૂષને જે સુખ મળે છે તે ઇંદ્રાદિ દેવોને પણ દુર્લભ છે. અનુત્તર વિમાનના દેવો પણ એ સુખની વાંછા કરે છે, માટે પુણ્યવાન જીવોએ બાહ્ય વસ્તુઓના પ્રેમને તિલાંજલી આપી સંયમમગ્ન રહેવું જોઇએ.

आत्मविभ्रमजंदुःखं मात्मज्ञानात्प्रशाम्यति ।
नायतास्तत्र निर्वांति कृत्वापि परमं तपः ॥

પોતે પોતાને યથાર્થ જોવાથી અજ્ઞાન દુઃખ વિનષ્ટ થાય છે. અનેક જાતનાં તપ કરવાથી પણ મિથ્યા દ્રષ્ટિ જનો મોક્ષ પામી શકતા નથી. સંસાર ભ્રમણ કરતાં જીવ ઘણીવાર નિર્ગ્રંથ સ્થિતિ ધારણ કરે છે પણ ચિત્ત મિથ્યાત્વયુકત હોવાથી પરમપદ તેનાથી પ્રાપ્ત થઇ શકતું નથી.

ગમે તેવાં નિવાસસ્થાન કે તપથી અંતવૃત્તિ વિના જ્ઞાન ધ્યાન સર્વ નકામાં જાય છે. જેમને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, એવા જીવો વિકારરૂપી તળાવમાં બૂડી જાય છે. આત્મ સ્વભાવનો ત્યાગ કરી પરસ્વભાવમાં પ્રેમ રાખવાથી અનેક દુઃખો ઉત્પન્ન થાય છે.

शुभं शरीरं दिव्याश्च विषयान्नभिवांछति ।
उत्पन्नात्ममति देहे तत्त्वज्ञानी ततः श्रुतिः ॥

બહિરાત્મા જીવો મજબૂત અને સુંદર શરીરની વાંછા કરે છે. તેઓ મોહ નિદ્રાવશ હોઈ વિષયોની વિવિધ સામગ્રીઓમાં રચ્યા પચ્યા રહે છે અને તેથી આત્મજ્ઞાનનો તેમને જરાપણ અનુભવ હોતો નથી. જ્યારે મોહનિદ્રા ઉપશમે છે ત્યારેજ વિષયો ઉપરથી આસક્તિ ઉઠી જાય છે અને વિનશ્વર અને અત્યંત દુઃખદાયક એવાં વિષય બંધનોમાંથી પોતાનો કેવી રીતે છુટકારો થાય એમ અહોનિશ ચિંતવન કરે છે. જ્ઞાનામૃતનું પાન થતાં દર પળે–દર મિનિટે આયુષ્ય ઓછું થતું જાય છે, વિષયો સઘળા દુઃખદાયિ અને ક્ષણભંગુર છે, સંસાર ઉંઘતાનાં સ્વપ્ન જેવો છે, એ

આદિ વિવેક યુક્ત વિચારો માણુસને આવવા માંડે છે. માટે આત્માર્થી જનોએ પર સ્વભાવમાં પ્રેમ કરવો નહિ અને સ્વાર્થ સરતાં વિમુખ થતાં ભાઇ, બહેન વિગેરે સગાંઓમાં પણ સુખ બુદ્ધિ આણવી નહિ. સગાંઓ તો જીવ શરીરને છોડી જાય છે ત્યારે તેને એક દિવસ રાખવામાં અભડાઈ જવાનું માને છે અને તેથી દેહને જેમ બને તેમ તુરતજ ભસ્મીભૂત કરી દે છે.

परत्राहं मतिः स्वस्माच्युतो बध्नात्यसंशयं ।
स्वस्मिन्नहं मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः ॥

વિષયોની મનોહર સામગ્રીઓમાં રાગ કરતાં અથવા તો અણગમતા વિષયોમાં દ્વેષ રાખવાથી એમ બન્ને રીતે જીવ કર્મ બાંધે છે. કેવળ આત્મ સ્વરૂપમાં રમણ કરવાથી (બાહ્ય વસ્તુઓ ઉપરનો સર્વ રાગ દ્વેષ છોડીને) જીવને કર્મ બંધ થતું નથી. વળી આત્મસુખની અભિલાષા રાખનાર પુણ્યવંત જીવોએ રૌદ્ર અને આર્ત એ બન્ને ધ્યાનનો ત્યાગ કરવો જોઇએ.

શિષ્ય—આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન એ બન્ને શું છે તે મને બરાબર સમજાવો.

ગુરૂ—પોતાને અણગમતી એવી ચીજનો સંયોગ થતાં મનને જે દુઃખ થાય તેને અનિષ્ટ સંયોગ આર્તધ્યાન કહે છે. ઈષ્ટ (મનગમતી) ચીજનો વિયોગ થતાં મનને જે ખેદ થાય છે તેને ઈષ્ટ વિયોગ આર્ત ધ્યાન કહે છે. શરીર વ્યાધિગ્રસ્ત થતાં જીવને જે દુઃખ થાય છે તેને રોગાર્ત

ध्यान कहे छे. अने इष्टानिष्ठ वस्तुओमां सदा राग द्वेष सम्पाज करवो. तेने निदान आर्त्तध्यान कहे छे.

ज्ञानार्णवमां कह्युं छे केः—

श्रुतैर्दृष्टैः स्मृतैर्ज्ञातैः प्रत्यासत्तिं च स्मृतैः ।
योनिष्टार्थैर्मनः क्लपूर्वं मार्त्तंत दिष्यते ॥

इष्ट वियोग आर्त्तध्यान ।

राजैश्वर्य कलत्र बांधव सुहृत्सौभाग्यभागोत्यये ।
चित्त प्रीतिकर प्रसन्न विषयप्रध्वंसभावेऽथवा ॥
संत्रा संभ्रम शोकमोहविवशैर्य खिद्यतेऽहर्निशं ।
तत्स्यादिष्टवियोगजं तनुमतां ध्यानं कलंकास्पदं ॥

राज्य संपदानुं लुंटावुं, वहाली स्त्रीनो वियोग, भाईनुं मरण, सौभाग्यनो नाश, एम अनेक वहाला संबंधीनो नाश थतां मनमां जे खेद, भ्रम, शोक के भय थाय छे अने तेने लीधे मनना परिणाम अहर्निश बगडेलां रहे छे तेने इष्ट वियोग आर्तध्यान कहे छे.

ज्ञानार्णवमां कह्युं छे केः—

ज्वलनवनविशास्त्र व्याल शार्दूलदैत्यैः
स्थलजबिलसत्वैः दुर्जनाराति भूपैः ॥
स्वजनधनशरीरध्वंसीभिस्तैरनिष्टै ।
भवति यदिहयोगा दाद्यमार्तं तदेतत् ॥

सर्व शत्रुओनो नाश करी राज्य सुख प्राप्त करवानी लब्धि मेळववाना, देवांगनाओनां रूप, लावण्य, विलास

આદિનું સુખ ભોગવવાના એમ અનેક પ્રકારના ભોગવિલાસોનું જે જીવો ચિંતવન કરે છે, તેઓ ભોગાર્તધ્યાની કહેવાય છે. આવા આર્તધ્યાનથી જીવ અનંત વિટંબણામાં પડે છે એમ શ્રી ગણધરદેવે કહેલ છે. વળી પુણ્ય વિના ભોગની સામગ્રીઓ પ્રાપ્ત થઇ શકતી નથી માટે વિવેકી જનોએ એવા મિથ્યા વિકલ્પો કદાપિ કરવા નહિ.

काश श्वास भगंदरोदरजरा कुष्टतिसारज्वरेः ।
पित्तश्लेष्म मरुत्प्रकोप जनितेरोगैः शारीरांतकैः ॥
स्यात् शश्वत् प्रबलैः प्रतिक्षणभवैयद्व्याकुलत्वं नृणां ।
तद्रोगार्तमनिंदितैः प्रकटितं दुर्वारिदुःरवाकरं ।
स्वल्पानामदिहोगाणां मामूस्वप्नेऽपिसंभवः ॥
ममेति यात्रृणां चिंतास्यादार्त्तत त्रृतीयकं ॥

ક્ષય, શ્વાસ, ઉધરસ, ભગંદર, શુળ, વૃદ્ધાવસ્થાની પરતંત્રતા કુષ્ટ રોગ, અતિસાર, જવર, પિત્ત પ્રકોપ, વાયુ પ્રકોપ વિગેરે પ્રબળ વેદના ઉપજાવનાર વ્યાધિઓથી જીવને જે ખેદ થાય તેને રોગાર્તધ્યાન કહે છે પૂજ્ય પુરૂષો કહે છે કે રોગાર્ત્તધ્યાન જીવને ઘણું દુઃખ આપે છે, જ્યારે રોગ થાય છે ત્યારે ભયભીત થઇને જીવ પોતાને સ્વપ્નામાં પણ એ રોગ આવે નહીં એવું ચિંતવે છે.

पुण्यानुष्ठान जाति रभिलरवति पदंयज्जिनेंद्रामराणां ।
यद्वातैरभिवांछत्यहित कुलकुल छेदमत्यंतकोपाः ॥
त्पूजासत्कारलाभ प्रभृति कमथवा याचते यद्विकल्पैः ।
स्यादार्त्ततन्निदानप्रभवमिह नृणां दुःखदावोग्रधामः ॥

પુણ્યાનુષ્ઠાન, તપ, જપ, સંયમ, ધ્યાન, તીર્થંકર દેવનાં સૌભાગ્ય, રૂપ, લાવણ્ય, મહિમા, આદિ વિશિષ્ટ લક્ષણો, ઇંદ્રના વૈભવો આદિનું જ્ઞાની પુરૂષો નિદાન કરતા નથી. વળી તેઓને કોઇ માણુસે દુઃખ આપ્યું હોય તો તેનું કે તેનાં કુળનું ભૂંડું ઇચ્છતા નથી. અમૂક સંયમ કે અમૂક તપથી પોતાને અમુક લાભ થાય અથવા તો પોતાની કીર્તી વધે એવા મિથ્યા વિકલ્પો કરવા તેને નિદાન આર્તધ્યાન કહે છે. આવાં ધ્યાનથી જીવ અનંત દુઃખ વિટંબણામાં આવી પડે છે. અપથ્યનું સેવન કરવાથી જેમ રોગ વધે છે તેમ આવાં દુર્ધ્યાનથી મિથ્યાત્વરૂપી રોગ દિન પ્રતિદિન વધતો જાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકથી છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનક સુધી જીવને આર્ત્તધ્યાન ઉપજે છે. પાંચમાં ગુણસ્થાન સુધી જીવને સર્વ પ્રકારનાં આર્ત્તધ્યાન ઉપજે છે; છઠ્ઠાં ગુણસ્થાનકે નિદાન આર્ત્તધ્યાન હોતું નથી.

અગ્નિ, પાણી, દિન, વિવિધ અસ્ત્રશસ્ત્રો, હિંસક પ્રાણીઓ, ભૂત પ્રેત આદિ ભયંકર જીવો, ઝેરી જાનવરો, દુર્જન પુરૂષ, વિગેરેના ઉપસર્ગથી જીવને જે દુઃખયુકત ભાવો ઉત્પન્ન થાય છે તેને અનિષ્ટ સંયોગ આર્તધ્યાન કહેછે. કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણે લેશ્યાઓથી જીવને આર્ત્તધ્યાન ઉપજે છે અને તેનાથીજ જીવનો અધઃપાત થઇ તિર્યંચ વિગેરે ગતિઓનાં અનંત દુઃખોનો તે ભોકતા થાય છે.

જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કેઃ—

शंका शोक भय प्रमाद कलहाश्रिता भ्रमादभूतयः

उन्मादो विषयो सुकत्वमसकृत् निद्रा गजाद्याश्रमाः ।

मूर्च्छादिनि शरीरिणामविरतं लिंगानि बाह्यान्यलं
मार्त्ताधिष्ठितं चेतसां श्रुतधरौव्यावर्णता निस्फुटं ॥

આર્તધ્યાનથી જીવ શંકાશીલ, શોકગ્રસ્ત, ચિંતાતુર, ભયભીત, પ્રમાદી કે રોતી સુરત થઈ જાય છે. શોકથી એક જાતનો ભ્રમ પેદા થતાં ઉન્માદપણું પણ આવે છે. આર્ત-ધ્યાની જીવો વિષયવિકારોથી પીડાય છે, નિદ્રા ઘણી લે છે અને અનંગવ્યથાનાં દુઃખથી તેમને કેટલીક વખત મૂર્છા પણ આવે છે. આર્તધ્યાન અનેક દુઃખોનું કારણ છે માટે વિવેકી જનોએ તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

મિથ્યાત્વ, પાપમાર્ગ કે પરસ્વભાવમાં રમણ કરનાર દુરાત્માઓ રૌદ્રધ્યાનનું સેવન કરે છે. તેના હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ અને પરિગ્રહાનંદ એમ ચાર પ્રકાર છે.

કોઈના શરીર ઉપર પ્રહાર થતો જોઇને, એક કે વધારે માણસોને શરીર કે મનની પીડા જોઇ-જાણીને, અથવા તો અન્ય જીવોની હિંસા કરતા કરાવવામાં કે હિંસા થતી જોઈ આનંદ માનવો તે હિંસાનંદ રૌદ્રધ્યાન છે.

જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે:—

अनारतंनीः करुणाः स्वभावतः क्रोधकषाय दीप्ताः ।
मदोद्धतः पापमतिः कुशीलः स्यान्नास्तिकोयसाहि रौद्रधामः ॥

સદા દયાભાવ રહિત અને ક્રોધી હોય, આઠ પ્રકારના મદથી જેનાં મનનાં પરિણામ ઉદ્ધત હોય, પાપબુદ્ધિ ઘણી તીવ્ર હોય, પાપોપદેશ આપવામાં ઘણો વિચક્ષણ અને કુશળ હોય, અને આસ્થા રહિત એટલે કે નાસ્તિક હોય એવા જીવને રૌદ્રધ્યાની કહે છે.

જ્ઞાનસમુદ્રમાં કહ્યું છે કેઃ—

हिंसा कर्मणि कौशलं निपुणता पापोपदेशे भृशं
दक्ष नास्तिक शासने प्रतिदिनं प्राणातिपाते रतिः ।
संवासः सह निर्दयै रविरतं नेसर्गिके क्रुरता
यस्माद् देहभृतां तदत्र गदितं रौद्र प्रशां शांतये ॥

હિંસાકર્મો તથા પાપોપદેશમાં નિપુણ, નાસ્તિક મતમાં અત્યંત અભિરૂચીવાળો, જીવહિંસાની સર્વત્ર વાંછા કરનાર, પાપમાર્ગે સુખ માનનાર, દુરાત્મા જીવોની સાથે સંસર્ગ રાખનાર, અને દુષ્ટ સ્વભાવ યુક્ત જીવો રૌદ્રધ્યાની કહેવાય છે. જેમનાં મનનાં પરિણામ શાંત થયાં હોય તેવા યોગી પુરૂષોને દિગંબર કહેવાય છે.

જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કેઃ—

केनोपायेन घातो भवति तनुमतां कः प्रविणोत्रहंता
हंतु कस्यानुरागः कतिभिरिह दिनै र्हन्यते जंतुजातं
हत्वा पूजां करिष्ये द्विज गुरु मरुनां कीर्ति शांत्यर्थ मत्थं
यस्याद्धिसाभिनंदो जगतिननुभृतांतद्धि रौद्रं प्रणितं ॥

કયા ઉપાયથી ઘણા જીવોનો નાશ થાય, અમુક જીવ કેવી રીતે મરે, કોઇ ચતુર અને શુરવીર માણસ મળે તો એની સહાય વડે હું ઘણા જીવોને મારી નાંખી બ્રાહ્મણો, ગુરૂ વિગેરેની પૂજા કરૂં, અમુક પાપ કાર્ય કરૂં જેથી મારી કીર્તિ વધે અને જન્મ સફલ થાય એવા એવા વિકલ્પો રૌદ્રધ્યાની જીવો સેવે છે. તેમનામાં બિલકુલ દયા હોતી નથી અને તેઓ નિઃસંશય દુર્ગતિમાં જાય છે.

જ્ઞાનસાગરમાં કહ્યું છે કેઃ—

गगनवनधरित्री चारीणां देहभाजा
दलनदहनबंधछेदघातेषुयत्नः ॥
इतिनखकरनेत्रोत्यादनेकौतुकं य-
त्तदिहगादितमुच्चैश्चेतसां रौद्रमिच्छं ॥

હિંસાનંદ રૈદ્રધ્યાની જીવો જળચર, સ્થળચર અને ગગનવિહારી પ્રાણીઓને મારવા—મરાવવાના અનેક ઉપાયો કરે છે. કોઈ જીવને તાડન, ઉપદ્રવ, વ્યાધિ વિગેરે કોઇ પણ પ્રકારે દુઃખ થતું હોય તો તેઓ આનંદ માને છે. ગુણવંત જનોને દેખીને તેમનાં મનમાં ખેદ થાય છે, અને કોઇમાં મરણનાં તો કોઇની અધોગતિના તેમને વારંવાર વિચાર આવ્યાંજ કરે છે. પોતે દુર્બળ હોઇને બીજાનું કાસળ આ ભવમાં કાઢી શકવા અસમર્થ હોય તો શત્રુગણનો નાશ કરાવવાને ઉત્તમ બળની સામગ્રીઓ જન્માંતરે પ્રાપ્ત થાય તેવું તેઓ જીગરથી ઇચ્છે છે. ધર્માત્મા પુરૂષો તરફ તેમને સંપૂર્ણ દ્વેષ હોય છે.

असत्य कल्पनाजालकश्मलीकृत मानसः ।
चष्टते यज्जन स्तद्धिमृषारोद्रं प्रकीर्तितं ॥

પાપરૂપ મેલથી મલીન અને દુષ્ટ સ્વભાવ હોય, અને બીજાને વિવિધ કલ્પનાઓથી ખોટી રીતે અનેક જાતનાં દુઃખો આપવાના વિચાર કરે છે તેઓ મૃષા રૈદ્રધ્યાની કહેવાય છે.

विधा वंचकं शास्त्रं मार्गमुद्दिश्य निर्दयं ।
प्रपात्यव्यसने लोकं मोक्ष्येऽहं वांछितं सुखं ॥

જુઠા શાસ્ત્રપ્રપંચો કરીને, ચૈર્ય તથા અહિંસા માર્ગનું સેવન કરીને અને ઇંદ્રિઓનાં સુખ અને ભોગ તેજ પરમાર્થ એવો ઉપદેશ આપી લોકને ભ્રમમાં નાંખીને મનવાંછીત સુખ ભોગવશું.

असत्य चातुर्य बलेन लोका ।
द्वितं गृहिष्यामि बहु प्रकारं ।
तथा स्वमातंग पुराकराणि
कन्यादि रत्नानि च बंध राणी ॥

અને વિષયસુખો ભોગવતાં ભય કે શંકા ન ઉપજે તેવો અસત્ય અને પાપયુક્ત માર્ગ, મદ્યપાન, માંસ ભક્ષણ, પરસ્ત્રી સંગ આદિ મહાન પાપોમાં કોઇ જાતનું પાપ નથી તેવો ઉપદેશ આપી, લોકોનું ધન હરણ કરવાના તથા તેમ કરી રૂપગુણ લાવણ્યયુક્ત સ્ત્રીઓ, હાથી પ્રમુખ પ્રાણીઓ વિગેરે ભોગોપભોગની અનેક સામગ્રીઓ લેવાના મિથ્યા વિકલ્પોનું રૌદ્રધ્યાની પાપાત્માઓ સેવન કરે છે.

असत्यवाक् वञ्चनया नितांतं
प्रवर्तयत्यत्र जने वराकं ।
सधर्ममार्गादिति वर्त्तनेन
मदोद्धतोयः सहि रौद्रधामः ॥

ચાતુર્યવડે અસત્ય વચનથી રંક ભોળા જીવોને સત્ય ધર્મમાર્ગનો ત્યાગ કરાવી પોતાનાં વચનોમાં વિશ્વાસ ઉપજાવવાના મિથ્યા વિકલ્પો મૃષાનંદી જીવો કરે છે.

असत्य सामर्थ्यवशातरातीन्
नृपेण चान्येन च घातयामि ।
अदोषीणां दोष च यं विधाय
चिंतेति रौद्राय मता मुनिन्द्रैः ॥

અસત્ય બળથી શત્રુને મારી નાંખાવાના, નિર્દોષ અને નિષ્કલંક પુરૂષો ઉપર દોષ લગાડી કોઇ સમર્થ માણસની સહાય વડે તેમનો ઘાત કરાવી પોતાના મનોરથ પૂર્ણ કરવાના જેમને વિચાર આવે છે તેઓ મૃષા રૌદ્રધ્યાની કહેવાય છે. આવા પાપાત્મા જીવો મહા દુઃખ અને વિટંબણામાં પડે છે એમ મુનિરાજ કહે છે.

पातयामिजनंमूढं व्यसनेऽनर्थसंकटे।
वा कौशल्यप्रयोगेण वांछितार्थप्रसिद्धये ॥

વાક્ચાતુર્ય વિગેરેથી મૂર્ખ લોકોને ભમાવી તેમને દુઃખ કે અનર્થ કરી પોતે સુખ પામી પોતાના ઇષ્ટ મનોરથ પૂર્ણ કરવાના વિચારો રૌદ્રધ્યાની જીવો કરે છે.

अनेकासत्यसंकल्पैर्यः प्रमोदःप्रजायते ।
मृषानंदात्मकरौद्रंतत्प्राणीतं पुरातनैः ।

આવા આવા અનેક મિથ્યા વિકલ્પોનું જેઓ સેવન કરે છે તેઓ મૃષા રૌદ્રધ્યાની કહેવાય છે. તેઓ અનર્થદંડ કરી બીજાઓને અનેક દુઃખ વિટંબણા ઉપજાવે છે અને રાત દિવસ પારકાનું ધન લઇ લેવાના વિચારમાં મશગુલ રહે છે. કોઇ ચોર મોટી ચોરી કરે તો તેમને તેની ચતુરાઇને માટે આનંદ થાય છે અને તેનાં ભારે વખાણ કરે છે. આવા જીવોને ચૌર્યાનંદ રૌદ્રધ્યાની કહેવાય છે.

कृत्यासहायंवरवैरीसैन्यं
तथाभ्युपायांश्च बहुप्रकारान् ।
धनान्यलभ्यानि चिरार्जितानि
सद्योहारिष्यामि जनस्य घात्र्याः ॥

લુચ્ચા લફંગાઓ તથા લૂટારાઓની ટોળીની મદદ-વડે અનેક જાતના છળ પ્રપંચથી પ્રજાનું ધન લૂટી લેવાના તથા સુખી લોકોની ધન ધાન્યાદિ વિવિધ સંપદાઓનું હરણ કરવાના મિથ્યા વિકલ્પો ચૌર્યાનંદ રૌદ્રધ્યાની જીવો કરે છે.

द्विपद चतुः पद सार धनधान्य वरांगना समाकीर्णं ।
वस्तु परकीयमपि मे स्वाधीनं चौर्यसामर्थ्यात् ॥

ધનિકોનું ધન, સર્વ સુંદરાંગ પારકી સ્ત્રીઓ, હાથી ઘોડા પ્રમુખ પ્રાણીઓ, મહાર્હ વસ્ત્રો વિગેરે ચોરી વિગેરેનાં બળથી મારાં થશે એમ ચૌર્યાનંદ પાપાત્માઓ માને છે.

इच्छं चौराथां विविध प्रकारः
शरीरिभिर्यः क्रियते ऽभिलाखः ।
अपार दुःखार्णव हेतुभूतं
रौद्रं तृतीयं तदिह प्रणितं ॥

આ પ્રમાણે મૃષાનંદ જીવો ચોરીના વિવિધ મનોરથોનુ ચિંત્વન કરે છે અને પુણ્યવંત જનોની ધન વિગેરે સંપદાઓ ઉપર તેમને અહોનિશ ઈર્ષ્યા રહે છે. આવાં દુષ્ટ પરિણામોથી જીવ અનંત દુઃખ સમુદ્રમાં પડે છે તેથી પોતાના સહજ નિર્વિકાર સુખની ઇચ્છા કરનાર આત્માર્થી

જનોએ પરાઈ સંપદાનો લોભ કરવો નહિ અને ચૌર્યાનંદ રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો.

उक्तंच ।

बह्वारंभ परिग्रहेषु नियतं रक्षा धर्मे म्युद्यते
यत्संकल्प परंपरा वितनुते प्राणी हि रौद्राशयाः ।
यच्चालंब्य मह–त्व मुन्नत मना राजेत्यहं मन्यते
तत्तुर्य प्रवदंति निर्मलधियोः रौद्रं भवाशांसिनांः ॥

અનેક જાતના હિંસાદિ પાપારંભ કરીને દુઃખદાયક એવા વિવિધ પરિગ્રહો (ધન, ધાન્ય, પશુ, દાસ, દાસી, સ્ત્રીઓ, રાજ્ય વિગેરે) મેળવીને અતિ લોભી અને અવિશ્વાસુ તથા ગર્વોન્મત્ત બનીને પરિગ્રહ રક્ષાર્થે જેઓ અનેક સંકલ્પ વિકલ્પો કરે છે તે પરિગ્રહાનંદ રૌદ્ર ધ્યાની કહેવાય છે.

आरोप्यचापं निशितैः शरौघैः
निकृत्य वैरी व्रजमुद्धतासं ।
दग्दा पुरग्राम वराकराणि
प्राप्स्ये हमैश्वर्य मनन्य साध्यं ॥

ચાપ–ધનુષ્યને ચઢાવી તિક્ષણ બાણને કાન સુધી ખેંચીને વૈરી લોકોના હૃદયને ભેદી મારો પ્રતાપ સર્વત્ર ફેલાવીશ અને અનેક નગર ગામ વિગેરે બાળીને જોરજુલમથી લોકોની સંપદા લૂટી લઈશ એવાં એવાં દુષ્ટ પરિણામોનું સેવન કરી જે માણસો પાપનો ભય રાખતા નથી તેઓ પરિગ્રહાનંદ રૌદ્રધ્યાની કહેવાય છે.

आच्छिद्य गृह्णाति धरां मदीयां
कन्यादि रत्नानि धनानि नारीं ।
ये शात्रवः संप्रति लुब्धचित्ताः ।
तेषां करिष्ये कुल कक्ष दाहं ॥

પોતાની જમીનને બળથી લઇ લેનાર વિષયી અને ઉદ્ધત શત્રુઓ જેઓ તેનાં ધન, ધાન્ય, કન્યારત્ન વિગેરેની વાંછા કરે છે અને જેમનું ચિત્ત તેની સુંદર સ્ત્રીમાં લુબ્ધ થયેલું છે તેઓ તથા તેમનાં કુળનો નાશ કરવા પરિગ્રહાનંદ રૌદ્રધ્યાનીઓ અહોનિશ ચિંત્વન કરે છે.

सकल भूवन पूज्यं वीरवर्गोपसेव्यं
स्वजन धन समृद्धं रत्नरामाभिरामं ।
अमित विभवसारं विश्वभोगाधिपत्यं
प्रबल रिपु कुलांतं हंत कृत्वा मयात्तं ॥

અખિલ વિશ્વમાં પૂજ્ય અને સ્તવનીય શુરવીર પુરૂષો જેના ઉપર રાજ્ય ભોગવે છે તે રાજ્ય હું મારી શક્તિ અને સામર્થ્યવડે મારા કુટુંબ પરિવારસહિત ભોગવીશ, અને શત્રુનાં સર્વ કુળનો વિધ્વંસ કરી તેનું અઢળક ધન, અમૂલ્ય રત્નો, સર્વ સુંદરાગ સ્ત્રીઓ, અને મહારાણીઓ વિગેરેનું સેવન કરીશ એવા એવા અનેક પાપયુક્ત વિચારો રૌદ્રધ્યાની જીવો અહોનિશ કર્યા કરે છે.

भित्त्वा भुवंजंतुकुलानि हत्वा
प्रविश्य दुर्गाण्युदधीन् विलंघ्य ।
कृत्वापदं मूर्ध्नि मदोद्धतानां
मयाधिपत्यं कृत मप्युदारं ॥

પોતાનાં બળ અને પરાક્રમવડે પૃથ્વી ઉપરનાં સર્વ પ્રાણીઓનો સંહાર કરી, અભેદ્ય કિલ્લાઓમાં પ્રવેશ કરી અથવા તો અપાર સમુદ્ર ઓળંગીને મારા બળવાન વૈરીઓનાં માથાં ઉપર પગ મૂકી મારા અગાધ પ્રતાપનો ફેલાવો કરાવીશ અને રાજ્ય સંપદાના વિવિધ સુખો ભોગવીશ એવાં પરિણામો રૌદ્રધ્યાની જીવોનાં હોય છે.

उक्तं च ।

जलान लव्याल विषप्रयोगे
विश्वास भेद प्रणिधि प्रपंचे ।
उच्छार्य निःशेष मराति चक्रं
स्फुरत्ययं मे प्रबलः प्रतापः ॥

સરોવર નદિ વગેરે જળાશયોનાં પાણીનો અટકાવ કરી, કે વિષપ્રયોગ, સર્પ, વાઘ, હાથી, અગ્નિ, વિવિધ છળ પ્રપંચો આદિથી શત્રુગણનો સંપૂર્ણ વિધ્વંસ કરવા ને તેમ કરી પોતાની કીર્તિ વધારવા પાપાત્મા જીવો અહોનિષ ઇચ્છા કરે છે.

इत्यादि संरक्षण सन्निबंधं
संचिंतनं यत्क्रियते मनुष्यैः ।
संरक्षणानंद भवंत देत
द्रौद्रंप्रणितं जगदेत नाथैः ॥

પરિગ્રહ લાલચુઓ આમ પરિગ્રહ રક્ષાને માટે અનેક સંકલ્પ વિકલ્પ કરે છે. હે રામ ! અન્ય ગ્રહો તો માત્ર એકજ અંગને પીડા આપે છે પણ પરિગ્રહ રૂપ દુર્જય

ગ્રહ સર્વ અંગોને વ્યાધિગ્રસ્ત કરે છે. સદૈવ પરિગ્રહ રક્ષાને માટે ચિંતાતુર જીવોને શ્રી તીર્થંકર દેવે "સંરક્ષણાનંદ રૌદ્રધ્યાની" એવું નામ આપ્યું છે.

कृष्णालेश्याबलोपेतं स्वभ्रपातफलांकितं ।
रौद्रमंताद्दिजीवानांस्यात्पंचगुणभूमिकं ॥

કૃષ્ણ લેશ્યાના બળથી રૌદ્રધ્યાન ઉપજે છે અને તેથી જીવ નરકમાં જાય છે. રૌદ્રધ્યાન જીવને પાંચમાં ગુણસ્થાનક સુધી રહે છે.

क्रूरवाक् दंड पारुष्यं चक्रत्वं कठोरता ।
नृशंसत्वं च लिंगानि रौद्र सौक्त निसूरिभिः ॥

રૌદ્રધ્યાની જીવોનાં વચન ક્રૂર હોય છે અને તે સાંભળતાં અન્ય જીવોને ભય ઉપજે છે. તેઓને બીજાને તાડન કરતાં દયા આવતી નથી અને તેમનાંમાં છળ કપટ, જુઠાણું અને મનની કઠોરતા અત્યંત હોય છે.

विस्फुलिंगनिमेनेत्रे भूवक्राभीषणाकृतिः ।
कंपस्वेदादि लिंगानि रौद्रं बाह्यानि देहिनां ॥

અંગારા જેવી લાલચોળ આંખો, ભયાનક અને હૃદય કંપાયમાન કરે તેવી ભમરો, ક્રોધને લઈને મુખનું મૂજવું અને શરીરે પ્રસ્વેદ થવો એ લક્ષણો રૌદ્રધ્યાની જીવોનાં છે.

देहत्येव क्षणार्द्धेन देहिना मिदमुच्छितं ।
असद्ध्यानं त्रिलोकश्रीप्रभवं धर्म पादपं ॥

હે જીવ ! આર્ત અને રૌદ્રધ્યાની જીવોનાં આવી રીતે મનમાં પરિણામો ઘણાં મલીન હોય છે. એવાં પરિણામોથી ધર્મવૃક્ષ એક ક્ષણમાં બળી જાય છે માટે જેનાથી ઇંદ્રપદ, ચક્રવર્તિપણું અને મોક્ષસુખ મળે એ ધર્મરૂપ કલ્પવૃક્ષનુંજ સેવન કર. બાહ્ય વિષયોમાં મૂર્ખ લોકોજ સુખ માની બેસે છે. વસ્તુતઃ તેમાં સુખ જેવું કશું નથી માટે બાહ્ય વિષયોને તિલાંજલી આપી તારા આત્મસ્વરૂપમાંજ લીન થવા પ્રયત્ન કર.

उक्तं च।

परिग्रहग्रहवतां शिवं यदि तदानलः
शीतलो यद्रेंदिय सुखं तदिह कालकूठः।
यदितनुस्थितिः स्थिरतरं तडिडंबर
भवेत्तत्र रमणीयतादि तदेंहजालेपि च॥

હે હંસ ! જો વજ્ર અગ્નિ શીતલ હોય તોજ પરિગ્રહવંત જીવો સુખી હોઇ શકે; જો કાળકૂટ વિષ અમૃત સમાન હોય તોજ ઇંદ્રિય વિષયોમાં સુખ હોઇ શકે; જો વિદ્યુત ચમકાર સ્થિર હોય તો શરીર પણ સ્થિર હોઇ શકે; અને જો રાત્રિનાં સ્વપ્નનો ભ્રમ સત્ય ઠરે તો સંસારનું સ્વરૂપ પણ સત્ય અને રમણીય હોય એટલે કે પરિગ્રહ અને ઇંદ્રિય વિષયોમાં લેશ પણ સુખ નથી, શરીર પુદ્ગલ ક્ષણવિધ્વંસી છે અને સંસાર તદ્દન મિથ્યા અને અરમણીય છે.

इति विगतकलंकै र्वर्णितं चित्ररुपं
दुरितविपिनबीजं निंद्य दुर्ध्यानयुग्मं।

कटुकतलफलाग्रं सम्यगालोच्यधीरः
त्यज सपदि यदित्वं मोक्षमार्गे प्रवृत्तः ॥

કલંકરૂપ, દુઃખયુકત અને પાપવૃક્ષનાં બીજરૂપ આર્ત અને રૌદ્ર ધ્યાનનો જ્ઞાની પુરૂષોએ ત્યાગ કરવો જોઇએ. શ્રી ગણધરદેવે કહ્યા મુજબ એ બન્ને ધ્યાન અનંત દુઃખનાં કારણરૂપ છે માટે મુક્તિમાર્ગ જાણવાની ઇચ્છા કરનાર આત્માર્થી જનોએ એ બન્ને દુર્ધ્યાનનો ત્યાગ કરી રત્નત્રયનું આરાધન કરવું જોઇએ.

શિષ્ય—હે ગુરૂજી! વૈરાગ્યયુક્ત થઇ, મનને આત્મસ્વભાવે રાખી, ઉપશમ ભાવે ધર્મધ્યાન કેવી રીતે કરવું જોઇએ ? અને એ ધર્મ ધ્યાનનાં લક્ષણો અને ફળ શું શું છે?

ગુરૂ—જ્ઞાની અને વૈરાગ્યશીલ પુરૂષો જેમણે ઇંદ્રિય વિકારોનો સંવર કરી મનને સ્થિર કર્યું હોય, અને શુદ્ધોપયોગથી મોક્ષમાર્ગને જેણે યથાર્થ જાણ્યો હોય એવા ધર્મિષ્ઠ, શાંત અને સાધુ પુરૂષો ધર્મધ્યાનને લાયક ગણાય છે. ધર્મિષ્ઠ પુરૂષોએ પોતાનાં મનમાં ચાર ભાવનાનું અહોનિશ સેવન કરવું જોઇએ.

શિષ્ય—હે ગુરૂજી, તે ચાર ભાવના કયી કયી તે મને કૃપા કરી બરાબર સમજાવો.

ગુરૂ—મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચારે ભાવનાઓ અનાદિ કાળથી તિર્થંકર પ્રમુખ મહાપુરૂષો ભાવતા આવ્યા છે. એ ભાવનાથીજ ધર્મધ્યાનની સિદ્ધિ થાય છે. પરજીવોનું હિત ચિંતવવું તે મૈત્રિ ભાવના છે, ગુણનો પક્ષ ગ્રહવો તે પ્રમોદભાવના છે, દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટા-

ડવાની ઈચ્છા તે કરૂણા ભાવના છે અને દુષ્ટ બુદ્ધિવાળા જીવોની ઉપર રાગદ્વેષ રહિતપણે વર્તવું તે માધ્યસ્થ ભાવના છે.

હે આત્મન્! સર્વ જીવો ઉપર મૈત્રીભાવ ધારણ કર. સંસારમાં ભ્રમણ કરતાં સર્વ જીવો ભાઈ, પિતા, કાકા, માતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, બહેન અને પુત્ર-વધૂપણાને અનેકવાર પ્રાપ્ત થયેલા છે, તેથી આ બધુ તારૂં કુટુંબજ છે; કોઈ પરાયો દુષ્મન નથી એવો નિશ્ચય કર. વળી હે આત્મન્! તું એવી રૂડી ભાવના રાખ કે એકેન્દ્રિયાદિક જીવો પણ પંચેન્દ્રિયપણું વિગેરે ઉત્તમ સામગ્રી પ્રાપ્ત કરી બોધીરત્નને સમ્યગ્ રીતે આરાધી ભવભ્રમણની ભીતિને કયારે નિવારશે? તથા અહોનિશ 'સર્વ પ્રાણીઓનાં મન, વાણી અને કાયાના દુઃખદાયી રાગ દ્વેષાદિક સમસ્ત રોગ શાંત થાઓ અને સર્વ જીવો સમતા રસનું પાન કરો અને સર્વ જીવો સર્વત્ર સુખી થાઓ' એવી ભાવના તું ભાવજે (મૈત્રિ ભાવના). તીર્થંકર, સિદ્ધજીવો, નિર્ગ્રંથ મુનિઓ અને ભવ્ય શ્રાવકોનાં અનુકરણીય ચરિત્રથી તથા મિથ્યાદ્રષ્ટિ જનોના પણ પરોપકાર પ્રધાન સંતોષ સત્યાદિક ગુણ પ્રસાર તેમજ દાનેશ્વરીપણું અને વિનયવૃત્તિ વિગેરે ગુણોથી પ્રહૃષ્ટ થવું તેને પ્રમોદભાવના કહે છે. પ્રમોદ ભાવનાવાળાઓ બીજાની કીર્તિ સાંભળીને કે કોઈને ધનવાન જોઇને અત્યંત પ્રમુદિત થઈ જાય છે. અન્ય જનોના ગુણોવડે પ્રમોદ પામી જેમની મતિ સમતા રસમાં મગ્ન થાય છે તેમનામાં પ્રસન્ન પ્રકૃતિ ઝળકી નીકળે છે. તથા જેવા સદ્દગુણો દેખી પોતે પ્રમુદિત થાય છે તેવા નિર્મળ ગુણો પોતાનામાં પ્રગટી નીકળે છે. (પ્રમોદ ભાવના.)

જન્મ જરા,મરણ, મિથ્યાત્વ, ભૂખ, તરસ, ઠંડી, તડકો શોક, રોગ આદિ દુઃખો બીજાઓને સહન કરતા જોઇને તે દુઃખોનું નિવારણ કરવાનાં વિચારો દયાળુ પુરૂષોને આવે છે. તેઓને મિથ્યાત્વી જનોનાં કુમાર્ગસેવન અને મૂર્ખ જીવો હાથે કરી નરકાદિ ગતિઓનાં વિવિધ દુઃખો વહોરી લે છે તેને માટે અત્યંત દયા આવે છે અને તે દુઃખો ટાળવાને પોતાથી બનતું કરે છે. જેઓ એવી રીતે પારકાનાં દુઃખ ટાળવાના ઉપાય દિલમાં વિચારે છે તેઓ પરિણામે સુંદર એવું નિર્વિકાર સુખ નિઃસંશય પામે છે. (કારૂણ્ય ભાવના)

ક્રોધી, માની માયાવી, લોભી, હિંસક, માંસભક્ષક, પરસ્ત્રી સંસકત, તિર્થંકર, સાધુઓ કે ધર્મશાસ્ત્રની નિંદા કરનાર, નાસ્તિક કે પોતાનો કકકો ખરો કરનાર જીવો તરફ ભવ્ય જીવો હમેશાં ઉપેક્ષા રાખે છે. સજ્જન પુરૂષો આમ ગમે તેવા કઠોર પ્રસંગમાં ઔદાસિન્ય રૂપ અમૃત નિચોળનું વારંવાર આસ્વાદન કરે છે. (માધ્યસ્થ ભાવના.)

હે જીવ! જો તું ખરો ધર્માર્થી અને સંસારથી ભયભીત હો તો સર્વદા ચાર ભાવનાઓને તારા હૃદયમાં દૃઢ કર. સંયમી પુરૂષોને એ ચાર ભાવનાથીજ મનમાં આનંદ ઉપજે છે. આ ભાવનાથી તારા સર્વ રાગદ્વેષ નાશ પામશે અને ઇંદ્રિય વિકારો અને મોહ નિદ્રાનો વિધ્વંસ થતાં આત્મતત્વનો યથાર્થ સાક્ષાત્કાર થશે. હે રામ! જ્યારે ભાવનારૂપી જળથી રાગદ્વેષરૂપ અગ્નિને તું બુઝવીશ ત્યારેજ તને ઉદાસીન વૃત્તિ અને જીવન્મુકતાવસ્થા પ્રાપ્ત થશે.

આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય એમ ધર્મધ્યાનના ચાર પ્રકાર છે.

સર્વજ્ઞ શ્રી વીતરાગ પ્રભુએ પ્રગટ કરેલા માર્ગનો લોપ ન કરવો તેને આજ્ઞાવિચય કહે છે.

અનાદિ કાળનાં કરેલાં કર્મનો ક્ષય કરવાની ઇચ્છા અને તે કર્મબંધનો કાપી મોક્ષસુખ પ્રાપ્ત કરવાની અહોનિશ ભાવના રાખવી તેને અપાયવિચય ધર્મધ્યાન કહે છે.

દેવ, મનુષ્ય કે ચક્રવર્તીરૂપે વિવિધ ઐશ્વર્ય, સુખ અને વૈભવ પ્રાપ્ત થતાં ભવ્ય જીવો એ સર્વને પોતાના આત્માથી પર જુવે છે, પૂર્વ જન્મોમાં મનુષ્ય, દેવ કે ચક્રવર્તીરૂપે ભોગવેલાં વિવિધ વિષય સુખોનાં પરિણામરૂપ પાપકર્મોને સંભારી તેમને ઘણો પસ્તાવો થાય છે. એ પૂર્વજન્મનાં પાપકાર્યોજ જીવને વ્રત, ધર્મ, પરિગ્રહ ત્યાગ, ઇંદ્રિય સંયમ વિગેરેમાં આડે આવે છે. આથી ભવ્ય જીવો પૃદ્‌ગલરૂપ સર્વ ઉપાધિઓને પોતાનાથી પર ગણી શરીર રૂપ બંધીખાનાંમાંથી છુટા થવા અહોનિશ ઇચ્છા કરે છે. આમ સર્વ સંપદાઓને આપદા રૂપ ગણી સહજ સુખ પ્રાપ્તિ અર્થે અહોનિશ ચિંતવન કર્યા કરવું તેને વિપાક વિચય ધર્મધ્યાન કહે છે.

નર્કમાં અસહ્ય દુઃખ ભોગવતાં ભવ્ય જીવો અહિંસા અવ્રત, અધર્મ, મિથ્યાત્વ વિગેરેમાં મચી રહેવાથી પોતાનાં કરેલ દુષ્કર્મોનું ફળ પોતાને ભોગવવાનો વખત આવ્યો છે એવા વિચાર કરે છે. તેઓને રૌદ્રધ્યાન, વિષયાસક્તિ, સંયમમાં પ્રમાદ સેવન, ગુરૂ ઉપદેશ શ્રવણ, વ્રત પાલન અને ક્ષમાભાવ અહિંસા, સાધુ સેવા, વિગેરેથી આખી

જીંદગી વિમુખ રહેવાને માટે પશ્ચાતાપ થાય છે, પરસ્ત્રી ગમન, વિદ્ધિ છળ પ્રપંચ આદિ પાપ કાર્યો માટે નારકીના અસહ્ય દુઃખો ભોગવતાં સમ્યગ્દ્રષ્ટિ જીવોને મનુષ્યજન્મની દુર્લભતા, ધર્મસેવન વિગેરેના વિચાર આવે છે. તેઓ વિષયોને સર્વ દુઃખનાં કારણરૂપ ગણે છે અને ધર્મ એજ સર્વ સુખનો આધાર છે એમ માની કર્મ નિર્જરા અર્થે આવી પડેલ દુઃખો સપૂર્ણ શાંતિથી સહન કરે છે. આ પ્રમાણે ભવ્ય જીવો નરકમાં કર્મવિકારનો યથાર્થ રીતે વિચાર કરે છે તેને વિપાકવિચય કહે છે.

संस्थानविचय धर्मध्यान.

નીચે નીચે જતાં વિસ્તાર પામેલી છત્રાકારે રત્નપ્રભાદિક જે સાત પૃથ્વીઓ છે તેનાથી પરિપૂર્ણ સાત રજ્જુ પ્રમાણ જે અધોલોક તે રૂપી જેના બે પહોળા પગ છે, જેના મધ્યમાં અસંખ્ય દ્વીપ સમુદ્રવડે વ્યાપ્ત એક રજ્જુ પ્રમાણ વિસ્તારવાળો તીર્છો લોક છે, જેનો જ્યોતિષ ચક્રરૂપ કાંચી કલાપે યુક્ત--કૃશતાથી શોભિત કંદોરો છે, અને ઉર્ધ્વલોકમા બ્રહ્મદેવપર્યંત પાંચ રજ્જુપ્રમાણ જેના બે હાથની કોણીઓ વિસ્તાર પામેલી છે તથા એક રજ્જુ પ્રમાણ વિસ્તરેલ લોકના અંતરૂપ સિદ્ધિ જ્યોતિથી શોભિત જેનો મુકુટ છે, વૈશાખ સ્થાનક જેવા જેના સ્થાયિ ચરણ છે, બન્ને હાથ જેણે કેડ ઉપર રાખેલા છે અને અનાદિ કાળ થયાં જે સર્વદા ઉંચો દમ રાખીને ઉભો છતાં ખેદ રહિત શાંત મુદ્રાને ધારણ કરી રહેલો છે તે આ ષડ્ દ્રવ્યાત્મક અનાદિ અનંત સ્થિતિવાળો અકૃત્રિમ લોકનામા પુરૂષ

જાણવો. તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ જીવ અને પુદ્ગળો વડે સર્વ સ્થળે પરિપૂર્ણ વ્યાપ્ત છે. ભવિતવ્યતા વડે કાળ, ઉદ્યમ અને સ્વભાવાદિક ભાવ યોગે કર્મવાજીંત્રની મદદથી નચાવેલા હોવાથી અનેક રૂપે કરી નાચતા જીવોની પુદ્ગલોની આ લોક પુરૂષ રંગભૂમી છે. એ પ્રમાણે વિવેકથી લોકનું સ્વરૂપ વિચાર્યે છતે વિવેકી જીવને તે ચિત્તસ્થિરતાને માટે થાય છે અને ચિત્ત સ્થિર થતાં આત્મહિત કરી અધ્યાત્મ સુખની પ્રાપ્તિ સુલભ થાય છે.

दृश्यमानमिदं मूढ स्त्रिलिंगमवबुध्यते ।

इदमित्येत्र बुद्धस्तु निःष्पन्न शब्दवर्जितं ॥

અવિવેકી મૂર્ખ પુરૂષો ત્રણે લિંગ સહિત જગતમાંના પદાર્થોમાં વિશ્વાસ કરે છે અને તેમને (દ્રવ્યદ્રષ્ટિથી) પોતાના કે પરાયા ગણે છે. જેમણે ત્રણે લિંગથી પર એવા આત્માને જોયો-જાણ્યો છે તેઓ પુદ્ગલ વસ્તુઓમાં કોઇ દિવસ પ્રેમ કરતા નથી. તેઓ તો માત્ર પોતાનાં નિર્વિકાર શુદ્ધ સ્વરૂપમાંજ પ્રેમ રાખે છે.

શિષ્ય--લિંગના ભેદ કયા છે અને તેમનાં લક્ષણ શું?
ગુરૂ–લિંગના દ્રવ્યલિંગ અને ભાવલીંગ એમ બે ભેદ છે, બાહ્ય દ્રષ્ટિથી જે દ્રવ્ય માલુમ પડે છેતેને દ્રવ્ય લિંગ કહેવાય છે. જેમકે માણસ, સ્ત્રી, બાળક, ઘોડો, કૂતરો આપણે સ્થુલ દ્રષ્ટિથી જોઈ શકીએ છીએ. મનનાં પરિણામ માયા, પ્રપંચ, અસંયમ, માન કે મત્સર રહિત હોવાં, અથવા તો મનને તે જો, પદ્મ કે શુક્લલેશ્યા યુક્ત કરવું તેને ભાવલિંગ કહે છે. મહાનુભાવ તપોધન પુરૂષોનો સંસર્ગ રાખવાથી તેમના આચાર કે

ક્રિયા પાળવાની વાંછા કર્યાથી, ધર્મોપદેશ કે પુણ્ય કાર્યો (કીર્તિની આશા વિના) કરવાથી, અને સદાકાળ વિરક્ત ભાવે રહેવાથી પુરૂષવેદ બંધાય છે. માયા પ્રપંચ કે અનાચારનું ચિંત્વન કરવાથી, મનમાં અનેક જાતના દંભ, કપટ અને અધર્મનું સેવન કરવાથી, અને મિથ્યા ઉપદેશ તથા સતત્ કીર્તિની વાંછા રાખવાથી સ્ત્રીભાવ ઉત્પન્ન થાય છે. આર્ત અને રૌદ્રધ્યાનનું સેવન કરવાની, મનમાં કંદર્પ વિકાર ઘણો ઉપજતાં સ્ત્રી તથા પુરૂષ એ બન્નેનો સંગ કરવાની અધિક લાલસાથી તથા મનમાં અહોરાત ઘણો ખેદ રાખવાથી નપુંસક ભાવ ઉત્પન્ન થાય છે. હે રામ! તારો અનાદ્યનંત મહિમા અવર્ણ્ય છે તો તું લિંગના બાહ્ય વિકારોનો ત્યાગ કરીને તારા આત્મ સ્વરૂપમાંજ પ્રેમ કર.

जानन्नप्यात्मनस्तत्त्वे विविक्तभावयन्नपि ।

पूर्वं विभ्रमसंस्काराद्भ्रांतिभूयोपि गच्छति ॥

હે જીવ! આ કેવું આશ્ચર્ય છે કે તું જાગૃત છતાં સૂતેલો દેખાય છે, જ્ઞાની છતાં મૂર્ખ જણાય છે દેખતો છતાં આંધળો લાગે છે અને અનંત બળવાન છતાં કાયર થઈ જાય છે. આત્મા અને શરીર એ બન્ને એક બીજાથી પર વસ્તુઓ છતાં તું ઇંદ્રિય વિકારો, કષાય અને પ્રમાદમાં કેમ રચ્યોપચ્યો રહે છે?

શિષ્ય-હે ગુરૂજી, જીવ અનંત જ્ઞાનવાળો તથા અનંત શક્તિ સંપન્ન છતાં અવિવેક અને અસંયમના માર્ગમાં વારંવાર કેમ ભ્રમણ કરે છે?

ગુરૂ—મિથ્યાત્વ અને અવ્રત્તરૂપી ભ્રમ જીવને અનાદિ

કાળ થયાં લાગેલ છે અને તે કેમે કરીને છુટી શકતો નથી. જેમ અગ્નિથી અતિ સંતપ્ત થયેલો લોઢાનો ગોળો કોમળ અને લાલચોળ બની પાણીમાં નાંખ્યાં છતાં પણ પોતાની મૂળ સ્થિતિ એકદમ પ્રાપ્ત કરતો નથી તેજ પ્રમાણે અનાદિકાળ થયાં મિથ્યાત્વ અગ્નિથી સંતપ્ત થતાં જીવે પોતાનો સહજસ્વભાવ ગુમાવેલ છે અને તેથી ઉપશમ રસનો અનેક વાર સંસર્ગ થતાં પોતાનો મૂળ સ્વભાવ તેનાથી પ્રગટ થઇ શકતો નથી. આત્માર્થી જનોએ પોતાને ઉપશમપણું થોડું પણ પ્રાપ્ત થયું હોય તો આ ભવે નહિં તો ભવાંતરે સમ્યક્ત્વ પ્રાપ્ત થશે એમ વિચારી સંતોષ માનવો જોઇએ.

अचेतनमिदंदृश्यमदृश्यं चेतनं ततः ।
क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोहं भवाम्यतः ॥

આપણા સહજ સ્વભાવથી પર એવાં અચેતન શરીરથી સુખનો સ્વાદ જાણી શકાતો નથી. આત્મા અરૂપી છે અને તેથી નિર્વિકારી છે. જ્યારે શરીર એ રૂપી દ્રવ્ય હોઇને અનેક વિકારવંત છે. આ પ્રમાણે જીવ નિર્વિકારી અને શરીર અનેક વિકારયુકત હોવાથી એ બન્નેમાં પરસ્પર પ્રેમ કેવી રીતે હોઇ શકે? જડ વસ્તુ બીજાના ગુણ કે પ્રેમ જાણી શકતી નથી અને તેથી તેના ઉપર પ્રેમ રાખવો મિથ્યા છે. પ્રીતિ માત્ર પરસ્પર હોય તોજ શોભે છે. માટે રાગદ્વેષ ક્રોધ, પ્રીતિ આદિ વિકારનો ત્યાગ કરી, શરીર ઉપરનો મોહ છોડી મધ્યસ્થભાવે ઉદાસીનપણે રહેવું એ આ નશ્વર જગતમાં આપણું પ્રથમ કર્તવ્ય છે.

त्यागादानेबहिर्मूढः करोत्यध्यात्ममात्मविद् ।
नांतर्बहिरुपादानं नत्यागो निष्ठितात्मना ॥

હે જીવ, જે તારા ગુણ તથા મહિમાને જાણતો નથી તેજ બાહ્ય વસ્તુઓમાં ભ્રમણ કરે છે. મૂઢ અને અવિવેકી પુરૂષો કયા માર્ગ કે કયી ક્રિયાથી પોતાને સુખ થશે એ સંબંધી અનેક સંકલ્પવિકલ્પો કર્યા કરે છે. આત્માર્થી જનો સર્વ ક્રિયાઓને પરમપદથી વેગળી ગણી શુભાશુભ એવી બધી ક્રિયાઓનો ત્યાગ કરે છે. જ્ઞાની પુરૂષો પોતાના આત્મા સિવાય બીજાનો આશ્રય કરતા નથી. અહિંસા, ઇંદ્રિયો અને મનનો સંયમ, તપ વિગેરે શુભ ક્રિયાઓ છે. હિંસા, અવ્રત્ત અને ઇંદ્રિય વિકારોમાં લુબ્ધ થવું એ અશુભ ક્રિયા છે.

युंजीत मनसात्मानं वाक्कायाभ्यांवियोजयेत् ।
मनसाव्यवहारं तुं त्यजेद्वाक्काययोजितं ॥

હે જીવ! યથાર્થ વિચાર કરીને વચન અને કાયાના વિકારોનો ત્યાગ કરી, ત્યાંથી મન પાછું વાળી તારાં શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન થા. વ્યવહાર એ સંસારબંધનનું કારણ છે માટે નિરારંભપણે અનંત ચતુષ્ટયની લબ્ધિ અર્થે સદા આત્માધ્યાનમાંજ રમણ કરતો રહે.

जगव्यवहारद्दष्टिना विश्वासोरम्यमेव ।
आत्मन्येवात्मद्दष्टिना क्वाविश्वासक्ववारतिः ॥

જેઓ શરીરમાં આત્મબુદ્ધિ કરે છે, એટલે કે શરીર એજ આત્મા છે એમ માને છે તેઓને કેટલાક વિકારો સારા લાગતાં તેઓ તેમાં પ્રીતિ કરે છે અને અણગમતા વિકારોમાં તેમને પ્રીતિ કે વિશ્વાસ ઉપજતાં નથી. જેમણે જ્ઞાનદ્રષ્ટિથી આત્માનાં શુદ્ધ સ્વરૂપને શરીરાદિ પુદ્ગલ પ્રપંચોથી

યથાર્થરીતે પર જોયેલ છે તેઓ આત્મા સિવાય બાહ્ય કોઈ પણ વસ્તુઓમાં કદાપિ પ્રેમ કરતા નથી.

શિષ્ય—હે ગુરૂજી, કેટલીક વખત જીવ સંસારમાં અનુરકત થઈ હિંસા, અવ્રત્ત આદિ પાપકાર્યોમાં રચ્યો મચ્યો રહે છે અને કોઈ વખત વિરકત થઇ સંસારથી ભયભીત બની અહિંસા, સંયમ અને વ્રતના અભેદ્ય માર્ગનું યથાર્થ પાલન કરવાની તેને ઇચ્છા થઈ જાય છે એનું કારણ શું ?

ગુરૂ—અજ્ઞાની બાલ જીવો મિથ્યાત્વના ઉદયથી અહિંસાદિ પાપ કાર્યોમાં મશગુલ રહે છે અને તેથી તેઓ ઉત્તરોત્તર ગુણસ્થાને આગળ વધી શકતા નથી. તેમનાં પરિણામ ઘણુંખરૂં મલીન હોય છે. વૈરાગ્યવંત ભવ્ય જીવો પુણ્ય માર્ગે ગમન કરે છે અને તેમનાં પરિણામ શુદ્ધ–સાત્વિક હોવાથી તેઓ ઉત્તરોત્તર ગુણસ્થાન ક્રમારોહણ કરતા જાય છે.

શિષ્ય—હે ગુરૂજી, મનનાં પરિણામ અને ગુણસ્થાનકના કેટલા પ્રકાર છે ?

ગુરૂજી—મન શુભોપયોગ, અશુભોપયોગ અને શુદ્ધોપયોગ એમ ત્રણ જાતનાં પરિણામ વાળું છે. ગુણસ્થાનના મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવ્રત્ત સમ્યગ્દ્રષ્ટિ, દેશવ્રત, પ્રમત્ત, અપ્રમત અપૂર્વ કરણ, અનિવૃત્તિ કરણ, સૂક્ષ્મ સાંપરાય, શાંત કષાય, ક્ષીણકષાય, સયોગકેવલી અને અયોગકેવલી એમ ૧૪ પ્રકાર છે.

मिथ्यात्व गुणस्थान.

આત્માની ઓળખ ન હોવી, અવિવેક, અજ્ઞાન અને પ્રમાદને વશ થઇ વિષયોમાં રચ્યા પચ્યા રહેવું, અને અશુભો-

પયોગમાં કાળ નિર્ગમન કરવો તેને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વથી જીવ અનેક કર્મબંધનોથી બંધાઈ જાય છે. એ કર્મોની ૧૨૦ પ્રકૃતિઓ છે તે નીચે પ્રમાણેઃ—

મતિ જ્ઞાનાવરણીય, શ્રુત જ્ઞાનાવરણીય, અવધિ જ્ઞાનાવરણીય, મનઃપર્યય જ્ઞાનાવરણીય, કેવલ જ્ઞાનાવરણીય (જ્ઞાનાવરણીય કર્મની), ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શના વરણીય, નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્ત્યાન ગૃદ્ધિ, અવધિદર્શનાવરણીય, કેવલ દર્શનાવરણીય (દર્શના વરણીય કર્મની), સાતા વેદનીય, અસાતા વેદનીય (વેદનીય કર્મની), મિથ્યાત્વ, અનંતાનુબંધી ચાર, અપ્રત્યાખ્યાન ચાર, પ્રત્યાખ્યાન ચાર, સંજ્વલન ચાર, હાસ્યાદિક છ (પ્રકૃતિઓ) અને ત્રણ વેદ (મોહીની કર્મની), નરક આયુ, તિર્યંચ આયુ, મનુષ્ય આયુ, દેવ આયુ (આયુ કર્મની), વજ્રર્ષભનારાચ સંહનન, વજ્ર નારાચ સંહનન, નારાચ સંહનન, અર્ધનારાચ સંહનન, કીલક સંહનન, સ્ફાટીક સંહનન, સમચતુરસ્ર સંહનન, ન્યગ્રોધ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, હુંડક સંસ્થાન, એકેંદ્રિય, બેઇન્દ્રિય, તેંઇન્દ્રિય, ચઉઇંદ્રિય, પંચેન્દ્રિય, નરક ગતિ, નરકગત્યાનુપૂર્વી, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપ્રશસ્ત ગતિ, તિર્યંચ ગતિ, તિર્યંચગત્યાનુપુર્વી, ઉદ્યોત પ્રકૃતિ, ઔદારીક શરીર, ઔદારીક અંગોપાંગ, મનુષ્ય ગતિ, મનુષ્ય ગત્યાનુપુર્વી, અસ્થિર પ્રકૃતિ, અશુભ પ્રકૃતિ, અયશ પ્રકૃતિ, તીર્થંકર, નિર્માણ, સુભગગતિ પ્રકૃતિ, પંચેન્દ્રિય જાતિ, તેજસ શરીર, કાર્માણ શરીર, આહારક શરીર, આહારક આંગોપાંગ, દેવગતિ, દેવગત્યાનુપુર્વી, વૈક્રિયક

શરીર, વૈક્રિય અંગોપાંગ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઉચ્છ્વાસ, અગુરૂલઘુ, ઉપઘાત, પરઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ પ્રકૃતિ, સુસ્વર, આદેય, યશ (નામ કર્મની), ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર (ગોત્ર કર્મની), દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, (અંતરાય કર્મની).

આ પ્રકૃતિઓ જીવને જૂદાં જૂદાં ફળ આપે છે. જેમકે મતિજ્ઞાનાવરણીય કર્મથી જીવને મતિજ્ઞાન થતું નથી, ચક્ષુ દર્શનાવરણીયથી ચક્ષુનો પ્રકાશ ઢંકાય છે વિગેરે. આમાંની તિર્થંકર, આહારક શરીર, અને આહારક અંગોપાંગ એ ત્રણ પ્રકૃતિ મિથ્યાત્વ ગુણસ્થાને બંધાતી નથી. આત્માથી પરવસ્તુઓમાં પ્રેમ રાખી શુભ-અશુભ પરિણામોમાં ગુંથાવું તેને મિથ્યાત્વ કહે છે. અનંત જીવો અનાદિકાળ થયાં મિથ્યાત્વ ગુણસ્થાનમાંજ સ્થિતિ કરી રહ્યા છે.

सासादान गुणस्थान.

શિષ્ય—સાસાદન ગુણસ્થાનનાં લક્ષણ શું અને તેમાં કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ થાય ?

ગુરૂ—સાસાદન ગુણસ્થાનમાં જીવ થોડો કાળ આત્મજ્ઞાન રસનું પાન કરી ઉપશમ ભાવે રહે છે પણ પાછો મોહગ્રસ્ત થઇ મિથ્યાત્વ અને સમ્યકત્વ એ બન્ને વચ્ચે ગોથાં ખાતો રહે છે. આ ગુણસ્થાને રાગદ્વેષ બહુ વધારે પ્રમાણમાં હોય છે; સમતાભાવ તો નહિં સરખો હોય છે. ૧૬ પ્રકૃતિ આ ગુણસ્થાને છૂટી જાય છે તેથી માત્ર એકસો એક કર્મ પ્રકૃતિ આ ગુણસ્થાને બંધાય છે.

શિષ્ય—હે ગુરૂજી, જે ૧૬ કર્મ પ્રકૃતિઓ છૂટી જાય છે તેમનાં નામ કહો.

ગુરૂ—મિથ્યાત્વ, હુંડક સંસ્થાન, નપુંસકવેદ, સ્ફાટીક શરીર, એકેન્દ્રિય પ્રકૃતિ, સ્થાવર પ્રકૃતિ, આતાપ પ્રકૃનિ, સૂક્ષ્મ પ્રકૃતિ, અપર્યાપ્ત, સાધારણ, બેઈન્દ્રિય, તેંઇન્દ્રિય, ચઉ ઇન્દ્રિય, નરક ગતિ, નરક ગત્યાનુપૂર્વી, નરકાયુ આ ગુણસ્થાને બાવન કોડી જીવો હોય છે.

मिश्र गुणस्थान.

શિષ્ય—હે ગુરૂ, ત્રીજા મિશ્ર ગુણસ્થાનનાં લક્ષણ શું ?

ગુરૂ—મિશ્ર ગુણસ્થાનમાં જીવનાં પરિણામ મિશ્રભાવે વર્તે છે. મિશ્ર ગુણસ્થાનવાળા જીવો પોતાનાં સ્વરૂપ, સત્તા, અવબોધ, ચૈતન્યાદિને શરીરથી જૂદાં જાણે છે પણ તેઓ નિર્મળપણે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકતા નથી. એટલે કે આ ગુણસ્થાને આત્મરસ અને મિથ્યાત્વરસ એ બન્નેનું મિશ્ર રીતે આસ્વાદન થાય છે. આનું કારણ આ ગુણસ્થાનકે મિશ્ર મોહીની કર્મનો ઉદય થાય છે તે છે. આ ગુણસ્થાનકમાં માત્ર ૭૪ પ્રકૃતિનોજ બંધ હોય છે.

શિષ્ય—સાસાદન ગુણસ્થાનની કઈ કઈ પ્રકૃતિઓનો બંધ આ ગુણસ્થાને હોતો નથી !

ગુરૂ—અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રાનિદ્રા પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, દુર્ભગ પ્રકૃતિ, દુઃસ્વર, અનાદેય, ન્યગ્રોધસંસ્થાન, સ્વાતિક સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, અર્ધનારાચ સંહનન, કીલક સંહનન, અપ્રશસ્તગતિ, સ્રીવેદ, નીચગોત્ર, તિર્યંચગતિ, તિર્યંચ ગત્યાનુપૂર્વી, ઉદ્યોત પ્રકૃતિ. તિર્યંચ

આયુ, દેવાયુ, અને મનુષ્યઆયુ (૨૭). આ ગુણસ્થાનકે એકસોચાર કોડી જીવ હોય છે. મિશ્ર પરિણામની જઘન્ય સ્થિતિ અંતર્મુહુર્તની છે.

શિષ્ય—હે ગુરૂ, ચોથા ગુણસ્થાનનાં લક્ષણ શું શું છે ?

ગુરૂ—અવ્રત્ત સમ્યક્દ્રષ્ટિ જીવ ચોથાં ગુણસ્થાનવાળો કહેવાય છે તે જ્ઞાન પામેલો હોય છે અને આત્માના રત્નત્રય સ્વભાવને યથાર્થ જાણે છે. આમ સર્વ પુદ્ગલપ્રપંચને પોતાનાથી જૂદા માનવા છતાં તેનાથી સંયમ પળાતો નથી અને અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી પચ્ચખાણનું પણ પાલન થતું નથી. તેઓ પુત્ર કલત્ર, ધન, યૌવન રૂપ વિગેરેનો ગર્વ કરતા નથી અને અસંયમનો ત્યાગ કરી સમભાવે રહી મોક્ષ ગતિ ક્યારે પ્રાપ્ત થશે એમ ચિંત્વન કરી પોતાના આત્માને વારંવાર નીંદે છે, આમ છતાં વિષયોનાં સેવન કે આરંભનો ત્યાગ તેમનાથી થઈ શકતો નથી, કારણકે ચોથાં ગુણસ્થાનમાં ચારિત્ર મોહનીય કર્મનો ઉદય હોય છે. અવ્રત સમ્યગ્દ્રષ્ટિ જીવને પોતાનાં પાપકર્મોનો વારંવાર વિચાર આવે છે અને કેટલીક વાર સર્વ સંગનો ત્યાગ કરી ઇંદ્રિયો અને મનનો નિરોધ કરી સમભાવમાં લીન થવાની ઈચ્છા કરે છે. સંસારની વિવિધ અનિત્ય સંપદાઓથી ભયભીત થઇ નિર્ગ્રંથરૂપે કાઉસગ્ગ ધ્યાને રહી મનુષ્ય, દેવ, વાઘ સિંહ વિગેરેના અનેક ઉપદ્રવો શાંતિથી સહન કરી અપૂર્વ ઉપશમ ભાવ પ્રાપ્ત કરવાના વિચાર આ ગુણસ્થાનવાળાને અનેકશઃ થાય છે. જેમ કોટવાલના હાથમાં સપડાયલા ચોરને પોતાનો જીવ વહાલો છે તેમ વિષય સુખના હાથમાં સપડાયલા અવ્રત સમ્યગ્દ્રષ્ટિ જીવને સંયમ વ્રત તરફ

વહાલ ઉપજે છે. અવૃત સમ્યકૃદ્રષ્ટિ જીવને નીચેની પ્રકૃતિઓનો બંધ હોય છેઃ—

તિર્થંકર પ્રકૃતિ, અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ, વજ્રવૃષભ નારાચ સંહનન, ઔદારીક શરીર, ઔદારીક આંગોપાંગ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપુર્વી, મનુષ્યાયુ, અસ્થિર પ્રકૃતિ, અશુભગત્વપ્રકૃતિ, સાતાવેદનીય પ્રકૃતિ, અસાતાવેદનીય પ્રકૃતિ, અપયશ પ્રકૃતિ, રતિપ્રકૃતિ, અરતિ પ્રકૃતિ, શોક પ્રકૃતિ, દેવાયુ, નીદ્રા પ્રકૃતિ, પ્રચલા પ્રકૃતિ, નિર્માણ પ્રકૃતિ શુભ ગતિ પ્રકૃતિ, પંચેંદ્રિય જાતિ, તેજસ, કાર્માણ, સમચતુરસ્ર સંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપુર્વી, વૈક્રિયક શરીર, વૈક્રિયક આંગોપાંગ, રસ, સ્પર્શ, ગંધ, રૂપ, ગુરૂ પ્રકૃતિ, અગુરૂ પ્રકૃતિ, ઉપઘાન પ્રકૃતિ, પરાઘાત પ્રકૃતિ, યશ પ્રકૃતિ, બાદર પ્રકૃતિ, પર્યાપ્ત પ્રકૃતિ, પ્રત્યેક પ્રકૃતિ, સ્થિર પ્રકૃતિ, શુભ પ્રકૃતિ, શુભગ પ્રકૃતિ, સુસ્વર પ્રકૃતિ, આદેય પ્રકૃતિ, ભય પ્રકૃતિ, જુગુપ્સા પ્રકૃતિ, પુરૂષવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ, જ્ઞાનાવર્ણી પ્રકૃતિ, પાંચ અંતરાય કર્મની પ્રકૃતિ, ઉચ્ચ ગોત્ર પ્રકૃતિ.

આ પ્રમાણે ૭૭ પ્રકૃતિનો બંધ ચોથા ગુણસ્થાનકનો જીવ બાંધે છે. આ ગુણસ્થાનકની સ્થિતિ સાગરોપમથી કંઇક અધિક હોય છે અને તેમાં ૪૩ પ્રકૃતિનો બંધ થતો નથી.

देशव्रत गुणस्थान.

આ ગુણસ્થાનવાળો દેશવ્રતને યથાર્થ પાળે, તથા સર્વ જીવરાશીને પોતાના સમાન જાણે, પણ ચારિત્ર મોહનીય પ્રકૃતિ એટલે કે પ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા અને લોભના

ઉદયથી ચારિત્રનો ભાર ધરી શકતો નથી. આમ છતાં કુટુંબ પરિવારને માટે આરંભ કરવાનો, અન્ય જીવોને વિરાધના કરવાનો, અને ઇંદ્રિય વિકારોનું પોષણ કરી પ્રમાદ સેવવાનો તેમને પશ્ચાતાપ થયાં કરે છે, અને સંસારથી ભયભીત થઇ પાપમાર્ગથી ભવિષ્યમાં અનેક દુઃખ પડશે એમ માની દેશવ્રતનું પાલન કરે છે, પહેલી પ્રતિમાને ધારણ કરે છે અને અનંત ચતુષ્ટય લબ્ધિના ધણી શ્રી વીતરાગ પ્રભુ સિવાય બીજા કોઇ દેવની ઉપાસના કરતા નથી. તેઓ અહિંસા ધર્મનું પાલન કરે છે અને સર્વ સંગના ત્યાગી તપોધન સાધુ પુરૂષોનું સેવન કરે છે. આ પ્રમાણે વ્યવહારમાં આ વ્રતવાળા દેવ તત્વ, ધર્મતત્વ અને ગુરૂતત્વ માને છે અને નિશ્ચય નયથી પોતાના આત્માને સર્વ કલંકથી વેગળો જુએ છે. છ દ્રવ્ય, નવ પદાર્થ, સાત તત્વ, પાંચ પંચાસ્તિકાય, તેની તેઓ સદ્દહણા કરે છે અને દારૂ, માંસ, મધ, માખણ વિગેરે વસ્તુઓનો જીવિતપર્યંત ત્યાગ કરી સદાકાળ મહાવ્રતની ભાવના કરે છે.

મન વચન કાયાનો સદ્ભાવનાઓમાં યોગ કરવો, સર્વ જીવોને પોતાના સમાન ગણવા, મોટા આરંભો છોડી ત્રસ જીવોનો ઘાત કરતાં અટકવું, હિંસા કર્મની અનુમોદના કરવી કે કરાવવી નહિ, અને આત્માની સદા નિંદા કરતાં રહેવું એને પહેલા પ્રાણાતિપાત ત્યાગનું અણુવ્રત કહે છે.

હિંસાયુક્ત કે કર્કષ વચનો ન બોલવાં, મર્મ કે નિષ્ઠુર વચનોનો ત્યાગ કરવો, ભય કે શંકા ઉપજાવે તેવા બોલ ન બોલવા અને હંમેશાં સર્વને સંતોષ, સુખ, ધર્મ બુદ્ધિ, વિવેક અને

લાભ પ્રાપ્ત થાય એવાં મીઠાં વેણ બોલવાં તેને સત્યવ્રત કહે છે.

માયા કે લોભે કરીને પારકાની કિંમતો કે અલ્પ મૂલ્યની વસ્તુ ન લેવી, ભોળા જનોને કિંમત કરતાં થોડું દ્રવ્ય આપી તેમની ચીજ લઇ લેવી, પ્રમાદથી પડી ગયેલ ચીજનું અપહરણ કરવું, અને પરાયાં ધનની વાંછા ન કરવી એને અચૌર્ય વ્રત કહે છે.

મળમૂત્રાદિ અનેક અશુચિ તથા રોગોનું નિવાસસ્થાન આપણું શરીર એ ફુટેલા--ખોખરા ઘડા જેવું છે. ખાસ કરીને સ્ત્રીઓનું શરીર વધારે તિરસ્કાર ઉપજાવે એવું અને દુર્ગંધમય છે. આવાં શરીરમાં પ્રેમ કરી સુખપિંડ જીવાત્માને દુઃખસમુદ્રમાં નાંખવો નહિ અને સ્ત્રીઓનાં રૂપ લાવણ્ય યૌવન વિગેરેમાં ફસાઇને સંયમ સંપદાને ખોવી નહિ. પારકી સ્ત્રીઓમાં મોટી સરખી કે નાની વય અનુસાર મા, બહેન કે પુત્રીની ભાવના કરવી અને મન વચન કાયાથી સ્ત્રી માત્રનો ત્યાગ કરવો, એમ સ્ત્રી સંગથી સર્વથા દૂર રહેવું તેને બ્રહ્મચર્ય વ્રત કહે છે.

પરિગ્રહત્યાગ વ્રત.—અરૂપી અને નિર્વિકાર પદના ધણી આત્માને શરીરાદિ પરિગ્રહથી કોઇ પણ જાતનો લાભ થતો નથી. બીજા સર્વગ્રહો જીવને એક અંગે પીડા આપે છે અને તે પીડા કોઇને કોઈ રીતે શાંત થઈ શકે છે. પણ પરિગ્રહ ગૃહજીવને સર્વાંગે પીડા આપે છે અને કોઇ પ્રકારે તેની પીડા દૂર થઇ શકતી નથી. રે જીવ! જેમાં ત્રસ અને સ્થાવર જીવોનો ઘાત થાય અને જેનાથી વિવિધ ગતિનાં દુઃખ ભોગવવાં પડે તેવા અનર્થકારક પરિગ્રહોમાં

મમતા તું કેમ રાખે છે? રે જીવ પુત્ર મિત્ર કલત્ર ધન માલમિલ્કત સગાંવહાલાં આદિ સર્વ પરિગ્રહો કાંતો તારાં દેખતાં નાશ પામશે અને કાં એ સર્વના દેખતાં તું નાશ પામીશ. માટે અસંયમ અને પાપનાં નિવાસસ્થાન રૂપ પરિગ્રહનો સર્વથા--સર્વદા તું ત્યાગ કર. સંયમ સુખના લાલચુ સભ્યજનો પરિગ્રહ--મમત્વનો ત્યાગ કરવાને સંતોષ જળથી લોભાગ્નિને શાંત કરી મનને બાહ્ય વસ્તુઓમાં પ્રેમ કરતું અટકાવે છે તેને પરિગ્રહ પરિમાણવ્રત કહે છે.

ગુણવ્રતઃ—જેનાથી જીવ સુખપિંડ યુક્ત આત્માને ઓળખી, સમતારસનું પાન કરી, જીવાદિ સર્વ પદાર્થોને યથાર્થ જાણી, સંતોષે કરી આત્મસ્વરૂપમાં અહોનિશ ચિંતન કરતો રહે છે તેને પ્રથમ ગુણવ્રત કહે છે. બીજું ગુણવ્રત અનર્થદંડ વિરમણ વ્રત છે. મનમાં પાપ બુદ્ધિ ઉપજવાથી બીજાને દુઃખ દેવું તે અનર્થદંડ કહેવાય તેના પાંચ ભેદ છે. પારકાના દોષ જોવા, પારકાની નિંદા કરવી, પરાયા ધનની વાંછા કરવી, બીજાનાં સુખે દુઃખી થવું, કોઈનો જય અને કોઈનો પરાજય ઇચ્છવો, પર સ્રી સાથે સંભોગ કરવાની ઈચ્છાથી અહોનિશ તત્સંબંધી છળપ્રપંચ કરતાં રહેવું, કોઈનું મરણ થાય એમ ઇચ્છવું એ વિગેરેનો પહેલાં અનર્થદંડમાં સમાવેશ થાય છે. અવિવેકપણાથી કૃષિ વિદ્યા, બાગ બગીચા બનાવવા, ગાય, બળદ, ભેંસ વિગેરે પશુઓનો સંગ્રહ કરવો તથા વ્યાપાર વણજ કે વરકન્યાના વિવાહ વિગેરે પાપકાર્યોનો ઉપદેશ આપવો એ બીજું અનર્થદંડ વ્રત છે.

જમીન ખેડવાના કે વિવિધ યુક્તિથી વાડી ખેતર

વિગેરેમાં પાણી પૂરૂં પાડવાના, વનસ્પતિ છેદન અથવા તો વાયુ કે અગ્નિના આરંભયુક્ત પાપકાર્યો પોતે કરે કે બીજાને કરવા ઉપદેશ આપે, તેને ત્રીજું અનર્થદંડ કહે છે.

બિલાડા કૂતરા આદિ હિંસક જનાવરોમાં પ્રેમ રાખવો, તરવાર બંદુક આદિ વિવિધ અસ્ત્ર શસ્ત્રોનો સંગ્રહ કે વ્યાપાર કરવો અને લાખ, સાબુ, તલ, ઝેર વિગેરે ચીજોની વેપાર કરવો તેને ચોથું અનર્થદંડ કહે છે.

કુશાસ્ત્ર શ્રવણ કરવાં, બિભત્સ વચન બોલવાં કે આનંદપૂર્વક સાંભળવાં, કામણ, મોહન, વશીકરણ વિગેરે કુવિદ્યાઓનો અભ્યાસ કરવો, અને શૃંગારાદિક વિકારવાળી કથાઓ સાંભળવી એ વિગેરેનો પાંચમાં અનર્થદંડમાં સમાવેશ થાય છે.

રે જીવ આત્મસ્વરૂપને યથાર્થ જાણી, વૈરાગ્યપૂર્વક સંસારથી ભયભીત બની, ચિત્તને વિષયવિકારથી દૂર રાખી સર્વ સાવદ્ય ભોગ ઉપભોગ, આહાર, સુગંધી અને મોજશોખની વસ્તુઓનો ત્યાગ કરી સમભાવથી મનનાં પરિણામોને પવિત્ર રાખી ભોગોપભોગના વિકારોથી દૂર થવા પ્રયત્ન કર જેથી ઉત્તમ એવું સંયમ સુખ પ્રાપ્ત થતાં કોઇ કાળે અપૂર્વ એવાં મોક્ષ સુખની પ્રાપ્તિ થાય.

शिक्षाव्रत.

હવે આપણે શિક્ષાવ્રત સંબંધી બોલીએ. જે વ્રતથી મુનિવ્રત પાલન કરવાની શિક્ષા મળે તેને શિક્ષાવ્રત કહે છે. તેના સામાયિક, પ્રોષધોપવાસ, ભોગોપભોગ પરિમાણ અને અતિથિ સંવિભાગ એમ ચાર પ્રકાર છે. સામાયિકમાં ક્ષેત્ર શુદ્ધિ, કાળ શુદ્ધિ, આસન શુદ્ધિ, વિનય શુદ્ધિ, મન શુદ્ધિ,

વચન શુદ્ધિ, અને કાય શુદ્ધિ એમ સાત શુદ્ધિ હોવી જોઇએ.

કકળાટ કે કોલાહલ વિનાનું સ્થાન જ્યાં અનેક મનુષ્યો કે સર્પ ડાંસ મચ્છર આદિનો ઉપદ્રવ ન હોય તેને ક્ષેત્ર શુદ્ધિ કહે છે.

સવારમાં અરૂણોદય સમયે નિદ્રા અને પ્રમાદનો પરિહાર કરીને સામાયિક કરવું. સાધુઓને ગોચરી કરવાના સમયે એટલે બરાબર મધ્યાહ્‌ન કાળે બીજી વખત સામાયિક કરવું. સંધ્યાકાળનો સમય (જ્યારે સૂર્ય અર્ધો દેખાય છે તે વખત) ત્રીજી વખતનાં સામાયિકનો છે. જઘન્ય સામાયિક છ ઘડી ચાલે છે. જેટલા કાળ સુધી સામાયિક કરવાનું હોય તેટલો વખત સુધી શરીર ઉપરનો સર્વ મોહ છોડી મરણાંત ઉપસર્ગ થાય તો પણ સમભાવમાં લીન રહેવું એને કાળશુદ્ધિ કહે છે.

ઈંદ્રિઓના સર્વ વિષય વિકારોનો ત્યાગ કરીને, સર્વ જીવો તરફ ક્ષમા—સમતા ભાવપૂર્વક અમૂક કાળ સુધી પદ્માસને કે કાઉસગ્ગ ધ્યાને સ્થિતિ કરવી, અને તેટલો વખત આસનથી રોકાયલી કે પગતળેની જમીન સિવાય બંધ રાખવો તથા દેહ મમત્વનો પરિત્યાગ કરવો, દેવ, ગુરૂ, ધર્મ વિગેરેનો વિનય સાચવવો, અને આત્મસ્વરૂપને યથાર્થ વિચારી સર્વ પ્રપંચથી વેગળા રહેવું એને વિનય શુદ્ધિ કહે છે. રાગદ્વેષના ત્યાગને મન શુદ્ધિ અને ભાષા સમિતીને વચન શુદ્ધિ કહે છે. અસંયમનો ત્યાગ કરી સંયમમાં સ્થિતિ કરવી તેને કાયશુદ્ધિ કહે છે.

આ પ્રમાણે સામાયિક કરતો શ્રાવક મહાવ્રતી સરખો ગણાય છે. વૈરાગ્યવંત થઈને જીન વચનમાં પ્રેમ રાખી સ્નાન, વિલેપન, ભોજન, ધૂપ, સ્રીસંયોગ વિગેરેનો ત્યાગ કરી આઠમ કે ચઉદશને દિવસે (નિરારંભપણે) ઉપવાસ કરવો, અથવા ચૌવિહાર, એકભુક્ત, નીવી કે પચ્ચખાણ લઈને નિરારંભપણે રહેવું તેને પ્રૌષધ કહે છે.

તપોધન, દેશવ્રતી અને અવ્રત સમ્યગ્દ્રષ્ટિ સાધુઓને શ્રદ્ધાપૂર્વક આહાર, ઔષધ, અભય કે શાસ્રનું દાન યોગ્ય રીતે કરવું એ અતિથિસંવિભાગવ્રત કહેવાય છે. આત્મસ્વરૂપને યથાર્થ જાણનાર વિવેકી પુરૂષો પોતાનું આયુષ્ય ટૂંકું જાણીને અથવા તો મરણાંત ઉપસર્ગ, અસાધ્ય રોગ કે દુર્ભિક્ષના સમયમાં સંલેખના કરી સમાધિ મરણે શરીરનો ત્યાગ કરે તેને સંલેખના મરણ કહે છે.

આ રીતે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને પાળનાર શ્રાવકો વ્રત પ્રતિમાવાળા કહેવાય છે.

સમયે સમયે પોતાનો આત્મા સંભાળી, સર્વ જીવો તરફ સમભાવ રાખી, આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ઇંદ્રિયો, મન અને પ્રાણનો સંયમ રાખવો તેને સામાયિક પ્રતિમા કહે છે. સામાયિક પ્રતિમાવાળા આત્માર્થીજનો જન્મ જરા કે મરણનો ભય રાખતા નથી, આળસ વિના જીનસૂત્રનો અભ્યાસ કરે છે, આહાર અને નિદ્રા જેમ બને તેમ ઓછાં લઈ ઘણો કાળ કાઉસગ્ગ ધ્યાને વ્યતીત કરે છે અને મિથ્યાદૃષ્ટિ જનોના સંગ, વિકથા, કલહ વિગેરેથી દૂર રહે છે. આ પ્રતિમાળાઓએ સામાયિકના યોગ્ય સમયે સામાયિક કરવું જોઇએ.

હરેક આઠમ અને ચઉદસને દિવસે ૧૬ પહોરનો અતિચાર રહિત ઉપવાસ એટલે કે પ્રોષધોપવાસ કરવો અને ઘર વ્યાપાર ભોગઉપભોગની તમામ સામગ્રીઓ વિગેરેનો ત્યાગ કરી એકાંતમાં બેસી ધર્મધ્યાનમાં લીન થવું એ પ્રોષધ પ્રતિમા છે. પ્રોષધોપવાસવાળાઓ સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધર્મપૃચ્છા વિગેરે ધર્મકાર્યોમાં પોતાનો કાળ વ્યતીત કરે છે. તેઓ તેટલો વખત શરીર ઉપરનો સઘળો મોહ તજી દે છે અને ઇંદ્રિઓના વિકારોને કબજે રાખી ઇર્યાસમિતિ વિગેરેનું યથાર્થ પાલન કરે છે. મધ્યમ ૧૨ અને જઘન્ય આઠ પહોરનો પ્રોષધ હોય છે. કાચાં ફળ ફૂલ, બીજ, પાન મૂળ વિગેરે સચિત્ત વસ્તુઓનો ત્યાગ કરવો અને બીજાને તે ખાવાની અનુમતિ ન આપવી તેને સચિત્તત્યાગ પ્રતિમા કહે છે. જેનામાં જીવ હોય છે તે સચિત્ત દ્રવ્ય કહેવાય છે.

કૃત કારિત અનુમોદના વડે અને મનવચન કાયાથી સર્વ જાતના આહાર પાણીનો રાત્રિએ ત્યાગ કરવો તેને રાત્રિભોજન ત્યાગ પ્રતિમા કહે છે. આ પ્રતિમાવાળાઓ સૂર્યાસ્ત પહેલાં બે ઘડી અગાઉથી સૂર્યોદય પછી બે ઘડી થતાં સુધી આહાર પાણીનો બિલકુલ ત્યાગ કરે છે ને દિવસે નવવિધ બ્રહ્મચર્ય વ્રત પાળે છે.

કેટલેક સ્થળે આ પ્રતિમાનું નામ 'દિવા મૈથુન ત્યાગ' આપવામાં આવ્યું છે.

મનવચન કાયાથી સ્ત્રી માત્રનો ત્યાગ કરવો, સ્ત્રીના વિષયોનું સેવન કરવું કે કરાવવું નહિ તેમ તત્સંબંધી

અનુમોદના પણ આપવી નહીં અને હિંસાકર્મથકી ભયભીત રહેવું તેને બ્રહ્મચર્ય પ્રતિમા કહે છે.

મનવચન કાયાથી અને કૃત કારિત અનુમોદના વડે ગૃહકાર્ય સંબંધી સર્વ પ્રકારની ક્રિયાઓનો ત્યાગ કરવો એને આરંભ ત્યાગ પ્રતિમા કહે છે. આ પ્રતિમાવાળાઓ આરંભનો ઉપદેશ આપી શકતા નથી અને હિંસા કર્મોથી હમેશાં વેગળા રહે છે. આ પ્રતિમાવાળા સ્નાન દાન પૂજન વિગેરે કરી શકે છે.

કંદોરો અને કોપિન એ બે ચીજો રાખી ધન ધાન્યાદિ સર્વ પરિગ્રહોને પાપનાં કારણરૂપ માની સર્વથા તેનો ત્યાગ કરવો એને પરિગ્રહત્યાગ પ્રતિમા કહે છે.

ગૃહસ્થાશ્રમના કોઈ પણ કામની અનુમોદના ન કરવી એ અનુમતિ ત્યાગ પ્રતિમા છે. આ પ્રતિમાવાળાઓ સંપૂર્ણ ઉદાસીન બનીને ઘર ચૈત્યાલય કે મઠ વિગેરેમાં વાસ કરે છે, તેઓ માથે લોચ કરે છે, શાસ્ત્રનો અભ્યાસ કરતી વખતેજ બોલે છે, સાધુની માફક આહાર ગ્રહણ કરે છે અને ઈર્યાસમિતિ તથા ભાષા સમિતિનું યથાર્થ રીતે પાલન કરે છે.

જેઓ ઘર છોડી વન મઠ વિગેરે સ્થળોએ ખંડ વસ્ત્ર ધારણ કરી તપશ્ચર્યા, કાઉસગ્ગ, પદ્માસન વિગેરેથી કાળ ગમન કરે છે તેઓ ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમાવંત કહેવાય છે. તેઓ ઘણું કરી નિંદ્રા લેતા નથી, અને સાધુઓની માફક આહાર તથા લોચ કરે છે. આ પ્રતિમાધારીઓના ક્ષુલ્લક અને ઐલક એમ બે ભેદ છે. ક્ષુલ્લક શરીરપર નાની ચાદર રાખે છે અને ઐલક તો માત્ર એક લંગોટજ રાખે છે.

देश व्रत.

હવે દેશ વ્રત સંબંધે બોલીએ. દેશવ્રતી ૬૭ પ્રકૃતિ બાંધે છે. તેમાંથી મિથ્યાત્વ, હુંડક સંસ્થાન, સ્ફાટિક સંહનન, એકેંદ્રિય, સ્થાવર, આતાપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, અસાધારણ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉઇંદ્રિય, નર્કગતિ, નર્કગત્યાનુપુર્વી, નરકાયુ અને નપુંસકવેદ એમ ૧૬ પ્રકૃતિઓ મિથ્યાત્વ ગુણસ્થાનકે છુટી જાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, નિંદ્રા નિંદ્રા, પ્રચલા પ્રચલા, સ્ત્યાન ગૃદ્ધિ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, ન્યગ્રોધ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, વજનારાચ સંહનન, અર્ધ નારાચ સંહનન, કીલક સંહનન, અપ્રશસ્ત, સ્ત્રી વેદ, નીચ ગોત્ર, તિર્યંચ ગતિ, તિર્યંચ ગત્યાનુપૂર્વી, ઉદ્યોત પ્રકૃતિ, તિર્યંચ આયુ, એ પ્રમાણે ૨૫ પ્રકૃતિ આ ગુણસ્થને છુટી જાય છે. અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ, વજ્ર વૃષભ નારાચ સંહનન, મનુષ્યગતિ, મનુષ્ય ગત્યાનુપૂર્વી, મનુષ્ય આયુ એ પ્રમાણે દશ પ્રકૃતિઓ અવ્રત સમ્યક્ ગુણસ્થાનકે છુટી જાય છે. આહારક શરીર, આહારક અંગોપાંગ એ બેનો દેશવ્રતીને બંધ હોય નહિ. ચાર પ્રત્યાખ્યાન, અસ્થિર પ્રકૃતિ, અશુભ પ્રકૃતિ, અસાતા વેદનીય પ્રકૃતિ, અપયશ પ્રકૃતિ, અરતિ, શોક, દેવાયુ, નિદ્રા, પ્રચલા, તિર્થંકર પ્રકૃતિ, નિર્માણ પ્રકૃતિ, પ્રશસ્ત પ્રકૃતિ, પંચેંદ્રિય પ્રકૃતિ, તેજસ શરીર, કાર્માણ શરીર, સમ ચતુરસ્ત્ર સંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, વૈક્રિયકશરીર, વૈક્રિયક અંગોપાંગ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગુરૂ પ્રકૃતિ, અગુરૂ

પ્રકૃતિ, ઉપઘાત પ્રકૃતિ, પરઘાત પ્રકૃતિ, ત્રસ પ્રકૃતિ, બાદર પ્રકૃતિ, પર્યાપ્તિ, પ્રત્યેક, સ્થાવર, શુભ, સુભગ, સુભગ, આદેય, પુરૂષ વેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ, જ્ઞાનાવરણીય પાંચ પ્રકૃતિઓ, અંતરાય (૫) પ્રકૃતિઓ, ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય, કેવલદર્શનાવરણીય, યશ પ્રકૃતિ, ઉચ્ચ ગોત્ર, હાસ્ય પ્રકૃતિ, રતિ, ભય, જુગુપ્સા, સાતા વેદનીય પ્રકૃતિ, એમ દેશવ્રતીને ૬૭ પ્રકૃતિનો બંધ હોય છે.

હવે અનાગાર ધર્મ મહાવ્રતનું સ્વરૂપ કહેવામાં આવે છે. પ્રમત્ત ગુણસ્થાન, અપ્રમત્ત ગુણસ્થાન, અપૂર્વ કરણ ગુણસ્થાન, અનિવૃત્તિકરણ ગુણસ્થાન, સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન, ઉપશાંત કષાય ગુણસ્થાન, ક્ષીણકષાય ગુણસ્થાન એ સાત ગુણસ્થાનક સુધી સાધુ તપોધન ગણાય છે. તેમના ધર્મનાં ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ ઉત્તમ માર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ અકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય એમ દશ ગુણ છે.

વિહાર કરતાં સાધુઓની દુષ્ટ લોકો નિંદા કરે, મજાક ઉડાવે કે તાડન, વસ્ત્રહરણ વિગરે અનેક ઉપસર્ગો કરે તોપણ આત્મજ્ઞાનમાં મસ્ત એવા યોગી પુરૂષો શાંત પરિણામથી કોપાગ્નિને બૂઝાવી ક્રોધથી હમેશાં અળગા રહે છે તેને ઉત્તમક્ષમા ધર્મ કહે છે.

ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, રૂપ, વિજ્ઞાન, ઐશ્વર્ય, તપ જગ બળ, જપ, વીર્ય, લાભ, કર્મની લબ્ધિ, શ્રુત સિદ્ધાંતનો

અભ્યાસ એ વિગેરેનો સાધુ પુરૂષો ગર્વ કરતા નથી; તેમ નિંદાનો તેઓ પરાભવ કરતા નથી. આને માર્દવ ગુણ કહે છે.

મન વચન અને કાયાના યોગનું (માયા તથા પ્રપંચ રહિત) શુદ્ધ સંયમપૂર્વક પાલન કરવું અને સ્વભાવ સરલ તથા હૃદય કોમળ રાખવું એને આર્જવ ગુણ કહે છે. સત્ય અને જીન સૂત્રાનુસાર બોલવું તેને વચનયોગ કહે છે.

લોભના ત્યાગને શૌચધર્મ કહે છે. લોભ એ મોટામાં મોટો દુર્ગુણ છે અને તેના મેલથી મન અનેક વિકારોથી મલીન થાય છે. લોભી જીવો નિર્દય હોય છે અને તેમનો કોઈ વિશ્વાસ કરતું નથી. લોભના જીવીત લોભ, આરોગ્ય લોભ, ઇંદ્રિય લોભ અને ભોગ ઉપભોગ લોભ એમ ચાર પ્રકાર છે. એ દરેક ભાગના પાછા પોતાને અને પારકા માટે લોભ એમ બે પેટા ભાગ થઇ શકે છે. જેમકે પોતાનાં આરોગ્યનો લોભ, પારકાનાં આરોગ્યનો લોભ. આ સર્વ લોભનો ત્યાગ કરવો અને લોભરૂપ મેલને ક્ષીણ કરવો તેને શૌચ ધર્મ કહે છે.

વિતરાગ પ્રણીત માર્ગાનુસાર જીવન ગાળવું, આત્મજ્ઞાનામૃતનું સ્વાનુભવથી પાન કરવું, છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ એ સર્વમાંથી આત્માને જૂદો નીરખી તેનું આરાધન કરવું તેને સત્ય ધર્મ કહે છે.

સંયમના ઉપેક્ષા સંયમ અને અભૂતિ સંયમ એમ બે ભેદ છે. મનગુપ્તિ, કાયગુપ્તિ અને વચન ગુપ્તિમાં સાવધાન

રહીને, ધ્યાનમુદ્રા પૂર્વક, ઉત્તમ સંયમનું યથાર્થ પાલન કરી રાગદ્વેષનો ત્યાગ કરવો અને આત્મધ્યાનમાં તલ્લીન થઇ જવું તેને ઉપેક્ષા સંયમ કહે છે.

ઇર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણા અને પ્રતિષ્ઠાપન એ પાંચ સમિતિનું પાલન કરનાર અપહુત સંયમી કહેવાય છે.

આળસ રહિત ચાર હાથ જમીન આગળ દેખીને ચાલવું તેને ઇર્યાસમિતિ કહે છે. રત્નત્રયના આરાધક સર્વ જીવ તરફ સમાન ભાવ રાખવાવાળા ઇર્યાસમિતિ યુક્ત સંયમી જીવો કોઇ પણ જીવને જરાપણ નુકસાન ન થાય તેમ હળવે હળવે શરીર સંકોચીને એકાગ્ર દ્રષ્ટિ રાખીને ચાલે છે. તેઓ સાધુની દ્રષ્ટિથી ચાલે છે અને ચાલતાં ત્રસ કે સ્થાવર જીવોનો ઘાત ન થાય તેની ખાસ દરકાર રાખે છે.

હિતકારક, નીતિયુકત અને મીઠાં વચન બોલવાં તેને ભાષાસમિતિ કહે છે. ભાષાસમિતિવાળા જીવો માપસર અને અસંગ્ધ વચનો બોલે છે. તેઓ નિંદા, અનર્થ, કષાય, મશ્કરી, શ્રાપ, અધર્મ, અપ્રીતિ, કલેશ, કે આત્મશ્લાઘા યુકત બોલ કદિ બોલતા નથી.

આત્માર્થી સાધુજનો—દિગંબર મુદ્રાધારી સંયમી પુરૂષો શરીર સંરક્ષણ કે તપની વૃદ્ધિ અર્થેજ આહાર લે છે. તેઓ ભિક્ષાનો વખત જાણી આત્મતત્વનું ચિંત્વન કરતાં, શરીર ઉપરનો સર્વ મોહ છોડી દેશકાળ અનુસાર શુદ્ધ નિર્દોષ આહાર લે છે તેને એષણા સમિતી કહે છે. આ સમિતીવાળાઓ અન્ય જીવોને કોઇપણ રીતે ઉપદ્રવ કે વિરોધ

થાય તેવો આહાર લેતા નથી. તેમ પાણીપાત્ર સિવાય બીજા કોઇ પાત્રમાં તેમનાથી આહાર ગ્રહણ થઇ શકતો નથી. કારણકે બીજાં વાસણો વાપરવાથી સંરક્ષણ, આરંભ, હીનપણું, અયાચકવ્રતનો ભંગ આદિ અનેક પાપ થાય છે. એષણા સમિતીવાળા સાધુજનો ભવ્ય નિરાબાધ સ્થળે એકાંતમાં ટટ્ટાર ઉભા રહી (બે પગ વચ્ચે ચાર આંગળનો અંતર રાખી) કુખ ઉપર બન્ને હાથની કોણી રાખી પાણિ પાત્રે સ્થિર દ્રષ્ટિથી આહાર ગ્રહણ કરે છે.

પોતાની પાસેનાં શાસ્ત્ર, પીંછી, કમંડલુ વિગેરે ઉપકરણો (ભૂમી જોઇને) સાવધાનીથી લેવાં મૂકવાં તેને આદાન નિક્ષેપણા સમિતી કહે છે.

ત્રસ જીવોનો વિરાધન ન થાય તે પ્રમાણે મળ, મૂત્ર નખ, શ્લેશ્મ વગેરેનો પ્રમાદ રહિત થઇને (નિર્મળ ભૂમી જોઇને) ત્યાગ કરવો તેને પરિસ્થાપના સમિતી કહે છે.

અપહૃત સંયમ પાળવાવાળાઓને ભાવ શુદ્ધિ, કાય શુદ્ધિ, વિનય શુદ્ધિ, ઇર્યાપંથ શુદ્ધિ, અને વચન શુદ્ધિ એમ આઠ શુદ્ધિની જરૂર છે. આઠ શુદ્ધિનાં પાલનથી સંયમ નિર્મલતાને પામે છે.

આત્મતત્વ ચિંતનમાં મન લુબ્ધ થઇ ગયેલું હોય, સ્વબળથી આત્મજ્ઞાન અને આત્મસુખનો અનુભવ થયો હોય, અને રત્નત્રયના આરાધક બની બાહ્ય વિષયોમાં રાગ દ્વેષનો ત્યાગ થાય તેને ભાવ શુદ્ધિ કહે છે. પાંચ પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરી દિગંબર રૂપે ઉપશમ ભાવ ધરી શરીર શુશ્રુષાથી અળગા રહેવું તેને કાય શુદ્ધિ કહે છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠીને વ્યવહારે કરી ગુરૂ માનવામાં આવે છે. આત્મ સ્વરૂપ અને બોધીબિજના પ્રકાશક શ્રી અરિહંત અને જીન સૂત્ર વાચન તથા સ્વાધ્યાય આદિમાં કાળક્ષેપ કરનાર આચાર્ય વિગેરે તેમની આજ્ઞાનું પાલન કરવુ તેને વિનય શુદ્ધિ કહે છે.

અન્ય જીવોને વિરાધના ન થાય તેમ ચાલવું, કોઇ પણ પ્રાણીને પીડા ન કરવી, જ્ઞાન દ્રષ્ટિથી સર્વ જીવોને સમાન લેખવા, ઉતાવળે કે પ્રમાદ પૂર્વક ન ચાલવું, ચાલતાં ચાલતાં ક્રીડા કે હાંસીથી અળગા રહેવું, અને સ્થિર તથા મૌન રહીને ચાલવું તેને ઈર્યાપંથ સમિતી કહે છે.

લાભ, અલાભ, માન, અપમાન સરખા ગણીને મનને સમભાવવાળું કરીને સર્વ જીવોને હિતકારક અને આચારની વિધી અનુસાર તથા દેશકાળ અનુકુળ આહાર લેવો તેને ભિક્ષા શુદ્ધિ કહે છે. વેશ્યા, પારધીઓ, ચાંડાળો, ધોબીઓ, માંસભક્ષકો એ વગેરેનાં ઘરોમાં કે જન્મ મરણ ગાયન વાદન ઇત્યાદી પ્રસંગોએ ભિક્ષા લેવી નહિ. ભિક્ષાશુદ્ધિવાળાઓ ઘરની સંખ્યા મનમાં ધારીનેજ ભિક્ષાર્થે નીકળે છે અને સારો નરતો જેવો આહાર મળે તે ગ્રહણ કરે છે.

ત્રસજીવોનો વિરાધ ન થાય તે પ્રમાણે મળમૂત્ર, થુંક, શ્લેષ્મ વિગેરેનો પ્રમાદ રહિત થઇને (સાફ જમીન જોઇને) ત્યાગ કરવો તેને પ્રતિષ્ઠાપના શુદ્ધિ કહે છે.

સ્રીઓ, અસંયમી મૂર્ખજનો, દારૂડીઆઓ, નટવાઓ દાસદાસીયો, જુગારી, ચોર, લપંગાઓ, વેશ્યા વિગેરેનો

જ્યાં વાસ કે સંસર્ગ હોય ત્યાં સાધુ પુરૂષોએ શયન કરવું નહિ. સાધુજનોએ જે ઠેકાણે શ્રૃંગાર—કળા, ગીત, નૃત્યાદિ થતાં હોય ત્યાં વાસ કરવો એ અનુચિત છે. વળી મલ્લ લોકોના અખાડા, વિવિધ ચિત્રામણો, વિષયવાસનાને ઉ-તેજક અનેક દ્રશ્યો, અને સ્ત્રીઓનાં મનોહરાંગો વિગેરે સંયમીજનોએ નિહાળવાં નહિ. સાધુપુરૂષોએ તો જ્યાં માન, મત્સર, શોક, કોપ કે કલેશ ન ઉપજે તેવાં કોતર, પર્વત--ગુફા આદિ એકાંત સ્થળમાં વાસો કરવો જોઇએ અને ત્યાં પદ્માસન પ્રમુખ આસને સ્થિતિ કરી આત્મધ્યાનમાં રમણ કરવું જોઇએ. આને શયનાસન શુદ્ધિ કહે છે.

હિતકારક, નીતિયુક્ત, નિરારંભ અને મીઠાં વચન બોલવાં તેને વચન શુદ્ધિ કહે છે. વચન શુદ્ધિવાળા સાધુ પુરૂષો માપસર અને અસંદગ્ધ વચનો બોલે છે. તેઓ નિંદા, અનર્થ, કષાય, અધર્મ, અપ્રીતિ, કલેશ કે યુદ્ધ કથા, કામ કથા, રાજ્ય કથા, સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા વિગેરે સંબંધી વાત કરતા નથી.

ઉપરોક્ત આઠ શુદ્ધિઓ જીવને સંયમ ઉપજાવે છે. સંયમના સામાયિક સંયમ, છેદોપસ્થાપના સંયમ, પરિહાર વિશુદ્ધિ સંયમ, સૂક્ષ્મસાંપરાય સંયમ, અને યથાખ્યાત સંયમ એમ પાંચ ભેદ છે.

મન વચન કાયાના સર્વ (અસંયમ યુકત) વિચારો અને આર્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને કાળની મર્યાદા પૂર્વક ઉપશમ ભાવે પદ્માસને કે કાઉસગ્ગે સ્થિતિ કરીને નિરાલંબપણે આત્મસ્વરૂપ ચિંત્વન કરવું તેને સામાયિક ચારિત્ર

કહેછે. સામાયિક ભાવ અને સહજ સમાધિપદથી ખસેલા ભાવોને સંયમ અને વિવેકપૂર્વક પુનઃ સમભાવ પદમાં. સ્થાપિત કરવા તેને છેદોપસ્થાપના ચારિત્ર કહેછે. પ્રમ-ત્ત ગુણસ્થાન, અપ્રમ-ત્ત ગુણસ્થાન, અપૂર્વકરણ ગુણસ્થાન, નિવૃ-ત્તિકરણ ગુણસ્થાન એ ચારે ગુણસ્થાનમાં છેદોપ-સ્થાપના ચારિત્ર હોય છે. સત્ય મનોયોગ અસત્ય મનોયોગ, ઉભય મનોયોગ, અનુભય મનોયોગ, સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ, ઉભય વચનયોગ, અનુભય વચનયોગ, ઔદારીક કાયયોગ, આહારક કાયયોગ, આહારક મિશ્ર, કાય-યોગ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, નપુંસક વેદ, પુંવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ, એ પ્રમાણે સામાયિક છેદોપસ્થાપનામાં ૨૪ આશ્રવ હોયછે.

મતિ જ્ઞાનાવરણીય, શ્રુત જ્ઞાનાવરણીય, અવધિ જ્ઞાનાવરણીય, મનઃ પર્યવ જ્ઞાનાવરણીય, અને કેવળ જ્ઞાના-વરણીય એમ જ્ઞાનાવરણીય કર્મના પાંચ ભેદ છે. ચક્ષુદર્શના વરણીય, અચક્ષુ દર્શનાવરણીય, નિદ્રા, નિદ્રા, નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્ત્યાન ગૃદ્ધિ, અવધિદર્શનાવરણીય એ પ્રમાણે દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે. સાતા વેદનીય અને અસાતા વેદનીય એમ વેદનીય કર્મના બે ભેદ છે. મિથ્યાત્વ, અનંતાનુબંધી ચાર, અપ્રત્યાખ્યાન ચાર, સંજવલન ચાર, હાસ્યાદિક છ (પ્રકૃતિઓ,) અને ત્રણ વેદ એમ મોહીની કર્મના ૨૬ ભેદ છે. નરક આયુ, તિર્યંચ આયુ, અને દેવ આયુ એમ આયુકર્મના ચાર ભેદ છે.

વજ્રર્ષભ નારાચ સંહનન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, અર્ધનારાચ સંહનન, કીલક સંહનન, સ્ફાટિક સંહનન,

સમચતુરસ્ર સંસ્થાન, ન્યગ્રોધ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, હુંડક સંસ્થાન, એકેંદ્રિય, બે ઇન્દ્રિય, તેંઇદ્રિય ચઉઇંદ્રિય, પંચ ઇન્દ્રિય, નરક ગતિ, નરક ગત્યાનુપૂર્વી, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપ્રશસ્ત ગતિ, તિર્યંચ ગતિ, તિર્યંચ ગત્યાનુપુર્વી, ઉદ્યોત પ્રકૃતિ, ઔદારીક શરીર, ઔદારીક અંગોપાંગ, મનુષ્ય ગતિ, મનુષ્ય ગત્યાનુપુર્વી, અસ્થિર પ્રકૃતિ, અશુભ પ્રકૃતિ, અયશ પ્રકૃતિ, તીર્થંકર, નિર્માણ, સુભગ ગતિ પ્રકૃતિ, પંચેંદ્રિય જાતિ, તેજસ શરીર, કાર્માણ શરીર, આહારક શરીર, આહારક અંગોપાંગ, દેવગતિ, દેવગત્યાનુપુર્વી, વૈક્રિયક શરીર, વૈક્રિય અંગોપાંગ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઉચ્છ્વાસ, અગુરૂલઘુ, ઉપઘાત, પરઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ પ્રકૃતિ, સુસ્વર પ્રકૃતિ, આદેય અને યશ પ્રકૃતિ એમ નામ કર્મના ૬૭ ભેદ છે.

ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર એમ ગોત્ર કર્મના બે ભેદ છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, અને વીર્યાંતરાય એમ અંતરાયકર્મના પાંચ ભેદ છે.

આમ સર્વ મળી કર્મોની ઉત્તર પ્રકૃતિઓ ૧૨૦ છે. આમાંની ૧૬ પ્રકૃતિ મિથ્યાત્વ ગુણસ્થાને, ૨૫ પ્રકૃતિ સાસાદન ગુણસ્થાનકે, દશ પ્રકૃતિ અવ્રત સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાને અને ચાર પ્રકૃતિ દેશવ્રત ગુણસ્થાને છુટી જાય છે. આહારક અંગોપાંગનો બંધ પ્રમત્ત ગુણસ્થાને હોતો નથી તેથી એ ગુણઠાણે માત્ર ૬૩ પ્રકૃતિઓનો (ઉપલી ૫૭ બાદ કરતાં) બંધ હોયછે. અસ્થિર પ્રકૃતિ, અશુભ પ્રકૃતિ અસાતા

પ્રકૃતિ, અયશ પ્રકૃતિ, અરતિ પ્રકૃતિ, શોક પ્રકૃતિ એ છ પ્રકૃતિનો બંધ અપ્રમત્ત સંયમીને હોતો નથી. આઠમે ગુણસ્થાને દેવાયુનો બંધ હોતો નથી અને માત્ર ૫૮ પ્રકૃતિનોજ બંધ હોયછે, નિદ્રા, પ્રચલા, તીર્થંકર પ્રકૃતિ, નિર્માણ પ્રકૃતિ, સુભગ પ્રકૃતિ, પંચેંદ્રિય પ્રકૃતિ, તેજસ શરીર, કાર્માણ શરીર, આહારક શરીર, આહારક અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, વૈક્રિયક શરીર, વૈક્રિયક અંગોપાંગ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગુરૂ પ્રકૃતિ, અગુરૂ પ્રકૃતિ, ઉપઘાત પ્રકૃતિ, પરઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુસ્વર, આદેય, સુભગ, હાસ્ય, અરતિ, ભય, જુગુપ્સા એ ૩૬ પ્રકૃતિનો બંધ નવમે અનિવૃત્તિકરણ ગુણસ્થાને હોતો નથી એટલે સંયમી નવમે ગુણસ્થાનકે માત્ર ૨૨ પ્રકૃતિ બાંધે છે. પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાયનો બંધ નવમે ગુણસ્થાને છૂટી જાય છે અને તેથી દસમે સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનકે માત્ર ૧૭ પ્રકૃતિઓનો બંધ હોય છે. યથાખ્યાત સંયમીને પાંચ જ્ઞાનવરણીય, પાંચ અંતરાય, તથા ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય, કેવલ દર્શનાવરણીય અને યશ પ્રકૃતિ એમ ૧૬ પ્રકૃતિઓ હોતી નથી. અપૂર્વકરણ ગુણસ્થાનની ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણી એમ બે શાખા છે. જ્યારે આત્મરસથી ભીનાં એવાં પરિણામ સબળ અને સમર્થ હોય ત્યારે સંયમી ક્ષપક શ્રેણીએ ચઢે છે અને ઉપશમ ભાવ યુક્ત હોય ત્યારે ઉપશમ શ્રેણીએ ચઢે છે. ઉપશમ ભાવ અને ક્ષપક ભાવ બન્નેમાંથી નિવૃત્ત થવું તેને અનિવૃત્તિ-

કરણુ કહે છે. સામાયક છેદોપસ્થાપના સંયમીને ૨૪ આશ્રવ, ૩૧ ભાવ અને ૬૩ કર્મ પ્રકૃતિનો બંધ હોય છે.

ઇંદ્રિયો અને પ્રાણુનો સંયમ કરી તેનો ત્યાગ અને પરિહાર કરી નિરતિચાર સંયમપૂર્વક રહેવું તેને પરિહાર શુદ્ધિ સંયમ કહે છે. એનું પાલન ત્રણુ વર્ષથી વધારેમાં વધારે નવ વર્ષ થઇ શકે છે. તીર્થંકર પ્રમુખના સંસર્ગમાં રહેનાર ભવ્ય મહાત્માઓજ આ દુષ્કર સંયમનું પાલન કરી શકે છે. તેઓ નવમાં પ્રત્યાખ્યાન પૂર્વ સુધી અભ્યાસ કરી શકે છે અને સવાર સાંજ અને બપોર એ દરેકની ચાર ઘડી સિવાય દિવસના કોઈ પણુ વખતે બે ગાઉ ચાલે છે. પરિક્ષા નિમિ-તે કે વૈર બુદ્ધિથી જો કોઇ તેમની પાંચમી સમિતિનો નાશ કરવા અનેક ઉપસર્ગ કરે તોપણુ તેઓ (ઉત્કૃષ્ટ છ માસ સુધી) પોતાના સંયમને અતિચાર લાગવા દેતા નથી. પરિહાર વિશુદ્ધિ સંયમી જનો પહેલાં કાં બીજાં ગુણુસ્થાને હોય છે.

સ્થૂલ તથા સૂક્ષ્મજીવો તરફ દયા ભાવથી રહેવું, સંયમના ભાવનો ઉત્સાહ રાખવો, દુષ્કર ક્રિયાઓને અતિ-ચાર ન લાગવા દેવા, રત્નત્રયનું આરાધન કરવું અને રાગ દ્વેષનો ધ્યાનાગ્નિથી નાશ કરી મોહને ક્ષીણુ કરવો તેને સૂક્ષ્મસાંપરાય સંયમ કહે છે. દશમે ગુણુસ્થાને કેવળ આત્માસુખ પ્રાપ્ત થાય ત્યાં સુધી રાગપૂર્વક સંયમ વ્રતનું પાલન કરવું તેને સરાગ સંયમ કહે છે.

લોભ કરવાથી યથાખ્યાત ચારિત્ર વિગેરેનું પાલન થઈ શકતું નથી માટે શરીરાદિક બાહ્ય સામગ્રીઓમાં લોભ

કરવો નહિ. સૂક્ષ્મસંપરાય સંયમીને મોહનીય સંજ્વલનનો લોભ હોય છે અને બીજા ચાર કષાય હોતા નથી.

કલંક પરિહાર વિશુદ્ધિ સંયમીને (ચાર) મનોયોગ, (ચાર) વચન યોગ, ઔદારીક શરીર, હાસ્યાદિક છ પ્રકૃતિઓ, પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાય એ પ્રમાણે ૨૦ આશ્રવ હોય છે. અને ત્રણ લેશ્યા, પુરૂષ વેદ, મનુષ્ય ગતિ, ચાર કષાય અજ્ઞાન ભાવ, અસિદ્ધત્વ, જ્ઞાન, દર્શન, દાન લબ્ધિ, જીવતત્વ, ભવ્યત્વ, સમ્યકત્વ, સરાગ ચારિત્ર એ પ્રમાણે ૨૮ ભાવ હોય છે.

સૂક્ષ્મસાંપરાય સંયમીને ચાર મનોયોગ, ૪ વચન યોગ, ઔદારીક કાયયોગ, સંજ્વલન લોભ, એ પ્રમાણે દશ આશ્રવ હોય છે. અને શુકલ લેશ્યા, મનુષ્ય ગતિ, સૂક્ષ્મ લોભ, અજ્ઞાન ભાવ, અસિદ્ધત્વ ભાવ, (ચાર) જ્ઞાન, ૩ દર્શન ૫ દાનાલબ્ધિ, જીવતત્વ, ભવ્યત્વ, સમ્યકત્વ અને સરાગ ચારિત્ર એ પ્રમાણે ૨૭ ભાવ હોય છે. તથા જ્ઞાનાવરણીય પ્રકૃતિ, અંતરાય પ્રકૃતિ, ચક્ષુદર્શનાવરણીય પ્રકૃતિ, અચક્ષુ દર્શનાવરણીય પ્રકૃતિ, અવધિ દર્શનાવરણીય પ્રકૃતિ, કેવલ દર્શનાવરણીય પ્રકૃતિ, યશ પ્રકૃતિ, ઉચ્ચ ગોત્ર, સાતા વેદનીય પ્રકૃતિ, એ પ્રમાણે ૧૭ પ્રકૃતિઓનો સૂક્ષ્મ સાંપરાય સંયમીને બંધ હોય છે.

યથાખ્યાત ચારિત્રવાળા છેલ્લાં ચાર ગુણસ્થાનમાંથી કોઈ પણ એકમાં હોય છે. તેમાં મોહનીકર્મની પ્રકૃતિઓ ઉપશમે છે કે નાશ પામે છે અને આત્મસ્વભાવમાં લીન થઈ શુદ્ધ નિર્વિકલ્પ સુખનું આસ્વાદન કરે છે યથાખ્યાત

ચારિત્રવાળાઓને મોહનો સમૂળગો નાશ થયો હોય છે. ઉદારિક કાયયોગ, ૪ મનોયોગ અને - વચનયોગ એ પ્રમાણે ઉપશાંત કષાય સંયમીને નવ આશ્રવ હોય છે. ક્ષીણ કષાય સંયમીને અસત્ય મનોયોગ, અસત્ય ઉભય મનોયોગ વચન યોગ, સત્ય વચન યોગ, અને અનુભય વચનયોગ હોય છે. ઔદારિક કાય યોગ, ઉદારિક મિશ્ર કાય યોગ, કાર્માણ કાય યોગ એમ ચાર આશ્રવો (ઉપલામાંથી) હોતા નથી. સયોગી કેવળીને સત્ય મનોયોગ, અનુભય વચન યોગ, ઔદારીક કાય યોગ ઔદારીક મિશ્ર કાય યોગ, કાર્માણ કાય યોગ એ પ્રમાણે સાત યોગ હોય છે. અયોગી કેવળીને આશ્રવ હોતા નથી.

શુકલ લેશ્યા, ગતિ, અજ્ઞાન ભાવ, અસિદ્ધત્વ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન, ચક્ષુદર્શન, અવધિ દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, જીવત્વ, ભવ્યત્વ, ઉપશમ સમ્યગ્દર્શન, ક્ષાયિક સમ્યગ્દર્શન, ઉપશમ ચારિત્ર એમ ૨૧ ભાવ ઉપશાંત કષાય ગુણસ્થાને હોય છે. આમાંના ઉપશમ ચારિત્ર અને ઉપશમ સમ્યકત્વ એ બે ભાવો ૧૨ માં ગુણસ્થાનકે હોતા નથી પણ ક્ષાયિક ચારિત્રનો વધારો થાય છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અજ્ઞાનભાવ અને દાનાદિ લબ્ધિ (પાંચ) એ પ્રમાણે ૧૩ ભાવ સયોગી કેવળીને હોતા નથી. કેવળ દર્શન, કેવળ સુખ, ક્ષાયિક ચારિત્ર, દાનાદિક ક્ષાયિક પાંચ લબ્ધિ, મનુષ્ય ગતિ, અસિદ્ધત્વ, શુકલ લેશ્યા, ભવ્યત્વ જીવત્વ એ પ્રમાણે ૧૪ ભાવ હોય છે. અયોગી કેવળીને શુકલ લેશ્યા હોતી નથી અને

(ઉપલામાંથી) બાકીના ૧૩ ભાવ હોય છે. તેઓ દાનાદિ ૪ લબ્ધિ, ભવ્યત્વ, અસિદ્ધત્વ, મનુષ્ય ગતિ અને યથાખ્યાત ચારિત્ર એમ આઠ ભાવનો ક્ષય કરીને જ્યારે તેઓ મોક્ષ પામે છે ત્યારે કેવળજ્ઞાન, કેવલ દર્શન, અનંત વીર્ય ક્ષાયિક સમ્યક્ત્વ અને ચૈતન્યભાવ એમ પાંચ વાનાં (સિદ્ધોને) હોય છે.

જ્ઞાનાવરણીય પ્રકૃતિ (પાંચ), અંતરાય પ્રકૃતિ (પાંચ), ચક્ષુદર્શનાવરણીય પ્રકૃતિ, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવલ દર્શનાવરણીય, ઉચ્ચ ગોત્ર, યશ પ્રકૃતિ એ પ્રમાણે ૧૬ પ્રકૃતિનો બંધ યથાખ્યાત સંયમીને હોતો નથી. માત્ર ઉપશાંત કષાય ગુણસ્થાને સાતાવેદની કર્મ બંધાય છે.

व्रत.

સારાં કામો કરવાનો નિયમ લેવો અને બૂરાં કામોનો ત્યાગ કરવો એ વ્રત કહેવાય છે. માર્ગમાં ગમન કરતાં બેસતા, સૂતાં વિગેરે સમયે કોઇ જીવની હિંસા કરવી કે કરાવવી નહી અને તત્ સંબંધી અનુમોદના પણ ન આપવી તેને અહિંસાવ્રત કહેછે. અહિંસાવ્રતથી જીવ સંસાર સમુદ્રને તરી જાય છે અને તેનાથીજ તે સ્વર્ગ વિગેરેનાં સુખો પ્રાપ્ત કરીશકે છે, દયાવ્રત સ્થિર કરવાને વચન ગુપ્તિ, ઇર્યા સમિતી, આદાન નિક્ષેપણા સમિતિ, મનોગુપ્તિ અને સૂત્રાનુસાર આહાર લેવો એ પાંચ વાનાં બહુ જરૂરના છે. આ પાંચથી પ્રથમ મહાવ્રતનું યથાર્થ પાલન થાય છે.

હિંસાયુક્ત કે કર્કશ વચનો ન બોલવાં, મર્મ કે નિષ્ઠુર વચનોનો ત્યાગ કરવો, ભય કે શંકા ઉપજાવે તેવા

બોલ ન બોલવા અને હંમેશાં સર્વને સંતોષ, સુખ, ધર્મ, બુદ્ધિ, વિવેક અને લાભ પ્રાપ્ત થાય એવાં મીઠાં વેણ બોલવાં તેને સત્ય વચન વૃત્ત કહે છે.

મહાવ્રતની રક્ષા અર્થે સર્વદા ક્રોધથી દૂર રહેવું. ક્રોધથી સત્યવ્રત નાશ પામેછે માટેપ્રથમ તો લોભનું પચ્ચખાણ લેવું. પણ જીવ જ્યારે સર્વ પ્રકારના ભયથી રહિત બને છે ત્યારેજ સત્ય મહાવ્રતનું યથાર્થ પાલન થઇ શકે છે. આનું કારણ એ છે કે ભયભ્રાંત જીવો અસત્ય વચન બોલે છે. માટે અવિનાશી સુખના ભંડાર અને અનંત બળ (વીર્ય) તથા ગુણ સંપન્ન આત્માને જાણી ભયથી હંમેશા અળગા રહેવું. હે જીવ ! શાશ્વત પદાર્થોને કદાપિ ભય હોતો નથી કારણકે તેનો કદિ નાશ થતોજ નથી. તે માટે સત્ય મહાવત્તનાં રક્ષણાર્થે સદા ભયથી દૂર રહેવું ॥ ૨ ॥ વળી હે જીવ, જો તારે સત્ય મહાવ્રત હૃદયમાં યથાર્થ રીતે ધારણ કરવું હોય તો હાસ્ય વચનોનો સર્વથા ત્યાગ કરજે. કારણકે હાંસી એ મોહનીકર્મની પ્રકૃતિ છે અને જયાં આ કર્મ પ્રવર્તે છે ત્યાં સત્ય મહાવ્રતનું પાલન થઇ શકતું નથી. માટે સત્ય મહાવ્રત બરોબર પાળવાને હસવાનું પચ્ચખાણ લેવું એ ઘણું જરૂરનું છે. ॥ ૩ ॥

હે આત્મન, અવિચારી વચનો બોલવાથી સત્ય વ્રતનો ભંગ થાય છે, અને વિવેક વગરનું બોલવાથી સત્ય મહાવ્રત મલીનપણાને પામે છે. માટે દરેક શબ્દ—બોલ હંમેશાં બરોબર વિચાર કરીનેજ બોલવા ॥૪॥ રે જીવ ! લોભ કરવાથી સત્ય મહાવ્રત મલીન થાય છે. વળી લોભી

જીવો સત્ય વચન ઘણુંખરૂં બોલતા નથી. તેથી લોભ એ સંયમી પુરૂષોને મહા કલંક રૂપ છે. માટે સુખભંડાર રૂપ આત્મતત્વને છોડીને સત્ય મહાવ્રતને હાનિકારક બાહ્ય વિકારો તરફ તૃષ્ણા (લોભ) રાખવી નહિ ॥૫॥

આ પ્રકારે ક્રોધ પચ્ચખાણ, ભય પચ્ચખાણ, હાસ્ય પચ્ચખાણ, અવિવેક વચન પચ્ચખાણ, લોભ પચ્ચખાણ, એ પાંચે પચ્ચખાણથી સત્ય વ્રતનું યથાર્થ પાલન થઈ શકે છે.

त्रीजुं महाव्रत (ब्रह्मचर्य व्रत)

પુરૂષવેદ કે સ્ત્રીવેદની વેદનાએ કરીને સ્ત્રી પુરૂષો જે કર્મ કરે છે તેને મૈથુન કહેવાય છે. ચારિત્રમોહનીય કર્મના ઉદયથી એકબીજાના વિવિધ અંગોને સ્પર્શ કરવો કે ગુહ્ય અંગોને પ્રગટ કરવાં, તિર્યંચ, દેવ કે મનુષ્યનાં ચિત્રો રાગપૂર્વક નિહાળવાં એ વિગેરેથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય છે. બ્રહ્મચર્ય વ્રતનું યથાર્થ પાલન કરવાને નીચલી પાંચ બાબતો તરફ ખાસ લક્ષ રાખવું જોઈએ:—

૧ મન વચન કાયાના યોગનું રૂંધન કરવું.

૨ પહેલા ભોગવેલા વિષયોનું સ્મરણ ન કરવું.

૩ વિષય વિકારોને ઉત્તેજીત કરે એવી કથાઓ સાંભળવી નહિ.

૪ સ્ત્રીઓનાં મુખ, નાભિપ્રદેશ, જંઘા, સ્તન વિગેરે અંગો નિહાળવાં નહિ.

૫ કામોદ્દિપક મિષ્ટ આહાર, શરીર શુશ્રુષા, સુગંધી પદાર્થો, દંતધાવન અને પાદપ્રક્ષાલન એ વિગેરેથી દૂર રહેવું.

परिग्रहपरिमाण व्रत.

પારકાની અદત્ત- અયોગ્ય વસ્તુ લેવી નહિ, કોઈની પડેલી વસ્તુ જમીન ઉપરથી ઉપાડવી નહિ, ચોરી વિગેરે કર્મ કરવાં નહિ કે તત્સંબંધી અનુમોદના આપવી નહિ, બીજાને આબાધા ઉપજે એવી રીને કોઇ પણ સ્થળે નિવાસ ન કરવો, કોઈ સ્થળે રહેવા માટે કોઇ સાધુ કે મનુષ્ય સાથે તકરાર ન કરવી અને આચારાંગ સુત્રમાં લખેલ ભિક્ષા શુદ્ધિના નિયમાનુસાર આહાર ગ્રહણ કરવો તેને અદત્તાદાન વિરમણ વ્રત્ત કહે છે. આ વ્રતવાળો લોભ વિગેરે પ્રમાદથી બીજાની વસ્તુ લઈ શકે નહિ તેમ બીજાની પડી ગયેલી વસ્તુ પોતે ઉઠાવીને બીજાને આપી શકે નહિ.

पांचमुं परिग्रहत्याग व्रत.

એમાં બાહ્ય પરિગ્રહ અને અંતરંગ પરિગ્રહ એમ બે ભાગ છે. બાહ્ય પરિગ્રહના ક્ષેત્ર, વસ્તુ, ધન, ધાન્ય, દ્વિપદ (બે પગવાળા) પ્રાણીઓ, ચતુઃપદ, વાહન, શય્યા, આસન, અને વાસણ એમ ૧૦ ભેદછે. અને અંતરંગ પરિગ્રહના (મિથ્યાત્વ ભાવે) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, વેદ વિકાર, રાગ, અને દ્વેષ એમ ૧૪ ભેદ છે. અનાદિ કાળના અભ્યાસ માત્રથીજ જીવને અંતરગ પરિગ્રહ ઉપજે છે. રાહુ જેમ ચંદ્રમાને ગ્રહે છે તેમ આ ૨૪(૧૦+૧૪) પરિગ્રહો જીવનું હમેશાં ગ્રહણ કરે છે. મન વચન કાયાના યોગે કરીને અને અનુમોદના (કૃત કારિત) થકી પણ પરિગ્રહનો ત્યાગ કરવો તેને પરિગ્રહત્યાગ વ્રત કહે છે.

આ વ્રતની રક્ષા અર્થે પાંચે ઇંદ્રિઓના વિકારનો ત્યાગ કરવો આવશ્યક છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચે વિષયો કહેવાય છે. જ્ઞાની-જનોએ એ વિષયો સુગમ કે મનોહર હોય તો પણ તેમાં રાગ કરવો નહિ અને (એ વિષયો) અપ્રિય કે દુઃખનાં કારણભૂત હોય તો તેથી દ્વેષભાવ કરવો નહિ. બીજાને દુઃખ આપવાની ઈચ્છા થાય ત્યારે કોઇ માણસ આપણને ઉપદ્રવ કે ઇજા કરે તો આપણું મન જેમ અત્યંત દુઃખ પામે છે તેમ અન્ય જીવને નુકસાન કે ઉપદ્રવ કરવાથી તેને પણ તેટલુંજ દુઃખ થાય એમ જ્ઞાનથી વિવેકપૂર્વક વિચાર કરવો. વળી ખોટું બોલી પારકા ઉપર મિથ્યા આળ મૂકતાં, કે કડવાં વચન બોલી બીજાનું મન દુઃખવતાં કે ઇષ્ઠ સામગ્રીનું હરણ કરતાં વિગેરે પાપકાર્યો કરતાં આવાજ વિવેકપુર્વક વિચારો આવવાથી તે પાપ કરવાની વૃત્તિ આપોઆપ સદંતર નષ્ટ થાય છે. આજરીતે પારકાનાં સ્ત્રી પુત્રાદિ સગાંવહાલાંને દુઃખ આપતાં કે તેમનો પરિગ્રહ લેવાની ઉચ્છા કરતાં અટકવું. આ ઉપરથી સમજવાનું કે કોઇ જીવનો ઘાત કરવો નહિ, તેમ અસત્ય કે નિંદાયુક્ત વચનથી કોઈને દુભવવાં નહિ. તેમ અદત્ત(નહિ આપેલ) પારકાની વસ્તુ લેવી નહિ અને પરસ્ત્રીના સંસર્ગથી સર્વદા-સર્વથા દૂર રહેવું તથા પ્રમાદનો ત્યાગ કરી અપ્રમતપણે રહેવું. સંયમનો વિરોધ કરવાથી જીવને મનોદંડ, વચન દંડ, કાયદંડ એમ ત્રણ દંડ ઉત્પન્ન થાય છે. મનોદંડથી રાગ પરિણામ, દ્વેષ પરિણામ અને મિથ્યાત્વ પરિણામ ઉ-ત્પન્ન થાય છે અને તેથી આપણું અગાધ સુખ લૂટાઇ જાય

છે. પુદ્ગલ પ્રપંચમાં પ્રેમ રાખવાથી, સંસારમાં રચ્યા પચ્યા રહેવાથી કે માયા લોભનાં પરિણામથી મનોદંડ ઉપજે છે અને તે જીવને અત્યંત દુઃખ આપે છે. અત્યંત રાગ, ક્રોધ, માન, અસંતોષ, શોક, ભય, જુગુપ્સા કે દ્વેષયુક્ત પરિણામને મનોદંડ કહે છે. હે જીવ ! જો તું સત્ય સુખની અભિલાષા રાખતો હોય તો મિથ્યાત્વ યુકત પરિણામોથી હમેશાં દૂર રહેજે. પુરૂષવેદ, સ્રીવેદ તથા નપુંસકવેદના વિકારભાવો અને શરિરાદિ બાહ્ય સામગ્રીમાં પ્રેમ ઉપજવો તેને મિથ્યાત્વ મનોદંડ કહે છે.

જીનવચન વિરૂદ્ધ અસત્ય વચન, અન્ય જીવને ઉપઘાતક વચન, નિંદાયુકત વચન, અન્યને સંતાપજનક વચન અને હિંસોપદેશક વચન એમ વચનદંડના સાત ભેદ છે. એ દંડથી જીવના ધર્મનો નાશ થાય છે.

કાયાએ કરી કોઇ પ્રાણીને પીડા કરવી, ચોરી કરી પારકાની વસ્તુ લઇ લેવી, મૈથુન, પરિગ્રહ સંગ્રહ, આરંભ, જીવોને માર મારવો, શ્રૃંગારાદિક ઉત્કૃષ્ટ વિકારવંત વેશ કરવા એમ કાયદંડના સાત ભેદ છે. પ્રમાદવશ થવાથી જીવને આ દંડ થાય છે. હે જીવ ! વિષયરૂપ અરણ્યમાં મદમસ્ત હાથીની પેઠે નિઃશંકપણે વીચરતી ઈંદ્રિઓને સંયમ અંકુશમાં રાખવાને વૈરાગ્ય જ્ઞાનરૂપ હથિઆર સિવાય બીજી કોઈ પણ વસ્તુ નથી. હે રામ ! તું સંસારરૂપ દુષ્ટ રોગને સંયમ ધારણ કરી શાંત કર. આ લોકમાં સંયમી પૂજ્ય મહિમાને પામે છે અને સંયમી જીવો મૂર્તિમંત ધર્મ કહેવાય છે.

સંયમી ધર્મિષ્ઠ, તપોધન અને દિગંબર સાધુઓના પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, અને સ્નાતક એમ ૫ ભેદ છે. સાધુઓના જે ૨૮ ગુણો (ઇંદ્રિયનિગ્રહ, સમતા, વંદના, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ, સ્નાન ત્યાગ, સ્વચ્છ ભૂમિ ઉપર સુવું, વસ્ત્ર ત્યાગ, કેશલોચ, એક વાર થોડું ખાવું, દંત ધાવન ત્યાગ, સ્થિતિ ભોજન) છે તેનું જેઓ કોઇ વખત પ્રમાદથી યથાર્થ પાલન નથી કરતા તેમને પુલાક સંયમી કહેવાય છે. આ સાધુઓનો સંયમ અતિચાર સહિત હોવાથી તે પુલાક સંયમ કહેવાય જે સાધુઓ નિર્ગ્રંથ અને નિઃસ્પૃહ થઇને શરીરની શુશ્રુષા કરે છે તથા આહાર પાણી આદર સહિત લે છે અને કીર્તિના લાલચુ હોય છે તેઓ બકુશ સંયમી કહેવાય છે. તેમનામાં કંઇક માન લાભ તથા મોટાઇની ઇચ્છા રહેલી હોય છે. કુશીલ સંયમી સાધુઓના સેવા પ્રતિ નાકુશીલ અને કષાયકુશીલ એમ બે ભેદ છે. જે સાધુઓ દુઃસહ પરિષહથી કંટાળી પોતાના ઉત્તર ગુણોનો અલ્પ રીતે ત્યાગ કરે છે તેમને પ્રતિસેવના કુશીલ કહેવાય છે. ઉષ્ણ કાળના વખતમાં પાણીથી હાથ પગને ઠંડા કરવાની ઇચ્છા એ આનો એક દાખલો છે. જેમના ૧૨ કષાય શાંત થયા હોય તેઓ કષાયકુશીલ કહેવાય છે. સંજ્વલન (ક્રોધ, માન, માયા, લોભ,), હાસ્યાદિક છ દોષો અને ત્રણ વેદ એ પ્રમાણે તેર કષાયનો જેમને ઉદય હોય તેઓ ઉત્કૃષ્ટ કષાય સાધુ કહેવાય છે. હાસ્યાદિક છ દોષો છુટતાં મધ્યમ કષાય કુશીલ કહેવાય છે. નવમા ગુણસ્થાનકે ત્રણ વેદ અને ત્રણ સંજ્વલન કષાય (લોભ

સિવાય) અનુક્રમે અનિવૃત્તિકરણે સાધુઓને છુટી જાય છે. દશમ ગુણસ્થાને સંજ્વલન લોભનો ઉદય થાય છે. પોતાના રત્નત્રય સ્વભાવ પદની સતત્ વાંછા કરવી એને સંજ્વલન લોભ કહે છે. સંયમ સંપદાનો લોભ જે નિર્વિકાર પદનાં આસ્વાદનથી દૂર થાય છે તેને કુશીલ કષાય કહેવામાં આવે છે. તપોધન સંયમી જીવો ક્ષીણ કષાય કહેવામાં આવે છે. બારમે ગુણસ્થાને સર્વ કષાયો ક્ષીણ પામે છે તેથી તે ક્ષીણ કષાય કહેવામાં આવે છે. એ ગુણસ્થાનકવાળા જીવો અંતમુહૂર્ત સુધી કેવળ લબ્ધિ પામે છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંત વીર્ય ક્ષાયિક સમ્યકત્વ, અનંત દાન લબ્ધિ, અનંત લાભ લબ્ધિ, અનંત ભોગ લબ્ધિ, અનંત ઉપભોગ લબ્ધિ, એ પ્રમાણે નવ કેવળ લબ્ધિયુકત સયોગી કેવળીને સ્નાતક કહે છે.

આ પ્રમાણે સાધુઓના ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ ભેદ પડી શકે છે, પણ જેમ ગમે તેવું હલકું સોનું (સોનાની ઉપેક્ષાથી) સોનુંજ કહેવાય છે તેમ તેઓ બધા નિગ્રંથી કહેવાય છે. પુલાક, બકુશ અને કુશીલ સાધુઓ સામયિક છેદોપસ્થાપના સંયમને વિષે હોય છે. કષાય કુશીલ મુનીજનો સામાયક છેદોપસ્થાપના ૧, પરિહાર વિશુદ્ધિ ૨, સુક્ષ્મસાંપરાય ગુણસ્થાનકે હોય છે. નિર્ગ્રંથ સ્નાતકોને યથાખ્યાત ચારિત્ર હોય છે, પુલાક સંયમી, બકુશ સંયમી, અને પ્રતિસેવના કુશીલ સાધુઓ દશ પૂર્વ સૂત્ર સુધી ભણી શકે છે, અને નિર્ગ્રંથ તથા કષાયકુશીલ સાધુઓ જઘન્ય ચૌદ પૂર્વ–૧૪ શ્રુતનો અભ્યાસ કરી શકે છે. બકુશ કુશીલ અને નિર્ગ્રંથ સાધુઓને આઠ પ્રવચનમાં

ત્રિકાલ સુધી જાણપણું હોય છે, સ્નાતક કેવળીને છદ્મસ્થ જ્ઞાન મતિ, શ્રુતિ, અવધિ, મન, પર્યય, ચક્ષુદર્શન, અચક્ષુ દર્શન, અવધિદર્શન એમાંનું કંઇ હોતું નથી.

આ પ્રમાણે દ્રવ્યલિંગે કરીને સર્વ સાધુઓ સરખા છે પણ ભાવલિંગે તેમનામાં થોડો યા વત્તો તફાવત છે. સર્વ તીર્થંકરોના સમયમાં આ રીતે પ્રાંચ પ્રકારના સાધુઓ હોય ને હોયજ છે. પુલાક સંયમી સાધુઓને તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, અને શુકલ લેશ્યા એમ ત્રણ ભાવ હોય છે; સંયમી અને પ્રતિસેવના કુશીલ સાધુઓને પણ આ ત્રણ લેશ્યા હોય છે પણ ઉપસર્ગના વખતમાં અથવા શત્રુનાં દર્શનથી મનનાં પરિણામ વ્યાકુળ થતાં ચોથે ગુણસ્થાનકે શાંત થયેલ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, અને કાપોતલેશ્યા એમ ત્રણલેશ્યાનો ઉદય થાય છે, અને ઉદય થતાંની સાથ અધઃપાત થાય છે. કષાય કુશીલ સંયમી અને પરિહાર વિશુદ્ધ સંયમી સાધું જનોને તેજોલેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલલેશ્યાના ભાવ હોય છે પણ તીવ્ર ઉપસર્ગ કે દુઃસહ પરિષહના વખતમાં તેમને કાપોતલેશ્યાનો ઉદય થાય છે. સુક્ષ્મસાંપરાય સંયમી, યથાખ્યાત નિર્ગ્રંથ અને સ્નાતક સાધુઓને માત્ર શુકલલેશ્યાજ હોય છે. અયોગી ચોદમા ગુણસ્થાનકે પહોંચેલા સાધુઓને કોઇ પણ લેશ્યા હોતી નથી. પુલાક સંયમીની ઉત્કૃષ્ટ સ્થિતિ બારમાં સ્વર્ગમાં અરાઢ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ સૌધર્મ સ્વર્ગમાં બે સાગરોપમ વર્ષની હોય છે, બકુશ અને પ્રતિસેવના કુશીલ સાધુઓની આરણ અને અચ્યુત સ્વર્ગમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ અને જઘન્ય બે સાગરોપમ વર્ષની

સ્થિતિ હોય છે, કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓની ઉત્કૃષ્ટ તેત્રીશ અને જઘન્ય બે સાગરોપમ વર્ષની હોય છે.

હે સંયમી તાપસ ! રત્નત્રયની વિશુદ્ધિ અર્થે તારે વિવિધ પરિષહો ત્રિકરણ શુદ્ધિથી સહન કરવા જોઇએ.

काव्य.

परिसोढव्यानित्यं दर्शनचारित्ररक्षणेनिरता ।
संयमतपोविशेषास्तदेकदेशापारिषहाख्या ॥

કર્મનાં આશ્રવદ્વારોને રૂંધી મુક્તિપદનાં કારણરૂપ આત્મસ્વભાવને યથાર્થ ઓળખવાને સંયમ ધારણ કરવાની તારી ઈચ્છા હોય તો હે જીવ ! તું પ્રથમ વિવિધ પરિષહો સહન કરવા સમર્થ થા. ધીર તપોધન પુરૂષો ઉત્તમ સંવર પામીને ક્ષપક શ્રેણીએ ચઢે છે અને પરમાત્મ પદના લાલચુ યોગી પુરૂષો વિષયને દબાવી (શાંત કરી) સર્વ કષાયનો ક્ષય કરી જ્ઞાન અને ધ્યાનરૂપ તિક્ષણ કુઠાર (કુહાડો) વડે ઘાતિકર્મોનો સર્વથા નાશ કરી કેવળજ્ઞાન પામે છે, તે માટે હે જીવ તું સંયમમાં આદર રાખી પરિસહ સહન કરતાં શીખ. ક્ષુધા, તૃષા, શિતોષ્ણ, દંશમસક, નગ્ન, રતિ, સ્ત્રી-ચર્યા, આસન, શય્યા, કોશ, વધ, યાચના, લાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન એમ પરિષહના ૨૨ ભેદ છે. સાધુ પુરૂષોને માત્ર શરીર-નોજ પરિગ્રહ હોય છે અને તેઓ સર્વ સંગના ત્યાગી હોય છે. એવા તપોધન પુરૂષો સદોષ આહારનું જીવિત પર્યંત પચ્ચખાણ લે છે તેથી સંકલ્પિત, ઘણા જીવોને કલેશકારી, દેશ કાળ વિરૂધ કે પાપ-હિંસા યુક્ત

વિગેરે જાતનો આહાર લેતા નથી. વળી શરીર ક્ષીણ થઇ ગયું હોય, ઇંદ્રીઓ વિકલ બની ગઈ હોય, સ્વ.ધ્યાય અને ધ્યાનથી અત્યંત શ્રમ લાગ્યો હોય, ઉણોદર તપથી શરિર સંપત્તિ બગડી હોય તોપણ સાધુ પુરૂષોએ મિષ્ટ આહાર ગ્રહણ કરવો નહિ. ભૂખની ગમે તેટલી પીડા થતાં કદાપિ તેઓએ અયોગ્ય આહાર ગ્રહણ કરવો નહિ એટલુંજ નહિ પણ શરીરને સ્વચ્છ કરવાની, ભુખની દુસ્તર વેદના અને પચ્ચખાણના સમય વિશેના વિકલ્પ વિગેરે પણ કરવા નહિ. ખરા સંયમી પુરૂષો શરીર સૂકાઇને હાડપિંજર જેવું બની જાય તોપણ પોતાની ક્રિયા-આચારમાં હમેશાં મગ્ન રહે છે અને મનગમતા વિવિધ પ્રકારના અનેક જન્મોમાં આહાર લીધા છતાં જીવને સંતોષ થયો નહિ એમ માનીને સંતોષપૂર્વક નિરાહારપણે રહે છે, તિર્યંચ જીવોને ઘણી વખત ભૂખનું દુઃખ સહન કરવું પડે છે, અનેક જીવો બંધીખાનામાં અવ્રત્તપણે ભૂખ્યા રહે છે, તો હે જીવ! તું સંતોષ રૂપ અમૃતથી ઉપશમ-કળસ ભરીને ભુખ રૂપ અગ્નિ—જાળને શાંત કર. ભુખનાં દુઃખો અનેક રીતે સહન કરતા સાધુઓ ક્ષુધા પરિષહવાળા કહેવાય છે. જીવિતપર્યંત નહાવાનો કે હાથપગાદિ અવયવોને પાણી છાંટવાનો જેમણે ત્યાગ કર્યો છે તેવા દિગંબર સાધુઓને કેટલીક વખત ઘણાખરા આહારથી ઘણું પાણી પીવાની તીવ્ર ઇચ્છા થાય છે. વળી ઉષ્ણ કાળમાં પિત્તપ્રકોપ થતાં કે જ્વર પ્રકોપ થતાં કે ઉપવાસ વિગેરે તપથી આંખે અંધારાં આવતાં કે હૃદયમાં દાહ ઉપજતાં એમ શરીરની અનેક પરાધીન અવ-

સ્થામાં જીવને પાણી પીવાની તીવ્ર લાલસા થાય છે. આવે વખતે પણ આવા મહાત્મા પુરૂષો "નરક તિર્યંચ આદિ ગતિઓમાં અનેક રીતે તૃષા પરિષહ અનેકવાર સહન કર્યા, સંસારમાં ભ્રમણ કરતાં સર્વ સંસારનું પાણી પીધું તોપણ જીવને સંતોષ થયો નહિ." એવા એવા અનેક વિચાર કરી ઉપશમ ભાવરૂપી સરોવરમાંથી જ્ઞાનામૃતનું પાન કરી તરસનો પરિષહ અનેક રીતે સહન કરે છે; અને વિહાર કરતાં માર્ગમાં વાવ, કુવા, તળાવ આદિ જળાશયો જોઈને જળપિપાસાને અટકાવે છે, અપકાય જીવોની રક્ષા કરનાર સંયમી પુરૂષો ભૂતકાળના શિતોપચાર વિલાસોને યાદ કરતા નથી અને પાણીથી પોતાનાં શરીરને ઠંડું કે વિશુદ્ધ કરવાની ઈચ્છા પણ કરતા નથી. શરીરને ગંદુ જોઇને એ મળમૂત્રની ખાણ છે અને સપ્ત સાધુઓથી સર્વદા–સર્વથા મલીનજ રહે છે તેથી તેનું પાણીએ કરી કદાપિ મેલાપણું વિનષ્ઠ થશે નહિ એમ ચિંતવે છે. ભિક્ષા અર્થે જતાં પોતાના શરીરને દાહ કે શોષ જણાતો હોય તો પણ કોઈ પ્રાસુક પદાર્થની અભ્યર્થના કે વાંછા કરતા નથી અને હંમેશ ધૈર્યપૂર્વક તૃષાનો પરિષહ સહન કરે છે.

શરીર રૂપ માત્ર એકજ પરિગ્રહવાળા નિરાવરણ દિગંબર મુનિઓ શીઆળો કે ચોમાસામાં વૃક્ષનાં કોતરમાં કે માર્ગમાં ઉભા રહી કાઉસગ્ગ ધ્યાને રાત્રી વ્યતીત કરે છે, અને ઝાકળ ટાઢ તથા વાયુનાં અનેક દુઃખો સહન કરે છે. એવા સંયમી પુરૂષો ગમે તેવી કડકડતી ઠંડીમાં નરક તિર્યંચ વિગેરે ગતિમાં અનેક રીતે અનેકવાર ઠંડીનાં દુઃખો સહન કર્યાં વિગેરે વિગેરે વિચાર કરી શીતની

આબાધાને વિવેકપૂર્વક સહન કરે છે અને તેના પ્રતિકારની (વિદ્યા, મંત્ર, ઓષધ, વલ્કલ, ચામડું) ઇચ્છા પણ કરતા નથી, તેમ ભૂતકાળના વિલાસો, ઇંદ્રિયજન્ય સુખો, રૂપ લાવણ્યમયી સુંદરીઓના હાવભાવ અને તેમનાંથી ઉત્પન્ન થતાં સુખો, રાજમેહેલ જેવાં સુંદર મકાનોમાં લલનાઓ સાથે ભોગવેલા વૈભવો વિગેરેને યાદ પણ કરતા નથી. તપોધન પુરૂષો એવાં સુખોને હંમેશાં જ્ઞાનરસના સ્વાદથી નીરસ અને શુષ્ક માને છે અને સંયમ ધનની રક્ષા નિમિ-તે વિષાદ રહિત થઇને શીતના પરિષહો-ને સહન કરે છે. આને શીત પરિસહન કહેવાય છે,

ઉષ્ણ કાળે ભૂખ, તૃષા અને સૂર્યના દુઃસહ તાપથી શોષ, પિ-તપ્રકોપ, દાહજ્વર પ્રમુખ અનેક દુઃખો ઉત્પન્ન થાય છે ત્યારે સંયમી સાધુ પુરૂષો આ વિવિધ આબાધા-ઓને જ્ઞાન-વૈરાગ્ય ભાવનાથી સહન કરે છે અને કોઈ શી-તોપચારની ઇચ્છા પણ કરતા નથી. જેમ જેમ દાહ તથા શોષની વેદના અધિક થવા માંડે છે તેમ તેમ તેઓને વધા-રે આનંદ થાય છે. આવા મહાત્મા પુરૂષોએ પોતાના આ-ત્માને યથાર્થ જાણ્યો હોવાથી ગરમીનાં વિવિધ દુઃખોને તેઓ કર્મક્ષયકારી ગણે છે અને તેથી તેઓ ચારિત્ર મ-લીન થવાના ભયથી વિવેકભ્રષ્ટ થઇ આર્તધ્યાન કરતા નથી. આને ઉષ્ણ પરિસહન કહે છે.

દંશમસક પરિગ્રહમાં જીવીતપર્યંત પહેરવા ઓઢવાનાં પચ્ચખાણ હોય છે. આ પરિગ્રહવાળાઓ પ્રમાદ રહિત થઇને સંયમનું પાલન કરે છે અને સમયયોગ્ય ઉપાશ્રયો

કે ગુફાઓમાં રહે છે. ત્યાં તેમને ડાંસ, મચ્છર, માકડ, કીડી, વીંછી, સર્પ આદિ જીવોનો ઘણો ઉપદ્રવ થાય તોપણ તેઓ મનમાં કંઈ વિકાર લાવતા નથી. તપોધન પુરૂષો શરીરને વિનશ્વર અને આત્માને શાશ્વત જાણી વાઘ સિંહ વિગેરે દુષ્ટ પ્રાણીઓના ઉપદ્રવો, શત્રુજન તરફથી શસ્ત્રપ્રહાર વિગેરેથી કર્મની નિર્જરા થાય એવું જાણી એ સર્વ દુઃખો વિવેકપૂર્વક સંપૂર્ણ શાંતિથી સહન કરે છે.

નગ્નપણું ગુપ્તિ અને સમિતી એ બન્નેનું ભૂષણ છે અને તેના ઉપર સર્વ પરિગ્રહના ત્યાગરૂપ સંપૂર્ણ બ્રહ્મચર્યનો આધાર રહેલો છે. નગ્ન પરિષહ એ મોક્ષમાર્ગનું સાધન છે અને નિર્વિકાર બાળક માફક તે ચારિત્રનું મૂળ છે. ત્રણે જગતને પૂજ્ય એવા દિગંબર સાધુઓ સ્ત્રીનાં શરીરને અત્યંત દુર્ગંધમય અને અપવિત્ર તથા અસંયમનું કારણ જાણીને વિરક્ત ભાવે જુએ છે અને વૈરાગ્ય ભાવથી મનોવિકારોને રૂંધીને મોક્ષપદની પ્રાપ્તિ અર્થે જે પરિષહ નગ્નરૂપે સહન કરે છે તેને નગ્ન પરિષહ કહે છે. અસમર્થ કાયર કે મિથ્યા મતિ પુરૂષો કંદર્પ વિકારને દબાવવાને કાંતો એક કોપીનને ધારણ કરે છે, કાં સચેલ ધર્મની સ્થાપના કરે છે અને કાં જનનેંદ્રિય આગળ લાકડાનો કટકો બાંધે છે. એમ કાયર અને અસમર્થ પુરૂષો અનેક બાહ્ય ઢાંકણો ધારણ કરે છે, પણ વીતરાગ ભાવ વિના કર્મના આસ્વાદનથી જેઓએ ઇંદ્રિઓ તથા મનને કબજે કર્યાં છે તેઓજ નગ્ન પરિષહ સહન કરી શકે છે. વિકારી કે મિથ્યામતી પુરૂષો નગ્નમુદ્રા ધારણ કરી શકતા નથી.

ક્ષુધા(ભૂખ), વિવિધ રોગો તથા ઉપાધિનાં દુઃખો શાંતપણે સહન કરવાં તેને અરતિપરિષહ કહે છે. સંયમી અને નિર્વિકાર પુરૂષો "સંસારભ્રમણ કરતાં ક્ષુધાનાં દુઃખો અનેકવાર અનેક રીતે સહન કર્યાં, સમસ્ત વિશ્વનાં પુદ્ગલોનો આહાર કર્યો તોપણ જીવને શાંતિ થઇ નહિ" એવા એવા વિચારો કરી આત્મસુખની વાંછા કરી ધીરજ અને સમતાપૂર્વક ભૂખ દુઃખ વિગેરે સહન કરે છે. સાધુ પુરૂષો સંયમની રક્ષા અર્થે ઇંદ્રિઓના વિકારને અટકાવે છે અને વ્રતનું યથાર્થ પાલન કરવા સારૂ પ્રમાદ અને વિકલ્પ રહિત થઇને ઉપશમભાવનું સેવન કરે છે. વિહાર કરતાં દેશ નગર કે ગામના કોઇ પણ પ્રાણીને તેઓ પીડા કરતા નથી અને કોઇ મિથ્યાત્વીજનો તેમને ઉપદ્રવ કરે તો તેઓ અસંતોષ માનતા નથી. જ્યારે મૂઢ અને બાળ જીવો સાધુ પુરૂષોનો વિરોધ કરે છે ત્યારે તેઓ સંયમવંત અને વિવેકી બનીને ભવભ્રમણની બીકથી મનને ખાસ કબજે કરી શાંત કરે છે. વનમાં વિહાર કરતાં વાઘ સિંહાદિ ક્રૂર પ્રાણીઓના ઉપસર્ગો 'હે જીવ, અતિ દુર્લભ એવો મનુષ્યજન્મ તને મળેલો છે, અને કોઈ પૂર્વ પુણ્યકર્મના ઉદયથી ઉત્તમ જાતિ તથા કુળ તને પ્રાપ્ત થયાં છે, સાધુ ગુરૂના ઉપદેશથી વીતરાગના ધર્મને યથાર્થ ઓળખ્યો છે, માટે જો તું દિગંબર થઇને તારાં પરિણામો મલિન રાખશે તો આ નિર્ગ્રંથપણું, સંયમ, સંપદા, મોક્ષસુખ વિગેરે ક્યારે મળશે' એમ વિવેકપૂર્વક વિચારો કરી સાધુ પુરૂષો શાંતિપૂર્વક સહન કરે છે. આત્મજ્ઞાની જનો કદાપિ પર સ્વભાવમાં પ્રેમ રાખતા નથી અને સદા ઉપશમ રસનું પાન કરી

પોતાનાં આત્મ સ્વરૂપને વ-તુંને વ-તું દિનપ્રતિદિન જોતાં જાય છે. આ પ્રમાણે અરતિ પરિષહને સંયમી પુરૂષોજ સહન કરે છે; હે જીવ! અસંતોષને છોડી સંતોષ વૃત્તિ જ્યારે તું ધારણ કરીશ, ત્યારેજ તને રત્નત્રયની લબ્ધિ પ્રગટ થશે.

ઘર, વાડી, બાગબગીચા આદિ સ્થળોએ એકાંતમાં વિષયોન્મ-ત એવી સ્રીઓનાં સકામ વચન, હાવભાવ કે કટાક્ષથી જેમનું મન કંપાયમાન નથી થતું તેમને સ્રી પરિષહજય કહે છે. સુવિભૂષિત અને સર્વ સુંદરાંગ લલનાઓનાં સવિકાર હાસ્ય યુક્ત વદનથી, વિવિધ અંગોની ચેષ્ટાથી કામ પીડા જણાવતી મધુર ભાષીણી સ્રીઓનાં નેત્ર કટાક્ષ, અંગ સ્પર્શ કે અધરસ્પર્શથી જેમનું મન કંપાયમાન નથી થતું તેઓ સ્ત્રી પરિહષમાં જય મેળવનાર સાધુ કહેવાય છે. અનેક સુશોભિત વસ્રો, કટિમેખલા, કુંડલ, કંકણ, નુપુર, રત્નજડિત કંઠાભરણો, વિગેરે તથા લલનાઓના મોહક કરકમળના સ્પર્શથી જેમનું ચિત્ત ડગતું નથી તેઓ સ્રી પરિષહજય કહેવાય છે. પ્રમદાઓનાં રૂપ લાવણ્ય, દર્શન કે સ્પર્શથી અથવા તો તેમનાં મધૂર ગીતો સાંભળીને પણ જેઓ પોતાનું મન વશ–કબજે રાખી શકે છે તેઓજ સંયમ મુદ્રા યથાર્થ રીતે ધારણ કરી શકે છે. કાયર, વિકારયુક્ત અને અસંયમી પુરૂષો સ્રીઓનાં રૂપ લાવણ્ય જોતાંજ ભુલાવામાં પડે છે અને સંયમી વ્રતના ભારને ધારણ કરી શકતા નથી. સંયમી પુરૂષો કાચબાની પેઠે ઇંદ્રિયજન્ય વિકારોનો સંકોચ કરી સ્રી પરિષહને સહન કરે છે.

જે તપોધન પુરૂષોએ ઘણા કાળ સુધી પોતાના ગુરૂની સેવા કરી હોય, જેમણે ઉત્તમ બ્રહ્મચર્યનું યથાર્થ રીતે પાલન કર્યું હોય, તેઓજ ચર્યા પરિષહ બરોબર સહન કરી શકે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય જેના ક્ષીણ થયા હોય એવાં નિર્વિકાર સુખ તથા બંધ અને મુકિત આદિનાં કારણને યથાર્થ જાણનાર સાધુ પુરૂષો બારે ભાવનાનું સંપૂર્ણ ચિંત્વન કરી સંયમનાં પ્રવર્તન કે પરિક્ષા નિમિ-તે ગુરૂની આજ્ઞા લઇ વિહાર કરે છે અને માર્ગમાં ઇર્યા-સમિતી પૂર્વક ચાલી સંયમને અતિચાર લાગવા દેતા નથી. તેઓ ગામડામાં એક રાત્રી અને શહેરમાં પાંચ રાત્રી રહે છે અને સંપૂર્ણરીતે દેશકાળને જાણી જુદે જુદે સ્થળે કોઇની સાથે રાગદ્વેષ કર્યા વિના વિહાર કરે છે. અરણ્યાદિ ભયંકર સ્થળોએ દુઃખ તથા ભયનાં પ્રસંગોમાં નિર્ભય ચિત્તથી તેઓ આત્મ સ્વભાવમાં રમણ કરી સંતોષામૃતનું પાન કરે છે અને કર્કશ કાંકરાઓ, ઉની ધુળ કે સૂર્યનાં સંતપ્ત કિરણો વિગેરેનાં દુઃખથી તેમને લેશ પણ ખેદ થતો નથી. ભૂખ અને તૃષાનું દુઃખ પણ માર્ગમાં એવીજ રીતે વિવેકપૂર્વક સહન કરે છે તેમ પાલખી, સુખાસન હાથી, ઘોડા વિગેરે રાજવાહનોનું (પૂર્વના ભોગવેલા) તેઓ સ્મરણ કરતા નથી તેમ એ વસ્તુઓ પુનઃ ભવિષ્યમાં મળે એવી ઇચ્છા પણ કરતા નથી. આને ચર્યા પરિષહ કહે છે.

સ્મશાન, ગંભીર વન, ગુફા, વૃક્ષનાં કોતર કે પર્વતમાં સર્વ સંગનો પરિત્યાગ કરી આત્માભિલાષી સાધુ પુરૂષો દિગંબર રૂપે દેવ, રાક્ષસ, વ્યંતર, અસુરો કે વાઘ સિંહાદિ હિંસક

પ્રાણીઓના ઉપસર્ગ કે રોગોનું દુઃખ સહન કરે અને જ્ઞાનધ્યાનથી પોતાના મનોવિકારોને શાંત કરે છે. તેઓ પદ્માસન, કાયોત્સર્ગ, શય્યાસન આદિ આસનો કરી પોતાનો ઘણો કાળ જ્ઞાન–ધ્યાનમાં વ્યતીત કરે છે. આને આસન પરિષહ કહે છે.

સ્વાધ્યાય કે ધ્યાનના શ્રમથી થાકી ગયેલા સાધુઓ કાંકરા કે ઢેકાઢળીઆવાળી જમીન ઉપર ટાઢ, તડકો કે ભૂખતરસની દરકાર રાખ્યા વિના પ્રમાદ રહીત થઈને એક મુહુર્ત સુધી નિદ્રા લેતાં જે કાંટા કાંકરા ખુંપરા પવન ઝાકળ વિગેરેના વિવિધ પરિષહ સહન કરે છે તેને શય્યા પરિષહ કહે છે. સુવાનાં સ્થાનકે પહેલાં જણાવી ગયેલ ગમે તેટલા ઉપસર્ગ થાય કે કોઇ દુષ્ટ માણસ જોર જુલમથી બીજે સ્થળે જવાનું કહે તોપણ તેઓ એક ડગલું પણ આગળ ખસતા નથી. સૂર્યોદયને ચાર ઘડી થતાં સુધી સાધુઓને વિહાર કલ્પે નહિ અને ભૂત કાળનાં વિવિધ શય્યા સુખોનું તેઓ સ્મરણ પણ કરતાં નથી. આને શય્યા પરિષહ કહે છે.

મહા દુષ્ટ મિથ્યાત્વી જનો નિષ્કારણ પાખંડ કે ચોરી વિગેરેનાં આળ મૂકે તો પણ સાધુ જનો લેશ પણ ક્રોધ ન કરતાં અમોઘ શાંતિને ધારણ કરી (લોકોનાં) આક્રોશ વચનો સહન કરે તેને આક્રોશ પરિષહ કહે છે.

વિહાર કરતાં માર્ગમાં કે હરકોઈ સ્થળે ગમાર અને દુષ્ટ લોકો માર મારે, ખેંચે બાંધે કે વિવિધ અસ્ત્ર શસ્ત્રથી પ્રહાર કરે તોપણ શાંત દાંત અને આત્માર્થી સાધુજનો તેમના ઉપર કંઇ પણ વૈરભાવ લાવતા નથી, અને દેહની

ક્ષણભંગુરતાનો વિચાર લાવી સર્વ દુ:ખ શાંતિપૂર્વક સહન કરે છે; દુ:ખ આપી સુખ માનતા બાળ જીવો ઉપર તેમને દયા આવે છે અને પોતાના સંયમને કોઇ રીતે પણ અતિચાર થાય નહિ તથા સર્વ પ્રાણીઓ સુખી થાઓ અને પોતા તરફથી સમસ્ત વિશ્વનાં કોઇ પણ પ્રાણીને જરા પણ દુ:ખ થાય નહિ એવા એવા અનેક વિચારો કરે છે. દુષ્ટ લોકો જેમ તેમને તાડન કે બંધનથી વધારે દુ:ખ આપે છે તેમ તેમ તેમનો ક્ષમાગુણ વધારે પ્રકટ થાય છે અને સર્વ ઉપસર્ગને કર્મની નિર્જરાના હેતુભૂત ગણી શાંતિપૂર્વક સહન કરે છે. આને વધ પરિષહ કહે છે.

ભૂખ અને તરસથી જીવ આકુળવ્યાકુળ થતો હોય, લાંબી મુસાફરીથી શરીરને ઘણો થાક લાગ્યો હોય, અનેક રોગોથી શરીર ક્ષીણ થઇ ગયું હોય, ઉપવાસાદિ વિવિધ તપશ્ચર્યાથી શરીર સૂકાઇને હાડપિંજર બની ગયું હોય, તોપણ આત્માર્થી સાધુજનો કદિ યાચના કરતાં નથી. શરીરરક્ષા નિમિત્તે આહાર, ઉપાશ્રય કે ઔષધ વિગેરેની જેઓ યાચના કરતા નથી તેઓ મૌન-ભિક્ષુક સાધુઓ કહેવાય છે. ભિક્ષા નિમિત્તે ફરતાં પોતે બોલીને કોઇને જાણ કરતા નથી તેમ 'અસિઆ ઉસા નમઃ' એટલું બોલતાં જેટલો વખત જાય તેથી વધારે વખત સુધી કોઇ પણ ઘેર થોભતો તો તેમનું વ્રત મલીનપણાને પામે છે. કોઇપણ સ્થળે એક વખત પાછા ફર્યા પછી જઇ શકતા નથી અને સંજ્ઞા કે મુખવિકારથી તેઓ આહારની પ્રાર્થના કરી શકતા નથી. સર્વ દોષરહિત આહાર હોય તે પાણિપાત્રમાં તેમને કલ્પે છે. આધુનિક પંચમ કાળમાં તો

પાખંડી જનોએ અચેલપણું, પ્રતિષ્ઠાવિધિ, હોમવિધિ વિગેરે અનેક વિધિઓ આચરવા માંડી છે. જીનસૂત્રમાં તો મધુકરી ભિક્ષા માત્ર પાણિપાત્રથીજ લેવાની કહી છે. આને યાચના પરિષહ કહે છે.

નિરતિચાર સંયમયુક્ત સંપૂર્ણ સાધુ પુરૂષો "પોતાને અમુક વસ્તુ જોઈએ છે" એવું કદાપિ બોલતા નથી. તેઓ અદીનપણે ભૂખ તરસ સહન કરે છે અને એક સ્થળે ભિક્ષા ન મળે કે કોઈ ઠેકાણે લાભાંતરાય કર્મના ઉદયથી નિર્દોષ ભિક્ષા ન મળે તો મનમાં લેશ પણ ખેદ પામતા નથી, તેમ શરીરની ક્ષીણતા કે કંઠ શોષ આદિનો વિચાર પણ કરતા નથી. ગમે તેટલા દિવસ ભિક્ષા ન મળે તોપણ "આ લોક કૃપણ છે, અમુક ગામના લોકો નિર્દય છે" એવા વિચારો સત્ય જ્ઞાન સંપન્ન સાધુઓ કદિ પણ કરતાજ નથી. આને અલાભ પરિષહ કહે છે.

रोग परिषह.

સાધુ પુરૂષો શરીરને અનંત દુઃખનું ભાજન તથા મળમૂત્રનું ઘર જાણી રોગનો પરિષહ સહન કરેછે. જીર્ણ થઇ ગયેલાં વસ્ત્ર માફક તેમને શરીર ઉપર કશો મોહ હોતો નથી તેથી પિત્તપ્રકોપ, વાયુપ્રકોપ કે શ્લેષ્મપ્રકોપ સન્નિપાત પ્રમુખ વ્યાધીઓની વેદનાઓને તેઓ ઉપશમ ભાવે સહન કરે છે. શરીર એ વિનશ્વર તથા અસંખ્ય રોગો અને કૃમિ પ્રમુખ જંતુઓનું નિવાસસ્થાન ગણી રોગની વેદના તરફ બેદરકાર રહી ઔષધાદિક પ્રતિકારની વાંછા પણ તેઓ કરતા નથી. આ પ્રમાણે શરીર

ઉપરનો સઘળો અહંભાવ છોડી, શરીરને આત્માથી ભિન્ન જાણી સાધુ પુરૂષો એષણા વિરૂદ્ધ આહાર લેતા નથી અને વિવિધ રોગોનાં અનેક પ્રકારનાં દુઃખ શાંતિથી સહન કરે છે તેને રોગ પરિષહ કહે છે.

तृणस्पर्श परिषह.

શાંત ચિત્ત નિરાવરણ દિગંબર સાધુઓ સૂકાયલાં ઘાસ કે કઠણ કાંકરા કે પત્થરવાળી ભૂમિમાં નિવાસ કરે છે. ત્યાં ટાઢ, તડકો, શરીર દુર્બળતા, વિવિધ રોગો આદિનાં અનેક દુઃખો તેઓ ઉપશમ ભાવે સહન કરે છે અને પૂર્વે ભોગવેલાં સુખ તથા વૈભવની ઇચ્છા પણ તેઓ કરતા નથી. શરીર વ્યાધિગ્રસ્ત થતાં શાશ્વત જ્ઞાન સુખનોજ વિચાર કરી ઔષધાદિ પ્રતિકારની વાંછા તેમને થતી નથી, ગમે તેવાં દુઃખનાં પ્રસંગોમાં નરકની દુઃસહ વેદનાને સંભારી ઉપશમ ભાવને ધારણ કરે છે અને મનુષ્ય જન્મની દુર્લભતા વિચારી અનેક પ્રકારે વિવિધ અસ્ત્ર શસ્ત્રાદિના પ્રહારરૂપ સંકટો ધીરજપૂર્વક સહન કરે છે. આને તૃણ સ્પર્શ પરિષહ કહે છે.

मळस्पर्श परिषह.

જે સંયમી પુરૂષો અપકાય જીવો તરફ દયાવંત છે તેઓ પાદપ્રક્ષાલન, સ્નાન કે દંતધાવન કરતા નથી. શરીરે પસીનો થતાં કે ધૂળ ચોંટતા અહિંસા ભયથી તેઓ શરીરને પાણી વડે સાફ કરતા નથી, તેમ દરાજ ગુમડાં વિગેરે રોગો કોઈ ભાગ ઉપર લાગુ પડતાં તે અવયવ તેઓ જળવડે શુદ્ધ કરતા નથી. શરીરમાં કોઇ ભાગના વાળ તેઓ એમને

એમજ રહેવા દે છે તેમ શરીરને હરકોઈ પ્રકારે મલીન થયેલું જોઇ સુગંધી દ્રવ્યોથી તેને વિશુદ્ધ કે સુગંધમય બનાવવા તેમને વિચાર પણ થતો નથી. સુગંધ અને દુર્ગંધ એ પુદ્ગલના ધર્મો છે એમ વિવેકપૂર્વક વિચારી આત્મતત્વને યથાર્થ જાણી ધર્માત્મા પુરૂષો પોતાના આત્માને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી શુદ્ધ કરે છે. આવી રીતે શરીરની મલીનતાનાં વિવિધ દુઃખો સાધુ પુરૂષો સહન કરે છે. તેને મળ પરિષહ કહે છે.

सत्कार पुरस्कार परिषह.

તપોધન સાધુઓ સ્વસમય અને પરસમય એ બન્ને માર્ગને યથાર્થ જાણે છે. તેઓ ધર્મકથામાં નિપુણ હોય અને મીઠી વાણી વડે ભવ્ય જીવોને હિતોપદેશ આપવા સમર્થ હોય છે. અન્ય મતાવલંબીઓને જીતવામાં સમર્થ છતાં તેઓ મનમાં લેશ પણ ગર્વ કરતા નથી. અને કોઈ જીવ વિનય શુશ્રુષા આદરમાન વિગેરેમાં પછાત હોય તો તેથી તેમને ખેદ થતો નથી. સંયમી પુરૂષો સત્કાર પુરસ્કારની વાંછા કરતા નથી. પુરસ્કાર એટલે પૂજ્ય પુરૂષોને યથાર્થ માન આપવું તે.

प्रज्ञा परिषह.

સાધુ પુરૂષો વિદ્યા કળા કે ચાતુર્યનો ગર્વ કરતા નથી. અનેક સિદ્ધાંતો તથા અંગપૂર્વાદિનું જ્ઞાન હોય, અન્યમતાવલંબીઓને પરાસ્ત કરવાની શક્તિ હોય, ત્રિકાળ તથા બ્રહ્માદિનું સ્પષ્ટ જ્ઞાન હોય છતાં સંસારના સર્વ પ્રપંચોને મિથ્યા જાણી આત્મધ્યાનમાં તલ્લીન રહી સર્વ

જીવોને હિતોપદેશ આપવામાં તત્પર રહે છે. તેમને કશાનું લેશ પણ અભિમાન હોતું નથી. આને પ્રજ્ઞા પરિષહ કહે છે.

अज्ञान परिषह.

મિથ્યાત્વીજનો અજ્ઞાન કે પાખંડનો આરોપ કરે તોપણ આત્માર્થી સાધુજનો જરાપણ ક્રોધ કરતા નથી અને ક્ષમાભાવથી સ્વહિતનું ચિંત્વન કરી સદાકાળ સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન રહે છે. સંયમી પુરૂષો ઇંદ્રિઓ અને મનના વિકારોને દબાવે છે અને ઘણાં વર્ષની તપશ્ચર્યાનું ફળ ન મળે તોપણ મનમાં કંઇ વિક્ષેપ લાવતા નથી. આને અજ્ઞાન પરિષહ કહે છે.

अदर्शन परिषह.

જે સાધુઓ ઇંદ્રિય અને પ્રાણસંયમનું નિરતિચારપણે પાલન કરી, વૈરાગ્યભાવનાપૂર્વક અનેક પ્રકારનાં દુઃસહ તપ આચરે, જીવાદિ પદાર્થોની સત્ય પરિક્ષા કરે અને મોક્ષસુખ સિવાય અન્ય સુખ કે અતિશયની ઇચ્છા ન કરે, અને મોક્ષ પ્રાપ્તિ અર્થે વિવિધ જાતનાં દુઃખો સહન કરે છે તેમને અદર્શન પરિષહજય કહેવાય છે.

આ પ્રમાણે કર્મના ક્ષય—નિર્જરા નિમિત્તે સાધુ પુરૂષો ઉપરોકત ૨૨ પ્રકારના પરિષહો ધીરપણે—શાંતિપૂર્વક સહન કરે છે.

શિષ્ય–હે ગુરૂજી ! કેવળીને પરિષહ હોય કે નહી.

ગુરૂ—ધ્યાનાગ્નિએ કરી જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય એમ ચારે ઘાતીકર્મનો નાશ

કરી જે કેવળી જીવોએ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય એમ નિર્વિઘ્ન ચતુષ્ટય લબ્ધિ પ્રગટ કરી છે તેવા સકળ સિદ્ધ જીવોનાં પરિણામ નિત્ય શુદ્ધ હોવાથી સાતા વેદનીનો તેમને આશ્રવ હોય છે, મોહનીય કર્મો તેમનાં નાશ પામેલાં હોય છે અને તેથી તેમને પરિષહ પીડા હોતી નથી. જેમ મંત્ર અને ઔષધના બળે કરી વિષની પીડાનો નાશ થાય છે, જેમ મૂળનાં છેદનથી વૃક્ષને ફળ ફૂલ આવતાં અટકે છે તેમ કેવળી જીવને અનંત ચતુષ્ટય લબ્ધિ પ્રગટ થતાં પરિષહ પીડા આપોઆપ વિનષ્ટ થાય છે. જો કેવળીને પરિષહ હોય તો તેમના અનંત ચતુષ્ટયનેજ કલંક લાગે.

શિષ્ય—ગુરૂજી, સંયમના ભેદ મેં આપના મુખેથી સાંભળ્યા. હવે મને તપના ભેદ કહો.

ગુરૂ—રત્નત્રયને પ્રગટ કરવાને સંયમી પુરૂષો તપ કરે છે. ઇંદ્રિય વિકારથી મનને અળગું રાખવાને મન ઉપર જે વિવિધ જાતના અંકુશ મૂકવામાં આવે છે, અથવા તો વીતરાગપ્રણીત માર્ગાનુસાર શરીરને કષ્ટ આપવામાં આવે તેને તપ કહે છે. તેના બાહ્ય તપ અને અભ્યંતર તપ એવા બે ભેદ છે. બાહ્ય તપના અનશન, ઉણોદર, વૃત્તિ પરિસંખ્યા, રસત્યાગ, વિવિક્ત શય્યા, અને કાયક્લેશ એમ છ ભેદ છે. અભ્યંતર તપના પણ પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાન એમ છ પ્રકાર છે.

શિષ્ય—હે ગુરૂજી! અનશન તપ એટલે શું?

ગુરૂ—ત્રસ તથા સ્થાવર જીવોની રક્ષા નિમિત્તે ઇંદ્રિય

તથા મનના વિકારોનો નાશ કરવા, કે કર્મ નિર્જરાર્થે ઉપવાસાદિ તપ કરીએ તેને અનશન વ્રત કહેવાય છે. તેના અવધૃત કાળ અનશન અને અનધૃત કાળ અનશન એમ બે ભેદ છે. એક, બે, આઠ કે પંદર દિવસ એમ અમૂક મુદ્દતને માટે ઉપવાસાદિ વ્રતો કરવાં તેને અવધૃત કાળ અનશન વ્રત કહેવાય છે. જીવિતપર્યંત ચતુર્વિધ આહારનો ત્યાગ કરવો તેને અનધૃત અનશન વ્રત કહે છે.

ઉનોદરી તપવાળા સંયમી જીવો આજીવિકા અર્થે જોઇએ તે કરતાં ઘણો ઓછો આહાર લે છે અને દિન પ્રતિદિન આહારને ઘટાડતા ઘટાડતા કેટલાક કવલાહારી બની જાય છે.

શિષ્ય–ઉનોદરી તપ શા માટે કરવું જોઇએ?

ગુરૂ–નિદ્રા અને પ્રમાદનો જય કરવા તથા અનેક વિકારોને શાંત કરવા કે તૃષ્ણા નિરોધ અને સ્વાધ્યાય તથા ધ્યાનની વૃદ્ધિ નિમિ-તે તથા કેટલીક વખત વાત પિત્તના વિકારોને ઉપશમાવવા ઉનોદરી તપ કરવું એ ઘણું લાભદાયક છે.

શરીર તથા રૂપ લાવણ્યને ક્ષીણ કરવા અને ઇંદ્રિય વિકારનું દમન કરવા સંયમી સાધુઓ અમુક ઘર કે ઘરો માર્ગ કે શેરીમાંથી મનમાં કલ્પેલી વિવિધ સ્થિતિ અનુસાર શુદ્ધ નિર્દોષ આહાર મળે તો તે સ્વિકારે છે અને નહિતર અનશન વ્રત પાળે છે તેને વ્રત પરિસંખ્યા તપ કહે છે.

रस त्याग तप.

શરીરને હૃષ્ટપુષ્ટ બનાવે અને ઇંદ્રિય વિકારોને

ઉ-તેજીત કરે એવા દુધ, દહિં, ગોળ, ઘી, તેલ વિગેરેનું (શરીર શક્તિ અને મનો વિકારો ક્ષીણ કરવા) આત્માર્થી સાધુઓ સેવન કરતા નથી. આને રસ ત્યાગ તપ કહે છે.

विविक्त शय्यासन तप.

સ્રી, પશુ, નિર્વિવેકી લોકો કે નપુંસક પુરૂષોનો સંગ સંયમી પુરૂષોના સ્વાધ્યાય અને ધ્યાનને વિઘ્નકારક છે. આથી આત્માર્થી સાધુ પુરૂષોએ પર્વતની ગુફા, સ્મશાન, વનવાડી કે એવાં કોઇ એકાંત સ્થળમાં નિવાસ કરવો. એકાંતમાં રહેતાં મન સ્થિરતાને પામે છે એટલુંજ નહિં પણ તપ ધ્યાન વિગેરે સારી રીતે થઇ શકે છે. આવી રીતે બ્રહ્મચર્યનાં યથાર્થ પાલન તથા ચિત્તની પૂર્ણ શાંતિ અર્થે એકાંતમાં સ્થિતિ કરવી તેને વિવિક્ત શય્યાસન તપ કહે છે.

कायक्लेश तप.

જે સંયમી પુરૂષો ટાઢ તડકાનાં અનેક દુઃખો સહન કરે છે, અથવા તો વૃક્ષનાં મૂળે વિષમાસને પોતાનાં અંગોપાંગ ટેકવીને સ્થિરપણે રહે છે કે વીરાસન, ઉત્કટાસન, પદ્માસન, ગોદુહાસન, હસ્તિસુંડાસન, શય્યાસન, દંડાસન, ધનુષ્યાસન વિગેરે આસનોથી શરીરને કસે છે કે કષ્ટ આપે છે તેઓ કાયક્લેશ તપયુક્ત સાધુઓ કહેવાય છે.

શિષ્ય—હે ગુરૂજી, આમ આસનથી શરીરને કસવાથી કે કષ્ટ આપવાથી શું ફાયદો ?

ગુરૂ—આસનના અભ્યાસથી સંયમીને ધ્યાનની સ્થિરતા પ્રાપ્ત થાય છે અને ક્લેશ ઉપજતો નથી. જે આત્માર્થી આસનનો અભ્યાસ કરે છે તેઓ વિવિધ ઉપસર્ગો સહન કરવા સમર્થ થાય છે.

નિત્યનાં આવશ્યક કર્મોમાં પ્રમાદ ન કરવો તેને અભ્યંતર તપ કહે છે. ધર્મકાર્યોમાં આળસ કરવું કે પ્રમાદ સેવવો તેને અતિચાર કે પાપ કહે છે. પ્રમાદના દોષોની નિવૃત્તિ કરવા અને પોતાનાં મનને નિર્મળ કરવા માયા, મિથ્યાત્વ અને નિદાન, એમ ત્રણ વિકારો દૂર કરવા પ્રાયશ્ચિત તપ કરવાની જરૂર છે. તેના આલોચના, પ્રતિક્રમણ, આલોચના અને પ્રતિક્રમણ, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂળ, પરિહાર, અને શ્રદ્ધા એમ દશ ભેદ છે.

શિષ્ય—હે ગુરૂજી, પ્રાયશ્ચિત્તના આ દશે ભેદનો અર્થ બરાબર સમજાવો.

ગુરૂ—સર્વ સિદ્ધાંતોના રહસ્યને યથાર્થ જાણનાર સંયમી અને દયાળુ આત્માર્થી જનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારેનાં સ્વરૂપને બરોબર જાણે છે. એવા મહા પુરૂષો આગળ માયા કે ભય રહિત થઈને વિનયપૂર્વક મન વચન કે કાયાના અપરાધો કહેવા–આલોચવા તેને આલોચના કહે છે.

प्रतिक्रमण.

રત્નત્રયમાં ભાવના રાખી, શરીરના ભોગોથી વિરક્ત રહે, નાના નજીવા સરખા અપરાધોથી દૂર રહે અને કરેલા અપરાધોની માફી માગે ને નિષ્પ્રમાદયુક્ત જીવન ગાળે એ તપને પ્રતિક્રમણ કહે છે.

आलोचना प्रतिक्रमण.

અસંયમરૂપ મન વચન કાયાનાં નજીવાં પાપો ગુરૂ સન્મુખ આલોચના લેવાથી નાશ પામે છે. કેટલાએક મોટા અપરાધો આલોચના તથા પ્રતિક્રમણ એ બન્નેથી નાશ પામે છે.

विवेक.

શરીરાદિ પર વસ્તુઓમાં વિરકતભાવ ઉપજે તેને વિવેક કહે છે. સપ્ત તત્ત્વ, નવ પદાર્થ, ષડ્ દ્રવ્ય, પંચાસ્તિકાય, એ બધાંથી આત્માને જૂદો નિરખવો અથવા સંસારથી છુટા થવા આત્મતત્ત્વનું ચિંતન કરવું એને પણ વિવેક કહે છે.

व्युत्सर्ग.

આર્ત રૌદ્રધ્યાનના દોષો, કે મળમૂત્રનો ત્યાગ કરતાં કે વિવિધ સ્થળોએ વિહાર કરતાં અસંયમ ભાવનાએ કરેલા અતિચારો, પ્રમાદપૂર્વક કે અજાણથી જીવહિંસા વિગેરે પાપનાં નિવારણાર્થે તપોધન પુરૂષો શરીર ઉપરની સર્વ મમતા તજી પચ્ચખાણ લઇ અંતર્મુહૂર્ત એકદિન, પખવાડીઉં કે વધારે વખત સુધી કાઉસગ્ગધ્યાને રહે છે તેને વ્યુત્સર્ગ કહે છે.

तप.

મોક્ષસુખના લાલચુ, સંસારથી ભયભીત ધર્માત્માઓ ઉપવાસ, આયંબિલ, નિવી, એક ભુકતાહાર કે ચતુર્વિધ આહારનો ત્યાગ કરે છે. પહેલાં તો તેઓ ભાવથી આપેલું બીજાનું સરસ નીરસ ગમે તેવું અન્ન લે છે, પણ પછીથી તેઓ તેમ કરે તો અતિચાર લાગે છે. એક ચીજ સિવાય બીજી સર્વ વસ્તુઓનો નિયમ લે તેઓ એકભુક્ત કહેવાય છે. એક દ્રવ્ય પાણીમાં મૂકીને મીઠાં વગરનો આહાર લેવો તેને આયંબીલ કહે છે. મીઠાં વિનાનો આહાર કે ઘી તેલ દૂધ દહીં, ગોળ રહિત ભાતપાણીનો આહાર કરવો તેને નિવી કહે છે. કેટલાએક મિથ્યાત્વી જનો આયંબીલ કરતાં ખાટાં ખાટાં ભોજન લે

છે અને કેટલાએક મિથ્યામતી બનીને નીવિતપમાં મિષ્ટ આહારનો ઉપયોગ કરે છે.

छेद.

ગર્વિષ્ટ અને માની સાધુઓ જેઓ ભાવથી સંયમમાં વૃત્તિ રાખતાં હોય પણ વ્યવહારમાં સંયમનું પાલન ન કરતાં હોય તેમને ધર્મતત્ત્વને યથાર્થ જાણુનાર મહાત્માઓ અમુક દિવસ, માસ, કે વર્ષ સુધી દિક્ષાછેદ આપે છે. સંયમ વિરોધી સાધુઓનું ગર્વ ખંડન કરવાને આ પ્રમાણે જે દંડ આપવામાં આવે છે તેને છેદ પ્રાયશ્ચિત તપ કહે છે.

मूळ.

પાર્શ્વસ્થ, કુશીલ, સંસકત, અવસન્ન, અને મૃગચારિત્ર એમ કુચારિત્રના પાંચ મૂળ ભેદ છે.

શિષ્ય—હે ગુરૂજી, એ પાંચે કુચારિત્રનાં જૂદાં જૂદાં લક્ષણો કૃપા કરીને મને બરોબર સમજાવો.

ગુરૂ—સંયમ મુદ્રાધારી સાધુઓ સંયમી સાધુઓના સંસર્ગમાં સુખ માને પણ ઉપાશ્રય વિગેરે સ્થળોને પોતાનાં કરી માને તથા વિવિધ ઉપકરણો રાખે તો તેઓ પાર્શ્વસ્થ કહેવાય છે. ક્રોધી, માની, માયાવી, લોભી, વૃત્તહીન, ગુણહીન કે સાધુ સંઘનો અવિનય કરનાર સાધુઓ કુશીલ કહેવાય છે. વૈદું, વિષપ્રયોગ, મંત્ર, જપ, તપ, રાજસેવા, ચમત્કાર પ્રયોગાદિ કરનાર સાધુઓ સંસકત કહેવાય છે. વીતરાગ પ્રણીત ધર્મને યથાર્થ રીતે ન સમજી અજ્ઞાનપણે ચારિત્ર ભ્રષ્ટ થઈ ઈંદ્રિય-વિષયોના ગુલામ બની જે સાધુઓ અજ્ઞાન અને અસંયમમાં પોતાનું જીવન વ્યતીત કરે છે તેઓ

અવસન્ન કહેવાય છે. ગુરૂનો સંસર્ગ છોડી સ્વેચ્છાનુસાર રહી જીનવચન તથા સાધુસંઘની નીંદા કરે એવા સાધુઓ મૃગચારિત્ર કહેવાય છે. આ પાંચે પ્રકારના સાધુઓ જીનધર્મ પરાઙ્મુખ કહેવાય છે અને તેથી તેમને મૂળ પ્રાયશ્ચિત દંડ હોય છે.

परिहारोपस्थापन.

ગુરૂનો પરિહાર કર્યા પછી અપરાધી સાધુઓ પુનઃસંયમ ધર્મમાં યથાર્થ રીતે સ્થપાય તેને પરિહારોપસ્થાપના કહે છે.

श्रद्धान.

જિન ધર્મથી પરાઙ્મુખ વૃત્તિવાળા સાધુને શ્રી વીતરાગ પ્રણીત ધર્મમાં વિશ્વાસ ઉપજાવી સત્ય ધર્મમાં પુનઃ સ્થાપવો તેને શ્રદ્ધાન કહે છે.

विनय.

કષાયોને ઓછા કરવા, ઇંદ્રિય વિકારોનો નાશ કરવો અને બાહ્ય તથા અભ્યંતર તપનું સેવન કરવું એને વિનય કહે છે. તેના જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય અને ઉપચાર વિનય એમ ચાર ભેદ છે.

શિષ્ય—જ્ઞાનવિનય એટલે શું ?

ગુરૂ—મનનાં પરિણામ નિર્મળ રાખવાં, આળસનો ત્યાગ કરી જીનસૂત્રોનો અભ્યાસ કરવો, અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને યથાર્થ જાણવા એને જ્ઞાન વિનય કહે છે.

दर्शन विनय.

સામાયિક આદિ લઇને લોક બિંદુસાર પૂર્વ વિગેરે સૂત્રો વિષે પદાર્થોના દ્રવ્ય ગુણપર્યાયનું નિરૂપણ કરેલ છે તે બરોબર જાણે તેને દર્શનવિનય કહે છે.

આત્માર્થી સાધુઓ તપોધન પુરૂષોને જોઇને કે તેમનું આવાગમન સાંભળીને સંયમ ભાવનાપૂર્વક મનમાં આનંદ પામે તેને ચારિત્ર વિનય કહે છે.

ઉપચારવિનયના પ્રત્યક્ષ ઉપચારવિનય અને પરોક્ષ ઉપચારવિનય એમ બે ભેદ છે. આચાર્ય ઉપાધ્યાય, પ્રવર્તક, દેવ, તપોધન આદિ પૂજ્ય પુરૂષોનો સત્કાર કરવો, તેમને વંદન કરવું, રત્નત્રયમાં વૃત્તિ રાખવી, મનવચન કાયાના વિકારો પરિહરવા, વિવિધ ઋતુઓમાં સંયમવૃત્તનું પાલન કરતાં આવી પડતાં દુઃખો શાંતિપૂર્વક સહન કરવાં, માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણે શલ્યથી દૂર રહેવું, નિરતિચારપણે શીલધર્મનું પાલન કરવું, વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ કે પૂજ્ય આત્મજ્ઞાનામૃતનું પાન કરાવનાર સદ્ગુરૂનો વિનય કરવો, ધર્મકથા સાંભળવી કે સંભળાવવી, પંચપરમેષ્ટિનું વિવેકપૂર્વક આરાધન કરવું, જાતિ, કુળ, ધન, રૂપ, વિજ્ઞાન, બળ, લાભ, અને રિદ્ધિ એ આઠનો ગર્વ ન કરવો, સર્વ જીવો તરફ ક્ષમા રાખવી; સર્વદા અન્યને હિતકારી એવાં વચન બોલવાં તથા કાર્ય, અકાર્ય, ધર્મ, કુધર્મ વિગેરેમાં વિવેક બુદ્ધિ રાખવી એને પ્રત્યક્ષ ઉપચાર વિનય કહે છે.

આત્મતત્ત્વને યથાર્થ ઓળખીને જીવદયાયુક્ત સંયમી પુરૂષો શરીર ઉપરનો સર્વ મમત્વ ભાવ છોડીને મુક્તિ પામેલા જીવોનો પરોક્ષવિનય કરે છે અથવા તો વૈરભાવ રહીત થઈ કોઈ સાથે રાગદ્વેષ કરતા નથી, ચાડીચુગલીથી દૂર રહે છે, પારકાના દોષો ગ્રહણ કરતાં નથી, મંત્ર, તંત્ર, વૈદક, જ્યોતિષ વિગેરે કુવિદ્યાઓનું સેવન કરતાં નથી અને સંસારથી ભયભીત

રહી કેવળ મોક્ષસુખની વાંછાથી ઇંદ્રિઓનું દમન કરે છે, તેને પરોક્ષ ઉપચારવિનય કહે છે. વિનયથી જીવને જ્ઞાનનો લાભ થાય છે અને તેનાથીજ દર્શન ચારિત્ર તપ વિગેરે નિર્મળ થતાં મોક્ષમાર્ગનો પ્રકાશ વ-તો ને વ-તો થાય છે.

वैयावृत्त.

વાતપિત્ત વિગેરેના વિકારથી વ્યાધિગ્રસ્ત સાધુઓની શુશ્રુષા કરવી, જીનસૂત્રો સંભળાવીને તેમનાં મનને શાંતિ આપવી, તેમના સંયમ ધર્મની વૃદ્ધિ ચિંતવવી, પચ્ચખાણુનો ભંગ કે જીવહિંસા ન થાય એવા પદાર્થ કે ઔષધોનું ખાનપાન કરાવવું એને વૈયાવૃત્ત તપ કહે છે. તેના આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વિ, શૈષ્ય, ગ્લાન, ગણુ, કુલ, સંઘ, સાધુ અને મનોજ્ઞ એમ દશ પ્રકાર છે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચે આચારનું યથાર્થરીતે પાલન કરનાર મહાત્માઓ આચાર્ય કહેવાય છે. તેમના ઉપદેશથી ભવ્ય જીવો આત્મ સ્વભાવને ઓળખે છે. અનેક કર્મોની નિર્જરા થાય છે અને સ્વર્ગાપવર્ગનાં વિવિધ સુખો પ્રાપ્ત થાય છે.

આત્માના રત્નત્રય સ્વભાવને યથાર્થ જાણનાર, ધર્મોપદેશ દેવામાં કુશળ, શીલ અને વૃત્ત ધર્મમાં અગ્રણી અને સિદ્ધાંત સૂત્રોનું રહસ્ય ભણાવનાર ભવ્ય મહાત્માઓ ઉપાધ્યાય કહેવાય છે.

આચામ્લ વર્ધમાન તપ, સર્વતોભદ્ર તપ, સિંહનિઃક્રીડિત તપ, શાંતકુંભ તપ, મંદારપંક્તિ તપ, વિમાનપંક્તિ તપ, નંદિશ્વરપંક્તિ તપ, જીનગુણસંપત્તિ તપ, શ્રુતજ્ઞાન તપ, કનકાવલી તપ, મુક્તાવલી તપ, રત્નાવલી

તપ, મૃદંગમદ તપ, વજ્રમધ્ય તપ, કર્મક્ષપણ તપ, ત્રૈલોક્યાસાર તપ, ચાંદ્રાયણ તપ આદિ વિવિધ તપશ્ચર્યા કરીને જે પૂજ્ય પુરૂષો પોતાનાં શરીરને અનેક કષ્ટ આપે છે તેઓ તપસ્વી કહેવાય છે.

શ્રુતજ્ઞાનના અભ્યાસક અને વ્રતની ભાવના હૈયે ધરનાર શિષ્ય કહેવાય છે.

ઘડપણ તથા રોગથી જેમનું શરીર ક્ષીણ થઇ ગયું હોય તેઓ ગ્લાન કહેવાય છે.

ગુણવૃદ્ધ અને વયોવૃદ્ધ પુરૂષોનો સંઘાડો એ ગણ કહેવાય છે. અને દિક્ષાચાર્યોના સંઘાડાને કુળ કહે છે.

ઋષિઓ (રિદ્ધિવંત જનો), યતિઓ (ઇંદ્રિઓનું દમન કરનાર), મુનિઓ (પ્રત્યક્ષ જ્ઞાની પુરૂષો), અને અનાગાર પુરૂષો (સામાન્ય તપોધનો) ના સમૂહને સંઘ કહે છે.

પ્રમાદ રહિત થઇને જેઓ ઘણા કાળ સુધી સંયમ ધર્મનું પાલન કરે છે તેઓ સાધુ કહેવાય છે.

જીન સૂત્રને યથાર્થ જાણનાર જ્ઞાની પુરૂષો જેમના ઉપદેશથી પાપ મતિ નાશ પામે છે તેઓ તથા આત્માર્થી જનો, તાપસો કે મહાજ્ઞાની પુરૂષો મનોજ્ઞ કહેવાય છે.

વૈયાવૃત્ત તપથી સંયમમાં જીવને સ્થિરપણું પ્રાપ્ત થાય છે. પ્રવચન તથા વાત્સલ્ય ગુણનું આરાધન સંયમી ગુરૂઓનું સેવન કરવાથી થાય છે.

स्वाध्याय.

स्वस्मैहितो ध्यायः स्वाध्यायः । જેનાં અનુષ્ઠાનથી પુણ્યનો

સંચય થઇ જીવનું હિત થાય તેને સ્વાધ્યાય કહે છે. તેના વાચના, પ્રશ્ન, આમ્નાય, ધર્મોપદેશ, અને અનુપ્રેક્ષા એમ પાંચ ભેદ છે.

કંઇ પણ ફળની આશા રાખ્યા વિના, અહંકારનો ત્યાગ કરી અજ્ઞાન ભાવના ક્ષય નિમિત્તે ભવ્ય જીવોને ધર્મશાસ્ત્ર સિદ્ધાંત વિગેરેનું અધ્યયન કરાવવું, તેના અર્થ વિવેક પૂર્વક સમજાવવા, અને સંસારથી ભયભ્રાંત જીવોને જ્ઞાનોપદેશ આપવો એને વાચના કહે છે.

જીનસૂત્રના ભેદ, સિદ્ધાંતોના અર્થ, ધર્મનું રહસ્ય એ વિગેરે સંબંધી ગુરૂ મહારાજને વિનયપૂર્વક પ્રશ્ન કરવા તેને પૃચ્છના કહે છે. પ્રશ્ન કરતી વખતે હસવું કે એવાં બીજાં ટીખળ કરવાં નાહ.

વ્રત ક્રિયા સંપન્ન સંયમી પુરૂષો ચૈતન્ય ભાવને યથાર્થ જાણી, આલોક તથા પરલોકનાં ફળની વાંછા કર્યા વિના કેવળ તત્ત્વજ્ઞાનની રૂચિ વડે સૂત્રનો અભ્યાસ કરે ને એકજ ક્રિયા, એકજ દેવ, અને એક ગુરૂને માને તથા જ્ઞાન ધ્યાનનો પ્રકાશ કરે, તેને આમ્નાય કહે છે.

કુમાર્ગ અને પાપમાર્ગનો જેથી જીવ ત્યાગ કરે એવા ઉપદેશને ધર્મોપદેશ કહે છે. અનિત્ય અશરણ વિગેરે બાર ભાવનાઓનો અભ્યાસ કરવો તેને અનુપ્રેક્ષા કહે છે. સ્વાધ્યાયથી પ્રજ્ઞા બુદ્ધિ નિર્મળ થાય છે અને મનનાં પરિણામ ઉત્તમ રહે છે. વળી તેનાથી શ્રી જીનેંદ્ર કથિત સૂક્ષ્મ વચનોમાં જીવ સ્થિરતા પામે છે, સંશય નાશ પામે છે, સંયમ તથા તપની અભિવૃદ્ધિ થાય છે અને ઇંદ્રિઓ કાબૂમાં આવતાં સર્વ કષાયો ક્ષીણ પામે છે.

काउस्सग्ग.

અસંયમયુક્ત ભાવો અને દુષ્ટ પરિણામોનો ત્યાગ કરવો તેને કાઉસગ્ગ કહે છે. આહાર અને બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કરવો તેને પણ કાઉસગ્ગ કહે છે. ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, કે દેહમમત્વનો ત્યાગ કરવો એ પણ કાઉસગ્ગ કહેવાય છે. જે કાઉસગ્ગમાં આહાર તથા શરીરનું જીવિત પર્યંત પચ્ચખાણ લેવાય છે તેને જાવજીવકાઉસગ્ગ કહે છે. એ સ્થિતિમાં જેઓ મૃત્યુ વખતે દેહને છોડે છે તેઓ યમ કાઉસગ્ગવાળા કહેવાય છે. તેના એક ભક્ત પ્રત્યાખ્યાન, અંગીની મરણ અને પ્રાયોપગમન એમ ત્રણ ભેદ છે.

રાગ દ્વેષનો ત્યાગ કરી જઘન્ય અંત મુંહુર્ત સુધી, મધ્યમ છ માસકે વર્ષ માટે, અનેઉત્કૃષ્ટ વર્ષ સુધી ચતુર્વિધ આહાર તજીને મરણ પામવું તેને ભકત પ્રત્યાખ્યાન કહે છે. સર્વ સાવદ્ય માર્ગનો ત્યાગ કરી અણશન વ્રત ઉચારી મૃત્યુપર્યંત શરીર શુશ્રૂષાનું પચ્ચખાણ લેવું તેને અંગીની મરણ કહે છે. વૈરાગ્યવંત ધીર પુરૂષો સંપૂર્ણ ઉદાસીન બનીને શરીર ઉપરનો સર્વ મોહ છોડી મૃત્યુ પર્યંત શરીરની શુશ્રૂષા કરતા કે કરાવતા નથી તેને પ્રાયોપગમન મરણ કહે છે.

સાવિધિ કાઉસગ્ગ તેના નિત્ય કાઉસગ્ગ અને નિમિત્ત કાઉસગ્ગ એમ બે ભેદ છે. આવશ્યક સાચવતાં હમેશાં નિત્ય કર્મ કરવાં તેને નિત્ય કાઉસગ્ગ કહે છે. ચઉમાસી કે સંવત્સરી પ્રતિક્રમણ કરતાં એટલે કે

ખાસ પર્વ દિવસોએ જે કાઉસગ્ગ કરવો તેને નિમિ-ત કાઉસગ્ગ કહે છે. ક્રિયા કરતાં કાઉસગ્ગમાં સંવરીને ૩૨ દોષ લાગે છે તે નીચે પ્રમાણે:—

નિરંદર પણું, શુન્ય ચિંત, આર્ત રૌદ્રધ્યાન, હિંસાભાવ યુંક્ત મલીન પરિણામ, ચચલ મન, ઉન્મસ્તક દોષ, કછા પરિગિત દોષ, મચ્છયોર્ધન દોષ (મત્સની માફક શરીરનું હાલવું ચાલવું), મનો દુષ્ટ દોષ, શરીરનાં અંગ મોડવાં (વેદિકા બંધ દોષ), ભૈષત્વ દોષ, ભિષિત દોષ, રિદ્ધિ ગૌરવ દોષ, શેષ ગૌરવ દોષ, સ્તેયિત દોષ, પ્રત્યનીક દોષ, ક્રોધાદિ શલ્યદોષ, તર્જીત દોષ, શબ્દિત દોષ, હેડિત દોષ, હેડિલિત દોષ, કુંઠિત દોષ, આચાર્યાદિક દશન દોષ, અદ્રષ્ઠ દોષ, સંઘકર મોચન દોષ, માલબ્ધ દોષ, અનાલબ્ધ દોષ, હીન દોષ, અધિક દોષ, મૂક દોષ, ઘર્ઘર દોષ, અને સુલલિત દોષ.

ચલન વલન ક્રિયા રહિત શરીર રાખે અને બે પગ વચ્ચે ચાર આંગળનુ અંતર રાખે અને દ્રષ્ટિ નાકના અગ્ર ભાગ તરફ રાખે તે છતાં કાઉસગ્ગમાં દોષ લાગે છે તે આ પ્રમાણે:—

ઘોટકપાદ, લતાવક્રાર, સ્તંભાવષ્ઠંભ, કુધાશ્રિત, માલિકો દ્વવનહ, શવરી ગુહ્ય ગુહન, શ્રૃંષલિત, અલંબિત, ઉત્તરિત, સ્તનદ્રષ્ટિ, કાકાલોકન, ખલાનીત, યુગકંધર, કપિછ મુષ્ટિ, શીર્ષ પ્રકંપિત, મૂક સંજ્ઞા, અંગુલિ ચાલન, ભૂક્ષેપ, ઉન્મત્ત, પિશાચ, અષ્ટ દિગાવલોકન, ગ્રૈવોન્નમત્ત, ગ્રોવાવનમનં, નિષ્ઠ વનં, અંગ સ્પર્શન, નિરાદરતા, શુન્ય મનોભાવ, આત્મજ્ઞાનની પરિક્ષા ન જાણવી, સશંકિન, છીંક અને ખાંસી. હવે આપણે ધ્યાન સંબંધી કંઇક જાણીએ.

ધ્યાન.

દુર્ગતિનાં કારણ રૂપ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંબંધે આગળ આપણે કેટલુંક જાણ્યું. હવે આપણે શુકલ ધ્યાન સંબંધે કંઈક બોલીએ. શુકલ ધ્યાનના શુકલ અને પરમશુકલ એમ બે પ્રકાર છે. શુકલના પાછા પૃથક વિતર્ક વિચાર અને એકત્વ વિતર્ક અવિચાર એમ બે ભેદ છે. પરમ-શુકલના પણ સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ અને સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ એમ બે પ્રકાર છે. વળી તેના પણ બાહ્ય અને અંતરગત અનુભવ એમ બે પ્રકાર છે. નિશ્ચલ અકંપક શરીર હોય, નેત્ર મેષોન્મેશ રહિત હોય, શ્વાસોશ્વાસ પ્રકટ ન દેખાય, છીંક બગાસાં ન આવતાં હોય, શરીર પાષાણની પ્રતિમા સરખું લાગતું હોય એ બધાં બાહ્ય લક્ષણો છે. વીતરાગ પ્રભુનાં વચનોના ગુણોને, વધાદિક અપાયોને વિવિધ જાતના કર્મ વિકારોને અને અનેક જાતની સંસ્થાન રચનાને સમ્યગ્ રીતે ચિંતવન કરતા, તેમજ નિત્ય ભવભીત, અત્યંત ક્ષમા યુકત, અભિમાન રહિત, માયા દોષ મુકત હોવાથી નિર્મલ, સર્વ તૃષ્ણા વર્જીત, ગામ અને અરણ્ય તથા શત્રુ અને મિત્રમાં સમચિત્ત, આત્મરમણી બની તૃણ-મણી અને કનક-પથ્થર ઉપર સમચિત્ત, સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર, વાંસલા અને ચંદન વડે અંગચ્છેદન અને અંગ વિલેપનમાં સમભાવી, અત્યંત અપ્રમત્તપ્રશસ્ત યોગ વડે અધ્યવસાય વિશુદ્ધિથી વિશુદ્ધ થતાં અને ચારિત્રની અતિ વિશુદ્ધિ અને લેશ્યા વિશુદ્ધિ પામીને કલ્યાણમૂર્તિ એવા મુનિને ઘાતિકર્મના ક્ષયના એક

દેશથી ઉત્પન્ન થયેલું મહા પ્રભાવવાળું અપૂર્વ કરણ પ્રાપ્ત થાય છે અને તેનાથી પૃથક્‌વિતર્ક વિચાર ધ્યાન થઇ શકે છે. આ ધ્યાનનાં બળથી સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિ થઇ શકે છે.

ચિત્ત વૃત્તિને એકજ ભાવમાં રોકેલી રાખવી, વ્યંજન યોગમાં સઘળાં પરિણામોને નિર્મળપણે રોકવાં અને આત્મસ્વભાવથી બહિર્મુખ વૃત્તિ ન કરવી અને જે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય પ્રથમ સમયે જઘન્ય મનોયોગવાળો હોય તેથી પણ અસંખ્યાત ગુણહીન મનોયોગનો નિરોધ કરવો તેને એકત્વ વિતર્ક અવિચાર ધ્યાન કહે છે. આ ધ્યાનથી જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અને અંતરાય એ ત્રણે ઘાતી કર્મનો નાશ થાય છે. અને તેનાથી મોહની કર્મનો નાશ કરી જીવ દશમે ગુણસ્થાનેથી બારમાક્ષીણ કષાય ગુણસ્થાનકે જાય છે. અને છેવટે સયોગી કેવળી નવ લબ્ધિ પ્રાપ્ત કરી અનંત દર્શન વિગેરે પ્રાપ્ત કરે છે.

શિષ્ય—હે ગુરૂજી વેદનીય કર્મ હોય છતાં કેવળીને સુખ કેમ હોઈ શકે ?

ગુરૂ—વેદનીય કર્મની સાતાવેદનીય અનેઅસ ાતાવેદનીય એમ બે જાતિ છે. મોહનીય કર્મ જે સંસાર ઉપર રાગદ્વેષ ઉપજાવે છે તેનાં બળે કરીને વેદનીય કર્મ જીવને પીડા આપે છે. જ્યારે સર્વ કર્મમાં અતિપ્રબળ એવાં મોહનીય કર્મનો નાશ થાય છે ત્યારે વેદનીય કર્મનું બળ પણ તુટે છે. વેદનીય કર્મનો નાશ થતાં જીવને કંઇ દુઃખ રહેતું નથી. કેવળી જીવોને મનોવિકાર હોતો નથી. અને તેમની

વાણી નિરક્ષરી હોય છે. તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃ પર્યવ જ્ઞાન હોય છે અને આ અવસ્થા ઓછામાં ઓછી અંતર્મુહુર્ત અને વધારેમાં વધારે લગભગ નવ વર્ષ સુધી રહે છે. આ ધ્યાનમાં પહેલાં બાદર સ્થૂલ કાયયોગે સ્થિતિ કરીને બાદર મન વચન અને ઉચ્છ્વાસને ક્ષીણ કરીને સૂક્ષ્મ કાયયોગે સ્થિતિ કરી સૂક્ષ્મ મન વચન અને ઉચ્છ્વાસનું રૂંધન કરવામાં આવે છે. આને સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ ધ્યાન કહેવામાં આવે છે. જ્યારે આયુકર્મ અંતર્મુહુર્ત શેષ રહે છે ત્યારે અનંત શક્તિવંત કેવળી ભગવાન કર્મોનાં સંખ્યા રહિત અંશોને ખપાવીને એકી સાથે સંપૂર્ણ વેદનીય, આયુષ્ય નામ અને ગોત્ર કર્મના સમૂહને ખપાવવા જે ધ્યાનથી સૂક્ષ્મ કાયયોગ મનોયોગ, વચનયોગ અને પ્રાણવાયુથી સુખપિંડને જૂદો કરે છે તેને સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ ધ્યાન કહે છે. આથી જીવને સર્વ આશ્રવનો નિરોધ થાય છે, સર્વ કર્મ પ્રકૃતિ વિલય પામે છે અને ત્યારે અયોગી કેવળી જીવ સર્વ બંધનોથી વિમુક્ત બનીને દર્શન જ્ઞાને કરીને અધિક શોભે છે અને ઉર્ધ્વ ગતિ પામી નિર્મળ સિદ્ધક્ષેત્રને વિષે જન્મ જરા મરણ અને રોગથી સર્વથા રહિત એવા લોકના અગ્ર ભાગે પહોંચે છે.

आत्मज्ञानात्परं कार्यं न बुधो धारयेच्चिरं ।
कुर्यादर्थं वशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ॥

હે જીવ, જો તું સંસાર ભ્રમણથી ભયભીત હો અને કર્મ કલંકથી દૂર થવાની તને વાંછા હોય તો જાણપણું વિનાં

કોઈ પણ સંસાર કાર્ય કરવું નહીં. કોઈ પણ સંસારી કામ સંબંધી ઘણો કાળ વિચાર કરવો નહિ અને કોઇ પણ પુણ્યાનુષ્ઠાન આત્માની જાણ વિના કરવું નહિ; સંસારનાં કાર્યોમાં મન વિરકત ભાવે રાખવું, સંસારનાં કામ મનથી વખાણવાં નહિ અને જે કાર્ય કરવાની ઇચ્છા હોય તે બનતાં સુધી પ્રકટ કરવી નહિ.

यत्पश्यामींद्रियै स्तन्मे नास्ति यन्नियतेंद्रियः ।
अतः पश्यामि सानंदं तदस्तुज्योति रुतमं ॥

ઇંદ્રિયો વડે જે વિષયવિકારો દેખવામાં આવે છે તે મારા નથી. તે તો મારા સ્વભાવથી તદ્દન પર છે. ઇંદ્રિઓનો સંવર કરીને જ્યારે હું આત્મ સ્વભાવને દેખું છું ત્યારે હું મારા સુખ ભંડારને યથાર્થ રીતે જાણું છું અને ઇંદ્રિયના વિકારો સંપૂર્ણ રીતે અહિત કારક જણાય છે. અભ્યંતરમાં સ્થિતિ કરતાં જીવને અપૂર્વ આનંદ ઉપજે છે અને સંસારનો ભય ટળી જાય છે. ઇંદ્રિય વિકારોનાં સેવનથી જીવ હમેશાં ભય ચિંતા અને દુઃખમાંજ રહે છે અને તે સત્યજ્ઞાન રસને ચાખી શકતો નથી.

सुरत्र मारब्धयोगस्य बहिर्दुखमथात्मने
बहिरेवासुखं सौख्यं मध्यात्मं भावितात्मनः ॥

ગુરૂનાં વચન હૃદયે ધરીને જન્મ જરા અને મરણનાં દુઃખથી કંટાળીને વૈરાગ્ય ભાવ પૂર્વક જે કર્મથી બંધાયેલ આત્માના સત્ય સ્વરૂપને ઓળખે છે, અને અપૂર્વ જ્ઞાન રસ ચાખીને તથા બલવીર્ય સંભાળીને દિગંબર રૂપે યોગમાર્ગનું આરા-

धन करे छे तेने अंतरंगे अनंत सुख प्राप्त थाय छे. બાહ્ય દ્રષ્ટિએ તેઓ દુર્બળ મલીન અને એકાકી વિચરતા દેખાય છે પણ તેઓ ઇંદ્રાદિક દેવોકરતાં પણ વધારે સુખી હોય છે. બાહ્ય દુઃખો તે પણ તેમને સુખરૂપ થાય છે અને થોડો કાળ આત્માભિમુખ વૃત્તિ કરતા તેઓ અનંત કર્મ પુગલોનો ક્ષય કરી શકે છે.

तद्‍ ब्रुयात्तत्परान्‍ पृच्छेत्‍दित्परोनगोभवेत्‍ ।

येन विद्यामयं रुपं त्यक्त्वा विद्यामयं व्रजेत्‍ ॥

હે જીવ, વચન એવાં બોલવાં જેથી મિથ્યાત્વ કલંક દૂર થાય, ધર્મ સંબંધી પૃચ્છા એવા ગુરૂને કરવી જે સયમ અને આત્મજ્ઞાનમાં રચ્યો મચ્યો હોઇ ઇંદ્રિય વિકારોથી રહિત હોય, વાંછા એવી કરવી જેનાથી અજરામર પદવીની પ્રાપ્તિ થાય. શરીર જે માયામય છે અને જેમાં રહીને જીવ અને અનેક પ્રકારના વિષયરસો ચાખે છે તેને બંદીખાનાં રૂપ જાણીને એવા ઉપાયો કરવા જેથી વિદ્યામયી અરૂપી સુખ નિધાન આત્મા પ્રકટ થાય. સંસાર ભોગમાં સદા વિરકત રહેવું આત્મ સુખનીજ વાંછા રાખવી અને સકળ કર્મો જેણે ક્ષય કરેલ છે તેવા વીતરાગ પ્રભુનેજ ભજવા.

शरिरेवाचिचात्मानं संधत्ते वाकूशरी रयोः

भ्रांतोभ्रांतः पुनस्तत्वं पृथगेन नि बुध्यते ॥

શરીર, મુખ, નાક, આંખ, કાન વિગેરેના વિકાસનાં પરિણામ રૂપ કર્મોથી બંધાઇને જીવ અનાદિ કાળથી મોહનિદ્રા અને મિથ્યાત્વવશ થયેલ છે. જ્યાં સુધી જીવ મોહ નિદ્રાવશ હોય છે ત્યાં સુધી તે શરીર વચન વિગેરેમાં આત્મબુદ્ધિ

આણે છે તે એટલે સુધીકે સાધુ ગુરૂનો ઉપદેશ સાંભળતાં છતાં પણ તેને શરીર અને આત્મા વચ્ચે કંઇ જૂદાઇ સમજી શકાતી નથી. મોહ નિદ્રાનો નાશ થતાં જ્યારે અનંત જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જીવ પોતાનાં સત્ય-સહજ સુખને અનુભવે છે.

न तदस्तींद्रियार्थेषु यक्षेमंकरमात्मनः ।
तथापि रमते बाल स्तत्रैवाज्ञानभावनात् ॥

ઇંદ્રિયગામમાં વિષય વિકાર રૂપ ચોર છે અને તે જીવનો અનાદિ કાળનો શત્રુ છે. જો વિષવાળાં ભોજનથી સુખ મળે તોજ વિષયવિકારોથી સુખ મળે બલ્કે વિષય વિકારથી જીવને કોઇ જાતનું સુખ કદિ સંભવતુંજ નથી. બહિરાત્મા અજ્ઞાનજીવો વિષયસુખમાં રાચે છે અને તેમાં સુખ રહેલું છે એમ માને છે.

चिरं सुषुप्तामनासि मूढात्मान कुयोनिषु ।
अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ॥

મિથ્યાત્વ અને મોહ મદથી માતેલા બહિરાત્મા અજ્ઞાની જીવો રાગદ્વેષ ભાવથી કલંકિત થઇને અનેક યોનિમાં ભ્રમણ કરે છે.

પુદ્ગલ વિકાર એ આત્માથી પર હોઇને તેમાં આત્માનો એક પણ ગુણ નથી તે છતાં તેઓ પુદ્ગલ દ્રવ્યનેજ આપણું કરી જાણે છે,

पश्येन्निरंतरं देह मात्मनो नात्मचेतसा ।
अपरात्मधियान्येषा मात्मतत्त्वे व्यवस्थितः ॥

ઉપશમરસે સ્થિતિ કરીને તથા દેહાદિ વિકારોને આત્માથી પરદેખીને તારા સુખપીંડ જીવાત્માનેજ તું સદા જો-સંભાળ. ચેતના ગુણ રહિતરૂપી વિકારોને તું કદિ જોતો નહી.

अज्ञान पितं न जानंति यथा माज्ञापितं तथा ।
मूढात्मनां तत स्तेषां वृथा मे ज्ञापनश्रमः ॥

ઉપદેશ વિના આત્માનું અરૂપી અનુપમ સ્વરૂપ જાણી શકાતું નથી. કાળ લબ્ધિ પામીને જ્યારે ગુરૂનો ઉપદેશ મળે છે ત્યારેજ જીવ મોહનિદ્રામાંથી જાગૃત થાય છે અને આત્મજ્ઞાન અસાવધાન અને બહિરાત્મા જીવો તેમને સમજાવવું—ઉપદેશ આપવો તે ઘણું ખરૂં વૃથા નીવડે છે. સંસાર રોગ સબળ હોય એવા જનોને ઉપદેશ આપવો તે ઘણું ખરૂં વૃથા નીવડે છે.—સંસાર રોગ સબળ હોય એવા મિથ્યાત્વી જનોને ઉપદેશ નકામો થાય છે (જેમ કેટલા એક રોગોમાં વૈદ્ય નકામો થાય છે તેમ.) માટે એવા મિથ્યાત્વી જનોને ઉપદેશ આપવાનો શ્રમ લેવો નહિ.

यद्बोधयितु मिच्छामि तन्नाहं यदहं पुनः ।
ग्राह्यं तदपि नान्यस्य तमिन्यस्यत्क बोधयेत् ॥

જેને હું દયા લાવીને જોતાં વેંત વચનથી બોલાવીને ઉપદેશ આપવા ઇચ્છા રાખું છું તે કંઇ હું નથી એવો વિવેક હું મારા સદ્ગુરૂ આગળથી શીખ્યો. રૂપી પદાર્થો ચેતના ગુણ રહિત છે અને તેનાથી મારા ગુણ ભંડારને ઓળખી શકાતો નથી. સત્ય સુખ યુક્ત

જ્ઞાનાત્મા જીવ ઇંદ્રિયો વડે કેમ ઓળખી શકાય? જીવથી પર એવા પુદ્ગલ વિકાર રૂપ જડ પદાર્થોને ઉપદેશ લાગતા નથી માટે મારે તો હવે પોતે પોતાનેજ ઉપદેશ આપવો.

बहिस्तुष्यति मूढात्मा पिहित ज्योति रंतरे ।
तुष्यंत्यंतः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतकः ॥

શરીર મન ઇંદ્રિઓ વિગેરેના બાહ્ય વિકારો ઉપર મૂર્ખ અવિવેકી જીવો મદમસ્ત થઇને તથા પોતાના સ્વભાવને ભૂલી જઇને પ્રેમ કરે છે. વિવેકી જીવો એ બધાને સ્વપ્ન સરખાં એટલે કે મિથ્યા માને છે. જેઓએ ગુરૂ ઉપદેશથી દર્શન જ્ઞાનયુક્ત સ્વયંપ્રકાશ ચેતના લક્ષણવાળા આત્મ સ્વભાવને યથાર્થ જોયેલ છે અને જેઓ મિથ્યાત્વ અને મોહથી પરાઙ્મુખ થયા છે અને જેઓએ પોતાનું વીર્ય સંભાળીને ઇંદ્રિય વિકારોથી દૂર થઇને સંસારના સર્વ કૌતુકથી વેગળા બન્યા છે તેવા ધર્માર્થી જનો આત્મજ્ઞાનની પ્રાપ્તિ વડે ઉપશમ રસનું પાન કરી અપૂર્વ આનંદ અને સુખ પ્રાપ્ત કરે છે.

न जानंति शरीराणि सुख दुःखन्य बुद्धयः ।
विग्रहानुग्रहेंप्यियं तथाप्यत्रैव कुर्वते ॥

શરીર ચેતના, ગુણરહિત, જડ, વિનશ્વર, પરાધીન, આકાર અને જ્ઞાનબુદ્ધિ વિનાનું છે. અજ્ઞાન અને અવિવેકી પુરૂષો જેમનાં મનનાં પરિણામ રાગદ્વેષાદિકથી મલીન હોય છે તેમને તેથી શરીરનેજ એકલાં કષ્ટ આપવાથી વાસ્તવિક કંઇ લાભ થતો નથી મનશુદ્ધિ વિના નગ્નત્વ, દુર્બલત્વ કે નિરાહારપણું એમાનું કશુંએ કામનું નથી.

स्वबुद्धयायावद् गृहीयात् कायवाक्चेतसांत्रयं ।
संसारस्ताव देतेषां भेदाभ्यासे तुनिर्वृत्तिः ॥

જ્યાં લગી શરીર કે મનના મનોહર વિકારોમાં પ્રેમ કે વિશ્વાસ રહે છે , જ્યાં લગી શ્રૃંગારયુક્ત શબ્દો તથા પુત્ર મિત્રાદિમાં રાગબુદ્ધિ હોય છે, જ્યાં લગી શત્રુગણ તરફ દ્વેષ ભાવ રહે છે ત્યાં લગી એટલે કે પરભાવમા રમણ કરતાં સુધી સંસારમાં ભ્રમણ કરવું પડે છે. વિવેક પૂર્વક મન વચન કાયાનો નિરોધ કરી અનુભવથી સર્વ વૃત્તિઓ આત્મભિમુખ બને છે ત્યારે ઉત્તમ એવુ મોક્ષ સુખ મેળવાય છે.

घने वस्त्रे यथात्मानं न घनं मन्यते तथा ।
घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधाः ॥
जीर्णे वस्त्रे यथात्मानं नजीर्णं मन्यते तथा ।
जीर्णे स्वदेहेप्यात्मानं न जीर्णं मन्यते बुधाः ॥
नष्टे वस्त्रे यथात्मानं न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेप्यात्मानं न नष्टं मन्यते बुधाः ॥
रक्ते वस्त्रे यथात्मानं न रक्तं मन्यते तथा ।
रक्ते स्वदेहे प्यात्मानं न रक्तं बुधाः ॥

જેમ જાડાં વસ્ત્રથી શરીર કંઈ જાડું બની જતું નથી તેમ હૃષ્ટ પુષ્ટ શરીરથી આત્મા હૃષ્ટપુષ્ટ થાય છે એમ વિવેકી પુરૂષો માનતા નથી. જેમ કપડું ફાટી જવાથી શરીર ફાટી જતું નથી તેમ શરીર જૂનું થતાં આત્મા કંઇ વૃદ્ધ બનતો નથી. જેમ લૂગડાનો નાશ થતાં શરીરનો નાશ થતો નથી તેમ શરીરનો નાશ થતાં આત્માનો નાશ

થતો નથી. આત્મા તો અમર છે. જેમ રાતાં વસ્ત્રો પહેરવાથી શરીર કંઈ રાતું બની જતું નથી તેમ રાતાં શરીરથી આત્મા કંઇ રાતો બની જતો નથી.

यस्यसम्यं द्गमाभाति निःस्पंदेन समं जगत् ।
अप्रज्ञमक्रियाभोगं स समायाति नेतरः ॥

આત્મજ્ઞાનનો સ્વાદ કરી જે જીવો બાહ્ય પ્રેમ છોડી દઈને તદ્દન આત્માભિમુખ બને છે તેમને સુખ દુઃખ રાગદ્વેષાદિ કશું હોતું નથી. સંયમી-વિવેકી પુરૂષો સંસારના સર્વ પ્રપંચોને એક જાતની મૂર્ખાઈ ગણે છે અને તેઓ તપ, ધ્યાન, ક્રિયા, સ્વાધ્યાય વિગેરેમાં મશગુલ રહે છે. તેઓજ ઇંદ્રિય વિકારો આદિથી વૃત્તિઓને ખેંચી લઈ, ઉત્તમ એવું સમભાવ સુખ અને નિર્વિકાર શાંતપદ પ્રાપ્ત કરે છે.

शरीर कंचूकेनात्मा सवृत्तो ज्ञान विग्रहः ।
नात्मानं बुध्यते तस्माद्भ्रमत्यत्र चिरंभवे ॥

શરીર એ આત્માને એક જાતનું આવરણ-બંદીખાનું છે. જેમ રાહુએ ગળ્યો હોય ત્યાં સુધી ચંદ્રમાનો પ્રકાશ દેખી શકાતો નથી તે પ્રમાણે શરીર રૂપી પાંજરામાં પકડાયેલ આત્મ જ્યોતિ દેખી શકાતી નથી. જ્યાં સુધી સત્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી સંસાર ભ્રમણ કદિ મટવાનું નથી. રત્નત્રયની પ્રાપ્તિ થાય ત્યારેજ સંસાર રોગ મટી શકે છે.

प्रविशद्गलतां व्यूहे देहेणूनां समावृतौ ।
स्थितिभ्रांत्या प्रपद्यंते तमात्मानं बुद्धये ॥

गौरः स्थौलः लशौ वाह मित्यंगना विशेषयन् ।
आत्मनांधारयेन्नित्यं केवल ज्ञप्ति विग्रहं ॥

કાળાપણું, સફેતાઈ, સ્થુળતા, દુર્બળપણું અને લાંબા ટુંકાપણું એ વિગેરે શરીરનાં લક્ષણ છે. આત્મા તો અરૂપી, અનંત સુખનો ભંડાર, અને જ્ઞાન સ્વભાવ યુકત છે.

मुक्तिरेकांतकी तस्या चित्तेयस्याचल धृतिः ।
तस्यनेकांतिकी मुक्तिर्यस्यनास्त्यचला धृतिः ॥

જ્યાં સુધી રાગદ્વેષયુક્ત પરિણામોનો ક્ષય કરી, સંતોષ અને સમભાવ સુખ પ્રાપ્ત થયાં નથી જ્યાં સુધી બાહ્ય વિકારોમાંથી મનને વેગળું કર્યું નથી ત્યાં સુધી જીવને મુક્તિ મળી શકતી નથી. વિષય વિકારોમાં રમણ કરવાથી મન ચંચલ થઈ જાય છે અને મન ચંચલ થતાં સમતા વિવેક, ધૃતિ વિગેરે પ્રાપ્ત થઇ શકતાં નથી. તેથી આત્માર્થી જનોએ પોતાનાં પરિણામ રાગદ્વેષથી પર રાખવાં જોઇએ.

जनेभ्यो वक्तित स्पंदो मनसश्चित्त विभ्रमाः ।
भवंति तस्मात्संसर्ग जनैर्योगी ततस्त्यजेत् ॥

યોગી પુરૂષોએ પોતાનાં હિતાર્થે વ્યવહારમાં રચી પચી રહેલ જનોનો સંસર્ગ રાખવો નહિ. તેમના સંસર્ગથી રાગદ્વેષ ભ્રમવિકાર વગેરે ઉત્પન્ન થાય છે. માટે અસંયમી અને અવિવેકી એવા રાગદ્વેષમાં મશગુલ પુરૂષોનો સંયમી જનોએ સર્વદા ત્યાગ કરવો.

ग्रामारण्य मितिद्धेधा निवासो नात्मदर्शिनं ।
दुष्टात्मनां निवास स्तु विविक्तात्मैव निश्चलः ॥

અવિવેકી મૂર્ખ જનો નગર શહેર વન કે કયે સ્થળે પોતાને પુણ્યલાભ કે યોગ સિદ્ધિ થશે તે સંબંધી વિવિધ સંકલ્પ કરે છે. આત્માર્થી જનોને એવા વિકલ્પો હોતા નથી કારણકે તેઓ પોતાના આત્મા નિરંતર પોતાની સાથે છે એમ સારી પેઠે જાણે છે. ધીરચિત્ત વિવેકી પુરૂષો ગમે ત્યાં વાસો કરે પણ તેથી તેમને કશું નુકશાન થતુ નથી.

देहांतर गतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।

बीजं विदेहनिष्पत्ते रात्मन्येवात्मभावना ॥

પુત્ર મિત્ર કલત્ર આદિ પરભાવમાં રમણ કરવું અને તેમાં મમત્વ રાખવું એજ સંસારભ્રમણનાં બીજરૂપ છે. બાહ્ય પ્રપંચોમાં પ્રેમ રાખવો એતો અજ્ઞાન કે અવિવેક કહેવાય. પરભાવથી વેગળા થઇને આત્માભિમુખ વૃત્તિ કરવી અને આત્મ જ્ઞાનનું આસ્વાદન કરવું એ મુકિત સુખનાં કારણ રૂપ છે.

नयत्यात्मानमात्मैव जन्मनिर्वाणमेव वा ।

गुरूरात्मात्मनस्तस्मात्र न्योऽस्तिपरमार्थतः ॥

જીવ એજ પોતાના કર્મનો કર્તા હર્તા છે. કર્મવશાત્ તેને લક્ષચોર્યાશી યોનિઓમાં ભ્રમણ કરવું પડે છે. અને જ્યારે સકળ કર્મનો ક્ષય થાય છે ત્યારે ઉત્તમ એવું મોક્ષસુખ પ્રાપ્ત કરે છે. કોઈ પણ જીવને મુકિતસુખ પમાડી શકતું નથી માટે જીવ એજ આપણો ગુરૂ છે એમ માનવું.

दृढात्मबुद्धि देहादावुत्पश्यन्नाशमात्मनः ।

मित्रादिभिर्वियोगंच बिभेति मरणाद्भृशं ॥

શરીરાદિ પર વસ્તુઓમાં રમણ કરવાથી કે દૃઢ ચિત્તે પ્રેમ રાખવાથી જ્ઞાનસુખ નાશ પામે છે. પુત્ર કલત્રાદિમાં પ્રેમ રાખવાથી જીવ અત્યંત દુઃખ પામે છે. રાગી જીવોને પોતાના પ્રેમ પદાર્થનો વિયોગ કે મરણ થતાં દુઃખ કે ભય થાય છે. તેઓને અનેક જન્મ મરણ કરવાં પડે છે માટે હે જીવ, સત્યસુખ મેળવવું હોય તો પરભાવમાં રમણ કરવું છોડી દે અને આત્મજ્ઞાનમાં પ્રવેશ કર.

आत्म न्येवात्मधिरन्या शरीर गति मात्मना ।
मन्यते निर्भयत्यक्त्वा वस्त्रं वस्त्रांतर गृहं ॥

હે જીવ! જો તું તારૂં ખરૂં હિત ઇચ્છતો હો તો શરીરાદિ વસ્તુઓને તારા સ્વભાવથી પર ગણ અને સર્વ વૃત્તિઓને અંતર્મુખ કર જેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં ઉપશમ રસનો ઉત્તમ સ્વાદ તને મળે. શરીરાદિ વસ્તુઓ જડ છે તેથી તેમનો વિયોગ થતાં વિવેકી જનોએ શોક કરવો નહિ. મૃત્યુ સમયે આત્માર્થી જનોએ લેશ પણ ખેદ કરવો નહિ કારણ કે અનાદિ કાળથી જીવાત્મા શરીર રૂપ અનેક વસ્ત્રોને પહેરતો અને ત્યાગ કરતો આવ્યો છે. એવાં જડ અને ક્ષણભંગુર દેહને માટે શોક કે મોહ શાનો?

व्यवहारे सुषुप्तोयः सजागर्त्यात्म गोचहे ।
जागर्ति व्यवहारेस्मिन् सुषुप्तश्चात्मगोचरं ॥

જે જીવો શુભાશુભ પરિણામો, ઇંદ્રિય વિકારો અને બાહ્ય જડ ક્રિયાઓમાં રમણ કરે છે તેઓ આત્મધ્યાનથી સદા પર એટલે વેગળા રહે છે. જેઓ આત્માનાં જ્ઞાન

અને ધ્યાનમાં સ્થિત થાય છે તેઓ વ્યવહારમાં ઉંઘતા-અજ્ઞાન જેવા હોય છે.

आत्मानमंतरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहुं ।

स्तयो रंतर विज्ञानाद ल्पासादच्युतो भवेत् ॥

આત્મા જ્ઞાન અને અનંત સુખનું નિધાન છે, તે સમ્યગ્દર્શન વડે યથાર્થ જોઈ શકાય છે. આને આત્માનુભૂતિ કહે છે. રત્નત્રયની પ્રાપ્તિથી જગત્રયની સર્વ વસ્તુઓ પ્રપંચરૂપ ભાસે છે અને વિવેક દ્રષ્ટિ ખુલતાં આત્માનું સત્ય સ્વરૂપ ઓળખાય છે અને ઉપશમ ભાવ પ્રાપ્ત થાય છે. અભ્યાસથી કર્મોનો ક્ષય કરવાથી જીવ સિદ્ધ–શીવ થાય છે.

पूर्वं दृष्ट्वात्मतत्वस्य विभात्युन्मत्तवज्जगत् ।

स्कल्पस्त्रामभियः पश्चात्काष्ठ पाषाण रुपवत् ॥

અનાદિકાળની મોહ નિદ્રામાંથી જાગતાં જીવ પોતાના મહિમાને યથાર્થ રીતે ઓળખે છે. પણ પાછો મિથ્યાત્વ વશ થતાં ઈંદ્રિય સુખોમાં મગ્ન થઈ જાય છે, તેની વૃત્તિ બાહ્યાભિમુખ થતી જાય છે અને ભ્રમ ઉપજતાં અવિવેકી બની વિષય વિકારોમાંજ સુખ હોય એમ પાછો માને છે, હે જીવ, તારા સહજ સ્વભાવને ભૂલી જઇને બાહ્ય ઉપાધિઓમાં તું કેમ રમણ કરે છે? તને સ્પર્શ, રૂપ, રસ વિગેરેના મિથ્યા સ્વાદો કેમ ગમે છે? જેઓએ પોતાની વૃત્તિ અંતર્મુખ કરી છે તેને બાહ્ય સર્વ વિકારો મિથ્યા લાગે છે. જ્ઞાન અને દર્શનની નિર્મલતાથી આત્માર્થી જનો

અપ્રમત્તપણે ઉપશમભાવ પામી આત્મરસનું આસ્વાદન કરે છે. જેમનાં પરિણામ સંપૂર્ણ રીતે આત્મામાંજ સ્થિત થયાં હોય છે તેઓને બીજા કશા ઉપર લેશ પણ વૃત્તિ થતી નથી. આવા જીવો અપૂર્વ કરણ ગુણ સ્થાનકે છે. બાહ્ય ભાવો ઉપર તેમની વૃત્તિ તદ્દન શૂન્ય હોય છે.

श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरान् ।

नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ॥

વિવેકી જીવો અનેક સિદ્ધાંત સૂત્રોનું આદર સહિત ગુરૂ પાસે શ્રવણ કરી આત્માને શરીરથી પર દેખે છે. જ્યાં લગી આત્માનુભવ થયો નથી અને જ્યાં સુધી અન્ય દ્રવ્યો અને આત્મ દ્રવ્યનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી, જીવ એ સર્વ પ્રપંચથી રહિત છે એવો સાક્ષાત્કાર કર્યો નથી ત્યાં સુધી જન્મ મરણાદિનાં સંકટો ભોગવવાં પડે છે અને મોક્ષપદ પ્રાપ્ત થતું નથી.

तथै व भावई देहाद्व्या वृत्पात्मान मात्मनि ।

यथा न पुनरात्मानं देहे स्वप्ने धियो जयत् ॥

જેણે પોતાનો સ્વભાવ સંસારથી પર જાણ્યો છે તે અરૂપી આત્મરસ પ્રાપ્ત કરી શકે છે. હે જીવ! તારા સકલ યત્નો એવા હોવા જોઇએ જેથી તને સંસાર વિટંબના ન થાય, ચતુર્ગતિનાં દુઃખો ભોગવવાં ન પડે, શરીરમાં રાગ બુદ્ધિ ન થાય અને સર્વત્ર વૃત્તિ આત્માભિમુખ રહે જેથી તું તારા આત્માનો પાર પામી શકે.

अपुण्यम व्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।

अव्रती नीच मोक्षार्थी व्रतानपि ततस्त्यजेत् ॥

રાગ દ્વેષવાળાં પરિણામોથી કે ઇંદ્રિય વિકારોમાં ગુંથાવાથી જીવ અસંયમી બને છે. અસંયમથી જીવ પાપ બાંધે છે. ઈંદ્રિય અને મનનો નિરોધ કરવાથી તથા રાગદ્વેષનો ત્યાગ કરવાથી જીવ સંયમી બનીને પુણ્યાધિકારી થાય છે. જ્યારે પુણ્ય પાપ એ બન્નેથી જીવ પર થાય છે અને પોતાના સહજ રૂપમાં લીન થાય છે ત્યારે મોહનો નાશ થાય છે અને પરિણામે ઉત્તમ એવું શાશ્વત પદ પ્રાપ્ત થાય છે. માટે હે જીવ, તું મુક્તિપદનો ઉત્સુક હો તો સંયમ અસંયમ એ બન્નેનો ત્યાગ કરી ક્રિયા વ્રત વિગેરેનો પરિહાર કરી, નિર્વિકાર એવાં આત્મજ્ઞાનની પ્રાપ્તિમાંજ તારો સઘળો સમય વ્યતીત કર.

अव्रत्तानि परित्यज्य व्रत्तेषु परिनिष्ठिते ।
त्यजत्तान्यपि संप्राप्य परमंपद मात्मना ॥

મન વચન કાયાના વિકારો તથા રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વિગેરેનો વિવેકી પુરૂષોએ સંવર કરવો જોઇએ. જ્યાં સુધી માણસનું મન વિકારી હોય છે ત્યાં સુધી તે અસંયમી કહેવાય છે. આત્માર્થી જનોએ મનને આત્મામાં સ્થિત કરી મન સંયમ કરવો જોઇએ. કર્કષ, નિષ્ઠુર, હિંસાં, માન, હાસ્ય, રાગ, મિથ્યાત્વ કે જીન ભગવાનની નિંદાયુક્ત વચનોનો સર્વદા ત્યાગ કરવાથી વચન સંયમ પળાય છે. બેસતાં, ઉઠતાં, ચાલતાં, અંગ પ્રસારણ કરતાં વિગેરે સમયે શરીરથી જે દોષો થાય છે તેનો સંવર કરવો જેથી કાયસંયમ પાળી શકાય. આ પ્રમાણે જ્યાં સુધી મોહનીય કર્મનો ક્ષય થયો નથી અને અજરા-

મર પદની પ્રાપ્તિ થાય નહિં ત્યાં સુધી જ્ઞાની જનોએ મન વચન અને કાયાનો સંવર કરવો જોઇએ. જેમ અગ્નિવડે બીજી ધાતુ સાથે મળેલું સોનું છુટું થઈ પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે તેમ સંયમી જીવ કર્મ કલંકથી દૂર થઇ પોતાનાં શુદ્ધ સ્વરૂપને દેખે છે. અને છેવટે સંયમ અસંયમ એ બન્નેથી પર થઈ કેવળ આત્મધ્યાન અને જ્ઞાનમાં લીન થઇ ઉત્તમ એવું મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

यदंतर्जल्य संपृक्त मुत्प्रेक्षा जाल मात्मनः ।

मूलं दूस्य स्य तन्नाशे शिष्ठ मिष्ठं परंपद ॥

હે જીવ, આપણાં નિર્વિકાર શાંતપદને છોડીને અનેક વિકલ્પો અને રાગદ્વેષમાં મગ્ન રહેવું એજ સકલ દુઃખનું કારણ છે એમ તું જાણ. આત્મજ્ઞાનને છોડીને રાગ દ્વેષ રૂપી પરભાવમાં રમણ કરવાથી હમેશાં દુઃખજ થાય છે. માટે મોહ અને સર્વ વિકલ્પોનો ક્ષય કરી, મનને વશ કરવા પ્રયત્ન કર જેથી અનંત મહિમા યુકત દુર્લભ એવું મુકિતપદ મળે.

अ व्रती व्रतमादाय व्रती ज्ञान परायणः ।

परात्म ज्ञान संपन्नः स्वयमेव परोभवेत् ॥

હે જીવ, અવ્રતના વિકારો છોડીને સંયમમાંજ હવે સ્થિતિ કર. અસંયમનો ત્યાગ કરી જીવ જ્યારે સંયમ ધારણ કરે છે તો તે કોઇને કોઇ વખતે આત્મરસનું પાન કરે છે. હે હંસ, જો તારે સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, અને શાશ્વત એવું મોક્ષ સુખ મેળવવું હોય તો અસંયમ અને મિથ્યાત્વ માર્ગ જેનાથી તું અનાદિકાળ

થયાં સંસારભ્રમણ કરતો આવ્યો છું તેનો ત્યાગ કરી તપ, ભાવના ઇંદ્રિય સંયમ અને ક્ષમા વગેરે ગુણોથી સંયમ પ્રાપ્ત કરી ઉપશમ રસનું પાન કર.

लिंग देहाश्रितं दृष्टं देह एवात्मनोभवः ।
न मुच्यते भवात्त स्मातूत्रेये जाति लता गृहाः ॥
जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनोभवः ।
न मुच्यते भावात्त स्मातूत्रेय जाति लतागृहाः ॥
जाति लिंग विकल्पेन येषांच समग्रा गृहाः ।
ते पिन प्राप्नुवन्त्येव परमंपद मात्मनः ॥

લિંગ એટલે વેદ વિકાર. તેના પુરૂષ વેદ, સ્ત્રી વેદ અને નપુંસક વેદ એમ ત્રણ પ્રકાર છે. તે ત્રણેના દ્રવ્ય અને ભાવ એવા બે ભેદ છે. બહારનાં લક્ષણને દ્રવ્યભેદ અને અંતર પરિણામોને ભાવભેદ કહેવામાં આવે છે. આ લિંગ ભેદ સર્વ શરીરને હોય છે, જીવને નહિ. એથી જીવને દુઃખની પ્રાપ્તિ અને સંસાર ભ્રમણ થાય છે. મૂર્ખ અને અવિવેકી પુરૂષો તેના વિકારોમાં રચ્યા પચ્યા રહે છે જેથી તેમનાં સંસાર બંધન કદાપિ ત્રૂટતાં નથી. પુદ્ગલ વિકાર, રૂપ, જાતિ વિગેરેને માટે મૂર્ખ પુરૂષો વાંછા કે ગર્વ કરે છે. જ્ઞાની જનો એ સર્વ આત્માથી પર છે એમ ગણી સર્વ પ્રકારના મદથી વેગળા રહે છે. જેઓને પોતાની જાતિ, કુળ, શરીરાદિનો ગર્વ કે મોહ છે એવા બહિરાત્મા જીવોને પરમપદની પ્રાપ્તિ થતી નથી.

यत्यागाय निवर्तन्ते भोगेभ्योयदवाप्तये ।
प्रीति तत्रैव कुर्वंते द्विषमन्यत्र मोहिनः ॥

વિવિધ ભોગો થકી થાકીને વિરકત ઉદાસ અને આત્મ જ્ઞાનમાં નિમગ્ન એવા યોગી પુરૂષો ભોગોને રોગ કે દુઃખ રૂપ ગણી વિષય વિકારોનો ત્યાગ કરી આત્મ-ધ્યાનમાં લીન થાય છે. મિથ્યાત્વી જનો અસાવધાનતા પૂર્વક સંસાર ભ્રમણનાં કારણુ રૂપ વિષય ભોગોનું પ્રીતિ પૂર્વક સેવન કરે છે અને જડ બુદ્ધિ બનીને મોહાંધ દશામાં જીવન ગાળે છે તથા સાધુઓની સંયમ યુકત દશાતરફ દ્વેષભાવ રાખે છે.

अनंतरसः संघत्ते दृष्टि विगोयथांगके ।

सम्रोगा दृष्टि मंगेपि स धत्ते तद्वादात्मनः ॥

જેઓ અવિવેકી (અનંતરસ) બનીને શરીર અને આત્માએ બન્નેને એક કરી જાણેછે તેઓને દર્શન જ્ઞાન ગુણ પ્રગટ થઈ શકતા નથી. તેઓની સ્થિતિ આંધળા કે પાંગળા માણસ જેવી છે. કારણુ સમ્યગ્દર્શન વિના-સત્ય જ્ઞાન ગુણ પ્રગટ થઈ શકતો નથી. તેઓની સ્થિતિ આંધળા કે પાંગળા માણસ જેવી છે. કારણકે સમ્યગ્દર્શન વિના-સત્ય જ્ઞાન વિના તેમની દ્રષ્ટિ-વિવેક બુદ્ધિ ખીલેલી હોતી નથી અને તેથી આ સંસારના પ્રપંચોમાં તેઓ રચ્યા મચ્યા રહેછે.

दृष्टि भेदो यथा दृष्टि पंगो रंधेन योजयेत्

तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः

દેહ એ જડ છે તેથી તે અંધ છે. આત્મા ચેતના યુકત હોવાથી તે દેખતો છે. જેઓએ વિવેકપૂર્વક શરીર અને જીવને જૂદા જાણ્યા છે તેમણે પોતાની દૃષ્ટિ પોતાની પાસેજ રાખવી જોઈએ. જો એમ ન થાય તો આત્મા

ની શકિત ઓછી થાય છે અને લૂલા ને આંધળા જેવો ઘાટ થાય છે. માટે આત્માર્થી જનોએ હમેંશાં આત્મદ્રષ્ટિથી સર્વ કાર્યો કરવાં જોઇએ.

सुप्तो न्मत्ता द्यवस्थैव विभ्रमोनात्म दर्शिनां ।
विभ्रमोक्षीणदोषस्य सर्वावस्थात्म दर्शिनां ॥

અનાત્મદર્શી જીવ જેણે પોતાનો સ્વભાવ જાણ્યો ન હોય તે મૂર્ખ બનીને સંસારના અનેક વિકારોમાં રૂચિ પીતિ કે સુખ બુદ્ધિ આણે છે, તેવા જીવોને ઉદાસીનતા, ગર્વ, અસાવધાનતા વિગેરે પ્રાપ્ત થાય છે. આત્માર્થી જનો જેમનો સકળ મોહ ક્ષીણ થઇ ગયો હોય છે તેઓ સર્વ પ્રપંચને ભ્રમ કરી જાણે છે અને તેમાં સુખ, રાગ કે દ્વેષબુદ્ધિ આણતાજ નથી.

विदिना शेष शास्त्रोपि न जाग्रदपि मुच्यते ।
देहात्मदृष्टिर्ज्ञानात्मा सुप्तोन्मत्तोपि मुच्यते ॥

આત્મરસનું આસ્વાદન ન થાય ત્યાં સુધી અનેક શાસ્ત્ર ભણવાથી કે સાંભળવાથી કે ઘણો કાયકલેશ કરવાથી અનાદિ કાળની મોહ નિંદ્રાનો નાશ થતો નથી. મોહનિંદ્રાનો નાશ થયા વિના જીવને મુકિત પ્રાપ્ત થતી નથી. જેઓ આત્માને દેહથી પર જાણે છે તેઓ કોઇવાર ક્રિયામાં પ્રમાદ સેવે તો પણ પોતાનાં જ્ઞાનબળથી મુકિત પામે છે. ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી જેમનું મન વિષયગ્રસ્ત, ઉન્મત્ત કે અસંયમ યુકત હોય તો પણ આત્મતત્ત્વને જાણનાર ભવ્ય જીવો મોડા વહેલા કર્મકલંકથી દૂર થવા શકિતમાન થાય છે.

यात्रात्महितधीः पुंसः श्रद्धा तत्रैव जायते ।
यत्रेयं जायते श्रद्धाचित्तं तत्रैव जायते ॥

જ્યાં જીવને આત્મહિત બુદ્ધિ થાય છે, જેનાથી જીવ પોતાનું કલ્યાણ સમજે છે ત્યાં તેને શ્રદ્ધા કે પ્રેમ ઉપજે છે. અને જે વસ્તુમાં જીવને શ્રદ્ધા કે પ્રેમ ઉપજે છે તેમાંજ મન લય પામે છે.

यत्रैवाहितधीपुंसः श्रद्धानस्मान्नि वर्तते ।
यस्मान्निवर्तने श्रद्धाकुतः श्चित्तस्य तल्लयः ॥

જ્યાં જીવને અહિત બુદ્ધિ થાય છે, અને જેનાથી જીવ પોતાનું કલ્યાણ સમજતો નથી ત્યાં સુધી તેને શ્રદ્ધા કે પ્રેમ ઉપજતાં નથી, અને જે વસ્તુમાં જીવને શ્રદ્ધા કે પ્રેમ ઉપજતાં નથી તેમાં મન લય પામી શકતું નથી.

भिन्नात्मानुमुपास्यात्मा परोभवति तादृशः ।
वर्तिर्दीपं यथोपास्यभिन्नाभवति तादृशी ॥

આત્મતત્ત્વના જાણ અને ઉપકારી ગુરૂની સેવા-શુશ્રૂષા કરવી અને હમેશાં તેમને આદરમાન આપવું તથા તેમના કહેલા તત્ત્વ માર્ગનું આરાધન કરવું. તેનાથી આપણે ગુરૂ જેવા થઇએ છીએ. આ સંસારમાં ચિંતામણી રત્ન આદિ અનેક રત્નો ઘણાં મૂલ્યવંત અને ઉપકારક છે પણ સત્યગુરૂનું મૂલ્ય કોઇથી અંકાય તેમ નથી તેમ તેમનો ઉપકાર પણ અવર્ણ્ય છે, તેમનાજ પ્રસાદ અને ઉપદેશથી મિથ્યાત્ત્વ બુદ્ધિનો નાશ થાય છે અને ઉત્તમ એવું ઉપશમ સુખ પ્રાપ્ત થયાં કાળ લબ્ધિ પામી સંસાર ભ્રમણ બંધ પડે છે.

તેમનાથી આપણે આત્મતત્ત્વને યથાર્થ જાણીએ છીએ અને સંસાર સમુદ્રને તરી જઈએ છીએ. સંસારમાં ગુરૂ જેવો કોઇ બીજો ઉપકારી નથી.

उमइयात्मानमेवात्मा जायते परमोथवा ।

मथित्वात्मानमात्मैव जायते ग्निर्यथातरुः॥

શિષ્ય—હે ગુરૂજી, અનંત સુખ, અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત વીર્ય એ બધું અનાદિ કાળથી મારૂં છે તો મેં આપના સંબંધથી શું મેળવ્યું? અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરનાર આ મારો જીવાત્મા કાળ લબ્ધિ પામીને ઉપશમભાવ પ્રાપ્ત કરી બાહ્ય વિકારોથી દૂર થઈ નિર્મલ ચારિત્રનું પાલન કરી નિર્વિકાર પદ પ્રાપ્ત કરશે તો શું મારો આપની સાથેનો સંબંધ જૂઠો અને કંઈ પણ લાભ વિનાનો સમજવો? જો ગુરૂ-શિષ્ય સંબંધ સાચો હોય તો ગુરૂ સ્વર્ગનાં સુખો ભોગવે ને શિષ્ય નર્કનાં દુઃખો ભોગવે અથવા શિષ્ય વહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી મુક્તિ મેળવે અને ગુરૂને અનંત કાળ સુધી સંસાર ભ્રમણ કરવું પડે એમ બને એવું તો કંઈ દેખાતું નથી માટે હું તો ગુરૂ શિષ્ય સંબંધ તદન જૂઠો માનું છું.

ગુરૂ—ગુરૂ-શિષ્યનો સંબંધ સાચો છે. જો તે સંબંધ સાચો ન હોય તો વિનય માર્ગનો લોપ થાય. જો શાસ્ત્રોને ખોટાં મનાય તો ગુરૂ—શિષ્ય સંબંધને અસત્ય માની શકાય. જેમ ઘરને આગ લાગી હોય ને અંદર માણસો સૂતાં હોય તેમને જગાડયા વિના અને આગ બૂઝવવાનો પ્રયત્ન કર્યાવિના ઘર આખું ભસ્મીભૂત થઈ જાય

છે તેજ પ્રમાણે જીવના શરીર રૂપી ઘરને જરા કે મરણ રૂપ આગ લાગે છે એ વિગેરે સમયે ગુરૂઓ તેમને ઉપદેશથી જાગૃત કરે છે અને બાહ્ય પ્રપંચોમાંથી તેમની વૃત્તિઓને ખેંચી, જાગૃત કરે છે. ગુરૂના ઉપદેશવિના શરીર અને આત્મા એ બન્ને તદ્દન એક બીજાથી ભિન્ન છે એવું યથાર્થજ્ઞાન થઈ શકતું નથી. માટે વ્યવહાર ન્યાયે ગુરૂ—શિષ્ય સંબંધ સાચો સમજવો.

इतिदंभावयन्नित्यं अवाचागोचरंपदं ।
स्वतएवतदाप्नोतिय तो नावर्ततंपुनः ॥

આ પ્રમાણે આપણું જ્ઞાનપદ અવર્ણનીય છે—શબ્દ ગોચર નથી. હેરામ, તું સર્વ પ્રપંચનો જ્ઞાતા છતાં તેમનાથી સર્વથા પર છે. તું અરૂપી જ્યોતિમય અને અનંત જ્ઞાન યુક્ત છે. સમસ્ત પદાર્થોને જ્યારે તું વિચાર કે ધ્યાનથી તારાથી પર નિહાળીશ ત્યારેજ તને આત્મ લબ્ધિ પ્રાપ્ત થશે. જેમ કાષ્ઠમાંથી એક વખત બહાર નિકળેલો અગ્નિ કાષ્ઠમાંથી પાછો આવતો નથી તેમ શરીરાદિથી જેના ભાવો પર થાય છે તેમને જન્મ મરણ કરવાં પડતાં નથી.

अयन्नसाध्यंनिर्वाणं चित्तभूतजं यादि ।
अन्यथोयोग तस्तस्मान्न दुःखयोगीनाम् क्वचित् ॥

જે જીવો ઇંદ્રિય વિકારો અને વિષયરસોથી ચૈતન્યપિંડને જૂદો દેખે છે અને સમસ્ત ભોગોનો ત્યાગ કરીને આત્મજ્ઞાનમાં લીન થાય છે તેમને નિર્વાણ પદ અવશ્ય મળે છે.જેઓ અજ્ઞાન ભાવ અને ભોગ વિકારોનો ત્યાગ કરી બાહ્ય વિકારોથી ચિત્તને ખેંચી લઈ આત્મરસમાં નિમગ્ન રહે છે

એવા ધીર ચિત્ત યોગી પુરૂષોને કશું દુઃખ હોતું નથી અને તેઓ કાળે કરીને નિર્વાણ ગતિ પ્રાપ્ત કરે છે.

શિષ્ય—હે ગુરૂજી, સંયમી પુરૂષોને જે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે તેનું સ્વરૂપ કૃપા કરી મને બરોબર સમજાવો.

ગુરૂ—યોગી પુરૂષોને આઠ લબ્ધિ હોય છે-બુદ્ધિ, રિદ્ધિ, ક્રિયા રિદ્ધિ, વિક્રિયા રિદ્ધિ, તપો રિદ્ધિ, બલરિદ્ધિ, ઔષધ રિદ્ધિ, રસ રિદ્ધિ, અને ક્ષેત્ર રિદ્ધિ. અવગમ જ્ઞાનને બુદ્ધિ રિદ્ધિ કહે છે. તેના યથા કેવલ બુદ્ધિ, અવધિ બુદ્ધિ રિદ્ધિ, મનઃપર્યવ બુદ્ધિ રિદ્ધિ, બીજ બુદ્ધિ, કોષ્ઠ બુદ્ધિ, પાદાનુસારીણી બુદ્ધિ, સંભિન્ન શ્રોત્ર બુદ્ધિ, દુરાસ્વાદન બુદ્ધિ, સ્પર્શ બુદ્ધિ, દર્શન બુદ્ધિ, ઘ્રાણ બુદ્ધિ, શ્રવણ સમર્થતા બુદ્ધિ, દશપૂર્વ બુદ્ધિ ચતુર્દશ પૂર્વ બુદ્ધિ, અષ્ટાંગ મહા નિમિત્ત બુદ્ધિ, પ્રજ્ઞાશ્રવણ બુદ્ધિ, પ્રત્યેક બુદ્ધિ અને વાદિત્વ બુદ્ધિ એમ અરાઢ પ્રકાર છે. જે જ્ઞાનથી દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ, ઇંદ્રિય વિકારો અને વિધિ કર્મ પ્રપંચ (સર્વ કાળના) તથા તેમના સર્વ દ્રવ્ય ગુણ પર્યાય સમજી શકાય છે તેને કેવલ લબ્ધિ રિદ્ધિ કહે છે. મૂર્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનાં પ્રમાણ જાણવાં તેને અવધિ રિદ્ધિ કહે છે. તેના દેશાવધિ અને સર્વાવધિ એમ બે પ્રકાર છે. દેશાવધિવાળાને અવધિ રિદ્ધિ અર્ધાપર્ધા સંપ્રાપ્ત હોય છે. જ્યારે સર્વાવધિવાળો સર્વ દ્રવ્ય વિકાર જાણે છે. ૪૫ લાખ જોજન પ્રમાણ અઢી દ્વીપમાં વસતા મનુષ્ય વિગેરેના મનોભાવ, સુખ દુઃખ આદિ જાણવાં તેને મનઃપર્યવ બુદ્ધિ કહે છે. ઇંદ્રિયો અને મનના વિકારોનો

ત્યાગ કરી ઉપશમ જળવડે હૃદય ક્ષેત્રમાં આત્મજ્ઞાન રૂપ બીજનું વાવેતર કરવું તેને બીજ બુદ્ધિ કહે છે. જેમ જાત જાતનાં અનાજનો સંગ્રહ કરી સર્વને જોઈએ તેવું અનાજ આપે છે તે પ્રમાણે અનેક સૂત્ર સિદ્ધાંતનો ગુરૂ સમીપ અભ્યાસ કરી શાસ્ત્રોનો મર્મ વિવિધ રીતે સમજાવી શકે છે તેને કોષ્ઠ બુદ્ધિ કહે છે.

પદાનુસારીણી બુદ્ધિના પ્રતિસારી અનુસારી અને ઉભય સારી એમ ત્રણ ભેદ છે. શ્રવણ મનન પૂર્વક સૂત્રોનો અભ્યાસ કરી તે સંબંધે ઉપદેશ આપવો તેને પ્રતિસારી પદ લબ્ધિ કહે છે. સૂત્રોનો અનુક્રમ અને આગલા અભિપ્રાયો જાણવા તેને અનુસારી પદ કહે છે. આગલા પાછલા અભિપ્રાયો ન જણાવ્યા હોય છતાં પોતાની બુદ્ધિથી સૂત્રનો અર્થ બરાબર જાણવો તેને ઉભયસારી પદ લબ્ધિ કહે છે, ૧૨ જોજન લાંબા અને નવ જોજન પહોળા એવા વિસ્તાર વાળા ચક્રવર્તિના લશ્કરમાં હાથી, ઘોડા માણસ, નાનાં નાનાં પ્રાણીઓ વિગેરે સર્વના અવાજ વિગેરે જૂદા જૂદા બરાબર પારખવા તેને સંભિન્ન શ્રોત્ર લબ્ધિ કહે છે. નવ જોજન પ્રમાણ ભૂમીઓની સર્વ વસ્તુના રસવિકાર, સ્વાદ, પરિમલ સ્પર્શ, રસ, રૂપ, સ્પર્શ વિગેરે જાણવા તેને દુરાસ્વાદન લબ્ધિ કહે છે. સ્પર્શ સ્વાદન લબ્ધિ, ઘ્રાણસ્વાદન લબ્ધિ, રૂપ સ્વાદ લબ્ધિ, શબ્દ સ્વાદ લબ્ધિ, અને શબ્દ સ્વાદ લબ્ધિના અર્થ બરોબર સમજી શકાય તેવા છે.

રોહિણી પ્રમુખ વિદ્યા દેવીઓ અતિ સંતુષ્ટ થઈને સંયમી પુરૂષોને અનેક જાતનાં વ્યવહાર સુખ વિગેરે આપવા ઇચ્છા કરે છે. પણ તેઓ એવું કશું ઈચ્છતા નથી

અને નિર્વિઘ્ને દશ પૂર્વનોજ અભ્યાસ કહે છે. આને દશ પૂર્વ સામર્થ્ય લબ્ધિ કહે છે. શ્રુત કેવલી જીવો ચતુર્દશ પૂર્વધારી કહેવાય છે.

અષ્ટાંગ નિમિત્ત લબ્ધિના અંતરીક્ષ, ભૌમ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, છિન્ન અને સ્વપ્ન એમ આઠ પ્રકાર છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, વિગેરેનાં ઉદય તથા અસ્ત કાળનાં લક્ષણો જાણીને અથવા તો અભ્ર પડલના વિશેષ ગુણો દેખીને શુભ અશુભ, લાભ હાનિ, જય પરાજય વિગેરે સંબંધી નિશ્ચય કરવો તેને આંતરીક્ષ નિમિત્ત જ્ઞાન કહે છે. વાડી, સરોવર, નદી, પર્વત વિગેરેનાં વિશેષ લક્ષણો જોઈને શુભ અશુભ નિમિત્તો વિચારવા તેને ભૌમ નિમિત્ત જ્ઞાન કહે છે. તિર્યંચ જીવો કે મનુષ્યોનાં અંગ લક્ષણ ગંધ, લોહી, અવયવ વિગેરે જોઈને શુભાશુભ નિમિત્ત વિચારવાં તેને અંગ નિમિત્ત કહે છે. પુરૂષ કે સ્ત્રીને જોઈને તથા તેમનાં વચન સાંભળીને કે કાગડો, શિયાળ, ઘુવડ, ગધેડો વિગેરેના અવાજ સાંભળીને શુભ અશુભ નિમિત્તો કહેવાં તેને સ્વર નિમિત્ત કહે છે. મસ્તક મુખ અને ડોક ઉપરના તિલ, મસા અને વ્રણને જોઈને શુભાશુભ નિમિત્ત વિચારવાં તેને વ્યંજન નિમિત કહે છે. હાથ, પગ, છાતી હૃદય વિગેરે સ્થળે વિવિધ લક્ષણો જોઈને શુભાશુભ નિમિત્ત કહેવાં તેને નિમિત્તજ્ઞાન કહે છે. દેવ, મનુષ્ય, રાક્ષસ, ઉંદર વિગેરે જીવોએ વસ્ત્ર, શસ્ત્ર, છત્ર, શયન વિગેરેનો નાશ કરતાં તે ઉપરથી શુભાશુભ નિમિત્ત ચિંતવવા તેને છિન્ન નિમિત્ત જ્ઞાન કહે છે. પછલી રાતે અર્ધી ઉંઘમાં ચંદ્ર, સૂર્ય પર્વત, સમુદ્ર વિગેરેનાં સ્વપ્નમાં

દર્શન થાય, અથવા તો ઘી તેલ ઉંટ, ગધેડા, હાસ્ય, રમતગમત વિગેરેનો ભાસ થાય તે ઉપરથી શુભ અશુભ નિમિત્ત વિચારવાં તેને સ્વપ્ન નિમિત્ત કહે છે.

જેના શ્રુત જ્ઞાનાવરણી કર્મ ક્ષય પામ્યાં છે એવા ભવ્ય જીવોને દ્વાદશાંગ સૂત્ર ભણ્યા વિના અનંત દ્રવ્ય પર્યાય સહિત જીવાદિ તત્ત્વોના અતિ સૂક્ષ્મ વિચારો આવે છે તેને પ્રજ્ઞાશ્રવણ લબ્ધિ કહે છે. તેના ઉત્પત્તિ, વૈનય, કર્મણી અને પરિણામ એમ ચાર પ્રકાર છે. પૂર્વના સંસ્કારોથી જે બુદ્ધિ ઉપજે તેને ઉત્પત્તિ પ્રજ્ઞા કહે છે. દ્વાદશાંગ સૂત્ર ભણતાં સાંભળતાં જે વિવેકજ્ઞાન ઉપજે છે તેને વિનય પ્રજ્ઞા કહે છે. દુર્ધર તપાનુષ્ઠાન, ગુરૂસેવા, ઇંદ્રિયદમન આત્મતત્ત્વ ચિંતન, અને મોહકર્મના નાશથી સ્વયમેવ જે પ્રજ્ઞા ઉપજે છે, તેને કાર્મિણી પ્રજ્ઞા કહે છે. અંતરંગ પરિણામથી જે બુદ્ધિ ઉપજે તેને પરિણામીકી પ્રજ્ઞા કહેછે. આત્મજ્ઞાન રસથી ચાખીને, દર્શન જ્ઞાન ગુણને બરાબર ઓળખીને પરભાવથી મનને પાછું વાળીને કંદર્પ વિકારનો નાશ કરી ઉપદેશ વિના સંયમ વ્રત અંગીકાર કરવું તેને પ્રત્યેક બુદ્ધિ લબ્ધિ કહેછે.

પરવાદીનું માન ખંડન કરવાને સમર્થ એવા યોગી પુરૂષો વાદિત્વ લબ્ધિવંત કહેવાય છે.

ક્રિયા રિદ્ધિના ચારણક્રિયા અને આકાશગામિની ક્રિયા એમ ભેદ છે. ચારણ ક્રિયાના ઘણા ભેદ છે. જમીન માફક જળ ઉપર ચાલતાં કોઈ પણ જીવની વિરાધના ન થાય તેને જલ ચારણ ક્રિયા કહે છે. જમીનથી ચાર આંગળ ઉંચે નિરાલંબ પણે ચાલવું તેને જંઘા ચારણ કહેછે. અતિ પાતળી અને એકદમ તૂટી જાય એવી વસ્તુ ઉપર ચાલવું તેને તંતુ ચારણ વિદ્યા કહે છે. જે વિદ્યાથી પુષ્પ

ઉપર ચાલતાં કોઈપણ જીવની વિરાધના થતી નથી તેને પુષ્પ ચારણ વિદ્યા કહે છે. પાન ચારણ વિદ્યાવાળો પાન ઉપર કોઇ જીવને પીડા કર્યા વિના ચાલી શકે છે. બીજ ચારણ વિદ્યાથી જાત જાતનાં બીજ ઉપર ચાલવા છતાં પણ સંયમનું પાલન થઇ શકે છે. શ્રેણી ચારણ સંયમી શ્રેણી ગતિ ગમન કરે છે. અગ્નિ ચારણ સાધક અગ્નિ ઉપર ચાલવા છતાં પણ સંયમનું પાલન કરી શકે છે.

આકાશ ગામિની ક્રિયાના અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ, વસિત્વ, અપ્રતિઘાત, અંતર્ધાન અને કામરૂપીત્વ એમ ૧૧ પ્રકાર છે.

યોગી પુરૂષો નિરાબાધ પણે આકાશમાં અતિ સૂક્ષ્મરૂપ ધારણ કરી ત્યાં રહી શકે છે તેને અણિમા રિદ્ધિ કહે છે. ચક્રવર્તીની સંપદા કે લાખ જોજન પ્રમાણ શરીર ઉત્પન્ન કરવી તેને મહિમા રિદ્ધિ કહે છે. અત્યંત હલકું શરીર લઘિમાં રિદ્ધિમાંથી પ્રાપ્ત થાય છે. ગરિમા રિદ્ધથી શરીર વજ્ર જેવું ભારે બને છે, જેથી ભૂમિ ઉપર બેસી આંગળી વડે મેરૂ પર્વતની ટોચ કે ચંદ્ર સૂર્યને સ્પર્શ કરી શકે તેને પ્રાપ્તિ રિદ્ધિ કહે છે. અનેક પ્રકારનાં શરીર ઉત્પન્ન કરવાં, જમીનની જેમ પાણી ઉપર ચાલવું એ બધું પ્રાકામ્ય રિદ્ધિથી થઇ શકે છે, સમસ્ત વિશ્વ, તીર્થંકર પ્રભુ અને સમવસરણ એ વિગેરેની સંપદાને ઇષત્વ કહે છે. વશિત્વ લબ્ધિથી સર્વ જીવોને જીવ મનોહર આનંદ આપનાર લાગે છે, જેથી પર્વત ભેદીને જતાં જીવને આ બાધા ઉપજતી નથી તેને અપ્રતિઘાત લબ્ધિ કહે છે. અદૃષ્ટ અંતર્ધાન થવાની શકિતને અંતર્ધાન શક્તિ લબ્ધિ કહે છે. ચિંતન

માત્રથી એકે કાળે નાનાં પ્રકારનાં અનેકરૂપો ઉત્પન્ન કરવાની શક્તિને પ્રકામ્ય રૂપ-લબ્ધિ કહે છે.

તપો રિદ્ધિના ઉગ્રતપ લબ્ધિ, દિપ્ત તપ લબ્ધિ, તપ લબ્ધિ, મહાતપ લબ્ધિ, ઘોર તપ ધબ્ધિ, ઘોર પરાક્રમ લબ્ધિ, અને ઘોર ગુણ બ્રહ્મચર્ય લબ્ધિ એમ સાત પ્રકારછે. ઉગ્રતપ લબ્ધિના ઉગ્રોગ્રતપ અને અવસ્થિત તપ એમ બે પ્રકાર છે. ઉગ્રોગ્રતપવાળા એક, બે, ત્રણ ચાર એમ અનુક્રમે જીવે ત્યાં સુધી ઉપવાસ દિન વધારતાજ જાય છે. અવસ્થિત તપવાળા શકિત અનુસાર એક બે ત્રણ એમ ઉપવાસ કરે છે. અને પારણાને દિવસે ભિક્ષામાં યોગ્ય આહાર ન મળે તો ઉપવાસ કરે છે. કેટલીક વખત તેમને વિધિ અંતરાયનો પણ ઉપવાસ કરવો પડે છે. દિપ્ત તપોધન પુરૂષો અનેક ઉપવાસ કરે છે. તેથી તેમનું શરીર અત્યંત દુર્બળ થઈ જાય છે. તેમનામાં મન અને વચનબળ અધિક હોય છે, શરીરનું તેજ દિનપર દિન .વધતું જાય છે અને શરીરે દુર્ગંધ હોતી નથી. તપ્ત તપવાળા યોગી પુરૂષોને મલમૂત્ર, પુરીષ, રૂધિર વિકાર, પ્રસ્વેદ વિગેરે હોતાં નથી. તેમને અણિમા રિદ્ધિ, અક્ષીણ લબ્ધિ, સર્વોષ રિદ્ધિ અને અને આશીવિષ દ્રષ્ટિ રિદ્ધિ હોય છે. તેમના હાથમાં જે આહાર આવે છે તે અમૃતમય થઇ જાય છે અને તેઓ અનંત શક્તિવાળા હોય છે. સર્વ વિદ્યા, ૩૩૬ મતિજ્ઞાન, સમસ્ત શ્રુત, અવધિજ્ઞાનથી ત્રસ નાડી માંહેના રૂપી વિકાર, પુણ્ય તથા મનઃ પર્યવજ્ઞાનથી સૂક્ષ્મ ભાવો જાણવા અને કેવલ અંતરંગે સ્થિતિ કરવી તેને મહાતપ લબ્ધિકહે છે.

ક્ષય, સંન્નિપાત, કોઢ આદિ ભયંકર વ્યાધિ થાય તો પણ કોઇ પ્રકારે શુશ્રુષા કરતા નથી. તેઓ રોગથી શરીર અત્યંત દુર્બળ થઈ જાય તો પણ ઉપવાસ આદિ વ્રત છોડતાં નથી. તેઓ મૌન વ્રત ધારણ કરે છે અને આહાર સાધુઓની માફક આગળ જણાવ્યા પ્રમાણે સર્વ દોષ રહિત હોય તો કવચિત લે છે. સ્મશાન, પર્વતની ગુફા આદિ એકાંત ભયંકર સ્થળો માં વાસ કરી સિંહ, વાઘ, રાક્ષસ, પ્રેત આદિના ઉપસર્ગ સહન કરવા અનેક માણસોનાં નિંદાયુકત વચન સાંભળવા, ટાઢ, તડકો વર્ષાકાળ વિગેરેનાં નિરવધિ દુઃખો શાંતિ પૂર્વક ખમવા, અને દંશમષક પરિષહ સહન કરવા તેને ઘોર તપ લબ્ધિ કહે છે. મન, વચન કાયાના યોગનું દમન કરીને જેઓ ત્રણે જગતને ભયભ્રાંત કરવાને કે સમુદ્રનાં પાણીને પણ સૂકાવવાને સમર્થ થાયછે તેઓ ઘોર તપસ્વી કહેવાયછે. જ્યાં ઘોર ગુણ બ્રહ્મચારી દિગંબર સ્થિતિ કરેછે. ત્યાં ભૂત પ્રેત આદિનો ભય, દુર્ભિક્ષ, પ્રાણીઓ વચ્ચેનો પરસ્પર વૈરભાવ, કલહ, મરણ, ઉપદ્રવ, બંધન રોગ આદિનો નાશ થાય છે અને સર્વ પ્રાણીને શાંતિ, સુખ, સંતોષ અને નિરોગત્વ પેદા થાય છે. બલરિદ્ધિના મનબળ, વચન બળ અને કાયબળ એમ ત્રણ પ્રકાર છે. શ્રુતજ્ઞાનાવરણી કર્મ ઉપશમ પામતાં દ્વાદશાંગ સૂત્રના અંતર્મુહૂર્તમાં અર્થ ચિંતવે તેને મનોબળવાળો સાધક કહે છે. સમસ્ત મનોવિકાર અને જ્ઞાનાવરણીય કર્મનું ઉપશમન થતાં સંયમી જીવ વચનબળ વાળો બને છે. તેનામાં અંતર્મુહુર્તમાં સર્વ શ્રુતજ્ઞાન ભણી જવાની શકિત હોય છે. તેમને તેથી કંઈ કંઠશોષ કે શ્રમ ઉપજતો નથી. વીર્યાંતરાય કર્મનું ઉપશ-

મન થતાં કાયબલી સાધુઓ માસ, ચારમાસ કે વરસસુધી કંઈ પણ શ્રમ વિના કાઉસગ્ગ ધ્યાને રહી શકે છે. તેઓ-નેજ ક્રોધ ઉત્પન્ન થાય તો તેમનામાં સમસ્ત વિશ્વને ઉંધું વાળી દેવાની શકિત હોય છે.

છઠ્ઠી ઔષધરિદ્ધિના આમસ્પર્શ, ખેલસ્પર્શ, જલ-સ્પર્શ, મલસ્પર્શ, વિટસ્પર્શ, સર્વાવયવસ્પર્શ, આશીવિષ અને દ્રષ્ટિવિષ એમ આઠ પ્રકાર છે. હાથ પગ કે સાધુનાં નિવાસ સ્થાનની ધુળના સ્પર્શથી રોગનો નાશ થવો તેને આમસ્પર્શ લબ્ધિ કહે છે. શ્લેષ્મ, થૂંક લાળ વિગેરેથી વ્યાધિનો નાશ થવાની શક્તિને ખેલસ્પર્શ લબ્ધિ કહે છે. પ્રસ્વેદના સ્પર્શથી ભયંકર વ્યાધિઓને નાશ કરવાની શક્તિને જલ સ્પર્શરિદ્ધિ કહે છે. આંખ, કાન નાક વિગેરેના મેલથી રોગનો નાશ કરવાની શક્તિને મલસ્પર્શ લબ્ધિ કહે છે. વિટ સ્પર્શથી શરીરના રોગોનો નાશ થવો તેને વિટ સ્પર્શ લબ્ધિ કહે છે. સાધુના વિવિધ અંગ ઉપાંગોના સ્પર્શથી રોગી પુરૂષના જે વિવિધ રોગો નાશ થાય છે તેને સર્વાયવ સ્પર્શ રિદ્ધિ કહે છે. આશિવિષ લબ્ધિવાળા યોગી પુરૂષો વિષાન્નને અમૃતમય કરે છે અને ઝેરથી મૂર્છા ખાધેલ પ્રાણી તેમનાથી જાગૃત થાય છે. દષ્ટિ-વિષ લબ્ધિવંત યોગી પુરૂષો કોપ કરે તો અન્ન વિષ મય થઈ જાય છે અને માણુસ મરી જાય છે. તેમની દયા દ્રષ્ટિથી ચડેલ ઝેર ઉતરી જાય છે. અને વિષમય અન્ન નિર્વિષ—અમૃતમય થઇ જાય છે.

સાતમી રસ રિદ્ધિના આસ્યવિષ, દ્રષ્ટિવિષ, ક્ષીરાશ્રાવી,

મહાશ્રાવી, સર્પીશ્રાવી અને અને અમૃતશ્રાવી એમ ૭ ભેદ છે.

કોઈ માણુસને 'તું મરી જા' એવું પ્રકૃષ્ટ તપોબલી સાધુ કહે તો તે તત્ક્ષણુ મરી જાય છે. આ શકિતને આસ્યવિષ લબ્ધિ કહે છે. મહા સમર્થ યોગીની ક્રોધ દ્રષ્ટિથી માણુસ હલાહલ ઝેર ચડયું હોય તેમ તુરત મરી જાય છે. આને દ્રષ્ટિ વિષ લબ્ધિ કહે છે. યોગી પુરૂષોના હાથમાં નિરસ–લૂખો આહાર આવે તે સ્વાદિષ્ટ બની જાય છે અને તેમનાં વચન માત્રથીજ અશકત પુરૂષ હૃષ્ટ પુષ્ટ બની જાય છે. આને ક્ષીરશ્રાવિ લબ્ધિ કહે છે; કડવો કસાયલો નીરસ આહાર સાધુ પુરૂષોના હાથમાં આવતાં મધુર સરસ અને પુષ્ટિકારક બને છે અને તેમનાં વચનથી દુઃખી જીવો નાં આધિ, વ્યાધિ તથા ઉપાધિ નષ્ટ થાય છે. આને મહાશ્રાવી લબ્ધિ કહે છે. લૂખું અન્ન સાધુના હાથમાં આવતાં ઘીવાળું અને પુષ્ટિકારક બનેછે તથા દુર્બલ અને વ્યાધિગ્રસ્ત જીવ તેમનાં વચનથી નીરોગી બનેછે. આને સર્પિશ્રાવીણી લબ્ધિ કહે છે.

અમૃત શ્રાવિણી લબ્ધિથી હાથમાં આવેલો આહાર અમૃતમય થઈ જાય છે, રોગ પિડીત માણુસ નીરોગી બને છે અને સાપનું ઝેર ચડયું હોય તો તે ઉતરી જાય છે.

આઠમી ક્ષેત્ર રિદ્ધિના અક્ષીણુ મહાનસી અને અક્ષીણુ મહાલય એમ બે પ્રકાર છે. લાભાંતરાય કર્મના ઉપશમથી યોગી પુરૂષો કોઈ ઘેર ભિક્ષા નિમિત્તે જાય ને ત્યાં એક કે બે માણુસને માટેજ રાંધેલું હોય પણુ તે સાધુને વહોરા

વવામાં આવતાં (બાકી રહેલું અન્ન) ચક્રવર્તિનાં લશ્કરને પૂરૂં પડે તેટલું થઇ જાય છે. આને અક્ષીણ મહાનસી લબ્ધિ કહે છે. અક્ષીણ મહાલય લબ્ધિના પ્રતાપથી ચાર હાથ જમીનવાળાં રસોડામાં (જેમાં બહુજ થોડી રસોઇ થઈ-થતી હોય) ચક્રવર્તીના લશ્કરને પૂરી પડે તેટલી રસોઇ (અને તે પણ સર્વ પ્રકારનાં મિષ્ટ અન્નથી ભરપૂર) થઇ જાય છે.

આ પ્રમાણે કેવલ બુદ્ધિ રિદ્ધિ, અવધિજ્ઞાન બુદ્ધિ રિદ્ધિ, મનઃપર્યવ બુદ્ધિરિદ્ધિ,, બીજ બુદ્ધિરિદ્ધિ, કોષ્ઠ બુદ્ધિ, રિદ્ધિ, પદાનુસારી બુદ્ધિ રિદ્ધિ, સંભિન્ન શ્રોત્ર બુદ્ધિ રિદ્ધિ દુરાસ્વાદન બુદ્ધિરિદ્ધિ, સ્પર્શ બુદ્ધિરિદ્ધિ, દર્શન બુદ્ધિ રિદ્ધિ, ઘ્રાણ વિષય બુદ્ધિ ારદ્ધિ, શ્રવણ વિષય બુદ્ધિ બુદ્ધિ રિદ્ધિ, દશ પૂર્વધરણ બુદ્ધિ રિદ્ધિ, ચતુર્દશ પૂર્વધરણ બુદ્ધિ રિદ્ધિ, અષ્ટાંગ મહા નિમિત્ત બુદ્ધિરિદ્ધિ, અજ્ઞા શ્રાવણ બુદ્ધિરિદ્ધિ, પ્રત્યેક બુદ્ધિરિદ્ધિ, વાદિત્વ બુદ્ધિરિદ્ધિ, (એમ ૧૮ બુદ્ધિરિદ્ધિના,)જંઘા ચારણ, જલ ચારણ, પુષ્પ ચારણ, પત્ર ચારણ, બીજ ચારણ, શ્રેણી ચારણ, અગ્નિ ચારણ, અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ, વશિત્વ, અપ્રતિઘાત, અંતર્ધાન, કામરૂપત્વ, (એમ ૧૧ ક્રિયારિદ્ધિના ઉગ્રતપોલબ્ધિ, દીપ્ત તપોલબ્ધિ, તપ્તતપો-લબ્ધિ, મહા તપોલબ્ધિ, ઘોરતપો લબ્ધિ, ઘોરપરાક્રમ તપોલબ્ધિ, ગુણ બ્રહ્મચારી તપોલબ્ધિ (એમ ૭ તપોલબ્ધિના), મનોબળ, વચનબળ, કાયબળ (એમ ૩ બળરિદ્ધના,) આમ-સ્પર્શ, ખેલસ્પર્શ જલસ્પર્શ, મલસ્પર્શ, વિટસ્પર્શ, સર્વાવ-

યવ સ્પર્શ, આશિવિષ દ્રષ્ટીવિષ, (એમ આઠ ઔષધરિદ્ધિના,) આશિવિષ, દ્રષ્ટિવિષ, ક્ષીરશ્રાવી, મધુશ્રાવી, સર્પીશ્રાવી, અમૃતશ્રાવી, (એમ છ રસરિદ્ધિના,) અક્ષીણ મહાનસી લબ્ધિ અને અક્ષીણ મહાલય લબ્ધિ (એ ક્ષેત્ર લબ્ધિના) એમ સર્વ મળી અનંત મહિમા નિધાન ધર્માત્મા યોગી પુરૂષોને ૬૪ રિદ્ધિઓ હોય છે, આવા શાંતાત્મા મહાપુરૂષોને કોઈ જાતનું દુઃખ ભય ચિંતા કે રોગ હોતા નથી.

स्वप्ने दृष्टे विनष्टे पिननाशोस्ति यथात्मनः ।
तथा जागर दृष्टिपि विपर्याशौ विशेषतः ।

હે જીવ, તું અનાદિ બ્રહ્મસ્વરૂપ, અવિનશ્વર, અરૂપીઅને ચેતના લક્ષણ યુકત છે. શરીરનો નાશ થતાં તારો કંઇ નાશ થતો નથી. તેમ તું કદિ તૂટતો, ફાટતો, બળતો, કે ગળતો નથી. જેમ કોઇ માણસ રાત્રિએ સ્વપ્નામાં અનેક જાતિના વૈભવ, રાજ્ય સંપદા, સગાં વહાલાનું સુખ વિગેરે જુએ પણ જાગી ઉઠતાં સર્વ ભ્રમલય પામે છે (અગર જો કે સ્વપ્ન દેખનારનો નાશ થતો નથી) તેમ મોહ રાત્રીમાં સૂતાં સૂતાં જીવ પુત્ર કલત્ર વિગેરેને સ્વપ્નમાં દેખી સાચાં માંને છે પણ જ્ઞાન સૂર્યનો પ્રકાશ થતાં એ બધી વસ્તુઓને મિથ્યા અને દુઃખરૂપ માને છે. અને સર્વ વસ્તુઓ ભ્રમરૂપ છે માત્ર પોતાનો આત્મા સત્ય અને શાશ્વત છે એવી પ્રતીતિ થાય છે.

अदुःख भावितंज्ञानं क्षीयते दुःख संनिधौ ।
तस्माद्यथा चलं दुःखै रात्मानंभावयेन्मुनिः ॥

દુઃખ વિકારોથી પર એવો અતિ મનોહર લલિત સુમનોહર સુખપિંડ દુઃખે કરી અતિ કષ્ટ પામે છે. બાહ્ય અને સ્વાધિન એવા વિકારોનું દુઃખ ઓછું કરવું હોય તો ઇંદ્રિઓનો સંયમ કરવો અને આત્માને દુઃખ આપનાં અટકવું. જો એમ ન થાય તો જીવ કાયરપણે દુઃખાદિ પ્રસંગોમાં ઝુરે છે અને પોતાનું મરણ બગાડે છે. આ કારણથી સુખ દુઃખમાં સંયમની ભાવના કરી બાહ્ય સંગોનો ત્યાગ કરી ધ્યાનસ્થ થઈ આત્મ રસનુંજ આસ્વાદન કરવામાં હંમેશા તત્પર રહેવું.

प्रयन्नादात्मनो वायु रिच्छा द्वेष प्रवर्तनात् ।
वायोः शरीर यंत्राणि वर्तंते स्वेषु कर्मसु ॥
तान्यात्मनि समारोप्य मन्यते तैः सुखं जडः ।
त्यक्त्वा परं पुनर् विद्वान् प्राप्नोति परमं पदम् ॥

જડ બહિરાત્મા જીવો જેણે આત્મજ્ઞાન રસ ચાખ્યો ન હોય તે પૃથ્વી, પાણી, વાયુ, તેજ અને આકાશ એ પાંચ તત્વથી બંધાયલા શરીરમાં રાચે છે અને વિવિધ શ્રમો કરીને સ્વરોદય જ્ઞાન પ્રમુખ નિમિત્ત વિનોદ દેખીને સુખ માને છે. શરીરપીંડ સ્નિગ્ધ ચીકણા લૂખા વિગેરે પુદ્દલ પરમાણુઓથી બનેલ છે અને તે અનેક દુર્ગંધી તથા રોગોનું નિવાસસ્થાન છે તેથી તેના ઉપરનો સર્વમોહ તજવા લાયક છે એવું મુગ્ધ જીવો કશું જાણતા નથી અને તેઓ વિવિધ ચમત્કાર અને નિમિત્ત જ્ઞાન પ્રમુખ પુસાણા વિનોદોમાં માન્યલા-શ્રદ્ધા-પ્રેમ રાખે છે. જ્ઞાન કલાનિપુણ વિવેકી જનો ચૈતન્ય ગુણથી

પર રૂપી વિકારોનો સર્વથા ત્યાગ કરીને પરમાનંદ પદમાં લય પામે છે.

मुत्कायरत्र परबुद्धि महंधियंच
संसार दुःख जननीं जननाद्वि मुक्ता ।
ज्योतिर्मयं सुख मुपैति परात्मनिष्ठ
स्तन्मार्ग मे तदपि गम्य समाधितंत्रं ॥

ગુરૂના ઉપદેશથી જે પોતાનાં અરૂપી બિંબને દેખેછે તે વિવેકી જૈન કહેવાય છે. હે જીવ, તારા ગુણથી પર એવા બાહ્ય પ્રપંચો ઉપરના પ્રેમનો ત્યાગ કરીને માન-ગર્વ તથા પર વસ્તુમાં આત્મ બુદ્ધિનો સંપૂર્ણ ક્ષય કરીશ તોજ તને ઉપશમ રસ ચાખવાનો મળશે. સંસારમાં નરકાદિ ગતિઓમાં જે દુઃખો જોવામાં કે સાંભળવામાં આવે છે તે બધાનું કારણ વિષય વિકારોમાં રચ્યાપચ્યા રહેવું, પુદ્ગલ દ્રવ્યોમાં આત્મ બુદ્ધિ આણવી અને, મોહ અને મિથ્યાત્વમાં મશગુલ રહી અજ્ઞાન માર્ગનું સેવન કરવું એજ છે. માટે હે હંસ, સંસાર ઉપરનો પ્રેમ તથા વિશ્વાસ, સુખ દુઃખ વિકલ્પ, અહંકાર ભાવ, ક્રોધ, માન, માયા, લોભ, કુલેશ્યા, આર્ત અને રૈદ્ર ધ્યાન, મિથ્યાત્વ, અસંયમ અને પુણ્ય પાપનો આશ્રવ એ બધાનો તું સર્વથા ત્યાગ કર જેથી દર્શન જ્ઞાન પ્રકાશવાળાં તારાં જ્યોતિર્મયી સુખ રત્નને તું ઓળખી શકે અને આત્મરસમાં ભીનો બનીને તારાં સમાધિપદને યથાર્થ રીતે જાણે અને ગુરૂ ઉપદેશથી અનાદિ સ્વયંસિદ્ધ સુખપિંડની તને પ્રાપ્તિ થાય.

શિષ્ય—હે ગુરૂજી, આપનીજ પ્રીતિ માત્ર સાચી છે.

આજ સુધી સંસાર વનમાં હું ભુલો પડીને ભમતો હતો અને અનાદિ કાળના દુઃખ દાવાનળથી દાઝેલા એવા મને રત્ન ત્રય પદાર્થની ગાંસડીની ભાળ લાગી નહી; અને બાહ્ય વિકારોમાં ચિત્ત પરોવાયલું હોવાથી ઉપશમ સુખ કે દર્શન જ્ઞાનની પ્રાપ્તી પણ થઈ ન હોતી. મિથ્યાત્વમાં મશગુલ રહીને હું લક્ષ ચોરાશિ યોનિનાં અનેક ગામોમાં ભટકયો—આથડયો પણ લેશ સુખ કોઈ પણ સ્થળે મને મળ્યું નહિ. અનેક ધર્મમતવાળાઓના ઉપદેશ સાંભળ્યા પણ મને તેથી કંઈ શાંતિ પ્રાપ્ત થઈ નહિ. છેવટે હે ગુરૂ, આપના ઉપદેશથી મેં સત્યધર્મ, સત્યદેવ ને સત્યસુખને યથાર્થ જાણ્યાં, ઉપશમરસનાં પાણીથી અજ્ઞાન દાહનો નાશ થયો, ઉપદેશરૂપ અમૃતથી મિથ્યાત્વ રોગ વિલય પામ્યો અને સર્વસુખ દુઃખનો કર્તા એવો મારો આત્મા મારી પોતાની પાસેજ દેખ્યો, અને જન્મ જરા મરણ દાહનું ઉપશમન થયું.

હે જીવ, જો તું સમાધિ તંત્રનો અર્થ બરાબર વિચારીશ તો અનાદિકાળની મોહ નિંદ્રામાંથી જાગૃત થઈને તું તારા આત્માને યથાર્થરીતે ઓળખીશ, અને મત્સરભાવનો ત્યાગ કરી ક્ષમા તથા સમતા ભાવનું અવલંબન કરીશ તો અજ્ઞાનનો સર્વથા નાશ થતાં ઉત્તમ એવું શાશ્વત મોક્ષસુખ તને પ્રાપ્ત થશે.

समाप्त.

ભજન.

નિરપક્ષ વિરલા કોઇ, અવધુ નિરપક્ષ વિરલા કોઇ;
દેખ્યા જગ સહુ જોઈ, અવધુ નિરપક્ષ વિરલા કોઈ. ૧
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;
અવિનાશી કે ઘરકી બાતાં, જાણેગે નર સોઈ. અ. ૨
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગિણીકો નહિ પરિચય, સો જીવ મંદિર પેખે.અ. ૩
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવિ આણે;
તે જંગલમેં જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે. અ. ૪
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જીમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડપેરે નિત્ય, સુરગિર સમ શુચિ ધીરા. અ. ૫
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જીમ ન્યારા;
ચિદાનંદ ઐસાજન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અ. ૬

આતમ ધ્યાન સમાન જગતમે, આ૦
સાધન નહિં કોઉ આન, આ૦
રૂપાતીત ધ્યાનકે કારણ, રૂપસ્થાદિક જાણ;
તાહુમે પિંડસ્થ ધ્યાન પુન, ધ્યાતાકુ પરધાન. જગતમે. ૧
તે પિંડસ્થ ધ્યાન કેમ કરીએ, તાકો એમ વિધાન;
રેચક પૂરક કુંભક શાંતિક કરસુખ મનઘર આન જગતમે. ૨
પ્રાન સમાન ઉદાન વ્યાનકુસમ્યગ ગ્રહ હું અપાન;
સહજ સુભાવ સુરંગ સભામે, અનુભવ અનહદ તાન.જ. ૩

કર આસન ધર શુચિસમ મુદ્રા, ગ્રહી ગુરૂગમ એ જ્ઞાન;
અજપાજાપ સોહંસુ સમરન, કર અનુભવ રસપાન.જગત. ૪
આતમ ધ્યાન ભરત ચક્રી લહ્યો, ભવન આરીસા જ્ઞાન;
ચિદાનંદ શુભ ધ્યાન જોગ જન, પાવત પદ નિરવાન. જ. ૫

बोधी दुर्लभ भावना.

मंदाक्रांता वृत्तं

यस्माद्विस्मापयितसुमनः स्वर्गसंपद्विलास–
प्राप्तोल्लासाः पुनरपिजनिः सत्कुलेभूरिभोगे ।
ब्रह्माद्वैत प्रगुणपदवी प्रापकं निःसपत्नं
तद्दुष्प्रापं भृशमुरुधियः सेव्यतांबोधिरत्नं ॥

भुजंगप्रयात वृत्तत्रयं

अनादौ निगोदांधकूपे स्थिताना–
मजस्त्रंजनु मृत्यु दुःखार्दितानां
परिणाम शुद्धिः कुतस्तादृशीस्या–
द्यया हंत तस्माद्विनिर्याति जीवाः ॥
ततो निर्गतानामपिस्थावरत्वं
त्रसत्वं पुनर्दुर्लभं देहभाजां
त्रसत्वेपि पंचाक्षपर्याप्त संज्ञी–

स्थिरायुष्यवत् दुर्लभं मानुषत्वं ॥
तदेतन्मनुष्यत्व माप्यापि मूढो
महामोह मिथ्यात्व मायोपगूढः ।
भ्रमन्दूरमग्नो भवागाधगर्ते
पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नं ॥

शिखरिणी वृत्तं

विभिन्ना पंथानः प्रतिपद मनल्पाश्च मतिनः
कुयुक्ति व्यासंगै र्निजनिज मतोल्लास रसिकाः ।
न देवाः सान्निध्यं विदधति न वाकोप्यातिशय
स्तदेव कालेऽस्मिन् य इहदढधर्मासमुकृती

शार्दुल विक्रीडितं

यावद्देहमिदं गदैर्न मृदितं नोवाजराजर्जरं
यावत्त्वक्षकदंबकंस्वविषयज्ञानावगाहक्षमं ।
याव च्चायु रभंगुरं निज हिते तावद् बुधैर्यत्यतां
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥

अनुष्टप ।

विविधोपद्रवं देह मायुश्च क्षणभंगुरं ।
कामालंब्य धृतिं मूढैः स्वश्रेयसि विलंब्यते ॥

હે વિશાળ બુદ્ધિવંત જનો, જેના પ્રતાપથી દેવો પણ ચકિત થાય એવી સ્વર્ગ સંપદાનો વિલાસ મળી શકે છે તેવી સંપદાથી ઉલ્લસિત છતાં તમે જેનાથી પુનઃ વિશાલ ભોગવાલાં કુટુંબમાં જન્મ મળે છે એવું અનુપમ અને પરમાત્મ સંબંધી પરમપદ પ્રાપ્ત કરાવનાર બોધિરત્નનું સેવન કરો.

અનાદિ નિગોધરૂપ અંધ કૂપમાં નિવાસ કરનારા અને સર્વદા જન્મ મરણનાં દુઃખથી પીડા પામતા જીવોને તેવી પરિણામ શુદ્ધિ કેવી રીતે થાય, કે જેથી તેઓ નિગોદ રૂપ અંધ કૂપમાંથી નિકળવા પામે ?

તેમાંથી (ભાગ્યવશાત) નીકળેલા જીવોને પણ સ્થાવરત્વ સંપ્રાપ્ત થાય છે, કારણ કે ત્રસપણું મેળવવું એ તો ઘણું દુષ્કર છે. એ ત્રસપણું મેળવ્યા પછી પંચેન્દ્રિયત્વ સંજ્ઞીપણું, દીર્ઘ આયુષ્ય અને અને મનુષ્યત્વ એ બધાં પ્રાપ્ત કરવાં એ એથી પણ અત્યંત દુર્લભ છે.

આવું મનુષ્યપણું પ્રાપ્ત કરીને પણ અત્યંત મોહ મિથ્યાત્વ અને માયાથી વ્યાપ્ત થઇને મૂઢ જીવ ભ્રમિત અવસ્થામાં સંસારરૂપ અગાધ ખાડામાં એવો તો નિમગ્ન થઇ જાય છે કે તે બોદ્ધિરત્ન કેમ મેળવી શકે.?

વિષમ એવા આ પાંચ કાળમાં જ્યારે અનેક વિધ નાના પ્રકારનાં પંથ વર્તે છે, પગલે પગલે કુયુક્તિના અભ્યાસથી પોતાનો મત પ્રસારવા અનેક મતવાદીઓ અત્યંત

રૂચી વાળા છે, દેવતાઓ (યોગ્યતા) વિનાના હોવાથી, સહાય કરી શકતા નથી, તેમ કોઇ પ્રબળ (લબ્ધિ વિગેરે) અતિશય દેખી શકાતો નથી ત્યારે જેઓ ધર્મમાં દઢચિત્તે રહી શકે છે તેઓજ ખરા પુણ્યાત્મા છે. જ્યાં સુધી શરીર વ્યાધિ ગ્રસ્ત થયું નથી, તેમ વૃદ્ધાવસ્થાથી જર્જરીત થયેલ નથી, જ્યાં સુધી સર્વ ઇંદ્રિઓ પોત પોતાના વિષયના જ્ઞાનને ગ્રહણ કરવા શક્તિવંત છે, અને જ્યાં સુધી આ-યુષ્ય અખંડ છે, ત્યાં સુધી ડાહ્યા માણસોએ સ્વહિત કરવા ઉદ્યમવંત રહેવું જોઇએ. સરોવર ફુટીને જળ વહી-ગયા પછીપાળ બાંધવી એ શું કામનું.?

રોગાદિક અનેક ઉપદ્રવો શરીરને અત્યંત પીડા આપે છે અને આયુષ્ય જલ બુદબુદ્વત્ ક્ષણુ વિનશ્વર છે, તો પછી કઇ વસ્તુ ઉપર વિશ્વાસ રાખીને મૂઢ પુરૂષો પોતાનું હિત સાધી લેવામાં વિલંબ કરતા હશે. ?

त्वमेव दुःखं नरकस्त्वमेव त्वमेवशर्मापिशिवं त्वमेव ।
त्वमेवकर्माणिमनस्त्वमेव जाहिह्य विद्यामवधेहिचात्मन् ।

तमेव सेवस्व गुरुं प्रयत्ना दधीष्व शास्त्रा ण्यपि तानिविद्वन्
तदेव तत्वं परिभावयात्मन् येभ्यो भवेत् साम्य सुधोपभोगः ॥

समग्रसच्छास्त्रमहर्णवेभ्यः समुद्धृतःसाम्य सुधारसोऽयं ।
निपीयनां हे बिबुधा लभध्व मिहापि मुक्ते सुखवर्णिकायत् ॥

अध्यात्म कल्पद्रुम.

હે આત્મન ! તુંજ દુઃખ, તુંજ નરક, તુંજ સુખ, અને મોક્ષ પણ તુંજ; વળી તુંજ કર્મ, અને મન પણ તુંજ (માટે) અવિદ્યાનો ત્યાગ કરી સાવધાન થા.

તેજ ગુરૂની પ્રયત્ન પૂર્વક સેવા કર, તેજ શાસ્ત્રોનો અભ્યાસ કર, અને (હે આત્મન,) તેજ તત્ત્વનું તું ચિંતવન કર કે જેનાથી તને સમતારૂપ અમૃતનું આસ્વાદન થાય.

આ સમતારૂપ અમૃત—રસ મહાન એવા સમર્થ શાસ્ત્રો રૂપી સમુદ્રમાંથી ઉદ્ધર્યો છે. તો હે સુજ્ઞ જનો, તમે તે પીયો અને મોક્ષ સુખની વાનકી આ લોકમાં પણ મેળવો.